# પત્ર જ્યોતિ

કિરણ ૨

## સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ

ભરૂચ

આવૃત્તિ ૧લી ૧૯૬૬
પ્રત ૧૦૦૦
કીમત રૂ. ૪.૦૦

●

પ્રકાશક :
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુક્તમપુર ( જિ. ભરૂચ )

●

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ-૨.

# ઉપાદાન

"પત્ર-જ્યોતિ"નું આ બીજું કિરણ જિજ્ઞાસુમુમુક્ષુ સમક્ષ પ્રકટ થાય છે. પહેલા કિરણમાં એક કરતાં વિશેષ વ્યક્તિઓને લખેલા પત્રોનો સંગ્રહ છે, જ્યારે આ આખું પુસ્તક એક જ સાધક કુટુંબને (મુખ્યત્ત્વે પતિ-પત્નીને) લખેલા પત્રોનો સારસંગ્રહ છે.

જેમને ઉદ્દેશીને પત્રો લખ્યા છે, તેમાંના પત્રઃ-૬-૨૫-૨૭--૨૯ માં પત્રો લખવાના સહજસ્વભાવ કારણકાર્યની થોડી સમાલોચના કરી છે, એટલું કહીને જ આ નિવેદન પૂરું કરવા જેવું લાગે છે.

પત્રોમાં ક્યાંક કોઈ કઠિન વિષયની વિસ્તૃત ચર્ચા માગી લે તેવા ઉત્તરો સંક્ષિપ્ત રૂપે લખાયેલા છે. વસ્તુતઃ તો પત્રો કેવા અધિકારીને લખાયા છે, વિચાર, વાચકોએ ખાસ કરવા જેવો છે. વેદાન્તજ્ઞાન તર્કથી સમજવું કઠિન હોવા છતાં શ્રદ્ધાળુ, સંયમશીલ અને તત્ત્વપરાયણ મુમુક્ષુને વિહંગમગતિએ વેગવન્ત બનાવીને અનુભવપંથે સરળતા કરી આપવા ઉપરાંત પ્રત્યેક ઉન્નક્ષણે અને ભૂમિકાએ સચ્ચિદાનન્દનું આસ્વાદન કરાવે એવું સરલ છે. શરતો માત્ર ભ. ગી. માં કહે છે તેમ

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः । (ભ. ગી. અ. ૪-૩૯) તત્પર અને સંયતેન્દ્રિય શ્રદ્ધાળુ જ સાધનામાં સફળ થાય છે.

વેદાન્તના પ્રમાણપ્રચુર ગ્રન્થોના અભ્યાસથી તર્કશાન્તિ થયા પછી શ્રદ્ધામાં પ્રવેશ થાય, ત્યારે સ્વભાવિક રીતે જ

તત્ત્વ-પરાયણુતાનો મંગલ આરંભ થાય છે. ત્યાર પછી શ્રદ્ધા અને તત્પરતાના તાણુવાણુા જીવન-પ્રાણુમાં ઓતપ્રોત થતાં મન સાથેની ઈન્દ્રિયોનો સ્વાભાવિક પ્રવાહ આત્માભિમુખ થવા માંડે છે; જેનું સાક્ષાત્ ફલ છે આત્માનંદનું ક્ષણિક આસ્વાદન. આ સાધનશ્રેણિ વિજ્ઞાનમય કોષના બુદ્ધિપ્રદેશથી શરૂ થતી હોવાથી, મનોમય કોષના ચિત્તક્ષેત્રની સ્થિરતા આપે છે. આત્મવિચારની પરિપક્વતા થતાં થતાં એમાંથી સ્વરૂપ સુખની અલૌકિક ઝાંખી થાય છે. જીવનનો બાહ્ય વ્યવહારપ્રદેશ, ચિત્તનો મનોમય પ્રદેશ એ બન્નેને વ્યવહાર અને મનોલોક કહીએ તો જ્યાં સુધી સાધનાનાં પુણ્યફળોનું આસ્વાદન પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી ચિત્તવૃત્તિઓ, પૂર્વસંસ્કારની દુર્બલતાઓ વારંવાર પ્રત્યાહત થઈને અલ્પસ્વલ્પ વિક્ષેપ પણ ઊભા કરે છે.

આ સમય જ સાધકની કસોટીનો છે. આજ છે જૂની ભવોભવની વૃત્તિઓનું આસુરી સેના સાથે, આત્માકાર વૃત્તિઓની દિવ્ય સેનાનું, યુધ્ધ. આમાં ચિત્રક્ષેત્ર છે કર્મક્ષેત્ર, મનોમય પ્રદેશ છે ધર્મક્ષેત્ર; અને આસુરી વૃત્તિઓનો પરાજય કરીને સંયમસ્વરૂપ વિજય પ્રાપ્ત કરનાર જીવાત્મા યુધ્ધવીર છે, જ્યારે આચાર્ય અને શાસ્ત્ર જેવા એ દિવ્ય સેનાપતિના જીવનરથના સારથિ છે. આત્મા નિત્યવિજયી શ્રીકૃષ્ણ છે, સાક્ષાત્ નારાયણ છે, તો જીવાત્મા વિજયેચ્છુ, ધર્મ-કર્મ-યુધ્ધ વીર, નરસ્વરૂપ અર્જુન છે.

શ્રી કૃષ્ણાવતાર સમયે મહાન યુધ્ધ થયું અને તે પણ એક કુટુંબના ભાઇઓ વચ્ચે એક પક્ષે દૃષ્ટિલુપ્ત અજ્ઞાન-અંધ જીવાત્મા ધૃતરાષ્ટ્ર, એવા જ મોહાંધ સત્તામાં મત્ત અને પાપપ્રચુર કૌરવપુત્રો સાથે, બીજા પક્ષે સત્ત્વગુણી, જ્ઞાનકૌશલ્યસંપન્ન

પાંડુપુત્રો જગદ્‌ગુરુ ભગવાન શ્રી કૃષ્ણની રાહભરી નીચે આ ધર્મયુદ્ધમાં કૌરવોરૂપી પ્રવૃત્તિને માર્ગે દોરતી આસુરીવૃત્તિઓનો સંહાર અને નિવૃત્તિમાર્ગે સ્વરૂપાનુસંધાનને લક્ષ્ય તરીકે સ્વીકારતી વૃત્તિઓનો સ્વીકાર એ પરમધર્મ થઈ પડે છે. સર્વ લૌકિક ધર્મોનો લય કેવલ પરમતત્ત્વની શરણાગતિમાં જ થતો હોય છે એ પરમ આદેશ શ્રીકૃષ્ણમુખે ગીતામાં આ પ્રમાણે ઉચ્ચારાયો છે: सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।

યુદ્ધવીર અર્જુન બાણવિદ્યાના કૌશલ્યબળે દ્રૌપદીને પામ્યો પણ અહીં તો ધર્મક્ષેત્ર, કુરુક્ષેત્રની ભૂમિ, અહીં લક્ષ્યાર્થ બદલાય છે, નરશ્રેષ્ઠમાંથી નારાયણપદ પ્રાપ્ત કરવા માટે તો

प्रणवो धनु: शरो हि आत्मा ब्रह्म तल्लक्ष्य उच्यते
अप्रमत्तेन वेधव्यो शरवत् तन्मयो भवेत् ।

આ યોગ્યતા કેવલ યુદ્ધશિરોમણિ, સંયમેન્દ્રિય અર્જુનની જ હતી.

અર્જુનનો વ્યામોહ શ્રીમદ્‌ ભગવદ્‌ગીતાના ગાનનું નિમિત્ત બન્યો. પરમ જ્યોતિસ્વરૂપ ચૈતન્ય તત્વ તો સર્વકાળે સર્વભાવે સર્વત્ર પ્રકાશતું જ હોય છે પરન્તુ જીવાત્માના આન્તર સંઘર્ષ એના વિશિષ્ટ પ્રકટીકરણનું નિમિત્ત બને છે. જિજ્ઞાસુ મુમુક્ષુ દંપતીયુગલનો આન્તરસંઘર્ષ પત્રજ્યોતિ દ્વારા વેદાન્ત ઉપનિષદ્‌ કે ગીતાના મહાન સત્યોના જ્યોતિકિરણોના પ્રકાશનું નિમિત્ત બને છે. એ કિરણ પ્રકાશ ભવાટવીમાં અથડાતાં, મુંઝાતાં માર્ગ ભૂલેલાં જિજ્ઞાસુ મુમુક્ષુ સાધકવર્ગને પ્રકાશિત કરે એ શ્રદ્ધાથી આ કિરણકલાપ પ્રકટ થાય છે. પરમ કૃપાળુ સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વેશ્વરની પ્રસન્નદૃષ્ટિ એમાં વિલસી રહો. ॐ

તા. ૧૦–૪–૬૬ **સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ**

# સત્, ચિત્, આનંદના પરિવેશમાં

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ માનવજીવનના ચાર અંગોનો પરામર્શ તો કોઈ વિરલ આર્ષદ્રષ્ટા જ કરી શકે. 'પત્રજયોતિ'ના બીજા કિરણમાં પૂ. સ્વામી શ્રી. સ્વયંજયોતિ તીર્થ આ ચાર અંગોનું આકલન કરીને પત્રો દ્વારા તેનું સમ્યક્ દર્શન કરાવે છે. સાંપ્રતકાળમાં પૂ. સ્વામીજી વેદાન્તના એક અનન્ય આર્ષદ્રષ્ટા છે, એમ કહીએ તો અતિશયોક્તિ ન લેખાય. એક સાધક કુટુંબને અંગત પત્રો દ્વારા જે ઉદ્બોધન થયું છે, તે કુટુંબનાં સભ્યો વિદ્યાવ્યાસંગી, અધ્યાત્મજ્ઞાનમાર્ગ-પ્રવાસી અને સહૃદયી છે, તે આ પત્રકિરણોમાં પ્રથમ દૃષ્ટિએ વરતાઇ આવે છે. સંસારમાં વસવા છતાં તેનાં આવરણો અને વળગણોથી પર રહેવાનો પ્રબોધ એ આ પત્રકિરણોનું મધ્યબિંદુ છે.

પ્રારંભમાં આચાર્ય શ્રી. આનંદશંકર ધ્રુવના એક વિધાનનો નિર્દેશ કરું; "ધર્મ એ માનવ આત્માનું ઊંડામાં ઊંડું રહસ્ય છે. એના ઉપર એની સર્વ પ્રવૃત્તિઓનો આધાર છે. ધર્મ સારો તો પ્રવૃત્તિ સારી, એટલે પ્રવૃત્તિ સિદ્ધ કરવા માટે, અને તે દ્વારા ગૃહમંડળનાં વિવિધ અંગોને આરોગ્ય અને બલ અર્પવા માટે ધર્મની પરિશુદ્ધિ કરવાની જરૂર છે. આ પરિશુદ્ધિનું મુખ્ય સાધન પ્રાચીન આર્યાવર્તમાં પ્રવર્તતી અદ્વૈતભાવના છે. આ અદ્વૈતભાવના જે વેદાન્ત નામે ઓળખાય

છે તે કેવળ શુષ્ક તર્કજાળરૂપ ન હોતાં, પ્રેમ અને કર્તવ્યના મનોહર સ્તંભ ઉપર રચાયેલી ઈમારત છે.” પ્રસ્તુત પત્રોમાં પણ પ્રકારાન્તરે પૂ. સ્વામીજીએ આ જ વિચારતંતુને પત્રકિરણમાં જાણે વણી ન લીધો હોય એમ લાગે છે. પત્રોનું આત્મલક્ષીત્વ અને તે આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવન વચ્ચેના દેખાતા પરસ્પર વિરોધના પરિવેશમાં પણ તે એ બન્ને વિરોધો વચ્ચે સમન્વય સાધીને ગુરુજનની પથ્યવાણીમાં એ આત્મલક્ષીત્વ ઉદ્ગાર પામે છે. આમ પત્રો દ્વારા સંસારની નિત્યની ગડમથલમાં પડેલા એક જિજ્ઞાસુ સાધક કુટુંબને તેઓ સમ્યક્જ્ઞાન પ્રબોધે છે. સંતોના માર્ગદર્શનમાં શ્રદ્ધા રાખીને નિર્દિષ્ટ માર્ગે જીવનયાત્રા નિર્ભીક રીતે કરવાનું તેમાં સૂચન છે. સાથે સાથે આ પત્રોમાં સ્વામીજીનું આત્મલક્ષીત્વ ઉન્નત કક્ષાએ પહોંચે છે અને વેદાન્તની અદ્વૈતભાવનાનું ગૃહસ્થાશ્રમીઓને સમજાય તેવી પથ્ય, ઘરગથ્થુવાણીમાં તેઓશ્રી વિવરણ કરે છે.

“આપણું લક્ષ્ય છે પ્રખર આત્મભાવ કેળવવાનું.” એ આત્મભાવનું બીજારોપણ આ સાધકકુટુંબમાં કેમ થાય તેનો ઉપાય આ જ પત્રમાં તેઓશ્રી બતાવે છે. “વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં આનંદ અને ઉત્સાહ-ઉલ્લાસ રાખવાં.” ઘરમાં પણ આનંદનું જ વાતાવરણ રહેવું જોઇએ. ગંભીરતા જડતાનું રૂપ ન ધારણ કરે એની સાવધાનતા રાખવાની હોય છે, કારણ કે એવી જડતા ખોટી ઉદાસીનતા, મંદવૈરાગ્ય, ચિત્તની મૂઢ દશા કે વ્યવહારપરત્વે ખોટી બેદરકારી ઊભી કરે છે.” વેદાંતીઓ સરલ ભાષામાં પણ વેદાન્તનું ગૂઢજ્ઞાન લાઘવશૈલીમાં કેવી રીતે વિતરણ કરે છે તેનું આ સુંદર દૃષ્ટાંત છે. સ્વામીજીના આ વિધાનમાં અધ્યાત્મભાવ અને વ્યવહાર વચ્ચેની સમતુલા

વરતાઈ આવે છે. તેમાં રહેલાં ભયસ્થાનો સામે તેઓ ચેતવણી આપે છે અને સાથોસાથ કુટુંબસૌહાર્દનું પ્રસન્નમંગલ ચિત્ર તેમની અર્થગર્ભ વાણીમાંથી સ્ફુટ થાય છે. જે પંથને—અધ્યાત્મ-પંથને—કવિઓએ અને મનીષિઓએ દુર્ગમ ગણાવ્યો છે—दुर्गमपथ-स्तत्कवयोवदन्ति—એ માર્ગને સુકર અને સરલ તથા સુગમ બનાવવાને માટે સ્વામીજીએ વેદાંતની દુર્ગમ પરિભાષાને બદલે રોચક એવી સુમધુર વાણી દ્વારા આ પત્રોમાં પ્રબોધ કર્યો છે. શ્રેય અને પ્રેય વચ્ચેનો વિવેક એ આ પત્રધારાનો પ્રધાન સૂર છે.

સાધકદંપતીને સાયુજ્ય, અભેદોર્મિ અને આત્મૌપમ્યરૂપ જેવી વિરલભૂમિકાનું આરોહણ કરવા પરત્વે તેઓશ્રી લખે છે, "તમને બંનેયને હું એક જ સ્વરૂપે જોવા મથું છું. ભિન્ન ભિન્ન દેહમાં અભિન્ન આત્મદર્શન મારે કરવું છે. એમાં સ્વભાવ વિઘ્ન નાખશે, એને જીતવાનો મારે પ્રયત્ન કરવો છે, તમે જેમ તમારા બાળકોના સ્વભાવને વચમાં લાવ્યા વિના પ્રેમ કેળવો છો તેમ. એ બોધપાઠ હું તમારી પાસેથી જ શીખીને તમારા માટે વાપરું એમાં ખોટું શું છે? તમે જ મારાં ગુરુ, તમે તમારાં બાળકોને જેવી રીતે અભેદભાવે, આત્મભાવે જુઓ છો, એવું હું તમારામાં આત્મદર્શન કરું એવી મારી શુભેચ્છા છે." સાધકદંપતીના આર્દ્ર હૃદયમાં નિજની આત્મછબીને પ્રતિબિંબિત કરવાના આ ભવ્યોન્નત ભાવમાં ગુરુની સૌમ્ય-મૂર્તિ સુરેખ ઉઠાવ પામે છે. સાધકદંપતીનું સમતાપૂર્વક ઊર્ધ્વીકરણ કરવું, તેમનો અધ્યાત્મપંથનો પ્રવાસ નિર્વિઘ્ને વ્યપન થાય અને તેમ કરીને તેમનો જીવનપંથ ઉજ્જવલ થાય એ ભાવના ગુરુભાવે તેઓ નિષ્પન્ન કરે છે. આમાં

गुरुस्साक्षात् परब्रह्मनुं सुभगदर्शन प्रगट थाय छे. शिष्योने समानधर्मा लेखीने गुरुએ જે બોધપાઠ તારવ્યો છે તે આપણને સહેજે મુગ્ધ કરે છે. આપણા એક સંતકવિએ ગાયું છે તેમ

**"શાંતિ પમાડે તેને તો સંત કહીએ;**
**તેના દાસના તે દાસ થઇને રહીએ."**

દૂર છતાં સમીપ એવું સ્વામીજીનું સ્વરૂપ આ પત્રોમાં આપણને સૌમ્ય જણાય છે. તેઓશ્રીનાં પાદારવિંદમાં નતમસ્તકે લેટવાનું મન થાય એવાં એમનાં વચનો છે.

સંસારીજનોને ભગવદ્‌ગીતાના મહાવાક્યનો નિષ્કર્ષ તેઓશ્રી તા. ૨–૧૦–'૫૭ના પત્રમાં તેમની શુદ્ધ, લાક્ષણિક, પૃથક્કરણ-શીલ રીતિથી ભાષ્યની જેમ નિરૂપણ કરતાં આલેખે છે. તેનાં બે મહાવાક્યો આપણે જોઇએ.

ગીતા–અધ્યાય ૨ શ્લોક ૪૮ समत्वं योग उच्यते।
ગીતા–અધ્યાય ૨ શ્લોક ૫૦ योगः कर्मसु कौशलम्।

ઉપર્યુક્ત પ્રથમ સૂત્રવાક્યમાં યોગફલની મીમાંસા પ્રથમ દૃષ્ટિએ વરતાઈ આવે છે. જ્યારે બીજા સૂત્રવાક્યમાં તેઓશ્રી યોગસાધના, કર્મમાં કુશળતા અને સમદૃષ્ટિનું દર્શન કરાવે છે. ગૃહસ્થાશ્રમીઓ આ સૂત્રો સમજાવવાને તેઓશ્રી સમ, સમતા અને સામ્ય શબ્દોની સયુક્તિક મીમાંસા કરે છે. "શાંતિ એટલે આંતર-બાહ્ય, સમજણપૂર્વકની વૃત્તિની સમતાવાળી સ્થિતિ" આમાં તટસ્થવૃત્તિ કેળવીને નિરપેક્ષભાવે સાંસારિક વિષયોમાંથી મનને ખેંચી લઇને શાંતચિત્તે વ્યવહાર કરવો એ અર્થ વિવક્ષિત છે. એ વિચારને બહલાવતાં તેઓશ્રી લખે છે, "આપણા સૌજન્યનો લાભ આપવો હોય તેટલો જરૂર આપીએ; કરવા જેટલું બધુંય

કરીએ છતાં જાણે છૂટાં–મુકત રહેવાય તેવી જ રીતે બધેય થાય તે આનંદ.” નિર્લેપભાવ કેળવવો, સંસારથી ઉદાસીન ન રહેવું, ‘સંસારમાં સરસા રહેવું” છતાં અંતર્મુખીવૃત્તિ ધારણ કરવી, અદ્વૈતભાવ કેળવવો અને તેમાં જ નિજાનંદ માણવો એ પ્રબોધનો સ્વામીજી આ પત્રમાં સુપેરે પુરસ્કાર કરે છે. સંસારીઓ આને અનુસરે તો આ સંસારનાં કટુફળો સાચે જ મિષ્ટતામાં પરિવર્તિત થાય.

ગીતાના આ સમત્વ પર મહાભાષ્ય રચી શકાય પણ સંક્ષેપમાં કહીએ તો આપણું જીવિત ઉત્તરોત્તર વૃદ્ધિ અને ઉચ્ચતા ગ્રહતું ચાલે, નહીં તો વિશ્વક્રમમાં કશી ભવ્યતા કે સંસારતા આવે જ નહીં. વૃદ્ધિના આ સૂત્રને ગીતામાં સમત્વ નામથી ઓળખાવ્યું છે. કર્તવ્ય કરવાથી વાસના છૂટતી જાય છે, અધિકાર વિસ્તરતો જાય છે, જીવિત સર્વમય બનતું જાય છે, માટે જ કર્તવ્ય યજ્ઞરૂપ છે.

આ પત્રધારાનો વ્યાવર્તક હેતુ પૂ. સ્વામીજી તેઓશ્રીના તા. ૧૪–૧૦–’૫૮ના પત્રમાં વિશદતાથી સ્પષ્ટ કરે છે. “બધા પત્રો પોતપોતાના આત્મનિરીક્ષણમાં, પોતાની અપૂર્ણતા જોવા તપાસવામાં સહાયક થાય એ દૃષ્ટિએ મનમાં આવે તેવા, હું કેવી રીતે જાત–તપાસ કરું એમ વિચારીને લખ્યા છે.” પત્રો દ્વારા આત્મનિરીક્ષણ, જાત–તપાસ અને તેમાંથી નિષ્પન્ન થતી આત્મસુધારણા આવો કોઈક ઉચ્ચ ગ્રાહ તેઓશ્રીને અભિપ્રેત છે. તેઓશ્રીના મતે આ આત્મસુધારણાનો માર્ગ લેવાય તો સાધકોને ચિરસ્થાયી શાંતિ મળે. આજ પત્રમાં સંસારમાં માની લીધેલા ભાવો સામે તેઓશ્રી સાધકદંપતીને સાવધાન કરે છે. “ભાવ, અભાવ, સદ્‌ભાવ, દુર્ભાવના વમળમાં મન

અટવાયા જ કરતું હોય છે." चंचलं हि मनः कृष्णः મનનું ચાંચલ્ય આવા દ્વંદ્વોની દ્વિવિધામાં માનવને તાણી જાય છે. ગીતામાં કહ્યું છે તેમ પ્રમાથિની એવી ઇન્દ્રિયો તેના પ્રબળ ઓઘમાં માનવચિત્તને બળાત્કારે કર્ષે છે. વિવેકયુક્ત પુરુષના મનને પણ પ્રમથન સ્વભાવવાળી ઇન્દ્રિયો બળાત્કારથી હરી લે છે. સંસારીજનો સ્થિતપ્રજ્ઞની ભૂમિકાએ તો ન પહોંચે, છતાં ઇન્દ્રિય સંયમને માર્ગે જરૂર જઈ શકે. માનવબુદ્ધિ આત્મ-સ્વરૂપમાં અચલ, સ્થિર કેમ રહી શકે તેનું જ્ઞાન પરિમિત શબ્દોમાં આ પત્રોમાં તેમણે પ્રબોધ્યું છે. ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાં ચંચળ થઈને ભટકવા ન દેવી એ વિચાર જગત્-જનોને સન્માર્ગે લઈ જાય, એવો ભાવ આમાં પ્રતીત થાય છે. સંયમ એ જ જીવનનો મેરુદંડ છે, એવું સમ્યક્જ્ઞાન આ પત્રમાંથી નિષ્પન્ન થાય છે. ત્યાર પછી ઇન્દ્રિયોના ગ્રાહમાંથી છૂટવા માટે તેનો તરણોપાય આ પત્રમાં બતાવ્યો છે, "એવી ચંચળતા જરાય હિતકર નથી, ગૃહવ્યવસ્થા એ રાજરમત નથી; એમાં રાજકીય પ્રપંચ નથી, અંદર બહારનો દંભ નથી. એ એક એવું દેવસ્થાન છે જ્યાં નાનામોટા પ્રકૃતિની ભાત પાડતા માનવદેવોને વસવાનું અને વિશુદ્ધ હૃદયથી દિવ્ય પ્રેમનું આદાનપ્રદાન કરવાનું છે." આ તરણોપાય સાધકો મનમાં અવધારે અને તેને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ બને તો જીવનયાત્રા સાર્થક થાય. પૂ. સ્વામીજી તો ભારપૂર્વક કહે છે કે "અંતે તો સૌએ એ પ્રશ્ન (જીવનનો પ્રશ્ન–Riddle) પોતાની મેળે જ સ્વપ્રયત્ને જ ઉકેલવાનો છે." આ જ પત્રમાં તેઓશ્રી ઉપરની ભાવનાને પરિપોષક એવા 'ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના શ્લોકો–પાંચ, છ, સાત, આઠ અને નવને ટાંકીને તેમનું વક્તવ્ય સ્ફુટ કરે છે. " તું જ તારો બંધુ છે ને તું જ તારો

શત્રુ છે." "તારે જ તારો ઉદ્ધાર કરવાનો છે, તારે જ તારું અધઃપતન અટકાવવાનું છે." પૂ. સ્વામીજીનો પ્રસ્તુત ઉલ્લેખ ગૃહસ્થાશ્રમીઓના જીવનના ઘડતર અને ચણતર પરત્વે ઠીક ઠીક પથપ્રદર્શક બને છે. સંસારીઓ માયાસમુદ્રમાં ડૂબેલા છે, તેમને ઈન્દ્રિયોના સંયમ થકી તેમનાં મન, બુદ્ધિ આદિને એ સમુદ્રમાં ડૂબવા ન દેતાં તેમને તારવાનાં છે. આ પ્રકારના જીવનકલ્યાણ માટે શાસ્ત્રજ્ઞોએ ઈશ્વરકૃપા, ગુરુકૃપા. શાસ્ત્રકૃપા અને આત્મકૃપા આવશ્યક ગણ્યાં છે. સ્વામીજીએ ગુરુભાવે મુમુક્ષુ સાધકને સંસારનાં કટુફળોનો આસ્વાદ ન લેવા માટે સાવધાન કર્યા છે એ તો ગુરુકૃપા, પણ શ્રેયસ્સાધક અધિકારી માનવોએ તો ગુરુકૃપાથી પ્રેરાઈને આત્મકૃપાનો આશ્રય લેવો જોઈએ. 'હું સંસારસાગરમાંથી કઈ પેરે મુકત થાઉં' એવી ચિત્તની ઉત્કટ જિજ્ઞાસા એ આત્મકૃપા. આ આત્મકૃપા વિહોણી ઉપરની ત્રણેય કૃપાઓ આ દિશામાં સફળતા પ્રાપ્ત ન કરી શકે. મન, બુદ્ધિ આદિ જો અંતર્મુખ થાય તો માનવ આપોઆપ પોતાનો મિત્ર બની શકે, પણ જો એ બહિર્મુખ રહે તો તેનું પરિણામ વિપરીત આવે, પોતાનો જ શત્રુ તે બની બેસે. આ સમગ્ર પત્રકિરણાવલિમાં તેઓશ્રીએ ટાંકેલા પાંચ શ્લોકમાં ભાખ્યા પ્રમાણે જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત એવું માનવચિત્ત જિતેન્દ્રિય બની યુકતાત્મા કેમ બને તેની શાસ્ત્રીય છતાં હળવી ચર્ચા થઈ છે. સદાચારી અને દુરાચારી પ્રત્યે આપણે ગુણદષ્ટિ કે દોષદષ્ટિ ન રાખતાં નિર્ગુણ, નિર્વિકાર એવી બ્રહ્મદષ્ટિ રાખીએ. પૂજ્ય સ્વામીજીનો આ તત્ત્વબોધ સંસારમાં વસતા જિજ્ઞાસુએ જીવનમાં ચરિતાર્થ કરી બતાવવાનો છે.

પુરુષોત્તમમાસમાં લખાયેલો તા. ૧૮–૭–'૫૮નો તેઓશ્રીનો પત્ર ગીતામાં ઉલ્લેખિત પૂર્ણપુરુષોત્તમનું સ્વરૂપ નવા જ પરિવેશમાં

અભિવ્યકિત પામે છે. તેઓશ્રી લખે છે, "પણ હું શું લખું? આપવાનું તો કશું યે છે જ નહીં. છે, હતું, હશે, એ તો પુરુષોત્તમનું સ્વરૂપ છે; પણ હતું, હશે, છે જ એટલે લેવડદેવડ શાની? લેવડદેવડ કે ઋણાનુબંધ કર્મના ક્ષેત્રમાં રહે, જ્યાં પુરુષપ્રકૃતિના ખેલ છેઃ પુરુષોત્તમ તો બન્નેથી પર છે. અત્રે સ્વામીજી જેવા મર્મજ્ઞની આ વાક્છટા અત્યંત ઘરગથુ વાણીમાં અને વ્યવહારવિદ્ની વિચારસરણીમાં આવિષ્કાર પામે છે. પુરુષોત્તમમાસમાં તો સંસારીઓએ લેવડદેવડ જેવા પુરુષ-પ્રકૃતિના ખેલ છોડી દઈને કેવળ પુરુષોત્તમમાં ચિત્તને લીન કરવું અને તેના સ્વરૂપનું ચિંતન કરવું (પત્રમાં તેઓ 'પુરુષોત્તમ' શબ્દની વ્યુત્પત્તિ ને મીમાંસા અપૂર્વ રીતે કરે છે). એ સંદર્ભમાં ગીતામાં અપાયેલી વ્યાખ્યાની પરિભાષામાં કહે છેઃ "હું (પુરુષોત્તમ) ક્ષરથી અતીત છું (ક્ષર–સંસાર, માયા, વૃક્ષ જે અશ્વત્થ નામથી ઓળખાય છે,) તેમ અક્ષરથી પણ ઉત્તમ છું, સંસારવૃક્ષનાં બીજ (કારણ–અવ્યકત) થી પણ ઉત્તમ છું. તેથી મને આ લોકમાં પુરુષોત્તમ કહે છે." આમ તો "ક્ષર" અને "અક્ષર"થી પર એવા પુરુષોત્તમ હોવાથી લોકોમાં અને વેદમાં શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નામે ઓળખાય છે. પોતાની સર્વ મનોવૃત્તિઓ તેમાં પરોવીને જે માનવ પુરુષોત્તમમય થઈ જાય છે એ જ આત્મતત્ત્વવિદ્. એ જ બ્રહ્મવિદ્ ગીતાના આ ગોપનીય, ગુહ્યતમ, રહસ્યયુકત એવા જ્ઞાનને તેઓશ્રીએ આ પત્રમાં સુગમવાણીથી વ્યકત કર્યું છે. વળી એ જ પત્રમાં સાધકની કેટલીય આશંકાનું પણ નિરસન એક મર્મવિદ્ની છટાથી તેમણે કર્યું છે. તેઓના મતે સાધકની ચિંતા, ભય વગેરે કેવળ આત્મવંચના છે એટલા માટે સાધકને સંશયાત્મા ન બનવા પ્રબોધે છે. સાધક "વ્યવહારને જ પ્રાધાન્ય ન

આપે " એવો પથ્ય ઉપદેશ આપીને તેને આ સંસારની આસક્તિમાંથી વારે છે. છેલ્લે આ પત્રમાં તેઓશ્રી જાણે પુરુષોત્તમમાસની ફળશ્રુતિ ન આલેખતા હોય એવા સહજ ઉદ્‌ગાર, આ પત્ર વાંચ્યા પછી, આપણા હૃદયમાં ચિરાંકિત થઈ જાય છે.

" પૂર્ણપુરુષોત્તમજી ! પધારો ! તમારી તો અમે અંતરમાં પધરામણી કરવા સદા સર્વથા તૈયાર જ છીએ. અંતરમાંથી અશ્રદ્ધા, સંશયો, આસક્તિ, મોહ, રાગ, દ્વેષ, મમત્વ, અહંપદ એ બધાં વાળીવાળીને નિર્મૂળ ભસ્મીભૂત કરવાનો અમે સંકલ્પ કર્યો છે તેમાં સહાયતા કરો અને પછી નિત્યને માટે ત્યાં સ્થાન જમાવો. તમારી પ્રતિષ્ઠા તમે પોતે જ કરો. ૐ "

પૂજ્ય સ્વામીજી તેમના એક પત્રમાં મસૂરીનું વર્ણન કરે છે. સાહિત્યના કેટલાએ જીવનપ્રવાસી અને અનેક પ્રદેશસંચારી લેખકોએ તેમનાં પ્રવાસપુસ્તકોમાં પર્વતો, નદીઓ, આદિનાં વર્ણનો કર્યાં છે, પણ સ્વામીજીએ મસૂરીના વર્ણનમાં પોતાનાં જે જ્ઞાનદષ્ટિ, ઉપરાંત પર્વતોને જોઈને થતો બ્રહ્માનંદ, પ્રકૃતિમાં વિલસી રહેલી બ્રહ્મલીલા વગેરેને અનુભૂતિની વાચા દ્વારા સાકાર કર્યાં છે. તેઓશ્રીની પારદર્શક ગદ્યકંડિકાને અવતારવાનો લોભ લંબાણના ભયે પણ હું નિવારી શકતો નથી. આ રહી તે ગદ્યવાનગી.—"અંગ્રેજીમાં મસૂરી કહેવાય છે. પણ મને યાદ છે ત્યાં સુધી તો ત્યાંના લોકો એને મનસૂરી કહે છે. ગમે તેમ કહો, બધાં પર્વતીય સ્થાનોને પુરુષવાચક નામ છે પણ આને તો સ્ત્રીવાચક શબ્દથી ઓળખાવ્યું છે અને અંગ્રેજીમાં તો **Queen of the hills** ગિરિસુન્દરી કહે છે. અથવા તો કહો કે પ્રકૃતિએ એને ઘડીને સૌંદર્ય અર્પતી એને પાર્વતીથી

કોઇ સખી બનાવી છે. ઇંદ્રની એ અપ્સરા છે. અપ્સરા એટલે જલતત્ત્વ, મનસ્તત્ત્વ, ચંદ્રતત્ત્વ. એ બધાં એક જ વસ્તુનાં નામાન્તર છે. આવી રીતે વિચારીએ તો પુરુષનું સ્ત્રી સૌંદર્ય-મુગ્ધ (મનોવૃત્તિ–અપ્સરા) મન સરવા માંડયું! પણ આ માનસિક અપ્સરા નથી. શિવસ્વરૂપિણી, શિવઅર્ધાંગિની પાર્વતીની એ અપ્રતિમ મૂર્તિ છે. શિવ એટલે આત્મસ્વરૂપનું જ્ઞાન આપે, અજ્ઞાનનો સંહાર કરે એવું, પ્રતિમા કે પ્રતીક તત્ત્વ અને પાર્વતી છે એની જ્ઞાનશકિતની પ્રતિમા. વસ્તુતઃ જ્ઞાન અને જ્ઞાનશકિત અગ્નિ અને દાહકશકિતની પેઠે એક જ છે. હિમાલયની પર્વતમાળા સમસ્ત રૂપે–સમષ્ટિરૂપે શંકર-મહાદેવની મૂર્તિ મનાય છે. એ પર્વતની શકિત તે પાર્વતી છે. અને જેમ પર્વતને શિવ કહ્યા છે તેમ બ્રહ્મા તરીકે સર્જક પણ કહ્યા છે, તેથી એ પ્રજાપતિની પુત્રી પણ ખરી. પર્વતમાળાને વિષ્ણુ પણ કહ્યા છે તેથી ત્યાં એટલા માટે એક બાજુ કેદાર-નાથનું શિવમંદિર અને બીજી બાજુ બાદરીનારાયણનું વિષ્ણુ-મંદિર છે. પાર્વતીની સખી જેવી એ મનસૂરી–મસૂરી–એટલે જ્ઞાનશકિતની પ્રતિમાની સખી જેવું એકાદ જ્ઞાનકિરણ.”

પૂ. સ્વામીજીએ તેમના એક પત્રમાં હળવો કટાક્ષ કર્યો છે તે સાચે જ ચિંત્ય છે. “ગુજરાતમાં તત્ત્વચિંતકોની જમાતો વધશે; અખો કહે છે તેમ ‘સામેસામાં બેઠાં ઘૂડ’ જેવી એમાં પંગત જામશે. આપણા દેશમાં યે ઘટ–પટ, ચિદાકાશ, મહાકાશની વ્યર્થ વાતો કરનારા કયાં ઓછા છે? ભોળા સંસારીઓ તેમની વાગ્જાળમાં મુગ્ધ થઈને તેમને ગુરુપદે સ્થાપે છે. સ્વામીજી તો આ પરત્વે માત્ર આટલું કહે છે કે “વેદાંત શબ્દમાં વેદ એટલે જ્ઞાન છે. બધા જ્ઞાનનો અંત જ્યાં

આવે એવું એ જ્ઞાન બધું સમજી લીધા પછી મન, વચન શાંત થવાનાં લક્ષણ જેવું જે શાંત જીવંત મૌન રહે છે તે છે વેદાન્ત. એમાં વળી ચર્ચા શી ?" જનતાને વેદાંત સમજાવવા ડિમડિમ્‌નાદ કરવાની ઉપદેશકોની મનોવૃત્તિ પર આ હળવો કટાક્ષ છે. તેઓ તો गुरोस्तुमौनव्याख्यानम्‌ને પુરસ્કારે છે.

ગુજરાતની વેદાન્તની વિચારધારા વહાવનારાઓમાં અનેક અભેદમાર્ગી ધુરંધર વિદ્વાન્ લેખકો થઈ ગયા છે. એમનાં જ્ઞાન-પ્રચુર પુસ્તકો જ્ઞાનમાર્ગી સાધકો માટેનો અમૂલ્ય વારસો છે. પૂ. સ્વામીજીની વિશેષતા એ છે કે વસ્તુના હાર્દમાં પ્રવેશ કરી તેને તત્ત્વની એરણ પર ચઢાવી, વેદાન્તના નિકષ પર કસી, તેમાંથી તેઓ જ્ઞાનકવિ અખાની જેમ શુદ્ધ સુવર્ણ સારવે છે; કથીરને વર્જે છે. એ દૃષ્ટિએ તેમની અન્ય કૃતિઓ પણ આપણા ચિંતનાત્મક ગદ્યમાં ખરેખર અનન્ય અને અસાધારણ છે. પ્રસ્તુત "પત્રજયોતિ"નાં કિરણો સંસારી જિજ્ઞાસુઓના ગૃહોમાં આત્મ-જ્ઞાનના પ્રકાશની આભા વિસ્તારશે અને જડવાદમાં ઝૂકેલા લોકોના જીવનનું જો તેમનું યુકત પરિશીલન થાય તો, ઊર્ધ્વીકરણ કરશે. 'પત્રજયોતિ'ના આ બન્ને ભાગના વાચનથી જો એક નિમિષ માત્ર પણ વાચકનું આત્માના સ્વરૂપ પ્રત્યે સંધાન સધાશે તો આ પત્રદ્વારા મંદાકિની ( સ્વર્ગંગા ) સમાન શુચિત્વ, શૈત્ય, પાવનત્વ આદિ પથ્ય ગુણયુકત નીવડશે. બાકી તો गुरुकृपा हि केवलम् ।

આર્ટ્‌સ કૉલેજ,<br>
સંખેડા.<br>
તા. ૨–૨–'૬૬.

**વસંતરાય ઉપાધ્યાય**

# શુદ્ધિ

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧ | છેલ્લી | સોંપ્યો | ૯૦ | ૨૬ | પ્રેમોત્સાહ |
| ૨૧ | ૫ | રાખીએ | ૯૪ | ૫ | એ |
| ૨૮ | ૭ | આશ્રય | ૯૫ | ૩ | અભેદ સાધે |
| ૩૮ | ૨૪ | અંતરમાં | ૧૦૧ | ૩ | શાન્તિ |
| ૪૨ | ૧૫ | સંગીત | ૧૦૧ | ૧૯ | અમાપ |
| ૪૫ | ૨ | આત્મસિદ્ધાન્તમાં | ૧૧૦ | ૧૬ | દેહરક્ષણ |
| ૫૭ | ૧ | શાસ્ત્ર | ૧૧૩ | ૧ | છે ? |
| ૬૫ | ૫ | સુધરેલો | ૧૨૪ | ૧૮ | (પરીક્ષકો) દ્વારા |
| ૬૭ | ૩ | ત્યાં | ૧૩૦ | ૨૧ | અંતરમાં |
| ૬૮ | ૧ | હોય | ૧૩૪ | ૬ | જેવી |
| ૭૦ | ૪ | છીએ | ૧૩૫ | ૮ | દેહાધ્યાસ |
| ૭૦ | ૨૨ | પોતાનાં | ૧૩૫ | ૧૯ | રાગદ્વેષ |
| ૭૨ | છેલ્લી | થોડું | ૧૩૭ | ૩ | હાથની |
| ૭૫ | ૨૦ | રાગદ્વેષ | ૧૩૮ | ૨ | दात्मविदो |
| ૭૬ | ૩ | સચેત | ૧૩૯ | ૨૧ | समश्नुते |
| ૭૬ | ૧૫ | સમજાય | ૧૪૦ | ૨૦ | ते |
| ૭૯ | ૧૪ | ગૂંચવણોમાં | ૧૪૩ | ૫ | છો |
| ૮૧ | ૯ | સંપૂર્ણ | ૧૪૩ | ૨૦ | सर्व |
| ૯૦ | ૨૧ | આર્તભાવે | ૧૪૬ | ૧૩ | મેળવવી |
| ૯૦ | ૨૬ | કે | ૧૪૬ | ૨૫ | હોય |

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧૪૮ | ૬ | અનુભવતું | ૧૮૩ | ૪ | પુરુષસ્વરૂપ |
| ૧૪૮ | છેલ્લી | મેળવ્યું | ૧૮૮ | ૧૩ | નિરોધ |
| ૧૫૧ | ૧૬ | ત્યાં | ૧૯૩ | ૧૬ | સ્ફુરણા |
| ૧૫૨ | છેલ્લી | પ્રજાપતિ | ૧૯૪ | ૧૧ | સૌ. |
| ૧૫૮ | ૨૦ | પુલિંગ સ્ત્રીલિંગ | ૧૯૫ | ૨૨ | સમજવામાં |
| ૧૫૯ | ૪ | સ્વોપાર્જિત | ૧૯૬ | ૮ | સૌથી |
| ૧૭૦ | ૮ | રાગદ્વેષ | ૧૯૯ | ૧૬ | કંક |
| ૧૭૨ | ૧ | પચાસ | ૨૦૧ | ૨ | અહિંસાવ્રત |
| ૧૭૨ | ૧૫ | પાલન | ૨૦૧ | છેલ્લી | તલ |
| ૧૭૩ | ૬ | બીજું | ૨૦૪ | ૪ | સૌ....ના |
| ૧૭૪ | ૬૨ | હ્યો | ૨૦૫ | ૨૨ | મનને |
| ૧૭૪ | ૭ | સૂઝે | ૨૦૭ | ૨૦ | ઇચ્છાવાળા |
| ૧૭૪ | ૧૨ | આશ્રમમાં | ૨૨૪ | ૮ | સૌને |
| ૧૭૪ | ૮ | ટિપ્પણીકરશે | ૨૨૬ | ૧૯ | ઔપનિષદ |
| ૧૭૪ | ૧૦ | મૂકવામાં | ૨૨૮ | ૪ | સ્ફટિક |
| ૧૭૫ | ૨ | દુરુપયોગ | ૨૩૩ | ૨ | કરે છે |
| ૧૭૬ | ૧ | ગુરુકૃપા | ૨૩૯ | ૧ | અર્ધવયે |
| ૧૮૦ | ૪ | બધી | | | |

# પત્રજ્યોતિ

## કિરણ ૨

# પત્ર જ્યોતિ

( ૧ )

તા. ૧૭-૬-'૫૦

ચિ. સૌ......બ્હેન,

તમે મુંબઈ ગયાં! બાળકો શાળામાં દાખલ થઇ ગયાં હશે; બાબો મઝામાં હશે; માબાપને છોકરાં કેવાં–કેટલાં–કેવી રીતે વ્હાલાં લાગતાં હશે એનો અનુભવ અમારા જેવાને નહિ, એટલે એ બાબતમાં શું લખાય?

હું તો આટલું કરું છું. તમારાં જેવાં બધાંને ખૂબ વાત્સલ્યથી જોવા નિહાળવાનો અને એ રીતે વર્તવાનો પ્રયત્ન કરીને સ્વભાવ કેળવું છું. એ વાત્સલ્ય તમને કેવું લાગતું હશે એ હું શું જાણું? પણ મને તમે બધાં ગમો છો, વ્હાલાં લાગો છો, અને મને મનમાં સંતોષ, હર્ષ, આનંદ રહે છે.

ત્રણે બાળકોને તૈયાર કરવાનો કર્ત્તવ્ય-ધર્મ ઈશ્વરે તમને સોંપ્યો છે, પણ એમાં જ જિંદગી ખતમ થઇ જાય, રાતદિવસ એ જ

રટણ-લગની રહે તો એવા સ્વભાવને શું કહેવું ? મનમાં બળતરા કે ચિંતા ન રહેવાં જોઇએ; અને કામ કયાં દ્વિવસ રાત રહેવાનું છે !

કૈં જપ, ધ્યાન વગેરે થાય છે કે 'રામ ! તારી માયા !' જો જો હોં, સાવધાન; ભૂલી જવાનું નથી. વ્યવહારના પ્રદેશમાં જ ચિત્ત અટવાઈ રહે અને રોકી રાખે એવી માયા અટપટી છે. તમે બન્ને જે ચિંત્વનમાં છો; જેને માટે અંતરમાં ઊંડી ઊંડી અધ્યાત્મ-માર્ગની મહત્વાકાંક્ષા છે એ છેવટે અસંતોષ અને અતૃપ્તિમાં જ ન વિરમે.

કામકાજ કરતાં કરતાં પણ તટસ્થ થતાં શીખવું જોઇએ. વ્યવહારમાં ઘણી વાર એવું બને છે કે વ્યક્તિઓ સાથેના અણગમતા વ્યવહારપ્રસંગોમાં જેમ તટસ્થ રહીને વાતચીત કરીએ છીએ એવું જ સ્વગત વ્યવહારમાં મનને કેળવવાનું છે.

નવું મકાન મળે ત્યારે વ્યવસ્થિત કૈં જપપૂજા કરવા માંડજે !

( ૨ )

પ્રિયશ્રી...

-મન અને બુદ્ધિનો ઝગડો જ માનવજીવનનો સાર છે. મન પૂર્વસંસ્કાર પ્રમાણે વર્તે, બુદ્ધિ પરિવર્તન ઈચ્છે અને વિવેક વાપરી માર્ગ નક્કી કરે, પણ મનને જૂની ટેવ પ્રમાણે વર્તવામાં પરિશ્રમ ન પડે એટલે ઘણીવાર બુદ્ધિને પોતાના પક્ષમાં વાળી લે છે. મન જે કરે તેને ન્યાય્ય અને અને પ્રમાણભૂત માને છે અને બુદ્ધિ ઠગાય છે.

એવા મનની સામે યુદ્ધ કરવું એ જ પુરુષાર્થ. અર્જુન જો મન –માનવી છે, તો કૃષ્ણ વિવેકી બુદ્ધિ ( વિજ્ઞાન ) છે. મન દલીલો કરે એ ખોટી. વિવેકી બુદ્ધિ કહે તે સાચું. પણ વિવેકી બુધ્ધિનું મન શિષ્ય બને ત્યાં સુધી એ ઓછા ધમપછાડા નથી કરતું.

હશે. જપ જેટલા બને તેટલા વધારે આપણી પ્રાચીન પધ્ધતિથી થાય એમાં લાભ છે. સૌ...ને માટે પણ એ જ. એ શ્રધ્ધામૂર્તિ છે, તમે વિવેકસ્વરૂપ છો; બન્ને એક બીજાને પરસ્પર પૂરક-ધારક થાઓ એટલે બસ. હું કે મારા જેવું બીજું કોઈ સમય આવ્યે મળી જ રહેશે. અમે તો નિમિત્ત માત્ર થઇશું.

સૌ.......બેનને ખુબ જ કામ પહોંચતું હશે. શું થાય? સંસાર અને વ્યવહાર કયાં કોઇએ આપણને પરાણે સોંપ્યો છે? રાજીખૂશીથી પૂરો કરવો એ જ્ઞાન છે. ડહાપણ છે.

( ૩ )

તા. ૧૧-૭-’૫૦.

ચિ. અ. સૌ.......બ્હેન,

પત્ર મળ્યો. મારા પત્રનો ઉદ્દેશ પાર ન પડચો, અને ઉલટી વાત સમજાઇ એથી આશ્ચર્ય થયું. માતાપિતાને બાળકો વહાલાં લાગે એટલાં તમે પાંચે ય મને વહાલાં છો-એમ લખવાનો ઉદ્દેશ હતો. પત્ર નહોતો એટલે એમ લખવું પડેલું. એમાંએ મારું સૂક્ષ્મ અભિમાન કે મોહ હશે, એટલે ત્હારા જેવી ડાહી, પ્રેમાળ, સમજુ પુત્રીને પણ ઊંધું સમજાયું; એમાં દોષ મારો છે, તારો નહિ.

મોહ અને પ્રેમ વચ્ચે જે ભેદ છે એ તને સમજાવવો ન પડે. મોહ સંયોગોને અધીન હોઇ, પ્રતિકૂળતા આવતાં સંબંધ તૂટે છે. પ્રેમ સંયોગોથી પર અને દેહસંબધથી મુક્ત હોઇ પ્રતિકૂળતામાં પણ અવિરતભાવે-અરે, વિશેષભાવે ચિત્તના પ્રેમપાત્ર પ્રતિ વહ્યા કરે છે. આવા આત્મદર્શનનું બીજું નામ પ્રેમ રાખીએ તો વાંધો નથી.

તું લિપ્ત છે એમ કહેવાનો જ અર્થ નહોતો, પણ લિપ્ત નથી કહેવું યે યથાર્થ નથી. મુખ્ય વાત સમય મળવાની છે. વ્યવહાર વધારે હોય, ત્યારે સમય ઓછો મળે, અને સતત આત્મજાગ્રતિ કે

ઇશ્વર સ્મરણની ટેવ ન પડી હોય તો પરિણામે વિક્ષેપ થવાના પ્રસંગો વધારે ઊભા થાય.

સવાર સાંજ એકાન્ત નહીં મળતું હોય, પણ જપની ખૂબ જ આવશ્યકતા છે એમ હું માનું છું. તમે બન્નેએ ધ્યાનમાં જ શરૂઆત કરવાની છે એમ ન માનતાં જપથી શરૂઆત કરો તો લાભ સત્વર અને વિશેષ થશે.

ધ્યાન સંબંધે બીજી પણ ઘણી વાતો છે, પણ આપણે એટલું સાથે રહી શકયાં નથી ને જે થોડું સાથે રહ્યાં છીએ, એટલા સમયમાં હું બધું સમજાવી શકયો નથી. પણ જયારે જયારે વખત મળે ત્યારે, દિવસે પણ, ખુરશીમાં પડયાં પડયાં પણ બંધ નેત્રે ૐનું જપચિન્તવન થાય તો તેથી એટલો જ લાભ થશે. આટલું બન્ને કરશો એવી મારી સૂચના, વિનંતી, આજ્ઞા કે નમ્ર સલાહ છે.

( ૪ )

તા. ૨૦–૮–'૫૦

......તમે ના. ૧–૯–૫૦ને દિવસે નવા ઘરમાં રહેવા જશો. નવા ઘરમાં નવા સંસ્કાર માટેની તમારી તીવ્ર ઉત્કંઠા જણાય છે; અને તમે તો પ્રશ્નો ખુબ મૂકયા છે. જવાબમાં જો જૂનાં બધાં શાસ્ત્રોના ઢગલા તમારી પાસે મૂકું તોય કદાચ સમાધાન ન મળે!

છતાંય જેટલું મારાથી સમજાય, અને બને તેટલું તમારે માટે કરવું જોઇએ એનો સ્વધર્મની દૃષ્ટિએ જવાબ આપું છું.

(૧) જપમાં શ્રદ્ધા મુખ્ય છે કારણ કે એમાં પ્રત્યક્ષ વિજ્ઞાન કે તર્ક કામમાં આવે એમ નથી. પરંતુ તમારા જેવાંઓમાં શ્રદ્ધા અને તર્ક, એ બન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યા કરતું હોય છે, એટલે અમારા જેવાએ શું જવાબ આપવો એ સૂઝતું નથી. શ્રદ્ધા રાખો એમ

કહીએ તો પણ પ્રસંગે તમારા તર્ક જપમાં વચ્ચે વિઘ્ન નાંખે અને ધાર્યું ફલ ન આવે ત્યારે તર્ક જીતી જાય છે; તેથી ઘણી વાર અશ્રદ્ધા ઊલટી વધે છે.

(૨) ગાયત્રીમંત્રનો જપ ઉપયોગી છે એમાં વિધિનિષેધ પણ છે. જો કે એવા ઘણા છે કે એને આખો દિવસ, જયારે જયારે મન નવરું પડે ત્યારે એનો જપ કરતા હોય છે. પરિણામ તો એમાં પણ સારું આવે છે છતાં વિધિ તો સ્નાનશુદ્ધ થઇને નિયમિત પ્રાતઃસાયમ્ જપ કરવાનો છે.

(૩) ધ્યાનના પ્રારંભ તરીકે ૐ એકલો જ મહામંત્ર છે અને ગાયત્રી એનો વિસ્તાર છે એટલે ૐ ગાયત્રીનો બીજ મંત્ર છે.

(૪) ધ્યાન મુખ્ય બે પ્રકારનાં છે.

(૧) શ્રવણેન્દ્રિય દ્વારા ધ્વનિમાં.

(૨) નેત્રેન્દ્રિય દ્વારા દશ્યમાં.

(૫) ૐમાં ધ્વનિ ધ્યેય થઇ શકે અને એનો દશ્યમાં આકાર હોય તો પણ વાંધો નથી.

(૬) બીજી બાબત છે એના સ્થાનની

(૧) બાહ્ય પ્રદેશ–ચક્ષુ ઉઘાડાં તથા બંધ રાખીને.

(૨) આંતર પ્રદેશ.

(૭) નિરાકાર ધ્યાન નિર્ગુણ ઉપાસના કહેવાય છે. એમાં તો આત્માની ભાવના કરવાની છે.

(૮) સાકારમાં દેવ દેવતા, ૐનો ધ્વનિ કે આકારને આંતર બાહ્ય પ્રદેશમાં સ્થાન પરત્વેનો બધે એક જ નિયમ પ્રવર્તે છે.

(૯) ધ્યાનમાં વ્યવહાર વિઘ્નકર્તા છે કારણ કે ધ્યાન અને વ્યવહાર

બન્ને માટે જુદો જુદો સમય જોઇએ, એમ ન થાય તો બન્ને એક જ સમયે બની શકે નહીં. બેમાંથી એકેમાં ધારી સફળતા મળે નહીં. તેથી જેઓનો વ્યવહાર સંક્ષિપ્ત હોય, ક્ષેત્ર બહુ જ મર્યાદિત હોય તેઓ જ સમય મેળવીને ધ્યાનમાં આગળ વધી શકે છે. વળી ધ્યાન અને વ્યવહાર બન્ને દેશકાલને અધીન છે; બન્નેમાં ક્રિયા છે. આંતર બાહ્યનો ભેદ છે. તે ઉપરાંત ભાવભરી તન-મનની એકવાક્યતા બન્નેમાં જોઇએ. એ બધું એક જ સમયે બની શકે જ નહીં.

(૧૦) ભાવપ્રદેશની આંતરિક સાધનામાં તો ૐમાં જ બધો બ્રહ્મભાવ ભરીને આત્માની સાથે એનો અભેદ માનવાનો છે. એવું મનન આગળ જતાં નિદિધ્યાસનમાં ઉપકારક થઇ પડે છે.

(૧૧) ૐ નો માનસિક જપ કરતી વખતે કોઇ દૃશ્યરૂપને ધ્યાનમાં લઇએ, ત્યારે એને માટે ઘણાં સ્થાન છે. આન્તર પ્રદેશમાં ભ્રૂકુટિ, નાસિકાગ્ર જેવાં છે, પણ એવા ધ્યાનમાં કેટલાંક વિઘ્નો છે. હૃદયના જમણા પ્રદેશમાં શુદ્ધ સ્ફટિકના શિવલિંગરૂપે અંગુષ્ટ પ્રમાણમાં ધ્યાન કરી શકાય છે. પણ—

(૧) જપમાં તો ધ્વનિમાં જ ચિત્ત રાખવું એવી મારી સલાહ છે.

(૨) ધ્વનિમાં ચિત્ત રાખવાથી આખો દિવસ એનો લાભ મળે છે.

(૩) આગળ જતાં નાદશ્રવણ થાય છે અને પછી ચિત્ત એમાં લય પામે છે. આવી લયસમાધિ થાય છે પણ એ અંતિમ સ્થિતિ નથી.

છે તે કેવળ શુષ્ક તર્કજાળરૂપ ન હોતાં, પ્રેમ અને કર્તવ્યના મનોહર સ્તંભ ઉપર રચાયેલી ઈમારત છે.” પ્રસ્તુત પત્રોમાં પણ પ્રકારાન્તરે પૂ. સ્વામીજીએ આ જ વિચારતંતુને પત્રકિરણમાં જાણે વણી ન લીધો હોય એમ લાગે છે. પત્રોનું આત્મલક્ષીત્ત્વ અને તે આધ્યાત્મિક અને વ્યાવહારિક જીવન વચ્ચેના દેખાતા પરસ્પર વિરોધના પરિવેશમાં પણ તે એ બન્ને વિરોધો વચ્ચે સમન્વય સાધીને ગુરુજનની પથ્યવાણીમાં એ આત્મલક્ષીત્ત્વ ઉદ્‌ગાર પામે છે. આમ પત્રો દ્વારા સંસારની નિત્યની ગડમથલમાં પડેલા એક જિજ્ઞાસુ સાધક કુટુંબને તેઓ સમ્યક્‌જ્ઞાન પ્રબોધે છે. સંતોના માર્ગદર્શનમાં શ્રદ્ધા રાખીને નિર્દિષ્ટ માર્ગે જીવનયાત્રા નિર્ભીક રીતે કરવાનું તેમાં સૂચન છે. સાથે સાથે આ પત્રોમાં સ્વામીજીનું આત્મલક્ષીત્ત્વ ઉન્નત કક્ષાએ પહોંચે છે અને વેદાન્તની અદ્વૈતભાવનાનું ગૃહસ્થાશ્રમીઓને સમજાય તેવી પથ્ય, ઘરગથુવાણીમાં તેઓશ્રી વિવરણ કરે છે.

“આપણું લક્ષ્ય છે પ્રખર આત્મભાવ કેળવવાનું.” એ આત્મભાવનું બીજારોપણ આ સાધકકુટુંબમાં કેમ થાય તેનો ઉપાય આ જ પત્રમાં તેઓશ્રી બતાવે છે. “વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં આનંદ અને ઉત્સાહ-ઉલ્લાસ રાખવાં.” ઘરમાં પણ આનંદનું જ વાતાવરણ રહેવું જોઇએ. ગંભીરતા જડતાનું રૂપ ન ધારણ કરે એની સાવધાનતા રાખવાની હોય છે, કારણ કે એવી જડતા ખોટી ઉદાસીનતા, મંદવૈરાગ્ય, ચિત્તની મૂઢ દશા કે વ્યવહારપરત્વે ખોટી બેદરકારી ઊભી કરે છે.” વેદાંતીઓ સરલ ભાષામાં પણ વેદાન્તનું ગૂઢજ્ઞાન લાઘવશૈલીમાં કેવી રીતે વિતરણ કરે છે તેનું આ સુંદર દષ્ટાંત છે. સ્વામીજીના આ વિધાનમાં અધ્યાત્મભાવ અને વ્યવહાર વચ્ચેની સમતુલા

વરતાઈ આવે છે. તેમાં રહેલાં ભયસ્થાનો સામે તેઓ ચેતવણી આપે છે અને સાથોસાથ કુટુંબસૌહાર્દનું પ્રસન્નમંગલ ચિત્ર તેમની અર્થગર્ભ વાણીમાંથી સ્ફુટ થાય છે. જે પંથને—અધ્યાત્મ-પંથને—કવિઓએ અને મનીષિઓએ દુર્ગમ ગણાવ્યો છે—दुर्गमपथ-स्तत्कवयोवदन्ति—એ માર્ગને સુકર અને સરલ તથા સુગમ બનાવવાને માટે સ્વામીજીએ વેદાંતની દુર્ગમ પરિભાષાને બદલે રોચક એવી સુમધુર વાણી દ્વારા આ પત્રોમાં પ્રબોધ કર્યો છે. શ્રેય અને પ્રેય વચ્ચેનો વિવેક એ આ પત્રધારાનો પ્રધાન સૂર છે.

સાધકદંપતીને સાયુજ્ય, અભેદોર્મિ અને આત્મૌપમ્યરૂપ જેવી વિરલભૂમિકાનું આરોહણ કરવા પરત્વે તેઓશ્રી લખે છે, "તમને બંનેયને હું એક જ સ્વરૂપે જોવા મથું છું. ભિન્ન ભિન્ન દેહમાં અભિન્ન આત્મદર્શન મારે કરવું છે. એમાં સ્વભાવ વિઘ્ન નાખશે, એને જીતવાનો મારે પ્રયત્ન કરવો છે, તમે જેમ તમારા બાળકોના સ્વભાવને વચમાં લાવ્યા વિના પ્રેમ કેળવો છો તેમ. એ બોધપાઠ હું તમારી પાસેથી જ શીખીને તમારા માટે વાપરું એમાં ખોટું શું છે? તમે જ મારાં ગુરુ, તમે તમારાં બાળકોને જેવી રીતે અભેદભાવે, આત્મભાવે જુઓ છો, એવું હું તમારામાં આત્મદર્શન કરું એવી મારી શુભેચ્છા છે." સાધકદંપતીના આર્દ્ર હૃદયમાં નિજની આત્મછબીને પ્રતિબિંબિત કરવાના આ ભવ્યોન્નત ભાવમાં ગુરુની સૌમ્ય-મૂર્તિ સુરેખ ઉઠાવ પામે છે. સાધકદંપતીનું સમતાપૂર્વક ઊર્ધ્વીકરણ કરવું, તેમનો અધ્યાત્મપંથનો પ્રવાસ નિર્વિઘ્ને વ્યપન થાય અને તેમ કરીને તેમનો જીવનપંથ ઉજ્જવલ થાય એ ભાવના ગુરુભાવે તેઓ નિષ્પન્ન કરે છે. આમાં

गुरुस्साक्षात् परब्रह्मनुं सुभगदर्शन प्रगट थाय छे. शिष्योने समानधर्मा लेखीने गुरुए जे बोधपाठ तारव्यो छे ते आपणने सहेजे मुग्ध करे छे. आपणा एक संतकविए गायुं छे तेम

> "शांति पमाडे तेने तो संत कहीए;
> तेना दासना ते दास थइने रहीए."

दूर छतां समीप एवुं स्वामीजीनुं स्वरूप आ पत्रोमां आपणने सौम्य जणाय छे. तेओश्रीनां पादारविंदमां नतमस्तके लेटवानुं मन थाय एवां एमनां वचनो छे.

संसारीजनोने भगवद्गीताना महावाकयनो निष्कर्ष तेओश्री ता. २–१०–'५७ना पत्रमां तेमनी शुद्ध, लाक्षणिक, पृथक्करण-शील रीतिथी भाष्यनी जेम निरूपण करतां आलेखे छे. तेनां बे महावाकयो आपणे जोइए.

गीता–अध्याय २ श्लोक ४८ समत्वं योग उच्यते ।
गीता–अध्याय २ श्लोक ५० योगः कर्मसु कौशलम् ।

उपर्युकत प्रथम सूत्रवाकयमां योगफलनी मीमांसा प्रथम दृष्टिए वरताई आवे छे. ज्यारे बीजा सूत्रवाकयमां तेओश्री योगसाधना, कर्ममां कुशळता अने समदृष्टिनुं दर्शन करावे छे. गृहस्थाश्रमीओ आ सूत्रो समजाववाने तेओश्री सम, समता अने साम्य शब्दोनी सयुकितक मीमांसा करे छे. "शांति एटले आंतर-बाह्य, समजणपूर्वकनी वृत्तिनी समतावाळी स्थिति" आमां तटस्थवृत्ति केळवीने निरपेक्षभावे सांसारिक विषयोमांथी मनने खेंची लइने शांतचित्ते व्यवहार करवो ए अर्थ विवक्षित छे. ए विचारने बहलावतां तेओश्री लखे छे, "आपणा सौजन्यनो लाभ आपवो होय तेटलो जरूर आपीए; करवा जेटलुं बधुंय

કરીએ છતાં જાણે છૂટાં-મુક્ત રહેવાય તેવી જ રીતે બધેય થાય તે આનંદ." નિર્લેપભાવ કેળવવો, સંસારથી ઉદાસીન ન રહેવું, 'સંસારમાં સરસા રહેવું" છતાં આંતમુર્ખીવૃત્તિ ધારણ કરવી, અદ્વૈતભાવ કેળવવો અને તેમાં જ નિજાનંદ માણવો એ પ્રબોધનો સ્વામીજી આ પત્રમાં સુપેરે પુરસ્કાર કરે છે. સંસારીઓ આને અનુસરે તો આ સંસારનાં કટુફળો સાચે જ મિષ્ટતામાં પરિવર્તિત થાય.

ગીતાના આ સમત્વ પર મહાભાષ્ય રચી શકાય પણ સંક્ષેપમાં કહીએ તો આપણું જીવિત ઉત્તરોત્તર વૃદ્ધિ અને ઉચ્ચતા ગ્રહતું ચાલે, નહીં તો વિશ્વક્રમમાં કશી ભવ્યતા કે સસારતા આવે જ નહીં. વૃદ્ધિના આ સૂત્રને ગીતામાં સમત્વ નામથી ઓળખાવ્યું છે. કર્તવ્ય કરવાથી વાસના છૂટતી જાય છે, અધિકાર વિસ્તરતો જાય છે, જીવિત સર્વમય બનતું જાય છે, માટે જ કર્તવ્ય યજ્ઞરૂપ છે.

આ પત્રધારાનો વ્યાવર્તક હેતુ પૂ. સ્વામીજી તેઓશ્રીના તા. ૧૪-૧૦-'૫૮ના પત્રમાં વિશદતાથી સ્પષ્ટ કરે છે. "બધા પત્રો પોતપોતાના આત્મનિરીક્ષણમાં, પોતાની અપૂર્ણતા જોવા તપાસવામાં સહાયક થાય એ દૃષ્ટિએ મનમાં આવે તેવા, હું કેવી રીતે જાત-તપાસ કરું એમ વિચારીને લખ્યા છે." પત્રો દ્વારા આત્મનિરીક્ષણ, જાત-તપાસ અને તેમાંથી નિષ્પન્ન થતી આત્મસુધારણા આવો કોઈક ઉચ્ચ ગ્રાહ તેઓશ્રીને અભિપ્રેત છે. તેઓશ્રીના મતે આ આત્મસુધારણાનો માર્ગ લેવાય તો સાધકોને ચિરસ્થાયી શાંતિ મળે. આજ પત્રમાં સંસારમાં માની લીધેલા ભાવો સામે તેઓશ્રી સાધકદંપતીને સાવધાન કરે છે. "ભાવ, અભાવ, સદ્‌ભાવ, દુર્ભાવના વમળમાં મન

અટવાયા જ કરતું હોય છે." चंचलं हि मनः कृष्णः મનનું ચાંચલ્ય આવા દ્વંદ્વોની દ્વિવિધામાં માનવને તાણી જાય છે. ગીતામાં કહ્યું છે તેમ પ્રમાથિની એવી ઇન્દ્રિયો તેના પ્રબળ ઓઘમાં માનવચિત્તને બળાત્કારે કર્ષે છે. વિવેકયુકત પુરુષના મનને પણ પ્રમથન સ્વભાવવાળી ઈન્દ્રિયો બળાત્કારથી હરી લે છે. સંસારીજનો સ્થિતપ્રજ્ઞની ભૂમિકાએ તો ન પહોંચે, છતાં ઈન્દ્રિય સંયમને માર્ગે જરૂર જઈ શકે. માનવબુદ્ધિ આત્મ-સ્વરૂપમાં અચલ, સ્થિર કેમ રહી શકે તેનું જ્ઞાન પરિમિત શબ્દોમાં આ પત્રોમાં તેમણે પ્રબોધ્યું છે. ઇન્દ્રિયોને બાહ્ય વિષયોમાં ચંચળ થઈને ભટકવા ન દેવી એ વિચાર જગત્-જનોને સન્માર્ગે લઈ જાય, એવો ભાવ આમાં પ્રતીત થાય છે. સંયમ એ જ જીવનનો મેરુદંડ છે, એવું સમ્યક્જ્ઞાન આ પત્રમાંથી નિષ્પન્ન થાય છે. ત્યાર પછી ઈન્દ્રિયોના ગ્રાહમાંથી છૂટવા માટે તેનો તરણોપાય આ પત્રમાં બતાવ્યો છે, "એવી ચંચળતા જરાય હિતકર નથી, ગૃહવ્યવસ્થા એ રાજરમત નથી; એમાં રાજકીય પ્રપંચ નથી, અંદર બહારનો દંભ નથી. એ એક એવું દેવસ્થાન છે જ્યાં નાનામોટા પ્રકૃતિની ભાત પાડતા માનવદેવોને વસવાનું અને વિશુદ્ધ હૃદયથી દિવ્ય પ્રેમનું આદાનપ્રદાન કરવાનું છે." આ તરણોપાય સાધકો મનમાં અવધારે અને તેને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ બને તો જીવનયાત્રા સાર્થક થાય. પૂ. સ્વામીજી તો ભારપૂર્વક કહે છે કે "અંતે તો સૌએ એ પ્રશ્ન (જીવનનો પ્રશ્ન–Riddle) પોતાની મેળે જ સ્વપ્રયત્ને જ ઉકેલવાનો છે." આ જ પત્રમાં તેઓશ્રી ઉપરની ભાવનાને પરિપોષક એવા 'ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયના શ્લોકો–પાંચ, છ, સાત, આઠ અને નવને ટાંકીને તેમનું વકતવ્ય સ્ફુટ કરે છે. "તું જ તારો બંધુ છે ને તું જ તારો

શત્રુ છે." "તારે જ તારો ઉધ્ધાર કરવાનો છે, તારે જ તારું અધ:પતન અટકાવવાનું છે." પૂ. સ્વામીજીનો પ્રસ્તુત ઉલ્લેખ ગૃહસ્થાશ્રમીઓના જીવનના ઘડતર અને ચણતર પરત્વે ઠીક ઠીક પથપ્રદર્શક બને છે. સંસારીઓ માયાસમુદ્રમાં ડૂબેલા છે, તેમને ઇન્દ્રિયોના સંયમ થકી તેમનાં મન, બુદ્ધિ આદિને એ સમુદ્રમાં ડૂબવા ન દેતાં તેમને તારવાનાં છે. આ પ્રકારના જીવનકલ્યાણ માટે શાસ્ત્રજ્ઞોએ ઈશ્વરકૃપા, ગુરુકૃપા. શાસ્ત્રકૃપા અને આત્મકૃપા આવશ્યક ગણ્યાં છે. સ્વામીજીએ ગુરુભાવે મુમુક્ષુ સાધકને સંસારનાં કટુફળોનો આસ્વાદ ન લેવા માટે સાવધાન કર્યા છે એ તો ગુરુકૃપા, પણ શ્રેયસ્સાધક અધિકારી માનવોએ તો ગુરુકૃપાથી પ્રેરાઈને આત્મકૃપાનો આશ્રય લેવો જોઈએ, 'હું સંસારસાગરમાંથી કઈ પેરે મુકત થાઉં' એવી ચિત્તની ઉત્કટ જિજ્ઞાસા એ આત્મકૃપા. આ આત્મકૃપા વિહોણી ઉપરની ત્રણેય કૃપાઓ આ દિશામાં સફળતા પ્રાપ્ત ન કરી શકે. મન, બુદ્ધિ આદિ જો અંતર્મુખ થાય તો માનવ આપોઆપ પોતાનો મિત્ર બની શકે, પણ જો એ બહિર્મુખ રહે તો તેનું પરિણામ વિપરીત આવે, પોતાનો જ શત્રુ તે બની બેસે. આ સમગ્ર પત્રકિરણાવલિમાં તેઓશ્રીએ ટાંકેલા પાંચ શ્લોકમાં ભાખ્યા પ્રમાણે જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત એવું માનવચિત્ત જિતેન્દ્રિય બની યુકતાત્મા કેમ બને તેની શાસ્ત્રીય છતાં હળવી ચર્ચા થઈ છે. સદાચારી અને દુરાચારી પ્રત્યે આપણે ગુણદષ્ટિ કે દોષદષ્ટિ ન રાખતાં નિર્ગુણ, નિર્વિકાર એવી બ્રહ્મદષ્ટિ રાખીએ. પૂજય સ્વામીજીનો આ તત્ત્વબોધ સંસારમાં વસતા જિજ્ઞાસુએ જીવનમાં ચરિતાર્થ કરી બતાવવાનો છે.

પુરુષોત્તમમાસમાં લખાયેલો તા. ૧૮–૭–'૫૮નો તેઓશ્રીનો પત્ર ગીતામાં ઉલ્લેખિત પૂર્ણપુરુષોત્તમનું સ્વરૂપ નવા જ પરિવેશમાં

અભિવ્યકિત પામે છે. તેઓશ્રી લખે છે, " પણ હું શું લખું ? આપવાનું તો કશું યે છે જ નહીં. છે, હતું, હશે, એ તો પુરુષોત્તમનું સ્વરૂપ છે; પણ હતું, હશે, છે જ એટલે લેવડદેવડ શાની ? લેવડદેવડ કે ઋણાનુબંધ કર્મના ક્ષેત્રમાં રહે, જ્યાં પુરુષપ્રકૃતિના ખેલ છેઃ પુરુષોત્તમ તો બન્નેથી પર છે. અત્રે સ્વામીજી જેવા મર્મજ્ઞની આ વાક્છટા અત્યંત ઘરગથ્થુ વાણીમાં અને વ્યવહારવિદ્દની વિચારસરણીમાં આવિષ્કાર પામે છે. પુરુષોત્તમમાસમાં તો સંસારીઓએ લેવડદેવડ જેવા પુરુષ-પ્રકૃતિના ખેલ છોડી દઈને કેવળ પુરુષોત્તમમાં ચિત્તને લીન કરવું અને તેના સ્વરૂપનું ચિંતન કરવું (પત્રમાં તેઓ 'પુરુષોત્તમ' શબ્દની વ્યુત્પત્તિ ને મીમાંસા અપૂર્વ રીતે કરે છે ). એ સંદર્ભમાં ગીતામાં અપાયેલી વ્યાખ્યાની પરિભાષામાં કહે છેઃ "હું (પુરુષોત્તમ) ક્ષરથી અતીત છું (ક્ષર—સંસાર, માયા, વૃક્ષ જે અશ્વત્થ નામથી ઓળખાય છે, ) તેમ અક્ષરથી પણ ઉત્તમ છું, સંસારવૃક્ષનાં બીજ ( કારણ—અવ્યકત )થી પણ ઉત્તમ છું. તેથી મને આ લોકમાં પુરુષોત્તમ કહે છે." આમ તો "ક્ષર" અને "અક્ષર"થી પર એવા પુરુષોત્તમ હોવાથી લોકોમાં અને વેદમાં શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નામે ઓળખાય છે. પોતાની સર્વ મનોવૃત્તિઓ તેમાં પરોવીને જે માનવ પુરુષોત્તમમય થઈ જાય છે એ જ આત્મતત્ત્વવિદ્. એ જ બ્રહ્મવિદ્ ગીતાના આ ગોપનીય, ગુહ્યતમ, રહસ્યયુકત એવા જ્ઞાનને તેઓશ્રીએ આ પત્રમાં સુગમવાણીથી વ્યકત કર્યું છે. વળી એ જ પત્રમાં સાધકની કેટલીય આશંકાનું પણ નિરસન એક મર્મવિદ્દની છટાથી તેમણે કર્યું છે. તેઓના મતે સાધકની ચિંતા, ભય વગેરે કેવળ આત્મવંચના છે એટલા માટે સાધકને સંશયાત્મા ન બનવા પ્રબોધે છે. સાધક "વ્યવહારને જ પ્રાધાન્ય ન

આપે" એવો પથ્ય ઉપદેશ આપીને તેને આ સંસારની આસક્તિમાંથી વારે છે. છેલ્લે આ પત્રમાં તેઓશ્રી જાણે પુરુષોત્તમમાસની ફળશ્રુતિ ન આલેખતા હોય એવા સહજ ઉદ્‌ગાર, આ પત્ર વાંચ્યા પછી, આપણા હૃદયમાં ચિરાંકિત થઈ જાય છે.

"પૂર્ણપુરુષોત્તમજી! પધારો! તમારી તો અમે અંતરમાં પધરામણી કરવા સદા સર્વથા તૈયાર જ છીએ. અંતરમાંથી અશ્રદ્ધા, સંશયો, આસક્તિ, મોહ, રાગ, દ્વેષ, મમત્વ, અહંપદ એ બધાં વાળીવાળીને નિર્મૂળ ભસ્મીભૂત કરવાનો અમે સંકલ્પ કર્યો છે તેમાં સહાયતા કરો અને પછી નિત્યને માટે ત્યાં સ્થાન જમાવો. તમારી પ્રતિષ્ઠા તમે પોતે જ કરો. ૐ"

પૂજ્ય સ્વામીજી તેમના એક પત્રમાં મસૂરીનું વર્ણન કરે છે. સાહિત્યના કેટલાએ જીવનપ્રવાસી અને અનેક પ્રદેશસંચારી લેખકોએ તેમનાં પ્રવાસપુસ્તકોમાં પર્વતો, નદીઓ, આદિનાં વર્ણનો કર્યાં છે, પણ સ્વામીજીએ મસૂરીના વર્ણનમાં પોતાનાં જે જ્ઞાનદષ્ટિ, ઉપરાંત પર્વતોને જોઈને થતો બ્રહ્માનંદ, પ્રકૃતિમાં વિલસી રહેલી બ્રહ્મલીલા વગેરેને અનુભૂતિની વાચા દ્વારા સાકાર કર્યાં છે. તેઓશ્રીની પારદર્શક ગદ્યકંડિકાને અવતારવાનો લોભ લંબાણના ભયે પણ હું નિવારી શકતો નથી. આ રહી તે ગદ્યવાનગી.–"અંગ્રેજીમાં મસૂરી કહેવાય છે. પણ મને યાદ છે ત્યાં સુધી તો ત્યાંના લોકો એને મનસૂરી કહે છે. ગમે તેમ કહો, બધાં પર્વતીય સ્થાનોને પુરુષવાચક નામ છે પણ આને તો સ્ત્રીવાચક શબ્દથી ઓળખાવ્યું છે અને અંગ્રેજીમાં તો **Queen of the hills** ગિરિસુન્દરી કહે છે. અથવા તો કહો કે પ્રકૃતિએ એને ઘડીને સૌંદર્ય અર્પતી એને પાર્વતીથી

કોઇ સખી બનાવી છે. ઇંદ્રની એ અપ્સરા છે. અપ્સરા એટલે જલતત્ત્વ, મનસ્‌તત્ત્વ, ચંદ્રતત્ત્વ. એ બધાં એક જ વસ્તુનાં નામાન્તર છે. આવી રીતે વિચારીએ તો પુરુષનું સ્ત્રી સૌંદર્ય-મુગ્ધ (મનોવૃત્તિ–અપ્સરા) મન સરવા માંડયું! પણ આ માનસિક અપ્સરા નથી. શિવસ્વરૂપિણી, શિવઅર્ધાંગિની પાર્વ-તીની એ અપ્રતિમ મૂર્તિ છે. શિવ એટલે આત્મસ્વરૂપનું જ્ઞાન આપે, અજ્ઞાનનો સંહાર કરે એવું, પ્રતિમા કે પ્રતીક તત્ત્વ અને પાર્વતી છે એની જ્ઞાનશકિતની પ્રતિમા. વસ્તુતઃ જ્ઞાન અને જ્ઞાનશકિત અગ્નિ અને દાહકશકિતની પેઠે એક જ છે. હિમાલયની પર્વતમાળા સમસ્ત રૂપે–સમષ્ટિરૂપે શંકર-મહાદેવની મૂર્તિ મનાય છે. એ પર્વતની શકિત તે પાર્વતી છે. અને જેમ પર્વતને શિવ કહ્યા છે તેમ બ્રહ્મા તરીકે સર્જક પણ કહ્યા છે, તેથી એ પ્રજાપતિની પુત્રી પણ ખરી. પર્વતમાળાને વિષ્ણુ પણ કહ્યા છે તેથી ત્યાં એટલા માટે એક બાજુ કેદાર-નાથનું શિવમંદિર અને બીજી બાજુ બાદરીનારાયણનું વિષ્ણુ-મંદિર છે. પાર્વતીની સખી જેવી એ મનસૂરી–મસૂરી–એટલે જ્ઞાનશકિતની પ્રતિમાની સખી જેવું એકાદ જ્ઞાનકિરણ."

પૂ. સ્વામીજીએ તેમના એક પત્રમાં હળવો કટાક્ષ કર્યો છે તે સાચે જ ચિંત્ય છે. "ગુજરાતમાં તત્ત્વચિંતકોની જમાતો વધશે; અખો કહે છે તેમ 'સામેસામાં બેઠાં ઘૂડ' જેવી એમાં પંગત જામશે. આપણા દેશમાં યે ઘટ–પટ, ચિદાકાશ, મહાકાશની વ્યર્થ વાતો કરનારા કયાં ઓછા છે? ભોળા સંસારીઓ તેમની વાગ્જાળમાં મુગ્ધ થઈને તેમને ગુરુપદે સ્થાપે છે. સ્વામીજી તો આ પરત્વે માત્ર આટલું કહે છે કે "વેદાંત શબ્દમાં વેદ એટલે જ્ઞાન છે. બધા જ્ઞાનનો અંત જયાં

આવે એવું એ જ્ઞાન બધું સમજી લીધા પછી મન, વચન શાંત થવાનાં લક્ષણ જેવું જે શાંત જીવંત મૌન રહે છે તે છે વેદાન્ત. એમાં વળી ચર્ચા શી ?" જનતાને વેદાંત સમજાવવા ડિમડિમ્‌નાદ કરવાની ઉપદેશકોની મનોવૃત્તિ પર આ હળવો કટાક્ષ છે. તેઓ તો गुरोस्तुमौनव्याख्यानम्‌ને પુરસ્કારે છે.

ગુજરાતની વેદાન્તની વિચારધારા વહાવનારાઓમાં અનેક અભેદમાર્ગી ધુરંધર વિદ્વાન્‌ લેખકો થઈ ગયા છે. એમનાં જ્ઞાન-પ્રચુર પુસ્તકો જ્ઞાનમાર્ગી સાધકો માટેનો અમૂલ્ય વારસો છે. પૂ. સ્વામીજીની વિશેષતા એ છે કે વસ્તુના હાર્દમાં પ્રવેશ કરી તેને તત્ત્વની એરણ પર ચઢાવી, વેદાન્તના નિકષ પર કસી, તેમાંથી તેઓ જ્ઞાનકવિ અખાની જેમ શુદ્ધ સુવર્ણ સારવે છે; કથીરને વર્જે છે. એ દૃષ્ટિએ તેમની અન્ય કૃતિઓ પણ આપણા ચિંતનાત્મક ગદ્યમાં ખરેખર અનન્ય અને અસાધારણ છે. પ્રસ્તુત "પત્રજયોતિ"નાં કિરણો સંસારી જિજ્ઞાસુઓના ગૃહોમાં આત્મ-જ્ઞાનના પ્રકાશની આભા વિસ્તારશે અને જડવાદમાં ઝૂકેલા લોકોના જીવનનું જો તેમનું યુકત પરિશીલન થાય તો, ઊર્ધ્વીકરણ કરશે. 'પત્રજયોતિ'ના આ બન્ને ભાગના વાચનથી જો એક નિમિષ માત્ર પણ વાચકનું આત્માના સ્વરૂપ પ્રત્યે સંધાન સધાશે તો આ પત્રદ્વારા મંદાકિની (સ્વર્ગંગા) સમાન શુચિત્વ, શૈત્ય, પાવનત્વ આદિ પથ્ય ગુણયુકત નીવડશે. બાકી તો गुरुकृपा हि केवलम्‌ ।

આર્ટ્‌સ કૉલેજ,<br>સંખેડા.<br>તા. ૨–૨–'૬૬.

**વસંતરાય ઉપાધ્યાય**

# શુદ્ધિ

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧ | છેલ્લી | સોંપ્યો | ૯૦ | ૨૬ | પ્રેમોત્સાહ |
| ૨૧ | ૫ | રાખીએ | ૯૪ | ૫ | એ |
| ૨૮ | ૭ | આશ્રય | ૯૫ | ૩ | અભેદ સાધે |
| ૩૮ | ૨૪ | અંતરમાં | ૧૦૧ | ૩ | શાન્તિ |
| ૪૨ | ૧૫ | સંગીત | ૧૦૧ | ૧૯ | અમાપ |
| ૪૫ | ૨ | આત્મસિદ્ધાન્તમાં | ૧૧૦ | ૧૬ | દેહરક્ષણ |
| ૫૭ | ૧ | શાસ્ત્ર | ૧૧૩ | ૧ | છે ? |
| ૬૫ | ૫ | સુધરેલો | ૧૨૪ | ૧૮ | (પરીક્ષકો) દ્વારા |
| ૬૭ | ૩ | ત્યાં | ૧૩૦ | ૨૧ | અંતરમાં |
| ૬૮ | ૧ | હોય | ૧૩૪ | ૬ | જેવી |
| ૭૦ | ૪ | છીએ | ૧૩૫ | ૮ | દેહાધ્યાસ |
| ૭૦ | ૨૨ | પોતાનાં | ૧૩૫ | ૧૯ | રાગદ્વેષ |
| ૭૨ | છેલ્લી | થોડું | ૧૩૭ | ૩ | હાથની |
| ૭૫ | ૨૦ | રાગદ્વેષ | ૧૩૮ | ૨ | દાત્મવિદો |
| ૭૬ | ૩ | સચેત | ૧૩૯ | ૨૧ | સમસ્રુતે |
| ૭૬ | ૧૫ | સમજાય | ૧૪૦ | ૨૦ | તે |
| ૭૯ | ૧૪ | ગૂંચવણોમાં | ૧૪૩ | ૫ | છો |
| ૮૧ | ૯ | સંપૂર્ણ | ૧૪૩ | ૨૦ | સર્વ |
| ૯૦ | ૨૧ | આર્તભાવે | ૧૪૬ | ૧૩ | મેળવવી |
| ૯૦ | ૨૬ | કે | ૧૪૬ | ૨૫ | હોય |

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧૪૮ | ૬ | અનુભવતું | ૧૮૩ | ૪ | પુરુષસ્વરૂપ |
| ૧૪૮ | છેલ્લી | મેળવ્યું | ૧૮૮ | ૧૩ | નિરોધ |
| ૧૫૧ | ૧૬ | ત્યાં | ૧૯૩ | ૧૬ | સ્ફુરણા |
| ૧૫૨ | છેલ્લી | પ્રજાપતિ | ૧૯૪ | ૧૧ | સૌ. |
| ૧૫૮ | ૨૦ | પુલિંગ સ્રીલિંગ | ૧૯૫ | ૨૨ | સમજવામાં |
| ૧૫૯ | ૪ | સ્વોપાર્જિત | ૧૯૬ | ૮ | સૌથી |
| ૧૭૦ | ૮ | રાગદ્વેષ | ૧૯૯ | ૧૬ | કેંક |
| ૧૭૨ | ૧ | પચાસ | ૨૦૧ | ૨ | અહિંસાવ્રત |
| ૧૭૨ | ૧૫ | પાલન | ૨૦૧ | છેલ્લી | તલ |
| ૧૭૩ | ૬ | બીજું | ૨૦૪ | ૪ | સૌ....નો |
| ૧૭૪ | ૬૨ | હો | ૨૦૫ | ૨૨ | મનને |
| ૧૭૪ | ૭ | સૂઝે | ૨૦૭ | ૨૦ | ઇચ્છાવાળા |
| ૧૭૪ | ૧૨ | આશ્રમમાં | ૨૨૪ | ૮ | સૌને |
| ૧૭૪ | ૮ | ટિપ્પણીકરશે | ૨૨૬ | ૧૯ | ઔપનિષદ્ |
| ૧૭૪ | ૧૦ | મૂકવામાં | ૨૨૮ | ૪ | સ્ફટિક |
| ૧૭૫ | ૨ | દુરુપયોગ | ૨૩૩ | ૨ | કરે છે |
| ૧૭૬ | ૧ | ગુરુકૃપા | ૨૩૯ | ૧ | અર્ધવયે |
| ૧૮૦ | ૪ | બધી | | | |

# પત્રજ્યોતિ

## કિરણ ૨

# પત્ર જ્યોતિ

( ૧ )

તા. ૧૭-૬-'૫૦

ચિ. સૌ.......બ્હેન,

તમે મુંબઈ ગયાં! બાળકો શાળામાં દાખલ થઇ ગયાં હશે; બાબો મઝામાં હશે; માબાપને છોકરાં કેવાં-કેટલાં-કેવી રીતે વ્હાલાં લાગતાં હશે એનો અનુભવ અમારા જેવાને નહિ, એટલે એ બાબતમાં શું લખાય?

હું તો આટલું કરું છું. તમારાં જેવાં બધાંને ખૂબ વાત્સલ્યથી જોવા નિહાળવાનો અને એ રીતે વર્તવાનો પ્રયત્ન કરીને સ્વભાવ કેળવું છું. એ વાત્સલ્ય તમને કેવું લાગતું હશે એ હું શું જાણું? પણ મને તમે બધાં ગમો છો, વ્હાલાં લાગો છો, અને મને મનમાં સંતોષ, હર્ષ, આનંદ રહે છે.

ત્રણ બાળકોને તૈયાર કરવાનો કર્ત્તવ્ય-ધર્મ ઈશ્વરે તમને સોંપ્યો છે, પણ એમાં જ જિંદગી ખતમ થઇ જાય, રાતદિવસ એ જ

રટણ-લગની રહે તો એવા સ્વભાવને શું કહેવું ? મનમાં બળતરા કે ચિંતા ન રહેવાં જોઇએ; અને કામ ક્યાં દિવસ રાત રહેવાનું છે !

કેં જપ, ધ્યાન વગેરે થાય છે કે 'રામ ! તારી માયા !' જો જો હોં, સાવધાન; ભૂલી જવાનું નથી. વ્યવહારના પ્રદેશમાં જ ચિત્ત અટવાઈ રહે અને રોકી રાખે એવી માયા અટપટી છે. તમે બન્ને જે ચિંત્વનમાં છો; જેને માટે અંતરમાં ઊંડી ઊંડી અધ્યાત્મ-માર્ગની મહત્વાકાંક્ષા છે એ છેવટે અસંતોષ અને અતૃપ્તિમાં જ ન વિરમે.

કામકાજ કરતાં કરતાં પણ તટસ્થ થતાં શીખવું જોઇએ. વ્યવહારમાં ઘણી વાર એવું બને છે કે વ્યક્તિઓ સાથેના અણગમતા વ્યવહારપ્રસંગોમાં જેમ તટસ્થ રહીને વાતચીત કરીએ છીએ એવું જ સ્વગત વ્યવહારમાં મનને કેળવવાનું છે.

નવું મકાન મળે ત્યારે વ્યવસ્થિત કેં જપપૂજા કરવા માંડજે !

( ૨ )

પ્રિયશ્રી...

મન અને બુદ્ધિનો ઝગડો જ માનવજીવનનો સાર છે. મન પૂર્વસંસ્કાર પ્રમાણે વર્તે, બુદ્ધિ પરિવર્તન ઈચ્છે અને વિવેક વાપરી માર્ગ નક્કી કરે, પણ મનને જૂની ટેવ પ્રમાણે વર્તવામાં પરિશ્રમ ન પડે એટલે ઘણીવાર બુદ્ધિને પોતાના પક્ષમાં વાળી લે છે. મન જે કરે તેને ન્યાય્ય અને અને પ્રમાણભૂત માને છે અને બુદ્ધિ ઠગાય છે.

એવા મનની સામે યુદ્ધ કરવું એ જ પુરુષાર્થ. અર્જુન જો મન –માનવી છે, તો કૃષ્ણ વિવેકી બુદ્ધિ ( વિજ્ઞાન ) છે. મન દલીલો કરે એ ખોટી. વિવેકી બુધ્ધિ કહે તે સાચું. પણ વિવેકી બુધ્ધિનું મન શિષ્ય બને ત્યાં સુધી એ ઓછા ધમપછાડા નથી કરતું.

હશે. જપ જેટલા બને તેટલા વધારે આપણી પ્રાચીન પદ્ધતિથી થાય એમાં લાભ છે. સૌ...ને માટે પણ એ જ. એ શ્રદ્ધામૂર્તિ છે, તમે વિવેકસ્વરૂપ છો; બન્ને એક બીજાને પરસ્પર પૂરક-ધારક થાઓ એટલે બસ. હું કે મારા જેવું બીજું કોઈ સમય આવ્યે મળી જ રહેશે. અમે તો નિમિત્ત માત્ર થઇશું.

સૌ.........બેનનને ખૂબ જ કામ પહોંચતું હશે. શું થાય? સંસાર અને વ્યવહાર ક્યાં કોઇએ આપણને પરાણે સોંપ્યો છે? રાજીખૂશીથી પૂરો કરવો એ જ્ઞાન છે. ડ્હાપણ છે.

(૩)

તા. ૧૧-૭-'૫૦.

ચિ. અ. સૌ.......બ્હેન,

પત્ર મળ્યો. મારા પત્રનો ઉદ્દેશ પાર ન પડચો, અને ઉલટી વાત સમજાઇ એથી આશ્ચર્ય થયું. માતાપિતાને બાળકો વહાલાં લાગે એટલાં તમે પાંચે ય મને વહાલાં છો-એમ લખવાનો ઉદ્દેશ હતો. પત્ર નહોતો એટલે એમ લખવું પડેલું. એમાંએ મારું સૂક્ષ્મ અભિમાન કે મોહ હશે, એટલે ત્હારા જેવી ડાહી, પ્રેમાળ, સમજુ પુત્રીને પણ ઊંધું સમજાયું; એમાં દોષ મારો છે, તારો નહિ.

મોહ અને પ્રેમ વચ્ચે જે ભેદ છે એ તને સમજાવવો ન પડે. મોહ સંયોગોને અધીન હોઇ, પ્રતિકૂળતા આવતાં સંબંધ તૂટે છે. પ્રેમ સંયોગોથી પર અને દેહસંબંધથી મુક્ત હોઇ પ્રતિકૂળતામાં પણ અવિરતભાવે-અરે, વિશેષભાવે ચિત્તના પ્રેમપાત્ર પ્રતિ વહ્યા કરે છે. આવા આત્મદર્શનનું બીજું નામ પ્રેમ રાખીએ તો વાંધો નથી.

તું લિપ્ત છે એમ કહેવાનો જ અર્થ નહોતો, પણ લિપ્ત નથી કહેવું યે યથાર્થ નથી. મુખ્ય વાત સમય મળવાની છે. વ્યવહાર વધારે હોય, ત્યારે સમય ઓછો મળે, અને સતત આત્મજાગ્રતિ કે

ઇશ્વર સ્મરણની ટેવ ન પડી હોય તો પરિણામે વિક્ષેપ થવાના પ્રસંગો વધારે ઊભા થાય.

સવાર સાંજ એકાન્ત નહીં મળતું હોય, પણ જપની ખૂબ જ આવશ્યકતા છે એમ હું માનું છું. તમે બન્નેએ ધ્યાનમાં જ શરૂઆત કરવાની છે એમ ન માનતાં જપથી શરૂઆત કરો તો લાભ સત્વર અને વિશેષ થશે.

ધ્યાન સંબંધે બીજી પણ ઘણી વાતો છે, પણ આપણે એટલું સાથે રહી શકયાં નથી ને જે થોડું સાથે રહ્યાં છીએ, એટલા સમયમાં હું બધું સમજાવી શકયો નથી. પણ જયારે જયારે વખત મળે ત્યારે, દિવસે પણ, ખુરશીમાં પડયાં પડયાં પણ બંધ નેત્રે ૐનું જપચિન્તવન થાય તો તેથી એટલો જ લાભ થશે. આટલું બન્ને કરશો એવી મારી સૂચના, વિનંતી, આજ્ઞા કે નમ્ર સલાહ છે.

( ૪ )

તા. ૨૦–૮–’૫૦

……તમે તા. ૧–૯–૫૦ને દિવસે નવા ઘરમાં રહેવા જશો. નવા ઘરમાં નવા સંસ્કાર માટેની તમારી તીવ્ર ઉત્કંઠા જણાય છે; અને તમે તો પ્રશ્નો ખુબ મૂકયા છે. જવાબમાં જો જૂનાં બધાં શાસ્ત્રોના ઢગલા તમારી પાસે મૂકું તોય કદાચ સમાધાન ન મળે!

છતાંય જેટલું મારાથી સમજાય, અને બને તેટલું તમારે માટે કરવું જોઇએ એનો સ્વધર્મની દૃષ્ટિએ જવાબ આપું છું.

(૧) જપમાં શ્રદ્ધા મુખ્ય છે કારણ કે એમાં પ્રત્યક્ષ વિજ્ઞાન કે તર્ક કામમાં આવે એમ નથી. પરંતુ તમારા જેવાંઓમાં શ્રદ્ધા અને તર્ક, એ બન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યા કરતું હોય છે, એટલે અમારા જેવાએ શું જવાબ આપવો એ સૂઝતું નથી. શ્રદ્ધા રાખો એમ

કહીએ તો પણ પ્રસંગે તમારા તર્ક જપમાં વચ્ચે વિઘ્ન નાંખે અને ધાર્યું ફલ ન આવે ત્યારે તર્ક જીતી જાય છે; તેથી ઘણી વાર અશ્રદ્ધા ઊલટી વધે છે.

(૨) ગાયત્રીમંત્રનો જપ ઉપયોગી છે એમાં વિધિનિષેધ પણ છે. જો કે એવા ઘણા છે કે એને આખો દિવસ, જયારે જયારે મન નવરું પડે ત્યારે એનો જપ કરતા હોય છે. પરિણામ તો એમાં પણ સારું આવે છે છતાં વિધિ તો સ્નાનશુદ્ધ થઇને નિયમિત પ્રાતઃસાયમ્ જપ કરવાનો છે.

(૩) ધ્યાનના પ્રારંભ તરીકે ૐ એકલો જ મહામંત્ર છે અને ગાયત્રી એનો વિસ્તાર છે એટલે ૐ ગાયત્રીનો બીજ મંત્ર છે.

(૪) ધ્યાન મુખ્ય બે પ્રકારનાં છે.

(૧) શ્રવણેન્દ્રિય દ્વારા ધ્વનિમાં.

(૨) નેત્રેન્દ્રિય દ્વારા દશ્યમાં.

(૫) ૐમાં ધ્વનિ ધ્યેય થઇ શકે અને એનો દશ્યમાં આકાર હોય તો પણ વાંધો નથી.

(૬) બીજી બાબત છે એના સ્થાનની

(૧) બાહ્ય પ્રદેશ–ચક્ષુ ઉઘાડાં તથા બંધ રાખીને.

(૨) આંતર પ્રદેશ.

(૭) નિરાકાર ધ્યાન નિર્ગુણ ઉપાસના કહેવાય છે. એમાં તો આત્માની ભાવના કરવાની છે.

(૮) સાકારમાં દેવ દેવતા, ૐનો ધ્વનિ કે આકારને આંતર બાહ્ય પ્રદેશમાં સ્થાન પરત્વેનો બધે એક જ નિયમ પ્રવર્તે છે.

(૯) ધ્યાનમાં વ્યવહાર વિઘ્નકર્તા છે કારણ કે ધ્યાન અને વ્યવહાર

બન્ને માટે જુદો જુદો સમય જોઇએ, એમ ન થાય તો બન્ને એક જ સમયે બની શકે નહીં. બેમાંથી એકેમાં ધારી સફળતા મળે નહીં. તેથી જેઓનો વ્યવહાર સંક્ષિપ્ત હોય, ક્ષેત્ર બહુ જ મર્યાદિત હોય તેઓ જ સમય મેળવીને ધ્યાનમાં આગળ વધી શકે છે. વળી ધ્યાન અને વ્યવહાર બન્ને દેશકાલને અધીન છે; બન્નેમાં ક્રિયા છે. આંતર બાહ્યનો ભેદ છે. તે ઉપરાંત ભાવભરી તન-મનની એકવાક્યતા બન્નેમાં જોઇએ. એ બધું એક જ સમયે બની શકે જ નહીં.

(૧૦) ભાવપ્રદેશની આંતરિક સાધનામાં તો ૐમાં જ બધો બ્રહ્મભાવ ભરીને આત્માની સાથે એનો અભેદ માનવાનો છે. એવું મનન આગળ જતાં નિદિધ્યાસનમાં ઉપકારક થઇ પડે છે.

(૧૧) ૐ નો માનસિક જપ કરતી વખતે કોઇ દશ્યરૂપને ધ્યાનમાં લઇએ, ત્યારે એને માટે ઘણાં સ્થાન છે. આન્તર પ્રદેશમાં ભૃકુટિ, નાસિકાગ્ર જેવાં છે, પણ એવા ધ્યાનમાં કેટલાંક વિઘ્નો છે. હૃદયના જમણા પ્રદેશમાં શુદ્ધ સ્ફટિકના શિવલિંગરૂપે અંગુષ્ટ પ્રમાણમાં ધ્યાન કરી શકાય છે. પણ—

(૧) જપમાં તો ધ્વનિમાં જ ચિત્ત રાખવું એવી મારી સલાહ છે.

(૨) ધ્વનિમાં ચિત્ત રાખવાથી આખો દિવસ એનો લાભ મળે છે.

(૩) આગળ જતાં નાદશ્રવણ થાય છે અને પછી ચિત્ત એમાં લય પામે છે. આવી લયસમાધિ થાય છે પણ એ અંતિમ સ્થિતિ નથી.

(૪) માટે જપ ચાલુ રાખવો ને ચિત્તને ધ્વનિમાં રાખવું એટલું હમણાં બસ છે. જપ માટે ઉત્થાનમાં ઘણું લખ્યું છે. ૐ ઠીક ન પડે તો સોઽહમ્ પણ ઘણાને સરલ લાગે છે. શ્વાસ વખતે સો અને ઉચ્છ્વાસ સાથે હમ્ એમ એક દીર્ઘ શ્વાસોચ્છ્વાસ સાથે એક સોઽહમ્ ઉપર ચિત્ત એકાગ્ર થાય, તો ધીરે ધીરે પ્રાણની ગતિ મંદ પડે છે ને ચિત્ત સ્થિરતા અનુભવે છે. ભાવના તો શ્વાસમાં ઇશ્વરભાવને અંદર ભરીને ઉચ્છ્વાસમાં અહમ્ કહાડી નાંખવાનું છે એ ખાસ યાદ રાખવાનું છે. બીજી વાત :

જરાયે ઉતાવળ કે અધીરાપણું કરવાનું નથી. આપણે તો પ્રયત્ન ચાલુ રાખવાનો છે. તીવ્ર ઉત્કંઠાનો અર્થ અધીરાપણું નહિ પણ કર્તવ્ય પ્રત્યેની પરમશ્રદ્ધા થાય છે. અને એ જ ઉપકારક છે.

વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં આનંદ અને ઉત્સાહ–ઉલ્લાસ રાખવાં. ઘરમાં પણ આનંદનું જ વાતાવરણ રહેવું જોઈએ. ગંભીરતા, જડતાનું રૂપ ધારણ ન કરે એની સાવધાનતા રાખવાની હોય છે. કારણ કે એમાંથી જડતા, ખોટી ઉદાસિનતા, મંદ વૈરાગ્ય, ચિત્તની મૂઢ દશા કે વ્યવહાર પરત્વે ખોટી બેદરકારી ઊભી કરે છે.

આપણું લક્ષ્ય છે પ્રખર આત્મભાવ કેળવવાનું. વાંચવામાં વિવેકાનંદનો રાજયોગ અને જ્ઞાનયોગ સહાયક થશે.

સંસ્કૃતમાંથી અનુવાદ થયેલા જૂના ગ્રન્થોમાં તો તમને શ્રદ્ધા નહિ ઉપજે, કારણ કે એની લેખનશૈલી જૂની છે. બાકી આર્ષદૃષ્ટિ કેળવીએ તો એ બહુ ઉપયોગી-અત્યંત ઉપયોગી થાય એમ છે. મંત્ર –સિદ્ધમંત્ર એટલે ઝાડ ઊગી શકે, વૃક્ષ બનીને ફળફૂલ આપી શકે, એવું બીજ જોઇએ; તે જ રીતે સિધ્ધ મંત્રનો અર્થ એ રીતે ઘટાવવાનો છે.

(૧) પોતાની મેળે અમુક સંખ્યાના જપ શ્રદ્ધાપૂર્વક પૂરા થાય ત્યારે મંત્રસિદ્ધિ મળે.(૨) અને કોઇએ સિદ્ધ કરીને મંત્ર આપેલો હોય તેના જપ સફલ થાય.

બીજાનો આપેલો મંત્ર સિદ્ધ છે કે નહિ એની ખાત્રી શી ? આમાં શ્રધ્ધાની આવશ્યકતા છે. મંત્રને સિધ્ધ માનીએ તો સિધ્ધ, નહિ તો અસિધ્ધ; આપણે કાચા તો બધુંય કાચું. આ આખોય પ્રદેશ ભાવનાને અધીન છે, ભાવ શ્રધ્ધાને અધીન છે, શ્રધ્ધા આપણા હૃદયને અધીન છે; હૃદય શુધ્ધ સંસ્કારને અધીન છે. સંસ્કારની શુધ્ધિ પુરુષાર્થ ઉપર છે.

મારાથી બનતું લખ્યું છે. અને હું તો મારાથી બનતી બધી શ્રધ્ધા–ભાવ–પ્રેમ વડે તમારી સાથે જ છું એમ માનું છું. તમે માનો એટલી વિનંતી છે.

પણ મેં ઉત્થાનના એક અંકમાં લખ્યું છે તેમ-હું ગુરુ નથી; એ અહંભાવ ધારણ કરી શકતો નથી. પ્રારબ્ધ પ્રમાણે તમારાં જેવાં સહવાસમાં આવે એમના પ્રતિ યથાશકિત સદ્‌ભાવ–આત્મભાવ કેળવતો રહું છું. મારો એ ભાવ ફલીભૂત થાય-ન થાય એ મારું લક્ષ્ય નથી કારણ કે એમાં બીજાના સંસ્કાર પણ કદાચ વિરોધ કરે તો ?

(૧) બે પ્રેમીઓમાં પરસ્પર પ્રેમ ન હોય (૨) હોય (૩) એકનો જ હોય–આ ત્રણ સ્થિતિઓ હોય છે. તેવી જ મારી સ્થિતિ પરત્વે હું પ્રયત્ન કરું પણ સામા માટે મારો આગ્રહ ન હોય–સામાનો મારા પર પ્રેમ હોવો જ જોઇએ, એ માન્યતામાં "હું અહંકારમાં છુંદાઈ મરું" એવું કરતાં તો ધર્મભ્રષ્ટ જ્ઞાનભ્રષ્ટ થાઉં. માટે મારી સ્થિતિમાં રહીને હું તમને ભાવદ્વારા સહાયતા કરી શકું–એટલી કરીશ એમ લખ્યા વિના બીજો કયો માર્ગ મારે માટે રહે ? હું સ્વધર્મપરાયણ રહું એટલું જ મારું કર્તવ્ય છે.

( ૫ )

તા. ૨૧-૧૧-'૫૦

... ... .. .. તમે પોતે વાંચનના કરતાં પણ જો જપનું વિશેષ જોર રાખો તો બહુ સારું. એમાં શ્રદ્ધાનું જ કામ છે. માત્ર માનસિક-વાચિક ક્રિયા જ કરવાની છે. તર્કને શાન્ત કરવાના છે. વાંચ્યા જ કરવાથી ચંચળતા વધવાનો ભય રહે છે.

ઉપરાન્ત દ્વૈતાદ્વૈતની ભાંજગડમાં ન પડશો. ગાયત્રી કે સોऽહમ્ —કે ૐ સોऽહમ્ જે ઠીક પડે એની અમુક સંખ્યા જો પૂરી કરી નાંખો તો બહુ સારું. મને લાગે છે કે લાભ થશે–' મને લાગે છે ' એમ એટલા માટે લખું છું કે શ્રધ્ધા રાખવી એ તમારા પક્ષની વાત છે.

કૈંક કરતા તો હશો જ એમ માનું છું.

( ૬ )

તા. ૨૧-૧૧-'૫૦

ચિ. અ. સૌ. ........બ્હેન,

... ... શરીર હવે ઠીક નથી રહેતું અને આંતરડાં ખરાબ થયાં છે. યકૃત ખરાબ જ હતું, એટલે હવે એ કોઇ યંત્રની પેઠે નવાં નાંખી શકાય નહીં; આખું 'યંત્ર' નવું આવે, તે વખતે પણ જન્મથી બધા અવયવો સાંગોપાંગ સુંદર મળે એની પણ આ માયાના ક્ષેત્રમાં કોઇ ખાત્રી આપી શકે એમ નથી. કોઈ ઈશ્વર પણ એવો વિશ્વાસ આપી શકે નહિ કે તને આવું, આટલું, અમુક સમયે, અમુક સ્થળે, ઇષ્ટ મળશે. એ જ છે આ દ્વૈત ચક્રની અનિર્વચનીય લીલા.

અમને તો આ દેહબુદ્ધિમાં કશો સાર લાધ્યો નથી. ભાવીમાં લાધશે એવી શ્રદ્ધા રહી નથી. ઉલટો એ બધાનો એક જાતનો વૈરાગ્ય ઊભો થયો છે અને એવા નિશ્ચય ઉપર આવ્યા છીએ કે–બ્રહ્માંડમાં પૃથક્ વ્યકિતત્વ સાચવી, એને "હું" નો ભાવ આપી આસપાસના –આ ઇદમ્‌માં મમત્વ બાંધી વારંવાર શરીર ધારણ કરી, હમેશાં પરવશ બની મોહમાયાને લીધે જ ફર્યા ભટકયા કરવામાં સંકલ્પ-બળ વાપરી નાંખવું એના કરતાં એ "હું" ને સર્વવ્યાપક સચ્ચિદાનંદ દ્વૈતરહિત (અદ્વૈત)માં ગાળી નાંખવાની સંકલ્પશકિતને દઢ કરવી, એ દ્વારા સંયમ વધારવો, દ્વૈતનો મોહ વૈરાગ્ય વડે નિર્મૂળ કરવો એ જ ઇષ્ટ લાગે છે. એ પ્રમાણે પ્રયત્ન કર્યા કરીએ છીએ. વ્યવહારને અનિત્ય (મિથ્યા) માનીને પ્રારબ્ધ ભોગવીએ છીએ. એક આત્મા (બ્રહ્મ, નિર્વિકાર, નિરાકાર, સર્વાધાર–સર્વાકાર) જ સત્ય છે, અને એ વિશુદ્ધ 'હું' છે એવી દઢતા વૃત્તિમાં ભર્યા કરીએ છીએ વય વધતાં શાંતિ (આંતરિક) વધે છે; જ્ઞાન (સમજણ) દઢ થતું જાય છે; બધાં શાસ્ત્રનો નીચોડ આવો સમજાયો છે. એવા વિશુદ્ધ અને દઢ મનોબળ માટે જે સાધન, (જપ, તપ, પાઠ, પૂજા, વાચન, મનન, ધ્યાન, સત્સંગ, ગુરુભકિત, શાસ્ત્રમાં શ્રદ્ધા) મળ્યાં એનો સદુપયોગ કરવાની સાવધાનતા રાખીએ છીએ. બીજાં કોઇ આ માર્ગનાં યાત્રી હોય એને એવી જ અનુભવની વાત કરીએ છીએ; જે માનીને સંગાથે રહે એની સાથે પ્રેમ રાખીએ છીએ, બીજાંને ભૂલવા પ્રયત્ન કરીએ છીએ, કારણ કે સજાતીય પ્રવાહરૂપ પ્રેમમાં અદ્વૈતદર્શન છે, દ્વૈતમાં ત્રાસ છે.

આવું અમારું જીવન છે; હવે તમે કહો તેમ કરીએ–પણ આ લક્ષ્યને ભૂલ્યા–ચૂકયા વિના. ગમે તો આ રીતે જીવતાં શીખો. અમે જે રીતે આ શીખ્યા તે સાધન તમને ગમતાં હોય તો પ્રેમ-વાત્સલ્ય –અભેદબુદ્ધિથી કહીએ બતાવીએ. આ ટૂંકી વાત–સાદી વાત છે. એ

વિનાનું બીજું કાંઇ કોઇને જોઇતું હોય તો એ અમારી પાસે નથી.

... ... ... ...તમે બધાં શરીરે કુશળ હો એમ ઇચ્છું છું એક વાત ન ભૂલશો. જીવનમાં પ્રત્યેક ક્ષણે આનંદ અને ઉત્સાહ રાખશો. રડતી સૂરત, કે ખોટી તામસિક ઉદાસિનતા એ વૈરાગ્યનું ચિહ્ન નથી. અપ્રતિમ આનન્દ એ જ ઇશ્વરભક્તિ કે આત્મજ્ઞાનનું સર્વોત્તમ સાધન છે, કારણ કે આનંદ આત્માનું સ્વરૂપ છે.

( ૭ )

તા. ૨૨-૧૨-'૫૦

આશીર્વાદ.

... ... ... ... ગં. સ્વ.... ... ... બ્હેન પોતાનાં શિક્ષણ, સમજણ અને સહનશક્તિ વડે ઠીક ઠીક શાંતિ કેળવી શક્યાં છે. અને સ્વભાવ તો વ્યકિતની દષ્ટિએ ભિન્ન ભિન્ન એટલે ( આત્મદષ્ટિ એક જ હોવા છતાં-દષ્ટા સર્વસામાન્ય એક હોવા છતાં ) દષ્ટિભેદે એમાં વિચિત્રતા તો રહેવાની જ.

નાટકઘરમાં એક જ મહાદીપ હોય, એમાં જોનારા-પ્રેક્ષક ( દષ્ટા ) દેહદષ્ટિએ અનેક અને આત્મદષ્ટિએ એક છતાં પોતાની સામેનાં દશ્ય વિષેની કલ્પના સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ કરવાના.

**મહાદીપ**-એક નિર્લેપદષ્ટિ-જયોતિ, જેની સહાયતાથી બધાં દષ્ટા બનીને દષ્યો જુએ છે.

**અનેક દષ્ટા**-પોતપોતાના ભાવ પ્રમાણે દશ્યો વિષે મત બાંધે છે.

**દશ્યો** એક જ જાતનાં અને નામરૂપે સરખાં હોવા છતાં દષ્ટાના ચિત્ત પ્રમાણે અસર ઉપજાવે છે.

આવું જ જગતને માટે છે. સ્વયંજ્યોતિને ઠીક લાગે તે અન્યને ઠીક ન લાગે; ઠીક લાગે તો પણ તેમાં અમુક પ્રમાણનો ભેદ પડે, એકને ઠીક લાગે તે બીજાને ઠીક ન લાગે, એવા મતભેદો ચાલ્યા જ કરે. પણ આત્મસ્વરૂપ મહાદીપ તો દ્રષ્ટા-દૃશ્યહીન-દૃષ્ટિસ્વરૂપ તરીકે એક જ રહે છે, એવી ભાવના ( એકાત્મભાવના ) આપણે સમજીને અંતરમાં કેળવવી છે કે જેથી નાના નાના ઉપાધિભર્યા મતભેદ દૂર થાય. વ્યવહારમાં પણ આત્મશાંતિ ઉપજે અને એ સ્થિર થઈ શકે.

( ૮ )

તા. ૨૩-૩-'૫૧

આશીર્વાદ,

... ... ચારેક દિવસ માટે તમે બાલકો સાથે આવો એ મને રુચતું નથી. સખત ગરમીના દિવસોમાં અહીં જંગલમાં બાળકોને સાચવવાં પડશે, સચવાશે એવી શ્રદ્ધા મને તો છે; પણ તમને ચિત્ત ઉપર કશી અસર ન થાય તો. શીતઉષ્ણ વ. દ્વંદ્વો જેટલી ત્વરાથી અંતરમાં પ્રતીત થાય એથી વિશેષ એની સામે ઝઝૂમવાનું સામર્થ્ય કેળવવું જોઈએ; ઝઝૂમવું તો છે જ; ડરીને દૂર તો જવાય એમ જ નથી, કારણ કે દ્વૈતમય બ્રહ્માંડના અણુએ અણુમાં દ્વંદ્વ જ છે. એમ સમજીને જ એનું અસ્તિત્વ ભૂલવાનું છે.

( ૯ )

તા. ૧૩-૫-'૫૧

પ્રિયશ્રી ... ...અને અ. સૌ. બ્હેન... ...

... હું અહીં જ છું. આન્તરિક ઇચ્છા જ ક્યાંય જવાની નથી, છતાં પૂર્વ–સંસ્કારને વશ થઇને મન ક્યાંક ક્યારેક બહાર જવા ઊંચું નીચું થાય છે. અત્યારે જવાય એવા સંજોગો નથી.

(૧) હું ત્યાં આવું તો તમને ગમે અને બીજી પણ કેટલીએક તમને લાભ થાય એવી બાબતો છે, અને તમારી ભાવભરી શ્રદ્ધા છે, એ વાત સાચી હોવા છતાં મારાથી હાલમાં નીકળાય એમ નથી.

(૨) તમે આટલું સમજી લ્યો.

(૧) તમે બન્ને આજથી નહિ પણ ચિ. સૌ......બ્હેન પહેલવહેલાં મળ્યાં ત્યારથી અને તમે પહેલીવાર અહીં આવી ગયા ત્યારથી માનસદીક્ષા, પામી ચૂકયાં છો. હવે એ શ્રદ્ધા ઢીલી કરશો નહિ. સ્થૂલ ક્રિયાકાંડની દીક્ષા કરતાં માનસિક દીક્ષા ઉત્તમ છે. તમને લાભ થયો છે, એમ હું જોઉં છું. તમે ન માનો એ પૂર્વ-સંસ્કારની અશ્રદ્ધાનો પ્રતાપ છે ! ૐ

(૨) મેં તમને મંત્રમાં છૂટ આપી, પણ તમારા અંતર્યામીએ પ્રેરણા દ્વારા હ્રીં મંત્ર સૂચવ્યો, એ જ તમારો દીક્ષિત મંત્ર છે.

(૩) એ વિષ્ણુ મંત્ર છે; એ વાત સાચી હ્, ર્, ઇ, મ્ આ ચાર અક્ષરોનો એ એકાક્ષરી મંત્ર છે.

હ્–શરીર અને પ્રાણમાં, તથા બાહ્ય વિશ્વમાં જે પરમતત્વ પ્રવેશ કરવાની ગતિ કરે, પ્રવેશ કરે એમાં ધાતુ છે વિશ્ -to enter પ્રવેશ કરવું, એથી એ છે વિષ્ણુ તત્ત્વ.

ર્–પ્રવેશ કરીને સર્વત્ર, સર્વ વ્યાપક રહીને એમાં રમણ કરે, આનંદ માને એટલે જ્યાં જ્યાં એ તત્ત્વ હોય ત્યાં રક્ષણ થાય.

પોતાના સ્વરૂપનું અને વિશ્વરૂપી વ્યાપ્યમાં વ્યાપક હોય એનું–એટલે એ પણ વિષ્ણુ તત્ત્વ છે.

ઇ શકિત તત્ત્વ; સામર્થ્ય, બલ કે શકિતના આવિર્ભાવ વિના જ્ઞાન કે ક્રિયા કશું યે ન પ્રતીત થાય તે; એથી વિષ્ણુની રક્ષણાત્મક શકિતનો એ અક્ષર છે.

મ્-મંત્રનો ઉચ્ચાર કરતાં હોઠ બંધ થાય ત્યારે પૂર્વાક્ષરોનો મંત્રધ્વનિ અંતરથી પ્રાણદ્વારા બહાર નીકળી મ્-ઉચ્ચાર થતાં પાછો અંદર જ સમાઈ જાય, સમસ્ત જપમંત્રનો પ્રાણમાં લય થાય ત્યારે અંતરમાં સામર્થ્ય વધે અને સ્થિર થઇને પોતાનો પ્રભાવ પાડે, એ રીતે એ વિષ્ણુ તત્ત્વ છે. આમ દીક્ષા તથા મંત્ર વિષે થોડો ખુલાસો થયો.

હવે ઇષ્ટદેવ વિષે તો આપણું ઇષ્ટ–જે નામરૂપ વગરનું હોવા છતાં સર્વવ્યાપક, સર્વશકિતમાન, સર્વજ્ઞ, સર્વવિદ્, સર્વેશ્વર આત્મતત્ત્વ છે એ જ છે. વિષ્ણુને Protective રક્ષક તત્ત્વ તરીકે માનીએ એટલે આપણે જે ભાવના રાખીએ એ રૂપે અંતઃકરણમાં એ રક્ષણ કરે. અજ્ઞાનીના કામ, લોભ, મોહનું રક્ષણ કરે તો જ્ઞાનીનાં જ્ઞાન, શાંતિ વ. નું રક્ષણ કરે. એના રૂપની આવશ્યકતા આપણે ઊભી કરીએ છીએ. હ્રીં નો આકાર સંસ્કૃત ભાષા તરીકે આપણે આપવો જોઇએ. અંગ્રેજો Hrim એવો આકાર આપે, પણ એ તો અક્ષરનું રૂપ. એના ધ્વનિનું રૂપ આપણે પકડી શકતા નથી કારણ કે એ આંખનો નહિ પણ કાનનો વિષય છે; એટલે ધ્વનિનું રૂપ તો કાનથી સાંભળી–અંતરમાં એના જપથી આનંદ અનુભવાય એ સમજી લેવું.

ધ્યાનની ક્રિયા વખતે ખૂબ ભકિતપૂર્વક બેસવું. પ્રેમપૂર્વક, ઉત્સાહ પૂર્વક, આશાવાદી બનીને વિનમ્રભાવે બેસી જપનો- માનસિક

ઉચ્ચારથી-પ્લૂત જપ શરૂ કરવો. નેત્ર બંધ કરવાં. જપ કરતાં કરતાં અંતરમાં ઉત્સાહ-આનંદ અનુભવમાં આવે ત્યારે જાણવું કે ગુરુ-શકિત આંતરિક ક્રિયા કરવા માંડી છે. બીજું બધું ભૂલાય, અને મંત્રના ધ્વનિમાં તથા ભાવ-આનંદમાં ચિત્ત પરોવાય એટલે સ્વભાવિક એકાગ્રતા થવા માંડે છે.

વૈરાગ્ય-અનાસકિત વગેરેમાં વધારે લક્ષ્ય આપવાથી નિષેધાત્મક (negative attitude) વધે તો હંમેશાં એવો ભય રહે છે કે અમુક કરવાથી આમ થશે અને તેમ થશે, પરિણામે વેદીઆ બની જવાય છે; એના કરતાં આત્માનો આનંદ ભક્તિદ્વારા ચિત્તમાં ભરાય તો એવું તૃપ્ત ચિત્ત સ્વાભાવિક રીતે જ-અનાયાસે સંયમી જીવનમાં પરિણમે છે.

તમારું અંગ્રેજી લખાણ બરાબર છે. એમાં શંકા કરવાનું કારણ નથી. જૂનાં પુસ્તકોમાં ગુરુભકિત પરત્વે જે લેખો છે, ભક્તિનો સંકેત છે, એનો અત્યારે બહુ દુરુપયોગ થયો છે, ઉપરાંત ગુરુ વિષેની આપણી કલ્પના પણ વિચિત્ર હોય છે; આપણી કલ્પનાનો ગુરુ આપણે બનાવીએ તો જ બને. બાકી તો ખરી વાત છે વિશુદ્ધ અને નિષ્કામ ભકિતની. તમે બન્ને ભકત હૃદય છો, એ ભકિતની વાત. અંતરથી-પ્રાણથી પરસ્પર પ્રેમદ્વારા એક છો એ પ્રથમ વસ્તુસ્થિતિ-પતિપત્ની છો, ગૃહસ્થાશ્રમી છો એ ગૌણ વાત; એવું જ ગુરુ શિષ્યમાં છે. ગુરુશિષ્ય વચ્ચે અશરીરી પ્રેમભકિત હોય એ મુખ્ય વસ્તુ છે. ગુરુશિષ્ય જેવો શબ્દવ્યવહાર ગૌણ છે.

હું તો તમારો નમ્ર ભાવે મિત્ર, સુહૃદ, મુરબ્બી, વડીલ-જે માનો તેવો બની શકું. મારામાંથી જે શુભ હોય તે તમારું. બીજું બધું વ્યર્થ જ છે. આપણે કયાં નગારાં વગાડીને જાહેર કરવું છે કે આપણો શો સંબંધ છે ને હોવો જોઇએ !

મંત્રના જપ ઉપર જોર રાખો. જપ કર્યે જ જાઓ, શ્રદ્ધાથી કરો, અશ્રદ્ધાથી નહિ; પ્રેમથી કરો, તટસ્થ કે કુતૂહલ વૃત્તિથી નહિ. અમુક સમય તો એને ફલ આપવામાં જોઇએ અને તેથી ઉત્સાહ અને ધૈર્ય બન્ને જોઈએ.

તમે પોતે જ આગળ જતાં–સાધનમાં અગ્રસર થતાં–કેટલાં-એક રહસ્યો જાણશો. ત્યારે તમારું આશ્ચર્ય વધશે. અને થોડો સમય જતાં તમે પોતે જ એવા કૃતનિશ્ચયી બનશો કે સાધનામાં શ્રદ્ધા–ભકિત આપોઆપ વધશે.

(૧૦)

તા. ૨૬–૭–'૫૧

... સાધકે એક વાત ખાસ લક્ષમાં રાખવાની છે. જપ તથા ધ્યાનના સાધકે ચિત્તને ચંચલ બનાવે એવાં શંકા-તર્કથી દૂર રહેવું જોઇએ. શંકા-તર્ક–વિચારો કર્યા કરવાથી એક બાજુ પ્રમાદ વધે છે, અને બીજી રીતે ચંચલતા વધે છે કે જે ધ્યાનમાં મહાન્ વિઘ્નરૂપ છે.

બીજે કયાંય શ્રદ્ધા ન હોય તો પણ એટલી તો ખાતરી હોય જ કે–નિદ્રાને રોકીને, વિચારોને દૂર કરીને જપના મંત્રને પરમ પ્રેમાસ્પદ માનીને સંપૂર્ણ ભાવભકિતથી જપ કરવા માંડીએ તો અંતરથી નિર્વિષયી આનંદ આવે છે; ઉપરાંત જીવનમાં એક એવી વિચારભરી ગંભીરતા આવે છે કે જે કાર્યાકાર્યના વિવેકમાં વિલક્ષણ સહાયતા કરે છે; બધાં કાર્ય દિવ્ય સંકેતથી અને આત્મકલ્યાણાર્થે જ થતાં હોય એવો અનુભવ થાય છે.

માટે તર્કજાળને દૂર રાખજો. દ્વૈતાદ્વૈતના સિદ્ધાન્તનો પ્રશ્ન

# શુદ્ધિ

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧ | છેલ્લી | સોંપ્યો | ૯૦ | ૨૬ | પ્રેમોત્સાહ |
| ૨૧ | ૫ | રાખીએ | ૯૪ | ૫ | એ |
| ૨૮ | ૭ | આશ્રય | ૯૫ | ૩ | અભેદ સાધે |
| ૩૮ | ૨૪ | અંતરમાં | ૧૦૧ | ૩ | શાન્તિ |
| ૪૨ | ૧૫ | સંગીત | ૧૦૧ | ૧૯ | અમાપ |
| ૪૫ | ૨ | આત્મસિદ્ધાન્તમાં | ૧૧૦ | ૧૬ | દેહરક્ષણ |
| ૫૭ | ૧ | શાસ્ત્ર | ૧૧૩ | ૧ | છે ? |
| ૬૫ | ૫ | સુધરેલો | ૧૨૪ | ૧૮ | (પરીક્ષકો) દ્વારા |
| ૬૭ | ૩ | ત્યાં | ૧૩૦ | ૨૧ | અંતરમાં |
| ૬૮ | ૧ | હોય | ૧૩૪ | ૬ | જેવી |
| ૭૦ | ૪ | છીએ | ૧૩૫ | ૮ | દેહાધ્યાસ |
| ૭૦ | ૨૨ | પોતાનાં | ૧૩૫ | ૧૯ | રાગદ્વેષ |
| ૭૨ | છેલ્લી | થોડું | ૧૩૭ | ૩ | હાથની |
| ૭૫ | ૨૦ | રાગદ્વેષ | ૧૩૮ | ૨ | દાત્મવિદો |
| ૭૬ | ૩ | સચેત | ૧૩૯ | ૨૧ | સમક્ષુતે |
| ૭૬ | ૧૫ | સમજાય | ૧૪૦ | ૨૦ | તે |
| ૭૯ | ૧૪ | ગૂંચવણોમાં | ૧૪૩ | ૫ | છો |
| ૮૧ | ૯ | સંપૂર્ણ | ૧૪૩ | ૨૦ | સર્વ |
| ૯૦ | ૨૧ | આર્તભાવે | ૧૪૬ | ૧૩ | મેળવવી |
| ૯૦ | ૨૬ | કે | ૧૪૬ | ૨૫ | હોય |

| પૃષ્ઠ | લીટી | શુદ્ધ | પૃષ્ઠ | લીટી | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧૪૮ | ૬ | અનુભવતું | ૧૮૩ | ૪ | પુરુષસ્વરૂપ |
| ૧૪૮ | છેલ્લી | મેળવ્યું | ૧૮૮ | ૧૩ | નિરોધ |
| ૧૫૧ | ૧૬ | ત્યાં | ૧૯૩ | ૧૬ | સ્ફુરણા |
| ૧૫૨ | છેલ્લી | પ્રજાપતિ | ૧૯૪ | ૧૧ | સૌ. |
| ૧૫૮ | ૨૦ | પુલિંગ સ્ત્રીલિંગ | ૧૯૫ | ૨૨ | સમજવામાં |
| ૧૫૯ | ૪ | સ્વોપાર્જિત | ૧૯૬ | ૮ | સૌથી |
| ૧૭૦ | ૮ | રાગદ્વેષ | ૧૯૯ | ૧૬ | કંઈક |
| ૧૭૨ | ૧ | પચાસ | ૨૦૧ | ૨ | અહિંસાવ્રત |
| ૧૭૨ | ૧૫ | પાલન | ૨૦૧ | છેલ્લી | તલ |
| ૧૭૩ | ૬ | બીજું | ૨૦૪ | ૪ | સૌ....નો |
| ૧૭૪ | ૬૨ | હો | ૨૦૫ | ૨૨ | મનને |
| ૧૭૪ | ૭ | સૂઝે | ૨૦૭ | ૨૦ | ઇચ્છાવાળા |
| ૧૭૪ | ૧૨ | આશ્રમમાં | ૨૨૪ | ૮ | સૌને |
| ૧૭૪ | ૮ | ટિપ્પણીકરશે | ૨૨૬ | ૧૯ | ઔપનિષદ |
| ૧૭૪ | ૧૦ | મૂકવામાં | ૨૨૮ | ૪ | સ્ફટિક |
| ૧૭૫ | ૨ | દુરુપયોગ | ૨૩૩ | ૨ | કરે છે |
| ૧૭૬ | ૧ | ગુરુકૃપા | ૨૩૯ | ૧ | અર્ધવયે |
| ૧૮૦ | ૪ | બધી | | | |

# પત્રજ્યોતિ

## કિરણ ૨

# પત્ર જ્યોતિ

( ૧ )

તા. ૧૭-૬-'૫૦

ચિ. સૌ......બ્હેન,

તમે મુંબઈ ગયાં! બાળકો શાળામાં દાખલ થઇ ગયાં હશે; બાબો મઝામાં હશે; માબાપને છોકરાં કેવાં—કેટલાં—કેવી રીતે વ્હાલાં લાગતાં હશે એનો અનુભવ અમારા જેવાને નહિ, એટલે એ બાબતમાં શું લખાય ?

હું તો આટલું કરું છું. તમારાં જેવાં બધાંને ખૂબ વાત્સલ્યથી જોવા નિહાળવાનો અને એ રીતે વર્તવાનો પ્રયત્ન કરીને સ્વભાવ કેળવું છું. એ વાત્સલ્ય તમને કેવું લાગતું હશે એ હું શું જાણું ? પણ મને તમે બધાં ગમો છો, વ્હાલાં લાગો છો, અને મને મનમાં સંતોષ, હર્ષ, આનંદ રહે છે.

ત્રણે બાળકોને તૈયાર કરવાનો કર્ત્તવ્ય-ધર્મ ઈશ્વરે તમને સોંપ્યો છે, પણ એમાં જ જિંદગી ખતમ થઇ જાય, રાતદિવસ એ જ

રટણ-લગની રહે તો એવા સ્વભાવને શું કહેવું ? મનમાં બળતરા કે ચિંતા ન રહેવાં જોઇએ; અને કામ ક્યાં દિવસ રાત રહેવાનું છે !

કેં જપ, ધ્યાન વગેરે થાય છે કે 'રામ ! તારી માયા !' જોજો હોં, સાવધાન; ભૂલી જવાનું નથી. વ્યવહારના પ્રદેશમાં જ ચિત્ત અટવાઈ રહે અને રોકી રાખે એવી માયા અટપટી છે. તમે બન્ને જે ચિંતવનમાં છો; જેને માટે અંતરમાં ઊંડી ઊંડી અધ્યાત્મ-માર્ગની મહત્વાકાંક્ષા છે એ છેવટે અસંતોષ અને અતૃપ્તિમાં જ ન વિરમે.

કામકાજ કરતાં કરતાં પણ તટસ્થ થતાં શીખવું જોઇએ. વ્યવહારમાં ઘણી વાર એવું બને છે કે વ્યક્તિઓ સાથેના અણગમતા વ્યવહારપ્રસંગોમાં જેમ તટસ્થ રહીને વાતચીત કરીએ છીએ એવું જ સ્વગત વ્યવહારમાં મનને કેળવવાનું છે.

નવું મકાન મળે ત્યારે વ્યવસ્થિત કેં જપપૂજા કરવા માંડજે !

( ૨ )

પ્રિયશ્રી...

મન અને બુદ્ધિનો ઝગડો જ માનવજીવનનો સાર છે. મન પૂર્વસંસ્કાર પ્રમાણે વર્તે, બુદ્ધિ પરિવર્તન ઈચ્છે અને વિવેક વાપરી માર્ગ નક્કી કરે, પણ મનને જૂની ટેવ પ્રમાણે વર્તવામાં પરિશ્રમ ન પડે એટલે ઘણીવાર બુદ્ધિને પોતાના પક્ષમાં વાળી લે છે. મન જે કરે તેને ન્યાય્ય અને અને પ્રમાણભૂત માને છે અને બુદ્ધિ ઠગાય છે.

એવા મનની સામે યુદ્ધ કરવું એ જ પુરુષાર્થ. અર્જુન જો મન –માનવી છે, તો કૃષ્ણ વિવેકી બુદ્ધિ ( વિજ્ઞાન ) છે. મન દલીલો કરે એ ખોટી. વિવેકી બુધ્ધિ કહે તે સાચું. પણ વિવેકી બુધ્ધિનું મન શિષ્ય બને ત્યાં સુધી એ ઓછા ધમપછાડા નથી કરતું.

હશે. જપ જેટલા બને તેટલા વધારે આપણી પ્રાચીન પધ્ધતિથી થાય એમાં લાભ છે. સૌ...ને માટે પણ એ જ. એ શ્રધ્ધામૂર્તિ છે, તમે વિવેકસ્વરૂપ છો; બન્ને એક બીજાને પરસ્પર પૂરક-ધારક થાઓ એટલે બસ. હું કે મારા જેવું બીજું કોઈ સમય આવ્યે મળી જ રહેશે. અમે તો નિમિત્ત માત્ર થઇશું.

સૌ.......બેનને ખૂબ જ કામ પહોંચતું હશે. શું થાય ? સંસાર અને વ્યવહાર કયાં કોઇએ આપણને પરાણે સોંપ્યો છે? રાજીખૂશીથી પૂરો કરવો એ જ્ઞાન છે. ડહાપણ છે.

( ૩)

તા. ૧૧-૭-'૫૦.

ચિ. અ. સૌ.......બ્હેન,

પત્ર મળ્યો. મારા પત્રનો ઉદ્દેશ પાર ન પડયો, અને ઉલટી વાત સમજાઇ એથી આશ્ચર્ય થયું. માતાપિતાને બાળકો વહાલાં લાગે એટલાં તમે પાંચે ય મને વહાલાં છો-એમ લખવાનો ઉદ્દેશ હતો. પત્ર નહોતો એટલે એમ લખવું પડેલું. એમાંએ મારું સૂક્ષ્મ અભિમાન કે મોહ હશે, એટલે ત્હારા જેવી ડાહી, પ્રેમાળ, સમજુ પુત્રીને પણ ઊંધું સમજાયું; એમાં દોષ મારો છે, તારો નહિ.

મોહ અને પ્રેમ વચ્ચે જે ભેદ છે એ તને સમજાવવો ન પડે. મોહ સંયોગોને અધીન હોઇ, પ્રતિકૂળતા આવતાં સંબંધ તૂટે છે. પ્રેમ સંયોગોથી પર અને દેહસંબધથી મુક્ત હોઇ પ્રતિકૂળતામાં પણ અવિરતભાવે-અરે, વિશેષભાવે ચિત્તના પ્રેમપાત્ર પ્રતિ વહ્યા કરે છે. આવા આત્મદર્શનનું બીજું નામ પ્રેમ રાખીએ તો વાંધો નથી.

તું લિપ્ત છે એમ કહેવાનો જ અર્થ નહોતો, પણ લિપ્ત નથી કહેવું યે યથાર્થ નથી. મુખ્ય વાત સમય મળવાની છે. વ્યવહાર વધારે હોય, ત્યારે સમય ઓછો મળે; અને સતત આત્મજાગ્રતિ કે

ઇશ્વર સ્મરણની ટેવ ન પડી હોય તો પરિણામે વિક્ષેપ થવાના પ્રસંગો વધારે ઊભા થાય.

સવાર સાંજ એકાન્ત નહીં મળતું હોય, પણ જપની ખૂબ જ આવશ્યકતા છે એમ હું માનું છું. તમે બન્નેએ ધ્યાનમાં જ શરૂઆત કરવાની છે એમ ન માનતાં જપથી શરૂઆત કરો તો લાભ સત્વર અને વિશેષ થશે.

ધ્યાન સંબંધે બીજી પણ ઘણી વાતો છે, પણ આપણે એટલું સાથે રહી શકયાં નથી ને જે થોડું સાથે રહ્યાં છીએ, એટલા સમયમાં હું બધું સમજાવી શકયો નથી. પણ જ્યારે જ્યારે વખત મળે ત્યારે, દિવસે પણ, ખુરશીમાં પડયાં પડયાં પણ બંધ નેત્રે ૐનું જપચિન્તવન થાય તો તેથી એટલો જ લાભ થશે. આટલું બન્ને કરશો એવી મારી સૂચના, વિનંતી, આજ્ઞા કે નમ્ર સલાહ છે.

( ૪ )

તા. ૨૦–૮–'૫૦

......તમે તા. ૧–૯–૫૦ને દિવસે નવા ઘરમાં રહેવા જશો. નવા ઘરમાં નવા સંસ્કાર માટેની તમારી તીવ્ર ઉત્કંઠા જણાય છે; અને તમે તો પ્રશ્નો ખુબ મૂકયા છે. જવાબમાં જો જૂનાં બધાં શાસ્ત્રોના ઢગલા તમારી પાસે મૂકું તોય કદાચ સમાધાન ન મળે!

છતાંય જેટલું મારાથી સમજાય, અને બને તેટલું તમારે માટે કરવું જોઇએ એનો સ્વધર્મની દષ્ટિએ જવાબ આપું છું.

(૧) જપમાં શ્રદ્ધા મુખ્ય છે કારણ કે એમાં પ્રત્યક્ષ વિજ્ઞાન કે તર્ક કામમાં આવે એમ નથી. પરંતુ તમારા જેવાંઓમાં શ્રદ્ધા અને તર્ક, એ બન્ને વચ્ચે યુદ્ધ ચાલ્યા કરતું હોય છે, એટલે અમારા જેવાએ શું જવાબ આપવો એ સૂઝતું નથી. શ્રદ્ધા રાખો એમ

કહીએ તો પણ પ્રસંગે તમારા તર્ક જપમાં વચ્ચે વિઘ્ન નાંખે અને ધાર્યું ફલ ન આવે ત્યારે તર્ક જીતી જાય છે; તેથી ઘણી વાર અશ્રદ્ધા ઊલટી વધે છે.

(૨) ગાયત્રીમંત્રનો જપ ઉપયોગી છે એમાં વિધિનિષેધ પણ છે. જો કે એવા ઘણા છે કે એને આખો દિવસ, જ્યારે જ્યારે મન નવરું પડે ત્યારે એનો જપ કરતા હોય છે. પરિણામ તો એમાં પણ સારું આવે છે છતાં વિધિ તો સ્નાનશુદ્ધ થઇને નિયમિત પ્રાતઃસાયમ્ જપ કરવાનો છે.

(૩) ધ્યાનના પ્રારંભ તરીકે ૐ એકલો જ મહામંત્ર છે અને ગાયત્રી એનો વિસ્તાર છે એટલે ૐ ગાયત્રીનો બીજ મંત્ર છે.

(૪) ધ્યાન મુખ્ય બે પ્રકારનાં છે.

(૧) શ્રવણેન્દ્રિય દ્વારા ધ્વનિમાં.

(૨) નેત્રેન્દ્રિય દ્વારા દશ્યમાં.

(૫) ૐમાં ધ્વનિ ધ્યેય થઇ શકે અને એનો દશ્યમાં આકાર હોય તો પણ વાંધો નથી.

(૬) બીજી બાબત છે એના સ્થાનની

(૧) બાહ્ય પ્રદેશ–ચક્ષુ ઉઘાડાં તથા બંધ રાખીને.

(૨) આંતર પ્રદેશ.

(૭) નિરાકાર ધ્યાન નિર્ગુણ ઉપાસના કહેવાય છે. એમાં તો આત્માની ભાવના કરવાની છે.

(૮) સાકારમાં દેવ દેવતા, ૐનો ધ્વનિ કે આકારને આંતર બાહ્ય પ્રદેશમાં સ્થાન પરત્વેનો બધે એક જ નિયમ પ્રવર્તે છે.

(૯) ધ્યાનમાં વ્યવહાર વિઘ્નકર્તા છે કારણ કે ધ્યાન અને વ્યવહાર

બન્ને માટે જુદો જુદો સમય જોઇએ, એમ ન થાય તો બન્ને એક જ સમયે બની શકે નહીં. એમાંથી એકેમાં ધારી સફળતા મળે નહીં. તેથી જેઓનો વ્યવહાર સંક્ષિપ્ત હોય, ક્ષેત્ર બહુ જ મર્યાદિત હોય તેઓ જ સમય મેળવીને ધ્યાનમાં આગળ વધી શકે છે. વળી ધ્યાન અને વ્યવહાર બન્ને દેશકાલને અધીન છે; બન્નેમાં ક્રિયા છે. આંતર બાહ્યનો ભેદ છે. તે ઉપરાંત ભાવભરી તન-મનની એકવાકયતા બન્નેમાં જોઇએ. એ બધું એક જ સમયે બની શકે જ નહીં.

(૧૦) ભાવપ્રદેશની આંતરિક સાધનામાં તો ૐમાં જ બધો બ્રહ્મભાવ ભરીને આત્માની સાથે એનો અભેદ માનવાનો છે. એવું મનન આગળ જતાં નિદિધ્યાસનમાં ઉપકારક થઇ પડે છે.

(૧૧) ૐ નો માનસિક જપ કરતી વખતે કોઇ દશ્યરૂપને ધ્યાનમાં લઇએ, ત્યારે એને માટે ઘણાં સ્થાન છે. આન્તર પ્રદેશમાં ભ્રૂકુટિ, નાસિકાગ્ર જેવાં છે, પણ એવા ધ્યાનમાં કેટલાંક વિઘ્નો છે. હૃદયના જમણા પ્રદેશમાં શુદ્ધ સ્ફટિકના શિવલિંગરૂપે અંગુષ્ટ પ્રમાણમાં ધ્યાન કરી શકાય છે. પણ—

(૧) જપમાં તો ધ્વનિમાં જ ચિત્ત રાખવું એવી મારી સલાહ છે.

(૨) ધ્વનિમાં ચિત્ત રાખવાથી આખો દિવસ એનો લાભ મળે છે.

(૩) આગળ જતાં નાદશ્રવણ થાય છે અને પછી ચિત્ત એમાં લય પામે છે. આવી લયસમાધિ થાય છે પણ એ અંતિમ સ્થિતિ નથી.

(૪) માટે જપ ચાલુ રાખવો ને ચિત્તને ધ્વનિમાં રાખવું એટલું હમણાં બસ છે. જપ માટે ઉત્થાનમાં ઘણું લખ્યું છે. ૐ ઠીક ન પડે તો સોઽહમ્ પણ ઘણાને સરલ લાગે છે. શ્વાસ વખતે સો અને ઉચ્છ્વાસ સાથે હમ્ એમ એક દીર્ઘ શ્વાસોચ્છ્વાસ સાથે એક સોઽહમ્ ઉપર ચિત્ત એકાગ્ર થાય, તો ધીરે ધીરે પ્રાણની ગતિ મંદ પડે છે ને ચિત્ત સ્થિરતા અનુભવે છે. ભાવના તો શ્વાસમાં ઇશ્વરભાવને અંદર ભરીને ઉચ્છ્વાસમાં અહમ્ કહાડી નાંખવાનું છે એ ખાસ યાદ રાખવાનું છે. બીજી વાત :

જરાયે ઉતાવળ કે અધીરાપણું કરવાનું નથી. આપણે તો પ્રયત્ન ચાલુ રાખવાનો છે. તીવ્ર ઉત્કંઠાનો અર્થ અધીરાપણું નહિ પણ કર્તવ્ય પ્રત્યેની પરમશ્રદ્ધા થાય છે. અને એ જ ઉપકારક છે.

વ્યવહારના પ્રત્યેક ક્ષેત્રમાં આનંદ અને ઉત્સાહ–ઉલ્લાસ રાખવાં. ઘરમાં પણ આનંદનું જ વાતાવરણ રહેવું જોઈએ. ગંભીરતા, જડતાનું રૂપ ધારણ ન કરે એની સાવધાનતા રાખવાની હોય છે. કારણ કે એમાંથી જડતા, ખોટી ઉદાસિનતા, મંદ વૈરાગ્ય, ચિત્તની મૂઢ દશા કે વ્યવહાર પરત્વે ખોટી બેદરકારી ઊભી કરે છે.

આપણું લક્ષ્ય છે પ્રખર આત્મભાવ કેળવવાનું. વાંચવામાં વિવેકાનંદનો રાજયોગ અને જ્ઞાનયોગ સહાયક થશે.

સંસ્કૃતમાંથી અનુવાદ થયેલા જૂના ગ્રન્થોમાં તો તમને શ્રદ્ધા નહિ ઉપજે, કારણ કે એની લેખનશૈલી જૂની છે. બાકી આર્ષદૃષ્ટિ કેળવીએ તો એ બહુ ઉપયોગી-અત્યંત ઉપયોગી થાય એમ છે. મંત્ર –સિદ્ધમંત્ર એટલે ઝાડ ઊગી શકે, વૃક્ષ બનીને ફળફૂલ આપી શકે, એવું બીજ જોઇએ; તે જ રીતે સિદ્ધ મંત્રનો અર્થ એ રીતે ઘટાવવાનો છે.

(૧) પોતાની મેળે અમુક સંખ્યાના જપ શ્રદ્ધાપૂર્વક પૂરા થાય ત્યારે મંત્રસિદ્ધિ મળે.(૨) અને કોઇએ સિદ્ધ કરીને મંત્ર આપેલો હોય તેના જપ સફલ થાય.

બીજાનો આપેલો મંત્ર સિદ્ધ છે કે નહિ એની ખાત્રી શી ? આમાં શ્રધ્ધાની આવશ્યકતા છે. મંત્રને સિધ્ધ માનીએ તો સિધ્ધ, નહિ તો અસિધ્ધ; આપણે કાચા તો બધુંય કાચું. આ આખોય પ્રદેશ ભાવનાને અધીન છે, ભાવ શ્રધ્ધાને અધીન છે, શ્રધ્ધા આપણા હૃદયને અધીન છે; હૃદય શુધ્ધ સંસ્કારને અધીન છે. સંસ્કારની શુધ્ધિ પુરુષાર્થ ઉપર છે.

મારાથી બનતું લખ્યું છે. અને હું તો મારાથી બનતી બધી શ્રધ્ધા–ભાવ–પ્રેમ વડે તમારી સાથે જ છું એમ માનું છું. તમે માનો એટલી વિનંતી છે.

પણ મેં ઉત્થાનના એક અંકમાં લખ્યું છે તેમ–હું ગુરુ નથી; એ અહંભાવ ધારણ કરી શકતો નથી. પ્રારબ્ધ પ્રમાણે તમારાં જેવાં સહવાસમાં આવે એમના પ્રતિ યથાશકિત સદ્‌ભાવ–આત્મભાવ કેળવતો રહું છું. મારો એ ભાવ ફલીભૂત થાય-ન થાય એ મારું લક્ષ્ય નથી કારણ કે એમાં બીજાના સંસ્કાર પણ કદાચ વિરોધ કરે તો ?

(૧) બે પ્રેમીઓમાં પરસ્પર પ્રેમ ન હોય (૨) હોય (૩) એકનો જ હોય–આ ત્રણ સ્થિતિઓ હોય છે. તેવી જ મારી સ્થિતિ પરત્વે હું પ્રયત્ન કરું પણ સામા માટે મારો આગ્રહ ન હોય–સામાનો મારા પર પ્રેમ હોવો જ જોઇએ, એ માન્યતામાં “ હું અહંકારમાં છુંદાઈ મરું ” એવું કરતાં તો ધર્મભ્રષ્ટ જ્ઞાનભ્રષ્ટ થાઉં. માટે મારી સ્થિતિમાં રહીને હું તમને ભાવદ્વારા સહાયતા કરી શકું–એટલી કરીશ એમ લખ્યા વિના બીજો કયો માર્ગ મારે માટે રહે ? હું સ્વધર્મપરાયણ રહું એટલું જ મારું કર્તવ્ય છે.

(૫)

તા. ૨૧-૧૧-'૫૦

... ... .. .. તમે પોતે વાંચનના કરતાં પણ જો જપનું વિશેષ જોર રાખો તો બહુ સારું. એમાં શ્રધ્ધાનું જ કામ છે. માત્ર માનસિક-વાચિક ક્રિયા જ કરવાની છે. તર્કને શાન્ત કરવાના છે. વાંચ્યા જ કરવાથી ચંચળતા વધવાનો ભય રહે છે.

ઉપરાન્ત દ્વૈતાદ્વૈતની ભાંજગડમાં ન પડશો. ગાયત્રી કે સોઽહમ્ —કે ૐ સોઽહમ્ જે ઠીક પડે એની અમુક સંખ્યા જો પૂરી કરી નાંખો તો બહુ સારું. મને લાગે છે કે લાભ થશે-'મને લાગે છે' એમ એટલા માટે લખું છું કે શ્રધ્ધા રાખવી એ તમારા પક્ષની વાત છે.

કંઇક કરતા તો હશો જ એમ માનું છું.

(૬)

તા. ૨૧-૧૧-'૫૦

ચિ. અ. સૌ. ........બ્હેન,

... ... શરીર હવે ઠીક નથી રહેતું અને આંતરડાં ખરાબ થયાં છે. યકૃત ખરાબ જ હતું, એટલે હવે એ કાંઇ યંત્રની પેઠે નવાં નાંખી શકાય નહીં; આખું 'યંત્ર' નવું આવે, તે વખતે પણ જન્મથી બધા અવયવો સાંગોપાંગ સુંદર મળે એની પણ આ માયાના ક્ષેત્રમાં કોઇ ખાત્રી આપી શકે એમ નથી. કોઈ ઈશ્વર પણ એવો વિશ્વાસ આપી શકે નહિ કે તને આવું, આટલું, અમુક સમયે, અમુક સ્થળે, ઇષ્ટ મળશે. એ જ છે આ દ્વૈત ચક્રની અનિર્વચનીય લીલા.

અમને તો આ દેહબુદ્ધિમાં કશો સાર લાધ્યો નથી. ભાવીમાં લાધશે એવી શ્રદ્ધા રહી નથી. ઉલટો એ બધાનો એક જાતનો વૈરાગ્ય ઊભો થયો છે અને એવા નિશ્ચય ઉપર આવ્યા છીએ કે–બ્રહ્માંડમાં પૃથક્ વ્યક્તિત્વ સાચવી, એને "હું" નો ભાવ આપી આસપાસના –આ ઇદમ્‌માં મમત્વ બાંધી વારંવાર શરીર ધારણ કરી, હમેશાં પરવશ બની મોહમાયાને લીધે જ ફર્યા ભટક્યા કરવામાં સંકલ્પ-બળ વાપરી નાંખવું એના કરતાં એ "હું" ને સર્વવ્યાપક સચ્ચિદાનંદ દ્વૈતરહિત (અદ્વૈત)માં ગાળી નાંખવાની સંકલ્પશક્તિને દૃઢ કરવી, એ દ્વારા સંયમ વધારવો, દ્વૈતનો મોહ વૈરાગ્ય વડે નિર્મૂળ કરવો એ જ ઇષ્ટ લાગે છે. એ પ્રમાણે પ્રયત્ન કર્યા કરીએ છીએ, વ્યવહારને અનિત્ય (મિથ્યા) માનીને પ્રારબ્ધ ભોગવીએ છીએ. એક આત્મા (બ્રહ્મ, નિર્વિકાર, નિરાકાર, સર્વાધાર–સર્વાકાર) જ સત્ય છે, અને એ વિશુદ્ધ 'હું' છે એવી દૃઢતા વૃત્તિમાં ભર્યા કરીએ છીએ વય વધતાં શાંતિ (આંતરિક) વધે છે; જ્ઞાન (સમજણ) દૃઢ થતું જાય છે; બધાં શાસ્ત્રનો નીચોડ આવો સમજાયો છે. એવા વિશુદ્ધ અને દૃઢ મનોબળ માટે જે સાધન, (જપ, તપ, પાઠ, પૂજા, વાચન, મનન, ધ્યાન, સત્સંગ, ગુરુભક્તિ, શાસ્ત્રમાં શ્રદ્ધા) મળ્યાં એનો સદુપયોગ કરવાની સાવધાનતા રાખીએ છીએ. બીજાં કોઇ આ માર્ગનાં યાત્રી હોય એને એવા જ અનુભવની વાત કરીએ છીએ; જે માનીને સંગાથે રહે એની સાથે પ્રેમ રાખીએ છીએ, બીજાંને ભૂલવા પ્રયત્ન કરીએ છીએ, કારણ કે સજાતીય પ્રવાહરૂપ પ્રેમમાં અદ્વૈતદર્શન છે, દ્વૈતમાં ત્રાસ છે.

આવું અમારું જીવન છે; હવે તમે કહો તેમ કરીએ–પણ આ લક્ષ્યને ભૂલ્યા–ચૂક્યા વિના. ગમે તો આ રીતે જીવતાં શીખો. અમે જે રીતે આ શીખ્યા તે સાધન તમને ગમતાં હોય તો પ્રેમ–વાત્સલ્ય –અભેદબુદ્ધિથી કહીએ બતાવીએ. આ ટૂંકી વાત–સાદી વાત છે. એ

વિનાનું બીજું કાંઇ કોઇને જોઇતું હોય તો એ અમારી પાસે નથી.

... ... ... ...તમે બધાં શરીરે કુશળ હો એમ ઇચ્છું છું એક વાત ન ભૂલશો. જીવનમાં પ્રત્યેક ક્ષણે આનંદ અને ઉત્સાહ રાખશો. રડતી સૂરત, કે ખોટી તામસિક ઉદાસિનતા એ વૈરાગ્યનું ચિહ્ન નથી. અપ્રતિમ આનન્દ એ જ ઇશ્વરભક્તિ કે આત્મજ્ઞાનનું સર્વોત્તમ સાધન છે, કારણ કે આનંદ આત્માનું સ્વરૂપ છે.

( ૭ )

તા. ૨૨-૧૨-'૫૦

આશીર્વાદ.

... ... ... ... ગં. સ્વ.... ... ... બ્હેન પોતાનાં શિક્ષણ, સમજણ અને સહનશક્તિ વડે ઠીક ઠીક શાંતિ કેળવી શક્યાં છે. અને સ્વભાવ તો વ્યકિતની દૃષ્ટિએ ભિન્ન ભિન્ન એટલે (આત્મદૃષ્ટિ એક જ હોવા છતાં-દૃષ્ટા સર્વસામાન્ય એક હોવા છતાં) દૃષ્ટિભેદે એમાં વિચિત્રતા તો રહેવાની જ.

નાટકઘરમાં એક જ મહાદીપ હોય, એમાં જોનારા-પ્રેક્ષક (દૃષ્ટા) દેહદૃષ્ટિએ અનેક અને આત્મદૃષ્ટિએ એક છતાં પોતાની સામેનાં દૃશ્ય વિષેની કલ્પના સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણે જ કરવાના.

**મહાદીપ**-એક નિર્લેપદૃષ્ટિ-જયોતિ, જેની સહાયતાથી બધાં દૃષ્ટા બનીને દૃશ્યો જુએ છે.

**અનેક દૃષ્ટા**-પોતપોતાના ભાવ પ્રમાણે દૃશ્યો વિષે મત બાંધે છે.

**દૃશ્યો**-એક જ જાતનાં અને નામરૂપે સરખાં હોવા છતાં દૃષ્ટાના ચિત્ત પ્રમાણે અસર ઉપજાવે છે.

આવું જ જગતને માટે છે. સ્વયંજયોતિને ઠીક લાગે તે અન્યને ઠીક ન લાગે; ઠીક લાગે તો પણ તેમાં અમુક પ્રમાણનો ભેદ પડે, એકને ઠીક લાગે તે બીજાને ઠીક ન લાગે, એવા મતભેદો ચાલ્યા જ કરે. પણ આત્મસ્વરૂપ મહાદીપ તો દ્રષ્ટા-દ્રશ્યહીન-દૃષ્ટિસ્વરૂપ તરીકે એક જ રહે છે, એવી ભાવના ( એકાત્મભાવના ) આપણે સમજીને અંતરમાં કેળવવી છે કે જેથી નાના નાના ઉપાધિભર્યા મતભેદ દૂર થાય. વ્યવહારમાં પણ આત્મશાંતિ ઉપજે અને એ સ્થિર થઈ શકે.

( ૮ )

તા. ૨૩-૩-'૫૧

આશીર્વાદ,

... ... ચારેક દિવસ માટે તમે બાલકો સાથે આવો એ મને રુચતું નથી. સખત ગરમીના દિવસોમાં અહીં જંગલમાં બાળકોને સાચવવાં પડશે, સચવાશે એવી શ્રદ્ધા મને તો છે; પણ તમને ચિત્ત ઉપર કશી અસર ન થાય તો. શીતઉષ્ણ વ. દ્વંદ્વો જેટલી ત્વરાથી અંતરમાં પ્રતીત થાય એથી વિશેષ એની સામે ઝઝૂમવાનું સામર્થ્ય કેળવવું જોઈએ; ઝઝૂમવું તો છે જ; ડરીને દૂર તો જવાય એમ જ નથી, કારણ કે દ્વૈતમય બ્રહ્માંડના અણુએ અણુમાં દ્વંદ્વ જ છે. એમ સમજીને જ એનું અસ્તિત્વ ભૂલવાનું છે.

( ૯ )

તા. ૧૩-૫-'૫૧

પ્રિયશ્રી ... ...અને અ. સૌ. બ્હેન... ...

... હું અહીં જ છું. આન્તરિક ઇચ્છા જ ક્યાંય જવાની નથી, છતાં પૂર્વ–સંસ્કારને વશ થઇને મન ક્યાંક ક્યારેક બહાર જવા ઊંચું નીચું થાય છે. અત્યારે જવાય એવા સંજોગો નથી.

(૧) હું ત્યાં આવું તો તમને ગમે અને બીજી પણ કેટલીએક તમને લાભ થાય એવી બાબતો છે, અને તમારી ભાવભરી શ્રદ્ધા છે, એ વાત સાચી હોવા છતાં મારાથી હાલમાં નીકળાય એમ નથી.

(૨) તમે આટલું સમજી લ્યો.

(૧) તમે બન્ને આજથી નહિ પણ ચિ. સૌ......બ્હેન પહેલવહેલાં મળ્યાં ત્યારથી અને તમે પહેલીવાર અહીં આવી ગયા ત્યારથી માનસદીક્ષા, પામી ચૂક્યાં છો. હવે એ શ્રદ્ધા ઢીલી કરશો નહિ. સ્થૂલ ક્રિયાકાંડની દીક્ષા કરતાં માનસિક દીક્ષા ઉત્તમ છે. તમને લાભ થયો છે, એમ હું જોઉં છું. તમે ન માનો એ પૂર્વ-સંસ્કારની અશ્રદ્ધાનો પ્રતાપ છે ! ૐ

(૨) મેં તમને મંત્રમાં છૂટ આપી, પણ તમારા અંતર્યામીએ પ્રેરણા દ્વારા હ્રીં મંત્ર સૂચવ્યો, એ જ તમારો દીક્ષિત મંત્ર છે.

(૩) એ વિષ્ણુ મંત્ર છે; એ વાત સાચી હ્, ર્, ઇ, મ્ આ ચાર અક્ષરોનો એ એકાક્ષરી મંત્ર છે.

હ્–શરીર અને પ્રાણમાં, તથા બાહ્ય વિશ્વમાં જે પરમતત્વ પ્રવેશ કરવાની ગતિ કરે, પ્રવેશ કરે એમાં ધાતુ છે વિશ્ -to enter પ્રવેશ કરવું, એથી એ છે વિષ્ણુ તત્ત્વ.

ર્–પ્રવેશ કરીને સર્વત્ર, સર્વ વ્યાપક રહીને એમાં રમણ કરે, આનંદ માને એટલે જ્યાં જ્યાં એ તત્ત્વ હોય ત્યાં રક્ષણ થાય,

પોતાના સ્વરૂપનું અને વિશ્વરૂપી વ્યાપ્યમાં વ્યાપક હોય એનું—એટલે એ પણ વિષ્ણુ તત્ત્વ છે.

ઙ શકિત તત્ત્વ; સામર્થ્ય, બલ કે શકિતના આવિર્ભાવ વિના જ્ઞાન કે ક્રિયા કશું યે ન પ્રતીત થાય તે; એથી વિષ્ણુની રક્ષણાત્મક શકિતનો એ અક્ષર છે.

મ્-મંત્રનો ઉચ્ચાર કરતાં હોઠ બંધ થાય ત્યારે પૂર્વાક્ષરોનો મંત્રધ્વનિ અંતરથી પ્રાણદ્વારા બહાર નીકળી મ્—ઉચ્ચાર થતાં પાછો અંદર જ સમાઈ જાય, સમસ્ત જપમંત્રનો પ્રાણમાં લય થાય ત્યારે અંતરમાં સામર્થ્ય વધે અને સ્થિર થઇને પોતાનો પ્રભાવ પાડે, એ રીતે એ વિષ્ણુ તત્ત્વ છે. આમ દીક્ષા તથા મંત્ર વિષે થોડો ખુલાસો થયો.

હવે ઇષ્ટદેવ વિષે તો આપણું ઇષ્ટ—જે નામરૂપ વગરનું હોવા છતાં સર્વવ્યાપક, સર્વશકિતમાન, સર્વજ્ઞ, સર્વવિદ્, સર્વેશ્વર આત્મતત્ત્વ છે એ જ છે. વિષ્ણુને Protective રક્ષક તત્ત્વ તરીકે માનીએ એટલે આપણે જે ભાવના રાખીએ એ રૂપે અંતઃકરણમાં એ રક્ષણ કરે. અજ્ઞાનીના કામ, લોભ, મોહનું રક્ષણ કરે તો જ્ઞાનીનાં જ્ઞાન, શાંતિ વ. નું રક્ષણ કરે. એના રૂપની આવશ્યકતા આપણે ઊભી કરીએ છીએ. હ્રીં નો આકાર સંસ્કૃત ભાષા તરીકે આપણે આપવો જોઇએ. અંગ્રેજો Hrim એવો આકાર આપે, પણ એ તો અક્ષરનું રૂપ. એના ધ્વનિનું રૂપ આપણે પકડી શકતા નથી કારણ કે એ આંખનો નહિ પણ કાનનો વિષય છે; એટલે ધ્વનિનું રૂપ તો કાનથી સાંભળી—અંતરમાં એના જપથી આનંદ અનુભવાય એ સમજી લેવું.

ધ્યાનની ક્રિયા વખતે ખૂબ ભકિતપૂર્વક બેસવું. પ્રેમપૂર્વક, ઉત્સાહ પૂર્વક, આશાવાદી બનીને વિનમ્રભાવે બેસી જપનો- માનસિક

ઉચ્ચારથી-પ્લુત જપ શરૂ કરવો. નેત્ર બંધ કરવાં. જપ કરતાં કરતાં અંતરમાં ઉત્સાહ-આનંદ અનુભવમાં આવે ત્યારે જાણવું કે ગુરુ-શકિત આંતરિક ક્રિયા કરવા માંડી છે. બીજું બધું ભૂલાય, અને મંત્રના ધ્વનિમાં તથા ભાવ-આનંદમાં ચિત્ત પરોવાય એટલે સ્વભાવિક એકાગ્રતા થવા માંડે છે.

વૈરાગ્ય-અનાસકિત વગેરેમાં વધારે લક્ષ્ય આપવાથી નિષેધાત્મક (negative attitude) વધે તો હંમેશાં એવો ભય રહે છે કે અમુક કરવાથી આમ થશે અને તેમ થશે, પરિણામે વેદીઆ બની જવાય છે; એના કરતાં આત્માનો આનંદ ભક્તિદ્વારા ચિત્તમાં ભરાય તો એવું તૃપ્ત ચિત્ત સ્વાભાવિક રીતે જ-અનાયાસે સંયમી જીવનમાં પરિણમે છે.

તમારું અંગ્રેજી લખાણ બરાબર છે. એમાં શંકા કરવાનું કારણ નથી. જૂનાં પુસ્તકોમાં ગુરુભકિત પરત્વે જે લેખો છે, ભક્તિનો સંકેત છે, એનો અત્યારે બહુ દુરુપયોગ થયો છે, ઉપરાંત ગુરુ વિષેની આપણી કલ્પના પણ વિચિત્ર હોય છે; આપણી કલ્પનાનો ગુરુ આપણે બનાવીએ તો જ બને. બાકી તો ખરી વાત છે વિશુદ્ધ અને નિષ્કામ ભકિતની. તમે બન્ને ભકત હૃદય છો, એ ભકિતની વાત. અંતરથી-પ્રાણથી પરસ્પર પ્રેમદ્વારા એક છો એ પ્રથમ વસ્તુસ્થિતિ-પતિપત્ની છો, ગૃહસ્થાશ્રમી છો એ ગૌણ વાત; એવું જ ગુરુ શિષ્યમાં છે. ગુરુશિષ્ય વચ્ચે અશરીરી પ્રેમભકિત હોય એ મુખ્ય વસ્તુ છે. ગુરુશિષ્ય જેવો શબ્દવ્યવહાર ગૌણ છે.

હું તો તમારો નમ્ર ભાવે મિત્ર, સુહૃદ, મુરબ્બી, વડીલ-જે માનો તેવો બની શકું. મારામાંથી જે શુભ હોય તે તમારું. બીજું બધું વ્યર્થ જ છે. આપણે કયાં નગારાં વગાડીને જાહેર કરવું છે કે આપણો શો સંબંધ છે ને હોવો જોઇએ !

મંત્રના જપ ઉપર જોર રાખો. જપ કર્યે જ જાઓ, શ્રદ્ધાથી કરો, અશ્રદ્ધાથી નહિ; પ્રેમથી કરો, તટસ્થ કે કુતૂહલ વૃત્તિથી નહિ. અમુક સમય તો એને ફલ આપવામાં જોઇએ અને તેથી ઉત્સાહ અને ધૈર્ય બન્ને જોઈએ.

તમે પોતે જ આગળ જતાં—સાધનમાં અગ્રસર થતાં—કેટલાં-એક રહસ્યો જાણશો. ત્યારે તમારું આશ્ચર્ય વધશે. અને થોડો સમય જતાં તમે પોતે જ એવા કૃતનિશ્ચયી બનશો કે સાધનામાં શ્રદ્ધા—ભકિત આપોઆપ વધશે.

(૧૦)

તા. ૨૬-૭-'૫૧

... સાધકે એક વાત ખાસ લક્ષમાં રાખવાની છે. જપ તથા ધ્યાનના સાધકે ચિત્તને ચંચલ બનાવે એવાં શંકા-તર્કથી દૂર રહેવું જોઇએ. શંકા-તર્ક—વિચારો કર્યા કરવાથી એક બાજુ પ્રમાદ વધે છે, અને બીજી રીતે ચંચલતા વધે છે કે જે ધ્યાનમાં મહાન્ વિઘ્નરૂપ છે.

બીજે કયાંય શ્રદ્ધા ન હોય તો પણ એટલી તો ખાતરી હોય જ કે—નિદ્રાને રોકીને, વિચારોને દૂર કરીને જપના મંત્રને પરમ પ્રેમાસ્પદ માનીને સંપૂર્ણ ભાવભકિતથી જપ કરવા માંડીએ તો અંતરથી નિર્વિષયી આનંદ આવે છે; ઉપરાંત જીવનમાં એક એવી વિચારભરી ગંભીરતા આવે છે કે જે કાર્યાકાર્યના વિવેકમાં વિલક્ષણ સહાયતા કરે છે; બધાં કાર્ય દિવ્ય સંકેતથી અને આત્મકલ્યાણાર્થે જ થતાં હોય એવો અનુભવ થાય છે.

માટે તર્કજાળને દૂર રાખજો. દ્વૈતાદ્વૈતના સિદ્ધાન્તનો પ્રશ્ન

આગળ ઉપર સમાધાન માટે રાખી મૂકીને અત્યારે બીજી કોઈ નિરર્થક ચર્ચાસ્પદ બાબતો મનમાં ઊઠે એને કહાડી નાંખજો.

અત્યારે તો એક બાજુ અનિવાર્ય હોય એવો વ્યવહાર અને બીજી બાજુ બધો સમય જપ, ધ્યાન અને એમાં જ ઉપકારક હોય એવું અને એટલું જ વાચન પૂરતાં છે. આ બાબતમાં ભકિતભર્યાં સ્તોત્રો કે ભજનો વિશેષ ઉપકારક થાય છે. પ્રયોગ કરી જોજો.

... ... ...વરસાદ નથી. ઉકળાટ છે. આપણે બાહ્ય શીતળતા કે અનુકૂળતાને પ્રારબ્ધ ઉપર છોડીને આંતરિક શીતલતા ( શાંતિ ) અને સમતા ( દ્વંદ્વમાં એક સરખી મનોદશા ) કેળવવા–મેળવવાનાં છે. તમે બન્ને એ પ્રાપ્ત કરો.

તમને બન્નેને આત્મભાવના સાથે ૐ.

(૧૧)

તા. ૬–૧૦–'૫૧

આશીર્વાદ.

... સાચી વાત, સમજ્યાં એટલું શાંતિથી જીવવામાં સાર છે. જપ અને ધ્યાન એ બન્ને ચિત્તશુદ્ધિ તથા મનોબળ વધારવામાં બહુ જ ઉપયોગી સાધનો છે.

(૧૨)

તા. ૨૨–૧૦–'૫૧

.. ... .. તમારો જીવનવ્યવહાર કે વ્યવસાય નિયમિત તો છે જ; હું તમને–અલબત્ત બન્નેને–ધ્યાનયોગમાં આગળ વધેલાં જોવા ઉત્સુક છું. ધ્યાનમાં આગળ વધાય, ધ્યાન વખતે સ્થૂલ શરીરની જાગ્રત અવસ્થામાંથી નીકળીને સૂક્ષ્મમાં અવાય અને એમાં કેંક

અનુભવો થાય, ત્યારે વિશેષ આગળ લખી શકું. એ વિષયના એક પુસ્તકનું હાથનું લખાણ તમે વાચ્યું છે; એમાં ન સમજાય એવું કે વધારે સમજવા જેવું હોય તે પૂછી શકો એવી તમારી જિજ્ઞાસા અને આવડત છે. પરમ્પરાદત્ત પ્રાપ્ત થતી ગુરુશકિત (કૃપા) દ્વારા, શિષ્યના શરીરની પ્રાણશકિત જે અત્યાર સુધી બાહ્યપ્રદેશની અવસ્થાઓમાં પરાધીન અને સ્વતંત્રપણે ચાલ્યા કરે છે, એ અન્તર્મુખ થઇને એવી જ આત્માભિમુખ થતાં, સ્વતંત્ર રીતે સૂક્ષ્મ શરીરના અનુભવો લેવા માંડે, એટલા પૂરતો જ એ શરીરના ધ્યાનનો ઉપયોગ છે. બાકી તો શરીર માત્ર પંચતત્વનાં બનેલાં છે. સ્થૂલ રીતે અસ્થિ–માંસ–રક્ત–મેદ–મજ્જા અને ત્વચાની જ રચના છે–સૂક્ષ્મમાં ભાવભેદ હોય. એ ભાવભેદમાં જ ચિત્તના ત્રિગુણાત્મક સ્વભાવની સાચી પરીક્ષા છે. ભક્તિભર્યા ધ્યાન દ્વારા, શિષ્યના મનોભાવમાં અંતર્મુખતા આવવા માંડે, આત્મજાગ્રતિ રહે, અનાસકિત વધવા માંડે, એવા એવા નિર્લેપભાવના કંઈક અનુભવ થાય તો જ એ ધ્યાન સાચું છે, ઉપયોગી છે એમ માનવું.

ગુરુભકિતના પાલનમાં કાલવશાત્ ક્યાંક સર્વવ્યાપી બની ગયેલી પામરતા દેખાય છે એ તો આપણે જોઈતી જ નથી. પતિ-પત્નીના દિવ્ય પ્રેમમાં જેમ શારીરિક ભાવ અધ્યાત્મસાધનામાં અન્તે નિરુપયોગી છે તેવું જ આમાં છે. અને તેથી જ દ્વૈત ભકતો જે ઇશ્વરભકિતને પ્રેમલક્ષણા ભકિત કહે છે, તેમાં દેહભાવ કે દેહવિકાર હોતાં જ નથી.

(૧૩)

તા. ૧૮–૧૦–’૫૧

... જપ તથા ધ્યાનમાં નિયમિત બેસશો જ. સવારે ચાર

વાગે ઊઠીને બેસો તો બહુ સારું, રાત્રે વહેલાં સૂવાનું રખાય તો એ બની શકે.

(૧૪)

તા. ૧૮-૧-'૫૨

... બા માટેનો કોયડો ઉકેલી શકાય એવી સ્થિતિ રહી નથી. એમનામાં આકસ્મિક પરિવર્તન થાય એમ માનવું એવી આપણી સદ્‌ભાવભરી પૂજ્યબુદ્ધિને ધન્યવાદ ઘટે, પણ થશે-થવું જોઇએ એ ઇચ્છવું એ અજ્ઞાન નહિ તો અતિશ્રદ્ધા તો ખરી જ.

કર્તવ્ય કર્યે જવું. એમને સંતોષ તો એમની રીતે જ મળે. દિવસે દિવસે રૂઢિઓ અને રીતરિવાજ બદલાતા જ જવાના. શાપનો ભય ન રાખશો. કોઇ પણ ભાવી પેઢીને સહન નહિ કરવું પડે; એ માન્યતામાં વજુદ નથી.

આપણો ઉદ્દેશ એમને આપણાથી બનતી મહેનતે સગવડો આપીને સંતોષ આપવાનો છે, પણ સ્વભાવનું પરિવર્તન અશક્ય લાગે છે. એમના નિઃશ્વાસનું કારણ આપણે નહિ, પણ એમણે માની રાખેલી રૂઢિ કે લોકરિવાજના પાલનનો થતો વિનયભંગ છે. આપણી દૃષ્ટિમાં ન હોય છતાં એમને વિવેકભંગ લાગે, આ દૃષ્ટિકોણ બદલી ન શકાય. મનમાં શાંતિ રાખશો.

(૧૫)

તા. ૨૭-૨-'૫૨

પ્રિય ભાઇશ્રી... તથા ચિ. સૌ.... બ્હેન.

... જવાનું આઘું ધકેલાયું હુતાશની પછીઃ બધામાં જે

અધ્યાત્મદષ્ટિ રાખીએ તો આપણને હમેશાં શુભ જ દેખાય છે, એથી સારામાઠા-(અલબત્ત દેખાતા) પ્રસંગોમાં બધે આત્મદષ્ટિનો જ લાભ થાય છે.

... તમારું વાક્ય " બાને ત્યાંથી સખત શરદી અને તાવ લાગુ પડયાં, બાબાને પણ શરદી થઈ છે. સ્થિરચિત્તે આ બધું ભોગવવું જ રહ્યું. " એ મને ગમ્યું.

આપણે કર્તા-ભોકતા ન બનતાં દષ્ટા-સાક્ષીભાવ કેળવવાનો છે, કારણ કે એ જ આત્માનું સ્વરૂપ છે. આત્મા કર્તા-ભોકતા નથી, કર્તા ભોકતા અંતઃકરણમાં પડેલું આત્માનું પ્રતિબિંબ, જેને વેદાન્ત ચિત નહિ પણ ચિતનો આભાસ-ચિદાભાસ કહે છે, એ છે. એને જ વેદાન્ત જીવભાવ કહે છે. અંતઃકરણમાં ચિદાભાસ કર્તા ભોકતા છે; એમાં આત્માની દષ્ટા-સાક્ષી ભાવની આત્માકારવૃત્તિ-(આત્મભાવના) નવી ઊભી કરીને એવી જમાવવી છે કે પેલી કર્તા ભોકતાની ભાવના નિર્મૂલ નહીં તો દુર્બલ તો જરૂર થાય.

આવા કે બીજી કોઇ જાતના પ્રસંગો આવે, એમાં દશ્યને અનિત્ય માનીને દષ્ટા થવું-ભોકતા નહીં: ભોગવવાની ભાવનામાં પામરતા આવી જાય છે. અને ખાસ કરીને વિપરીત સંયોગોમાં તો એ અજાણુતાં (અજ્ઞાનને લીધે, માટે અજાણુતાં) પણ ઘર કરી બેસે છે.

જે થાય તે જોયા કરો; તમે કર્તા ભોકતા નથી: દશ્યો ઊભાં થાય છે અને વિલીન થાય છે તેથી એ અનિત્ય છે. ૐ શાન્તિ !

(૧૬)

તા. ૧૮-૪ '૫૨

... કલકત્તા બંધ રહ્યું. મુંબઈ ખોટું નથી.

અને કેળવણી, ધાર્મિક કે મોક્ષવિષયક બન્નેમાં મનને જ

કેળવવાનું છે. પ્રત્યેક પ્રસંગે તટસ્થ બનીને ચિત્તની **સમતા કેળવો અને** સમત્વને આત્મભાવનાની અદ્વૈત સાધનાથી રંગી–નાંખો; આનંદ રહેશે. સંસારભાર નહીં લાગે.

... જાગ્રતદશાનું સ્થૂલ જગત કલ્પનાનું સ્થૂલ રૂપાન્તર છે. એ સ્થૂલના વ્યવહાર વખતે કલ્પનાને સૂક્ષ્મમાં રાખીએ તો દ્વંદ્વ નડવાનાં જ;–તે વખતે સ્થૂલનું–સ્થૂલમાં ને સૂક્ષ્મનું સૂક્ષ્મમાં ફેંકી નાખી દેતાં આવડે તો સહેજે શાંતિ સચવાય.

(૧૭)

તા. ૨–૫–'૫૨

... સંસાર વિચિત્ર છે. મને તો ઘરઘરનાં અંધારાં અજવાળાં જોવામાં બહુ આત્મલાભ થાય છે. કોઈ વ્હાલાં–અળખામણાં તત્ત્વ દૃષ્ટિએ નથી, પણ હૃદય તો માનવનું જ રહ્યું એટલે જ્યાં તમારાં જેવાંને અપવાદરૂપે જીવનમાં તાત્ત્વિક શાંતિ ઉતારવા મથતાંને જોઉં ત્યારે, એ ખૂબ જ વ્હાલાં લાગે અને મારું હૃદય ત્યાં રેડી દેવાની ઉદારતા જાગે છે.

બાકી તો બધે પેલા ગીતામાં ચાર પ્રકારના ભક્ત કહ્યા છે, તેમાંના સાચા જિજ્ઞાસુ કે જ્ઞાની ક્યાંય જોવા મળતા નથી. વેદાન્ત માનવવર્ગના ચાર ભેદ પાડે છે (૧) પામર (૨) વિષયી (૩) જિજ્ઞાસુ (૪) જ્ઞાની. એમાંથી પહેલો બીજો વર્ગ ઊભરાઈ પડયો છે; અને બાહ્યાડંબર છે ત્રીજા ચોથાનો. પરમાત્મા મને અન્તર્મુખ કરે અને શુદ્ધ રાખે ! ૐ

તમે મુંબઇ બોલાવો છો એ ઉદારતા માટે હૃદય આર્દ્ર થાય છે. પરન્તુ અહીં હાજરીની હાલમાં ખાસ જરૂર છે. વાતો રૂબરૂ કરવા જેવી છે, સાંભળવી હોય તેને. આંતરિક આનંદ છે. બાહ્ય ભવસાગર

ઘૂઘવે છે, પણ અધિષ્ઠાનમાં તો બ્રહ્મજલ જ છે ને! વેદાન્ત કહે છે કે દૃષ્ટા–દૃશ્યમાં દૃષ્ટિ રમ્યા કરે ત્યારે એ પોતાનું સ્વરૂપ ભૂલીને **વિવર્તમાં** રમે છે. વિવર્તનું દૃષ્ટાન્ત રજ્જુ સર્પનું છે.

વ્યવહારમાં પણ બધેય વિવર્ત જ વર્તે છે. આપણે બધાંય પરસ્પરને જે હોય–જેવાં હોય–તેના કરતાં અન્યથા જોઇએ છીએ અને એ પ્રમાણે વર્તીએ છીએ. સારી દૃષ્ટિ હોય તો ઉદારતા આવે. ઉદારતાથી જે પરસ્પર સાત્ત્વિક ભાવ જન્મે તે **પ્રેમ, દયા, ક્ષમા** અને **સેવાનું** સ્થાન લઈ શકે.

શરીરે કુશળ હશો. સૌ પોતપોતાની ગતિએ ઉન્નતિ સાધતાં હશે. બાનું શરીર સારું હશે. ગરમી અહીં તો અસહ્ય છે. ત્યાં એવી ન જ હોય, અને એમાં પણ તમે રહો છો એ મકાનમાં સમુદ્રની લહેરોનો સ્પર્શ, અને નેત્રોને જલતત્ત્વનાં દર્શન થાય એટલે બાહ્ય ઉષ્મા ઓછી થાય.

અંતર તો સૌનાં અમાપ હોય છે. જેનાં જેવાં હોય, એવાં બધાંને ઠીક જ લાગે છે. એમાં ગરમી આવે ત્યારે ખેદ, ક્લેશ, ચિન્તા, અણગમો, ચીડીઆપણું, વગેરે આવે, અને એની માત્રા પરાકાષ્ઠાએ પહોંચે, ત્યારે એમાંથી પશ્ચાત્તાપ કે ત્રિતાપની આર્દ્રતા આવે એ છે **જલતત્ત્વ**. એમાંથી જેવા ભાવ હોય તેવાં રૂદન થાય. પ્રકૃતિનાં પાંચ તત્ત્વોની રમત તપાસો ને! તમે બધાંય તત્ત્વોની અસર પ્રમાણે આકાશની અસરથી ખાલીખમ; વાયુની અસરથી ધૂંધવાટ, અગ્નિની અસરથી ઉગ્રતા, જલની અસરથી ભાવુકતા, અને પૃથ્વીની અસરથી જડતા–આમાં એક મુખ્ય, બીજાં ગૌણ હોય.

તમે પંચીકરણ વાંચ્યું છે? છે?-આ દૃષ્ટિથી વાંચવા જેવું નથી?

લખતાં તો પાર જ નથી આવતો. જાણે તમે અહીં પાસે જ

બેઠાં હો અને તમારા વાંસા પર હાથ ફેરવતો અને બોલતો હોઉં એવો સદ્‌ભાવ રાખું છું.

(૧૮)

ચિ. સૌ.... બ્હેન,

હાથથી કાગળ પર લખ્યા વિના સંદેશો સીધો હૃદયમાં લખાઇ જાય એમ તું લખે છે–એ પણ તારો ચમત્કારને ! સૃષ્ટિના આદિકાળમાં શબ્દ હતો ૐ; એમાંથી આ બધો વિસ્તાર થયો;-વિસ્તાર શમી જઇને પાછો ૐમાં એક શબ્દમાં જાય–અને પછી મૌન ! તું સમજી ગઇ છે ને !–શું ? ૐ !

(૧૯)

તા. ૧૧–૭–'૫૨

મુંબઈ તમે બોલાવો છો એ સદ્‌ભાવને માટે ધન્યવાદ આપું એમ લખવામાં પણ કાંઈ અર્થ ખરો ? એથી હું પોતે આત્મસંતોષ અનુભવું, પ્રસન્નતા પામું–એ જ એનું મહાન્ ફળ નહિ ? તમે એવું જ ફળ પામો–એવો જ એનો અર્થ નહિ ?

મને લાગે છે કે આપણા વચ્ચે વાણીનો ભેદ બહુ ઓછો થતો જાય છે; રહ્યો નથી એમ કહું તો પણ ચાલે. પછી લખવું યે શું ! તમે ત્યાં વિચારો, વર્તો–એ બધું મને, હું ત્યાં પ્રત્યક્ષ હોઉં તો પણ સંતોષ થાય એવું હોય, પછી લખવાનું શું ?

તત્ત્વજ્ઞાનના મૂળ સિદ્ધાન્તને પકડી પાડયો હોય તો પછી એને અનુભવવા માટે ચિત્તક્ષેત્રને જ તૈયાર કરવાનું હોય. ખીંટી સુંદર લાવ્યા, પણ ભીંત કે જમીનમાં ખાડો ખોદીને હલે નહીં તેમ નાંખવાની મહેનત તો પદ્ધતિસર કરવી જ જોઇએ ને ?

(૨૦)

તા, ૨૧-૧૧'-૫૨

...તમે મારી તબીયતનો વિચાર ન કરતાં પોતામાં સ્વરૂપસ્થ, **સ્વસ્થ** રહેવાનું ધ્યાન રાખશો. મને ઘણીવાર લાગે છે મેં મારું કર્તવ્ય પૂરું કર્યું છે, અને મારામાં હોવી જોઇએ એટલી જ શ્રદ્ધા મને તમારા બન્નેમાં છે એ મહાન્ સંતોષની વાત છે. તમે વ્યવહાર પરમાર્થ ઉભયપક્ષે ક્ષેમકુશળ અને શાંતિ પામો એ મારા જન્મોજન્મના આશીર્વાદ છે.

ત્રણ કલાક પછી – હવે ચિત્ત, બધાં વયોવૃદ્ધને થાય તેમ વધારે પડતું કોમલ થતું જાય છે. ઉપર લખ્યું તેમાં તમારી વિવેકી વ્યવહાર-દૃષ્ટિથી અસંન્યાસીપણું લાગતું હોય તો જરાયે અંતરમાં લેશો નહીં.

(૨૧)

તા. ૧૨-૨-'૫૩

આજે મહાશિવરાત્રિ છે. મહાશિવરાત્રિને દિવસે પત્ર મળ્યો. મેં એ જ ભાવે, એથી યે વિશેષ ભાવે પરમાત્મ–મહાકાલ–શિવસ્વરૂપ –પરબ્રહ્મને ( એ પત્રના અર્થને ) ચરણે–શરણે અર્પણ કર્યો.

સફલ થાઓ એમ લખું છું પણ તમારી ઈચ્છા પ્રમાણે તો કેમ બને ? બધું બને છે એ એની જ ઇચ્છાથી, એવી તો આપણે શ્રધ્ધા કેળવવાની છે. તો પછી અમુક સમયે અમુક સ્થાને-સંક્ષિપ્તમાં અથવા તત્વજ્ઞાનની ભાષામાં અમુક દેશ અને અમુક કાલમાં અમુક પ્રસંગ બનવો જ જોઇએ એમ ઇચ્છવું એ જીવકૃત અજ્ઞાન–અવિદ્યા નથી લાગતી ?

જે કાલે જે દેશ (space)માં જે બને છે તે યોગ્ય જ બને છે,

એમ માનવું એ તત્ત્વજિજ્ઞાસાનું પ્રથમ પાદ છે. એ જ છે શરણાગતિ અને એ જ છે ભક્તિયોગનું આત્મનિવેદન.

ત્યારે તમે કહેશો કે કાંઈ કર્તવ્ય રહેતું જ નથી ? પણ મહા-કર્તવ્ય ઊભું એ થાય છે કે સતત આવી દૃષ્ટિથી શ્વાસોચ્છ્વાસ વીતે એવું ભાન જાગ્રત રાખવાનો પરમ પુરુષાર્થ.

ઉપરાંત પ્રારબ્ધવેગ પોતાનું વેગભર્યું કામ કર્યે જ જશે. આપણે જ ઊભી કરેલી પૂર્વકૃત વાસનાઓનાં કર્મફળો એક પછી એક આવવા માંડશે, એમાં કર્મની સતત્ ગતિ રહેશે. એ ગતિને રોકીને ધ્યાનમગ્ન રહેવાની, મન ઇંદ્રિયોના નિરોધની ઇચ્છા કરશો ત્યારે ફલીભૂત તો થશે, પણ એની પરિપકવ દશાનો અવધિ થશે ત્યારે.

જપ એટલે **મંત્રયોગ** : એનો અવધિ આવતાં સાત્વિક ભાવ શરૂ થશે. એ ભાવ શરૂ થયો છે એમ મને લાગે છે; એ થોડું છે ? મરણપર્યન્ત જે મનોદશા વિષયીઓને પ્રાપ્ત થતી નથી, એ તમને સરલતાથી થાય એ ઓછી પ્રગતિ માનો છો ? થયું તેથી સંતોષ અનુભવાય તો શ્રધ્ધા બમણી જોર કરે છે. સંતોષનો અર્થ કર્તવ્યની ઈતિશ્રી નહીં. કારણ કે શ્રધ્ધા અનન્ત છે; શ્વાસની ક્રિયા જેવી સતત ધારાવાહિની રહેતી ચિત્તસરિતાની એ દિવ્ય નિર્ઝરિણી છે.

પણ આ તો જાણે હું કાવ્ય લખવા બેઠો. તમે કહેશો કે તમે લેખક એટલે સુંદર ભાષા વાપરીને તમારાં જેવાને મુગ્ધ કરતો હોઇશ.

હું તો તમને બન્નેને સાથે જ દૃષ્ટિ સમક્ષ રાખું છું.

(૨૨)

તા. ૯–૪–'૫૩

રાજપુતાનાની યાત્રા કરીને સુખરૂપ ઘેર જેને તમે **ઘર** માનતા હો ત્યાં આવી ગયાં હશો.

આ જીવન રાજપુતાનાના ક્ષેત્ર જેવું છે; રાજયપુત્રઃ-આપણે બધા છીએ; બ્રહ્મા સૃષ્ટિકર્તા તેથી છે પ્રવૃત્તિ ધર્મ પ્રમાણે ક્ષત્રિય; નિવૃત્તિ તરફ વળાવે એ વિષ્ણુ-સત્ત્વ છે, એથી એ જ બ્રહ્મા પાછા વિષ્ણુસ્વરૂપે ઓળખાય. ગુણો પરિવર્તનશીલ છે જેનો અર્થ એવો છે કે એક જ ગુણ પોતાની કાયાપલટ કરે છે.

દા. ત. કોયલો-તમોગુણ છે એને ચેતાવીએ એટલે અગ્નિ રજોગુણ છે-કારણ કે એમાં ક્રિયા દ્વારા ઉષ્મા આવી. પ્રકાશ-એમાં પ્રકાશ છે એ સત્ત્વગુણ છે. આ તો સાધારણ દૃષ્ટાન્ત છે, આપણે બ્રહ્માના પ્રવૃત્તિપુત્ર થઇને રાજયક્ષેત્ર ખેડવા આવ્યા કે આવ્યાં, લડયાં, આખડયાં, થાકયાં ( મનથી વિરકત બન્યાં ); હાર્યાં અને પ્રકાશ તરફ નિવૃત્ત મનથી વળ્યાં, એટલે વિષ્ણુનાં ઉપાસક બન્યાં.

પણ ત્રિગુણાત્મકથી પર દ્રષ્ટા ( ઉદાસિન ) સ્વરૂપે તટસ્થ બનીને ઊભાં, ત્યારે શિવોઽહમ્ કહીને મૂલ અવિદ્યા ભસ્મીભૂત કરવા તૈયાર થયાં. પણ હું તો વળી લેખ લખવા બેસી ગયો. જોયો આ તમારો ચમત્કાર. તમને યાદ કરતાં પણ મારામાં જ્ઞાનનિષ્ઠાનાં ઝરણાં ફૂટે છે. ધન્ય તમને-ચિરંજીવ હો તમારું આવું સંસ્મરણ.

(૨૩)

તા. ૩૦-૩-'૫૩

અમદાવાદ આવવાની આવશ્યકતા છતાં પણ આવવાનું મન થતું નથી. લખવાનું કૈંક એવું વિચિત્ર વ્યસન છે કે અહીં જ લખી શકાય. બહાર તો એ માટે મન તૈયાર જ થતું નથી અને જબરદસ્તી શા માટે કરવી ?

તમે તૈયાર છો, થાઓ છો. પૂરાં થઇ જાઓ એવી મારી મહત્વા-કાંક્ષા વધતી જાય છે. દેહધારી તરીકે તો બધાં પંચતત્ત્વનું પૂતળું

જે આ શરીર છે એમાં શુભ છે એ સંતકૃપાનું પરિણામ છે. તમે વિવેકી બનીને એ શુભ ખેંચી લ્યો-લૂટ છે.

(૨૪)

તા. ૭-૧૧-'૫૩

વ્હાલાં બાળકો,

સં. ૨૦૧૦ ના બેસતા વર્ષના પ્રભાવે, સવારના પા વાગે, તમને પાંચેયને--બે મુખ્યને-બા હોય તો તેમને- શું આપું ?

હું સર્વસ્વભાવે-જેવો શુભ હોઉં, તમે માનો-મેળવો તેવો આત્મસ્વરૂપે, સંપૂર્ણ તમારો થાઉં એવા અશરીરીનાં-તમે બધાં શરીર બનો, એવું કલ્યાણપ્રદ સંકલ્પબળ પાઠવું છું.

સુખી, સંયમી, શ્રેયસ્માર્ગી થાઓ; આનંદ, શાંતિ અને સ્વાસ્થ્યનું સામ્રાજય પામો.

(૨૫)

તા. ૧૫-૨-'૫૪

હું ત્યાં આ વખતે રહ્યો, એનો મને ખૂબ જ સંકોચ થયો છે. મારે લીધે તમને ત્રાસ થયો હશે. મને નથી થયો. થયો હોય તો કેવળ માનસિક તમને બન્નેને જોઇને, મનોદશા પૂરતો; એ તો એવું બને જ. સૂર્ય તપે એટલે જલનું શોષણ થાય, ઊંચે ચડે, વાદળ જામે, પછી વરસે એટલે પૃથ્વી તૃપ્ત થાય.

બુદ્ધિયુક્ત અહંકાર તપે; મન( જલ તત્વ છે )નું શોષણ થાય, એમાંથી મૂંઝવણની વૃત્તિઓ ( વાદળાં ) અંદર અટવાય, પછી વૃષ્ટિ થાય એટલે શાંતિ.

"ત્યાગથી અમૃત ( અમરત્વ–આત્મભાવ ) પામ્યા છે" એવું ઉપનિષદમાં એક વાક્ય છે; આ ત્યાગ જો કેવળ શરીરથી પૃથક્ અન્ય વસ્તુઓનો જ હોય તો તદ્દન સહજ અને સરલ છે. કીટપતંગથી માંડીને મહાકાય અજગર કે જલચર, ભૂચર કે ખેચર બધાં પ્રાણીઓ શરીરથી કેવળ દિગંબર જ રહે છે. એક માણસ જાત જ વસ્ત્રપરિધાન કરે છે, પક્ષીઓ માળા બાંધે છે, પશુઓ ટોળામાં ( જંગલમાં ) ફરે છે, ગુફાઓનો આશ્રય શોધે છે, એ બધામાં દેહરક્ષા ( જીવવાની ઇચ્છા એટલે જીજીવિષા )નો ભય હોય છે; હિંસા પ્રકૃતિનું એક અંગ છે. અહિંસા માત્ર એનો પ્રતિકાર –શોધ છે એ દૃષ્ટિએ એ બધાં ત્યાગી જ કહેવાય--વસ્ત્ર અને નિવાસસ્થાનની દૃષ્ટિએ.

પછી આવે છે ઇંદ્રિયોની વિષયભૂખ; વૈશ્વાનરની આહુતિ બધાંને જોઇએ. અન્ન અને જલ એ બધાંયને સરખાં. એમાં પણ જેટલો પરિગ્રહસંચય મનુષ્ય કરે છે, એટલો કીડીઓ પણ નહિ કરતી હોય.

જાતીયવાસના; એમાં મનુષ્ય જ એવું પ્રાણી છે કે જે શરીરની નહિ પણ મનની વાસના માટે એને અધીન બને છે.

પછી આવ્યાં સૌંદર્ય, રૂપ, ગુણ, અને અંતરની વૃત્તિઓ પ્રમાણેની માન્યતાથી બંધાયેલાં હૃદયનાં ભાવાભાવભર્યાં સ્પંદનો; મન અને પ્રાણના આ બધા પ્રાકૃત ચમત્કારો છે અને મનુષ્ય જો બુદ્ધિને (સ્વતંત્ર વિવેકશકિતને) એમાં જ પરોવી રાખે, તો એ પ્રાકૃત કીટ જંતુ જ કહેવાય એમ નથી લાગતું ? એમાં ઉર્ધ્વગતિ કયાં ? એ ભાવથી ઉપર ઊડવાનું જ કયાં રહ્યું ? ત્યારે ત્યાગ શાનો કરવો ? પાશવીય વૃત્તિઓ અને એમાંથી પ્રેરિત થતી ઇંદ્રિયોનાં કર્મોનો. એને માટે જ હિંસક વૃત્તિઓ શમી જવી જોઇએ. દયા, પ્રેમ, સેવા વગેરે સાત્ત્વિક ભાવોને મોક્ષસાધન તરીકે ગીતામાં કહ્યાં છે, ત્યાં ત્યાગની દૃષ્ટિથી જ એ વર્ણન છે. દૈવીસંપદ્ વિમોક્ષાય–એવું ગીતાવાકય છે.

શરીરની નહિ પણ આત્મીય એકતા સાધવા માટે જ દૈવી સંપદ્‌ની મહત્તા છે. દેહની એકતા એ એકતા નથી પણ ઇંદ્રિયભોગની ભૂખ છે. એ હિંસકવૃત્તિ છે. એમાં બીજાને પોતાનામાં હોમી દેવાની વૃત્તિ છે. અન્નને જેમ વૈશ્વાનરમાં હોમવાની વૃત્તિ છે, એવી જ અન્યને પોતાના સ્વભાવમાં હોમી નાંખવાની વૃત્તિ એ ત્યાગ નથી પણ ભોગ છે.

જ્યારે ત્યાગને જ પ્રેમ કહીએ તો એમાં અન્યમાં અહંકારને હોમી દેવાની ભાવના છે. ઉચ્ચતર વ્યક્તિમાં કે પાર્થિવ મોહવશ બનીને અન્ય સંબંધથી વ્યક્તિમાં પોતાને હોમી દેવાની વૃત્તિ પણ ત્યાગ છે. પરમ્પરાએ જીવાત્મા પરમાત્મામાં હોમાઈ જાય એવો આ પ્રથમ પાઠ છે. બાલપણમાં માતાપિતામાં, ગૃહસ્થાશ્રમમાં પતિપત્નીમાં અને પછી આચાર્યમાં અને અન્તે બ્રહ્મમાં.

ઉતાવળથી જેમ સૂઝ્યું એમ લખ્યું છે. સમજાય એટલું સમજશો; તમને બન્નેયને હું એક સ્વરૂપે જોવા મથું છું. ભિન્ન ભિન્ન દેહમાં અભિન્ન આત્મદર્શન મારે કરવું છે, એમાં સ્વભાવ વિઘ્ન નાંખશે, જેને જીતવાનો મારે પ્રયત્ન કરવો છે. તમે જેમ તમારાં બાળકોના સ્વ-ભાવને વચમાં લાવ્યા વિના પ્રેમ કેળવો છો તેમ; એ બોધપાઠ હું તમારી પાસેથી જ શીખીને તમારા માટે વાપરું એમાં ખોટું શું છે? તમે જ મારાં ગુરુ: તમે તમારાં બાળકોને જેવી રીતે અભેદભાવે, આત્મભાવે જુઓ છો, એવું હું તમારામાં આત્મદર્શન કરું એવી મારી શુભેચ્છા છે. એ ગુરુપદ તમે છીનવી નહિ લ્યો એમ માનું?—પણ એમાંય મારી અશ્રદ્ધા જ કહેવાય ને? કારણ કે શિષ્યનો ગુરુને આવો પ્રશ્ન કરવાનો અધિકાર નથી.

શાન્ત પ્રેમી છો તે ઉન્નતપ્રેમી બનો; આત્માની એકતા અનુભવતાં શીખવી છે એટલે સ્વભાવમાં ભોગ આપવો પડે—આપવો જ જોઈએ.

વાંચવામાં ખાસ કરીને વેદાન્ત વાંચવાનું છે જેથી બુદ્ધિમાં પરિવર્તન થાય. ભકિત કરતાં જ્ઞાન એટલા માટે જ ચડિયાતું છે કે સમય આવતાં એ વિવેકનો ઉદય કરે છે. જે ભકિત ભાવાવેશમાં ગડબડ કરી મૂકે એ ભકિત જ નથી.

સુખી હો !

(૨૬)

તા. ૨૧–૩–'૫૪

કૈક વાંચતો હોઉં ત્યારે ઘણી વાર તમે યાદ આવો; આ...સમજે તો કેવું સારું ? ... ને આ સમજાવું તો કેવું મજાનું ? સુંદર ઉપનિષદો, ભાષ્યો, બીજા પંચદશી જેવા ગ્રન્થો કેટલાં પરમઉદાર સત્યોથી પરિપૂર્ણ છે! જીવનને ધન્ય ધન્ય બનાવે એવાં. તમને વાંચવાની ફુરસદ નહીં તેથી શ્રવણનો મોહ રાખ્યા કરો છો. તમારાં જેવાં હૃદય અને બુદ્ધિનાં મેળવાળાં, સારું એવું ભણેલાં ગણેલાં પણ સ્વાધ્યાય ન કરી શકે ? અભણની પેઠે કોઇ શ્રોતાનાં ડાચાં જોયા કરે અને એમની વાચાનાં કાચાં ફળ ચાખવામાં મજા માને–શું થાય ? કોને કહું ? આ છે મારી તમારાં જેવાં માટેની વેદના.

ધ્યાનમાં તમે આગળ વધી શકતાં નથી; જ્ઞાન (આત્મવિચારને) ધારણ કરી શકતાં નથી. વ્યવહાર તો ચાલ્યા કરે છે, ચલાવવો પડે છે એ ભ્રાન્તિ છે; એમાંથી અવકાશ ચોરવો એ અઘરું છે. સંસારમાં ઘણી જાતના ચોર હોય છે. આપણને આટલી કાલ ભગવાનની ચોરી કરતાં યે ન આવડે ? એ તો બહુ ઉદાર છે; અજ્ઞાન છે માત્ર વ્યવસ્થા કરવાનું.

(૨૭)

તા. ૧૮-૬-'૫૪

શરીર ઠીક છે. સંભાળ હદ કરતાં વધારે રાખું છું અને છેવટે તો સંન્યાસીનું શરીરને? ગૃહસ્થાશ્રમીના જેવી મમતા ક્યાંથી લાવવી? અહીં જે છે તે બધાય અર્ધસંન્યાસી; નોકર તો સંસારીથી પણ ઉતરતા-સંસારાતીત નહીં પણ પૂરા અસંસારી.

ઓફીસનું વાંચ્યું. જાણ્યું. તટસ્થ રહીને જોવું અને આચરવું. નિર્ભય થઈને જીવવું. અને જેવું આવે કે આવશે એવું સહી લેવાની તૈયારી કરે એ સાચો વીર.

તમે બન્ને પૂજનમાં બેસો એ મનને ગમે, પણ આ પૂજનમાં તો એકલો જ પુરુષ ભકત બેસે. આ પૂજન તો જિજ્ઞાસુ-ભકતે કરવાનું ને? આ આચાર્ય પૂજન કહેવાય. છતાં એ બાબત હું કર્મ-પારંગત બ્રાહ્મણને પૂછી જોઈશ. હજુ એ વિષે તપાસ કરી નથી.

...તમે બન્ને મને-મારા ચિત્તને વત્તાંઓછાં વ્હાલાં નથી. તમારામાં પ્રકૃતિ--સ્વભાવનાં સામ્ય વૈષમ્ય છે, પણ તે વિરોધી ન હોતાં પૂરક છે, એ જ મારે મન મોટો આત્મસંતોષ છે.

વાચનમાં યોગદર્શન વાંચી જાઓ. પતંજલિનું એ યોગદર્શન ગુજરાતી ભાષામાં છે, અંગ્રેજીમાં પણ છે. વિવેકાનંદનું એક 'રાજ-યોગ' નામથી પુસ્તક પ્રસિદ્ધ થયેલું છે. Complete Works ના First Volume માં છે. ત્રીજા Volumeમાં ભકિતયોગ પણ છે. પહેલાં ત્રણ Volumes ખૂબ જ મહત્વનાં છે.

જપ વખતે થોડાં સ્તોત્ર કંઠ કરો તો? દક્ષિણામૂર્તિ સ્તોત્ર

સુંદર છે. બીજાં પણ જે આપણા હૃદયને ઉછાળો આપે એવાં હોય તે ઠીક પડશે.

ગિલ્લીદંડા ( મોઇદાંડીઓ-કાઠિયાવાડી શબ્દ )ની રમતમાં ગિલ્લીને છેડા ઉપરથી ઊંચે ઊછાળીને પછી એને ફટકો મારવાનો હોય છે. પહેલો ફટકો નાનો પણ સંભાળીને મારીએ તો બીજો ફટકો બહુ જોરથી વાગે છે. તેવી જ રીતે ચિત્તના સાત્ત્વિક ભકિતના ભાવને સ્તોત્ર કે મનમાની ભાષાની પ્રાર્થનાથી ફટકો વાગે તો એ ઉર્ધ્વવાહી ભાવને પછી ઉપર ચડતાં વાર નથી લાગતી.

આપણા યોગમાં સાધન તરીકે **ભકિતયોગ** અને લક્ષ્ય તરીકે રાજયોગપૂરક **ભાવસમાધિ** છે; તેથી આસન પ્રાણાયામને ગૌણ માન્યાં છે.

"હું" સ્વામી સ્વયંજયોતિતીર્થ, અમુક શરીર, અમુક માતાપિતાના પિંડના નીચોડરૂપે શરીર—એમાં મહત્તા કશીય નથી; એમાં સંતોની કૃપાથી જે શુદ્ધ ચૈતન્ય આવ્યું, એ તમારું ગુરુતત્ત્વ છે. પણ શરીરના ધ્યાન વિના ચૈતન્ય નિરાકાર હોવાથી ધ્યાન થઇ શકતું નથી. તેથી ધ્યાનમાં એનું મહત્વ છે. બાકી સ્થૂલ શરીર તો હાડ-માંસનાં આપણાં બધાંયનાં સરખાં જ ને? કશું યે એમાં વિશેષ મહત્ત્વ નહીં.

ખૂબ જ ઉન્નતિ કરો. હું આ સ્થૂલ શરીરે જ તમને શાંત અને આત્મતૃપ્ત જોવા આતુર-ઉત્સુક છું.

તમને પાંચેયને-બાને પણ આનંદ, ઉત્સાહ, બલ અને શાંતિ ઇચ્છતો,

સદાનો તમારો જ

સ્વયંજયોતિ

(૨૮)

તા. ૭-૯-'૫૪

આશીર્વાદ;

...આ વખતે, મારી સમક્ષ તમે બન્નેએ ઠીક ઠીક ઊભરા ફહાડયા; ફહાડયા એટલે ? બહાર ફહાડી જ નાંખ્યા એમ માની લઉં છું. એ કડવા ઘૂંટડા મેં તે વખતે પીધા; પણ મારા એ વિષ-પાનથી તમને અમૃત સાંપડે તો કેવું સારું ?

આમ કેમ બને છે તે હું સમજુ છું.

(૧) જીવાત્માએ પૂર્વકાલમાં એટલે પૂર્વજન્મોમાં અનન્ત શુભાશુભ વાસનાઓ કરેલી હોય છે જે ફલીભૂત ન થાય ત્યાં સુધી એમાંથી ઊભાં થતાં અસંતોષ તથા અતૃપ્તિને લીધે મનમાં દુઃખ થાય છે.

(૨) તમે બન્ને પશ્ચિમની કેળવણી પામેલાં છો. બન્નેએ મનોમન કૈં કૈં આશાઓ, મહત્ત્વકાંક્ષાઓ બાંધીને જેને આપણે સુંદર નામ આપીએ એવી રીતે અંતરમાં એ ભરેલી હોય છે. એમાંની શુભ કર્મયોગ તરીકે ઠીક-સારી છે, પણ તમારા બન્નેમાં જ્યારે એ પરત્વે વિરોધ જાગે, જામે, વધે, ત્યારે એ અગ્નિ કેટલો ખરાબ ?

(૩) ચિ. સૌ...નું ઘડતર-ચણતર આજની આધુનિક કેળવણી પામેલી કલારસિક સ્ત્રી તરીકેનું; શિક્ષણ, સાહિત્ય, સંગીત, ચિત્રકામ વગેરે લલિતકલાની ઉપાસક; એની એ ઉપાસના શુદ્ધ છે તેથી એ શુદ્ધ માર્ગે એનો વિકાસ થાય, એનાં બાળકોને પણ એનો લાભ મળે, એમાં ખોટું કશુંયે નથી. એને માટે બે વાત લક્ષ્યમાં રાખવાની.

(૧) એને અંગે એને ભિન્ન ભિન્ન વ્યક્તિઓના સહવાસમાં આવવું પડે, અને સ્વતંત્ર રીતે ( અલબત્ત-ગૃહસંસારનાં કાર્ય તથા કુટુંબ પ્રેમમાં વિક્ષેપ પાડયા સિવાય) એ સંબંધો વધે ત્યારે જ એ બની શકે. એમાં એનો વિકાસ છે એમ એ માને છે. અને એ માન્યતા એટલી બધી દૃઢ છે કે વારંવાર અંતરથી ઊભરાઇ આવે છે. એમાં vindictive nature દ્વેષબુદ્ધિ નથી. તમારો એ આક્ષેપ અસ્થાને છે એમ લાગે છે.

(૨) એ એમ કરે, ત્યારે તમારે પણ તમારી મહત્વાકાંક્ષાઓ હશે એ સમજવું જોઈએ. વ્યવહારમાં સારી સ્થિતિ પ્રાપ્ત કરવી, આસપાસનાં સૌ સુખી જીવન ગાળે, બધાં આનંદથી રહે એવું તમને લાગતું હોય.

(૪) બન્નેનાં કાર્યક્ષેત્ર જુદાં, સ્વભાવ જુદા, ત્યારે મેળ કયાં ? બે સાકાર વસ્તુઓને જોડવી હોય તો વચમાં ખૂણા, ખાડા કે એવા અવરોધ ન હોવા જોઇએ.

ઉપરના બે આકારને જોડવા માટેની જગ્યા તો હોવી જ જોઈએ. આવું તમારે વિચારી જોવું જોઈએ. એવી સામાન્ય ભૂમિકા કઇ કે જયાં વિરોધ ન હોય ? જુદી દિશાઓમાં તમે વધતાં-ધસતાં જાઓ, એમાં મેળ હોવો અસંભવિત છે-સિવાય કે ઉપરના બે આકારમાંથી એકને મીણનો માનીએ એટલે જયારે બીજાને જોડવો હોય તો સીધો કરી લેવાય. અથવા બન્ને મીણના હોય તો પણ મેળ થાય.

મીણના આકાર એટલે પ્રેમ અને ઉદારતા, પૂરેપૂરી સહિષ્ણુતા; પૂરેપૂરી ઉદારતા; અન્યોન્યને વ્યવહારમાં નિ:શંક છૂટ.

... સ્વભાવભેદ છે એટલે બન્નેનાં ઓળખીતાં જુદા જુદા સ્વભાવનાં હોવાનાં; એ એનો મેળ થવો જ અશક્ય. એક કલ્પનાવાદી; બીજો વાસ્તવવાદી, એક સૌંદર્ય અને કલારસિક, બીજો વ્યવહાર પ્રધાન વાસ્તવવાદી.

દૃષ્ટાન્ત; એક સાહિત્ય-સંગીત-કલાકાર નૌકાની સેર-લ્હેર કરવા મછવામાં બેઠા; મછવામાં બેઠા બેઠા પેલા નાવિકને કવિઓ અને એની કવિતા, ચિત્રકારો અને એનાં ચિત્ર, સંગીતકારો અને રાગરાગિણીઓની વાતો કરવા-પૂછવા લાગ્યા. પેલો ગામડિયો તો બિચારો પોતાનાં હલેસામાં મશગુલ હા હા કરતો જાય. પણ રસિક ઉત્તર ન મળ્યો ત્યારે પેલા કવિ-રસરાજે એની ઉમર બધી પાણીમાં ગઈ એમ કહ્યું. એટલી વારમાં તોફાન જામ્યું; વહાણ ડૂબશે એમ લાગતું હતું. પેલા નાવિકે કવિરાજને પૂછ્યું, “શેઠ, તરતાં આવડે છે?”—“નથી આવડતું” એવો જવાબ આવ્યો, ત્યાં તોફાન વધ્યું. કવિરાજ ભાનમાં આવ્યા કે આ તો મૃત્યુ આવ્યું. પેલા નાવિકે કહ્યું “શેઠ મારી આટલી ઉમર પાણીમાં ગઈ એ તો ઠીક, હું તો તરીને બહાર નીકળી જઈશ; પણ તમે તો આખી ઉમર ગુમાવી બેઠા. કાયમને માટે પાણીમાં જશો.”

આ કેટલી ગમ્મતભરી પણ વાસ્તવિક વાત છે ?

મારી સાથેના સંબંધમાં તમને બન્નેને જુદા જુદા હેતુ સિધ્ધ કરવા હોય તો એ કેમ બને ? નિવૃત્તિના માર્ગમાં તો મૃત્યુનો પ્રત્યેક ક્ષણે વિચાર કરીને ત્વરા કરવી-વધારવી જોઈએ. આત્મજ્ઞાનને જ મહત્તા આપીને બધા સંબંધો મનથી ઢીલા કરી નાંખવા જોઈએ. તમારા બન્નેના માર્ગ આ દૃષ્ટિએ હજુ નિરાળા રહ્યા છે. એકેય હજુ સુધી સમાધાન કેળવી શક્યાં નથી એ મારાં કમનસીબ. તમારે માથે હું તો આ દૃષ્ટિએ તદ્દન બોજારૂપ જ બન્યો ને ? મારો સ્વાર્થ સધાય છે, પણ તમારું નાવ હજુ ભરદરિયે જ હોય તો હું કેટલો સ્વાર્થી !

અંધ બનીને તમારી સેવા લીધા કરું, તો મને મારો અંતર્યામી ભયંકર દંડવિધાન કરે. એ મને કેમ પાલવે ? છેવટે તમે નિરાશ થાઓ, કારણ કે એ દિશામાં પ્રગતિ ન થાય, એટલે દોષનો ટોપલો તો મારા ઉપર જ ઢળે ને ! ત્યારે શું થાય ? હું મારી જાતને ઠગી તો નથી રહ્યો ને ! એમ વિચારું છું.

દુઃખી થયા વિના, જે પ્રેમ અને ઉત્સાહથી એકઠાં થયાં છો, સંલગ્ન થયાં છો– એવી જીવનનાવને પાર ઉતારવામાં જ હવે તો તમારી કસોટી છે. આરંભના આશાભર્યા દિવસો, ઉત્સાહ બધું યાદ કરો અને આજથી જ, નવેસરથી હવે ચોક્કસ રીતે બધું ગોઠવી નાંખીને મને લખો કે મ્હારી આમાં કયાં ખોટ પડે છે. મારી જરૂરીઆત રસોઈમાં મીઠાના જેવી કે જેટલી હોય તો જ ઠીક નહિ તો ?–પ્રશ્ન આપણને ત્રણેયને દુઃખી કરે એવો છે નહિ વારુ ?

તમે મન્થનમાં તો હશો જ. તે દિવસે–રાત્રે તો એમ જ લાગતું હતું કે તમે-તમારા વચ્ચેની દીવાલને થર મારી મારીને જાડી બનાવતાં જાઓ છો; આપણે તો એને પાતળી અને પારદર્શક બનાવીને તોડી નાંખવી છે.

હું મૂઝવણમાં છું; કશું સૂઝતું નથી. આ પત્ર મૂઝવણનો છે એટલે એમાં કશી સ્પષ્ટતા નથી. ક્ષમા કરશો.

...અંતરમાં આનન્દ સાથે તમારા માટે વેદના છે.

(૨૯)

ભરૂચ તા. ૧૬–૯ '૫૪
સવારના ૭ વાગે.

ચિ.......ભાઈ,

પત્ર મળ્યો હતો. તમારો પત્ર આવ્યા પછી સૌ -નો પત્ર મળ્યો; બન્ને પત્રોમાં ભારોભાર વિષાદ ભરેલો છે.

પશ્ચિમના તત્વજ્ઞાનની રીતે જીવનની વિચારસરણીનો મેં અભ્યાસ કર્યો નથી એટલે એ દૃષ્ટિએ જીવનધ્યેયનું મૂલ્યાંકન હું સમજાવી શકું એમ નથી; પણ આપણે ત્યાં તો ધ્યેયને અર્થ શબ્દ લાગુ પાડીને પુરુષ+અર્થ=પુરુષાર્થ એવું નામ આપ્યું છે, અને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારમાંથી એક જ મુખ્ય હોઇ શકે એમ નક્કી કર્યું છે. આ વિષે ઉત્થાનના ઘણા અંકોમાં મેં વિસ્તારથી લખ્યું છે.

તમારે ચારમાંથી એક માટે નિર્ણય કરી લેવો જોઇએ. ધર્મનું ક્ષેત્ર બહુ વિશાળ છે; કર્મકાંડ, ઉપાસનાકાંડ, બ્રાહ્મણગ્રંથો અને પુરાણ તથા સ્મૃતિનાં જીવનઘડતરનાં વિધાનો, રહેણીકરણી, નીતિ એ બધું એમાં આવી જાય છે. અર્થમાં જીવનનાં બધાં જડ સાધનો, ધનદ્રવ્ય, મકાનમિલ્કત, સુખસગવડનાં સાધનોનો સમાવેશ થાય છે. કામમાં સમાજ વ્યવસ્થાને ઉપલક્ષીને બધી વિદ્યાઓ ( જેને ઉપનિષદ્‌માં અવિદ્યા કે અપરાવિદ્યા કહી છે તે ) આવી જાય છે. બધી લલિતકલાઓનો એમાં સમાવેશ થાય છે; અત્યારે જેને સાહિત્ય કે વાઙમય કહીએ છીએ કવિતા, વાર્તા, નાટક, નૃત્ય, સંગીત વગેરે ૬૪ કલાઓ એમાં આવી જાયછે, કારણ કે એ બધાં મનને સાંસારિક વિષયોમાં જ રમાડયા કરે છે. રહ્યો મોક્ષ એટલે પેલાં ત્રણેયથી નિવૃત્તિ મેળવીને, બધાંની વિસ્મૃતિ રાખીને, એનું મૂલ્યાંકન તુચ્છ–શૂન્ય માનીને, કેવળ સર્વવ્યાપક, સર્વના અધિષ્ઠાન જેવું, વાસ્તવિક, નિત્ય સુખપૂર્ણ જે પરમતત્ત્વ છે તેની પ્રાપ્તિ માટે તન–મન–ધન, સમસ્ત દ્વૈતસંબંધનો હોમ કરીને ( મનથી ) મેળવવાનાં સાધનો–સાધના પાછળ મંડી પડવું તે છે. આ આખો નિવૃત્તિમાર્ગ પેલા ધર્મ, અર્થ, કામના ક્ષેત્રના પ્રવૃત્તિમાર્ગ કરતાં ઘણીવાર વિરોધી લાગે છે. એ વિરોધી છે જ. એકમાં સંસારનું મંડન છે. બીજામાં સચ્ચિદાનંદ પ્રાપ્તિના મંડન સાથે સંસારનું ખંડન છે. એક કહે છે ધર્મ પાળો, બીજો કહે છે કે ધર્મ અધર્મ

માનવીય બુદ્ધિએ ઘડેલા કેવળ ચિત્તશુદ્ધિ માટેના નિયમો છે. અર્થ કે કામની કીંમત જ નથી. ત્યાગને જ જ્યાં પરમ સાધન માનેલું હોય ત્યાં કોઇને માટે ચિત્તમાં આસક્તિ સંભવે જ કેમ? બીજાનું અસ્તિત્વ સહન જ કેમ થાય? એટલો બધો એ એકાન્તએકાકી માર્ગ છે કે અત્યારના બહિર્મુખ વૃત્તિવાળા, પશ્ચિમના સાંસારિક વિસ્તારનાં પ્રલોભનોવાળા વાતાવરણમાં એનું મૂલ્ય મનાતું જ નથી. ભલભલા વિદ્વાનો, ધર્મપાલકો, દેશસેવકો, ત્યાગીઓ પણ એને લક્ષ્ય માની શકતા નથી. જગત, જગત્‌ની સુધારણા, જગતની સેવા, એને ઇશ્વર માનવાની ભ્રામક કલ્પના, એવું એવું બધું એમાં જ આવી જાય છે. અને એ છે પ્રવૃત્તિમાર્ગ.

ભગવદ્‌ગીતાના શાંકરભાષ્યમાં શરૂઆતમાં જ એ બન્ને ધર્મ-માર્ગો, પ્રવૃત્તિ તથા નિવૃત્તિ માર્ગો તદ્દન જુદા છે એમ સ્પષ્ટ કહ્યું છે.

પણ એ સિદ્ધાન્તચર્ચા બંધ કરું. તમે અંગત રીતે આનો વિચાર કરી જુઓ. અંતરમાં સુષુપ્ત રીતે ધર્મ, અર્થ, કામની કલ્પ-નાઓ તમને હોય અને ઉપરછલ્લું મન મોક્ષનાં સાધનો કે યોગ-માર્ગના સાધકો સાથે સંબંધ રાખીને એ સાધનો કરે, એમાં કશી ભલીવાર આવતી નથી. ટૂંકી વાત તો એવી છે કે :–

(૧) ખપપૂરતો વ્યવહાર;

(૨) જ્યાંથી સમજાય, જ્યારથી સમજાય ત્યારથી નિરુપયોગી (મોક્ષ-માર્ગમાં) હોય તેવા વ્યવહારની સમાપ્તિ.

(૩) સમય મેળવીને મોક્ષ માર્ગ માટેનાં જ શ્રવણ, મનન તથા નિદિ-ધ્યાસન; એને પોષક બને એવાં વિવેક, વૈરાગ્ય વગેરે સાધનોની પ્રાપ્તિ.

(૪) અંતરમાં અન્ય માર્ગાવલંબીઓ માટે દ્વેષ કે તિરસ્કાર નહિ પણ દયા. એ દયાને લીધે આવશ્યક વ્યવહારસંબંધ રાખવો

પડે, તેઓની સાથે પ્રસન્ન ચિત્ત–મુખમુદ્રાથી સંબંધ.

(૫) પ્રારબ્ધના નિર્માણ ઉપર શ્રદ્ધા; પ્રારબ્ધ પ્રમાણે દ્વંદ્વ આવે, ત્યારે અનુકૂળતામાં હર્ષ અને પ્રતિકૂળતામાં શોક ન આવે એવી કાળજી; પ્રતિકૂળતા અનિવાર્ય જ હોય તો તે વખતે તન–મનની તપશ્ચર્યા અને તિતિક્ષા.

આ તો સામાન્ય રૂપરેખા થઇ. પોતે ક્યાં કઈ ભૂમિકાએ છે, કેટલી સાધન સંપત્તિ ( અધ્યાત્મમાર્ગની ) કેળવી છે, કેટલી મેળવવાની છે, એની કાળજીપૂર્વકની સાવધાનતા અને વધારે મેળવવાની તીવ્ર તૈયારી રાખે.

મારી મર્યાદિત શકિત આટલી છેઃ–

મારી વિદ્વત્તા ( શાસ્ત્રજ્ઞાન ) મર્યાદિત છે; શાંકર સિદ્ધાન્તને મેં ધ્યેય માનેલું છે. એ દૃષ્ટિએ રામતીર્થની શિષ્ય પરંપરામાં હોવા છતાં, બીજા તત્ત્વવિદ્વાનો સત્સંગ કરીને અને યથામતિ શાસ્ત્રવાચન કરીને મને જે યોગ્ય લાગ્યું એનો મેં જીવનમાં ઊતારવાનો સ્વીકાર કરી લીધો છે. એ માર્ગે જતાં વિવેક. વૈરાગ્ય તથા શ્રવણ મનન વગેરે સાધનો જીવનમાં ઊતારતો જાઉં છું. આટલી ઉંમરે એમ સમજાય છે કે પ્રાચીન માર્ગ, પ્રાચીન જીવનપ્રથા, સમાજ વ્યવસ્થા એ આ મોક્ષમાર્ગ માટે અદ્વિતીય અને અનિવાર્ય માર્ગ છે. મને એ પ્રણાલિકા જ સ્વીકાર્ય છે.

યોગશકિત તો અંગત ભકિતનો પ્રશ્ન છે. એક યોગી ગુરુની કૃપા છે; એમનાં ધ્યાન ચિંત્વન દ્વારા મને લાભ થયો છે. બીજાઓ એ જ પદ્ધતિ સ્વીકારે તો લાભ થાય ખરો પણ એ માટે મારે ગુરુ બનવું પડે, મને કોઈ ગુરુ કહે એ મને પસંદ નથી; સ્વીકાર્ય નથી.

વિચાર કરી જુઓ. તમારા સાધનમાર્ગમાં હું કેટલો ઉપયોગી

થાઉં એનો. દંભ વગર સહાયતા કરવા તૈયાર છું. પણ મારી મર્યાદિત શકિતની બહાર તો એ કેવી રીતે સંભવે ?

તમારા જેવાં સ્વતંત્ર, બુદ્ધિપ્રધાન સાધકોને હું વિશેષ શું કહું ? યથાકાલ જે સંભવિત-શકય હશે તે બન્યા કરશે.

(૩૦)

તા. ૧૬-૯-'૫૪

આ પહેલાં લખી રાખેલો પત્ર વાંચી જતાં એમ લાગ્યું કે એમાં મેં નવું કશું નથી લખ્યું. તમે એ બધું તો જાણો છો. ઉત્થાનનો ચાલુ અંક હમણાં હાથમાં આવ્યો. એના પત્ર-જયોતિ વિભાગમાં પણ એવું જ કૈંક લખ્યું છે. એક વાત મને ખાસ ખૂંચે છે; શાંકર સિદ્ધાન્તની પ્રક્રિયાની સમજણ માટે કોઈ સિદ્ધાન્તગ્રન્થ તો તમારે ભણી લેવો જોઈએ. એની સમજણ નથી એટલે શું વાંચવું, કે જે વાંચ્યું કે સાંભળ્યું એમાંથી શું ગ્રહણ કરવું એનો વિવેક રહેતો નથી.

ત્રણેય (સ્થૂલ, સૂક્ષ્મ, કારણ) શરીરની એમાં પૃથક્કરણ પદ્ધતિ હોય છે. આત્મચૈતન્યને બધાથી પૃથક્ ઓળખાવીને જેમાં દ્વૈતાભાસ છે, એ બધું દૃશ્ય હોઈ એમાંથી ચિત્તને ખેંચી લીધા વિના એટલે કે એનો વૈરાગ્યદૃષ્ટિએ ચિત્તમાં ગૌણભાવ-ગૌણ મૂલ્યાંકન રાખ્યા વિના, આત્મચૈતન્યના સાક્ષાત્કાર માટેનાં ઉત્કટ ઈચ્છા-ભક્તિ ઉપજતાં નથી. વ્યવહારનો બધો ભાર ચાલ્યા-વધ્યા જ કરે. જો કે તમારામાં પહેલાંનાં કરતા પરિવર્તન ઘણું થયું છે. પણ મને જે ભય રહે છે તે reactionનો. આ માર્ગથી પાછા પડવાનો, અથવા સાધન સંબંધે પરિવર્તન કરવાનો અવિવેકી ( ખાસ શબ્દ વાપરું છું ) પ્રસંગ તો ભાવીમાં નહિ ઊભો થાય ?

(૩૧)

તા. ૧૬–૯–'૫૪

ચિ. સૌ....બેન,

...થી લખેલો પત્ર મળ્યો. એમાં નર્યો વિષાદ ભર્યો છે. એ મને નથી ગમ્યું. પશ્ચાત્તાપની ક્ષમા યાચવાની કશી આવશ્યકતા નથી, મારો ઉદ્દેશ હતો બન્નેએ, પોતપોતાના જીવનવિકાસના ક્ષેત્રમાં સ્વતંત્ર તથા ઉદાર બનીને સહિષ્ણુતા વધારવાનો પરસ્પરના સ્વભાવને યથાર્થ સ્વરૂપમાં સમજવાનો.

એ હજુ પૂરેપૂરું સમજાયું હોય એમ મને નથી લાગતું. રુચિ વિના વેદાન્ત વાંચવું નકામું છે; કુતૂહલભરી જિજ્ઞાસા કે નરી ઉત્સુકતા પણ વ્યર્થ છે; અંતરથી જ્યાં સુધી તીવ્ર આકાંક્ષા ન ઊભી થાય, ત્યાં સુધી વાચનમાં પ્રવૃત્તિ–રસભરી પ્રવૃત્તિ ન થાય એટલે જપ, પાઠ, પૂજા કે એવાં નિવૃત્તિનાં સાધનો જીવનમાં ન ઊતરે તો કર્મકાંડ થાય પણ નિષ્ફળ જાય. જ્યાં સુધી સહૃદય ભાવના ઊભી ન થાય ત્યાં સુધી ગમે તેટલું બુદ્ધિપૂર્વક સ્વીકારેલું સત્ય જીવનમાં એકરસ બનતું નથી. હું સત્યભાષી છું-કારણ કે મારે સત્યભાષી થવું જોઇએ, એવું માનીને કોઇ બોલવા માંડે તો સમજણના અભિમાનની સાથે સત્યભાષીપણાની કટુતાવાળું અભિમાન પણ આવી જાય છે; પરંતુ હૃદયના ભાવથી સત્યભાષીપણા માટે પ્રેમ હોય તો સ્વાભાવિક રીતે એ ભાવમાંથી સત્યવચન નીકળે છે અને નિરભિમાનપણ એનાં સંસર્ગમાં આવનારા જનસમૂહ (જે અસત્યભાષી હોય તો પણ) પ્રતિ સદ્ભાવ અને પ્રેમ ઉદ્‌ભવે છે.

એવી જ રીતે વિષયાનન્દ અને આત્માનંદ, એ બન્નેનો ભેદ

બુદ્ધિગ્રાહ્ય થયા પછી ભાવપ્રદેશમાં એનો અનુભવ કરવાની વૃત્તિ જાગે, એની સાથે વિષયાનન્દનો અભાવ થયાનું ભાન થાય ત્યારે જે કર્યું તે સાર્થક ગણાય. નહિ તો આટલાં વર્ષથી આપણે મળ્યાં, એ બધાં જાણે મને વ્યર્થ જ ગયાં લાગે છે.

લલિતકલા, કાવ્ય, સૌંદર્ય, સંગીત એ બધાં આત્મસાક્ષાત્કાર માટે, ઇશ્વર પ્રીત્યર્થ છે એમ મનાય તો સાધનામાં ફેર પડે, તે વિનાનાં બાલકસેવા, લોકસેવા, સૃષ્ટિસૌંદર્ય બધું જોવા કરવામાં આનન્દ આવે, 'વાહ તારી લીલા!' એવું બોલી જવાય એ ઇશ્વર-ભક્તિ કે ઈશ્વરદર્શન નથી, પૂર્વ સંસ્કારની ટેવ છે. એ બધાંને ભૂલીને ઇશ્વરમાં ચિત્ત રહે તો એ ઉપયોગી થાય. વારંવાર એવું જોવા સાંભ-ળવા કે કરવાનું મન થાય એ ઇશ્વરભકિત કે ઇશ્વરસેવા નથી. બાલ-સેવા એ પ્રભુસેવા છે એવું માનીએ એટલે પ્રભુસેવા માટે બાળકો હોવાં જ જોઈએ. લોકસેવા એ ઇશ્વરસેવા છે એમ માનતાં આપણી સમક્ષ દીનદુઃખી લોકસમૂહ હોવો જ જોઇએ. એનો જરા વિચાર કરી જો. સાહિત્ય, સગીત, કલા, સૌંદર્ય, આલંકારિક ભાષાનો વાર્તાલાપ, કલ્પનાચિત્રોની નવલકથાઓ, દેશપરદેશના સાહસિક પુરુષોની પ્રશંસા, એ બધું શાને માટે છે? એમાં ઇશ્વરસ્મરણ હશે પણ ઇશ્વરસ્મરણ માટે એ આવશ્યક છે, એવું સૂત્ર ગોઠવી શકાય એમ નથી.

જીવનના મુખ્ય અને ગૌણ એવા બે વિભાગ સૌને હોય છે. જેમ વિષયીને વિષય મુખ્ય, ઈશ્વર ગૌણ તેમ આપણે આત્મા, પરમાત્મા -ઇશ્વરદર્શન એ મુખ્ય અને એ સિવાયનો વ્યવહારપ્રદેશ ગૌણ, એમ સમજીને જીવન વ્યવસાય ચલાવવો જોઇએ. વ્યવહારને જ મુખ્ય માન્યા કરીએ તો એ હમેશાં પરિવર્તનશીલ છે. એમાં ધાર્યું ન થાય ત્યારે મન બદલાય-વિક્ષેપ થાય; પરન્તુ એને ગૌણ સમજી રાખ્યો હોય તો એમાં થતાં લાભહાનિથી ચિત્ત ચંચલ ન

બને, કારણ કે મુખ્ય આત્મલક્ષ્યની સાધનામાં તો હાનિ થઇ નથી.

તારો મુદ્દો વ્યવહારપક્ષે વધારે ખેંચાણ કરે એવો છે. મિત્રો –રસિકતા પોષે તેવા મિત્રો છે, એ બધું ય ખરું, પણ એનું પરિણામ શું ? ધારો કે અમુકનું માનસિક હિત થયું, માનસિક પરિવર્તન થયું, એમેં કર્યું, એટલું જ કે બીજું કાંઇ ? અને તે પણ સાંસારિક વિષયોના ભિન્ન પ્રકાર તરફ વળ્યાં એટલું જ ને ? વિષયોની હેરફેર કરવાની વૃત્તિ તો ચાલુ જ રહી ને ? નિરભિમાનપણે ઇશ્વરે કર્યું, હું નિમિત્ત બની એમ તું માને એટલું જ ને ?–અને હિત થયું એ સાંસારિક છે કે આધ્યાત્મિક ?

હવે આ પ્રશ્ન વિચારવા જેવો છે. સાંસારિક–વ્યાવહારિક ભાવના બદલાય, એવું શિક્ષણ કોઇને આપ્યું? એથી એને સાંસારિક લાભ થયો પણ તમને ? અધ્યાત્મમાર્ગમાં જરાયે નહીં.

અધ્યાત્મમાર્ગની વિદ્યા મેળવવી હોય તો કોઇને એ દિશામાં વાળવાનો પ્રયત્ન થાય, આપણી એ વિદ્યા દૃઢ થાય તથા જાગ્રત રહે, એ નિત્યલાભ; વ્યાવહારિક ભાવ કોઇના બદલાય એમાં આપણી વ્યવહારકુશલતા વધે અને અધ્યાત્મવિદ્યા ભુલાય. સાંસારિક ને અધ્યાત્મ–એ વિદ્યાઓ વચ્ચેનો તફાવત પહેલાં સમજી લે, એમાંથી એક પસંદ કરી લે. બન્ને વિદ્યાઓનાં પુસ્તકો, અધ્યયન, વાચન, વિચાર, અધ્યાપકો, શિક્ષકો, ગુરુઓ જુદાં જુદાં છે. સાંસારિક વિદ્યાઓનાં સાધનોને અધ્યાત્મમાર્ગમાં ઉપયોગી માનતી હોય, તો એ ભ્રાન્તિ દૂર કરવી જોઇએ. ભગવદ્ગીતાનું પુસ્તક વાંચીને સંગીતવિદ્યા નહિ શીખી શકાય.

......લોકસેવા, જીવસેવા, દેશસેવા, બાલસેવા, આવા આવા સેવાન્ત શબ્દોનો અંત નથી. એ માર્ગે જનારાઓએ ઇશ્વરદર્શન કર્યાં ? તો પછી ઋષિઓ, અવતારો, આચાર્યો, સન્તો, અહીંના જ

નહિ પણ પ્રત્યેક ધર્મના, એ જ માર્ગે કેમ ન ગયા? એમણે સેવાના શબ્દોમાંની કઈ સેવા કરી? કરી હોય તો એમનો મુખ્ય ઉદ્દેશ–જીવન-વ્યવસાય એ હતો ખરો?

ફરી કહું છું કે અંતર તપાસી જો, બ્હેન! મારી લાગણીથી, તારા પતિના વાત્સલ્યથી તું દોરવાઇ જાય, ક્ષણિક આવેશમાં અધ્યાત્મમાર્ગ સ્વીકારી લે તથા એવા પ્રભાવ નીચે તું આવી જાય એ ઇષ્ટ નથી. સંભવ છે કે તારા પ્રતિનો મારો વાત્સલ્યભાવ, પુત્રી પ્રતિના મોહ જેવો હોય, હું જ તારા સ્વભાવની. વિકાસની પરીક્ષામાં ભૂલ કરતો હોઉં; તને જે માર્ગે તારી ઉન્નતિ–પ્રગતિ યોગ્ય લાગતી હોય તે માર્ગનો સભાન નિર્ણય કરી લે... આટલાં વર્ષનો આપણે સહવાસ થયો એમાં સત્—સંગ કેટલો થયો એ તારે તપાસી જોવું જોઇએ, નહિ તો મારી તન–મન–ધનથી તમે સેવા કરી એ વ્યર્થ ગઇ; હું સ્વાર્થી બન્યો અને તમારા મુરબ્બી બનવાનો દંભ રાખ્યો એટલું વધારે. મારાથી લાભ થયો છે કે નહિ એનો હિસાબ ક્હાડવો. લાભ હોય તો જ લાભ, નહિ તો હાનિ ન કહીએ પણ વ્યર્થ કાલવ્યય થયો તો કહેવાય જ ને?

આત્મનિરીક્ષણ કરો, ભૂતજીવનને તપાસી જુઓ અને તે વ્યવહારની કે સાંસારિક વિદ્યાઓની દૃષ્ટિથી નહિ પણ એક માત્ર સાચા અધ્યાત્મલાભની દૃષ્ટિથી.

**(૩૨)**

તા. ૨૬–૧૦–'૫૪

... પ્રારબ્ધ પ્રમાણે અહીં ચાલશે એ વિષે ચિંતા ન કરવી. તમને આકાશવૃત્તિ શબ્દ મૂઝવે છે, પણ એ મૂઝાવા જેવો નથી. પ્રારબ્ધ જેવું હોય તેવું ફેરવી શકાય એમ નથી; એ પ્રમાણે મન

બદલતાં શીખવાનું છે. મન ઢીલું બને એ ઠીક નહીં, અલબત્ત માયાના પ્રદેશમાં. આત્મસિદ્ધાન્તમાં મક્કમ, માયાના પ્રદેશમાં ઢીલું ૐ.

(૩૩)

મુંબઈ તા. ૨૨-૧૨-'૫૪

બા-માતાના નામથી તમે જેને ઓળખતાં તે શરીર બે જ દિવસની માંદગી ભોગવી પંચત્વને પામ્યું. અદૃષ્ટ જીવાત્મા સદ્‌ગતિ પામે એવી આપણી સૌની અભિલાષા સફલ થાઓ.

... એ ગયાં; એમની માન્યતા પ્રમાણે જીવી ગયાં. તમે પૂરેપૂરી શ્રદ્ધાભક્તિથી સેવા કરી, ગયે વર્ષે તો યાત્રા પણ સુખપૂર્વક કરી આવ્યાં; એ બધા સુયોગ એમને મળેલા. સત્સંગ શ્રવણનો લાભ છેલ્લો સારો મળ્યો હતો. જૂની ભાષા પ્રમાણે તો લીલી વાડી જોઇને સંતોષથી ગયાં.

આશ્વાસનના શબ્દોનો વ્યવહાર નહિ કરું. એમની પાછળ જેટલી-જેવી-જે રીતે અનુકૂળતા હોય તે પ્રમાણે શ્રદ્ધા કે ઉત્તરક્રિયા શાંતિથી કરશો.

(૩૪)

ભરૂચ તા. ૩-૩-'૫૫

ચિ. સૌ. ... .. બ્હેન,

ધ્યાનનો વિષય અટપટો છે, એમાં એકાગ્રતા ન થવાનાં કારણો બહુ અટપટાં અને ન શોધી શકાય એવાં હોય છે.

(૧) એક તો વ્યવહારમાં આખા દિવસના સમયનો ઉપયોગ.
(૨) વ્યવહારમાં પણ વિવિધતા.
(૩) શરીરને લાગતો થાક.
(૪) આ જન્મમાં કે પૂર્વજન્મોમાં કરી રાખેલી બાહ્ય વિષયોની ચિન્તવનભરી ઇચ્છાઓ અને એની અસફળતા, અથવા એ પ્રમાણે નજીકના ભવિષ્યમાં એવાં કર્મો થવાની શક્ય સંભવિતતાઓ.

એટલા જ માટે ' કલિયુગમાં ભક્તિ સર્વોત્તમ છે ' એવાં સૂત્રો ગોઠવાયાં છે અને નામસ્મરણ, ભજન, કીર્તન વગેરે વધારે અનુકૂળ થાય છે એમ કહ્યું છે.

હઠયોગનાં સાધનોમાં આસન પ્રાણાયામથી શરૂઆત થાય છે. જેથી ઇંદ્રિયોની નિશ્ચલતા તથા પ્રાણના કુંભક દ્વારા પ્રાણનો નિરોધ થાય એટલે ચિત્ત નિરોધ થાય છે. પણ એ કઠોર અને જબરદસ્તીનું કામ છે. તોફાની બાળકને સમજાવ્યા વિના હાથપગ બાંધીને સ્થિર કરી રાખીએ તેવું એ કામ છે. પરન્તુ આ પ્રાણાયામની પહેલાં યમ, તથા નિયમ છે, તેનાથી હૃદય–ચારિત્ર્યશુદ્ધિ થયા વિના આસન –પ્રાણાયામનો અભ્યાસ કેવલ જડકર્મરૂપ જ છે.

જ્ઞાનયોગમાં વિચાર મુખ્ય સાધન છે. બધું પરમાત્મામય છે, પરમાત્માનું છે, આપણે તન–મન–ધનથી પરમાત્માનાં છીએ, એટલે પ્રત્યેક શુભકર્મમાં સાવધાનતા રાખીને કર્તા–હર્તા–ભોક્તા પરમાત્મા છે, એવું સમજીને મનને ઇશ્વરમય રાખવું, અને એવી ભક્તિથી શરૂઆત કરીને વ્યવહાર ( પ્રારબ્ધપ્રાપ્ત )ને કોઇ પણ જાતના ઉદ્વેગ વિના કર્યા કરવો; અન્તે તો આત્મદષ્ટિ, બ્રહ્મદષ્ટિ ( સમદષ્ટિ ) લાવવી તે જ્ઞાનયોગ છે,

ભક્તિયોગમાં ભાવસમાધિ લક્ષ્ય છે. ઇષ્ટ પ્રતિ અનન્ય પ્રેમ વિના

ભક્તિનો આવેશ આવતો નથી. આવેશ એટલે હૃદયનો ઉભરો. દા.ત. તપેલીમાં દાળ કે એવું કંઈક ઉકળતું હોય તે ઉકળીને ઊભરો આવે ત્યારે ઠેઠ તપેલીને કાંઠે અડકે, અથવા ઉભરાઇને તપેલીની આસપાસ પણ રેલાઈ જાય. તેવી રીતે હૃદયનો સંપૂર્ણ પ્રેમનો ઊભરો ઇષ્ટ પ્રતિ ઊભરાય ત્યારે સાધકનું ચિત્ત ઊભરાઇને ઇષ્ટદેવના ચિત્તના સમત્વની ટોચે પહોંચે, એટલું જ નહિ પણ આસપાસ આવરી લે ત્યારે ચિત્ત અચિત્ત બને–તરબોળ બને, ત્યારે દેહભાન ન રહે અને ચિત્ત કોઇ ઇષ્ટસ્વરૂપ કે આત્માનંદમાં નિમગ્ન–તરબોળ થઇ જાય એ છે ભાવ-સમાધિ. ભક્તિયોગની એ પરાકાષ્ટા છે.

શિવપૂજનમાં એક એવો પ્રયોગ છે કે એના ઉપર જલની અવિરત ધારા પડયા કરે અને છેવટે એના થાળામાં એટલું બધું પાણી ભરાઈ જાય કે શિવલિંગ એમાં ડૂબી જાય.

આવી પ્રતિમા પૂજામાંથી શીખવાનું એ છે કે ભાવની પરાકાષ્ટા થાય ત્યારે એકાગ્રતા નો શું પણ એક–બે નું ભાન ન રહેતાં ચિત્ત આનંદથી તરબોળ બને.

ભાવનાં આવાં સત્ત્વગુણનાં લક્ષણો છે. આને સાત્ત્વિકભાવ કહેવાય છે. એ આઠ છે અને 'પરમામૃત' ગુજરાતી પુસ્તકની ફુટનોટમાં કયાંક છાપ્યાં છે, એ સ્વાભાવિક ઉદ્ભવે છે.

ધીરજ રાખવી. એક ક્ષણ પણ જીવનની વ્યર્થ જતી નથી. પ્રત્યેક પળે આ પ્રકૃતિજ્ઞાનમંદિરમાં શિક્ષણ મળ્યા જ કરે છે; જેવો અધિકારી એવો એને જ્ઞાનલાભ; છતાં પ્રયત્નમાં મંદતા ન આવવી જોઇએ.

ગૃહસ્થાશ્રમમાં રહેવાનું છે, અસંખ્યરૂપે મનોવૃત્તિઓ વ્યવહાર કર્યા કરે દ્વંદ્વો આવે. ફલાસક્તિ પણ ઊભી થાય, એ બધામાંથી મનને નિર્દોષ કરીને ઇષ્ટમાં લગાડવું જોઇએ. એ વિના બીજું કોઇ

સાધન છે જ નહિ. બીજાં બધાં આળપંપાળ છે.

પરમાત્મા તને બ્હેન ! એ માર્ગે સિદ્ધિ આપે.

**(૩૫)**

તા. ૧૬-૫-'૫૫

... ઉન્હાળો ધ્યાન માટે નકામો. એમાં વ્હેલી સવારે ધ્યાન થઇ શકે. દિવસે ગરમી અને રાત્રે ગરમ થયેલાં હાડકાં તથા નસો ત્હાડ ભોગવે તો કળતર થાય, એટલે માનસિક ભજન-સ્મરણ, વિચાર સહજ રીતે ન બની શકે; ધ્યાન માટે તો શિયાળો જ વધારે અનુકૂળ છે.

(૩૬)

તા. ૧૬ ૫-'૫૫

... થાય તે કર્યા જ કરવાનું છે. દેશકાળ બદલાય, તેમ કર્મ ક્યાં રોકી શકાય છે ? સંજોગો વસ્તુસ્થિતિ જુદાં જુદાં ને નવતર લાગે પણ ત્રણ ગુણ અને કર્મ તો સરખાં જ ને ? માટે કર્યે જવું -થાય તે જોયાં કરવું.

... ચાલ્યા જ કરવાની બ્રહ્માની સૃષ્ટિ ! કોણ રોકે ? બ્રહ્મા રોકે નહીં કારણ કે એનો તો સર્જનનો જ ધંધો. રોકે શંકર-મહાકાલ; પણ એ જ્ઞાન દ્વારા અજ્ઞાનનો સંહાર થાય ત્યારે રોકાય, અને જયાં સુધી આપણામાં બ્રહ્મા ( રજોગુણ -સૃષ્ટિની વાસના ) બેઠા હોય, વિષ્ણુ (સત્ત્વગુણ, સંસારનું રક્ષણ કરવાની, સારાં રહેવાની વૃત્તિ ) હોય ત્યાં સુધી કશું વળે નહિ, અલબત્ત એમની વિશુદ્ધ ભકિત, ચિત્ત શુદ્ધિ અને મનોબલ અપાવે. બંધ થાય શિવોઽહમ્ બનીએ ત્યારે. અને આ વાત તો આપણી પ્રત્યેકની અંગત છે. તત્ત્વજ્ઞાનનો આ ઊંડો પ્રશ્ન છે અને મોક્ષનો એ સર્વોત્તમ સિદ્ધાન્ત છે.

(૩૬)

તા. ૧૯-૧૦-'૫૫

.. ખૂબ ઉપાસના કરો. તમારી આત્મશક્તિ (એ જ ગુરુ-શક્તિ) વિકસીને તમને દિવ્યભાવમાં નિત્ય તરબોળ રાખે, એથી વધારે મહત્ત્વાકાંક્ષા મારે કશીયે નથી. ૐ આનન્દ કરો. પણ તમે બન્ને વિરોધી સૂર ન કહાડો. એક બાજુ ભેંકડો અને બીજી બાજુ વીણા વાગે એવું ન થવું જોઇએ માટે ન કરશો. તમારા મોહનું સ્વરૂપ પ્રેમમાં–ક્ષમાપૂર્ણ-ક્ષમાશીલ પ્રેમમાં પૂર્ણતા પામે, એવી મારી ઇચ્છા, પ્રેરણા, વિનંતી, પ્રાર્થના, સૂચના કે આજ્ઞા છે એ કદી ન ભૂલશો.

(૭૭)

તા. ૧૩-૯-'૫૫

...ભરૂચથી પશ્ચિમે ૧૪ માઇલ દૂર, નર્મદાને કાંઠે, નાના એવા ગામડામાં એક મહાદેવનું મંદિર છે. અપભ્રંશ શબ્દોમાં એ ભાડભૂત, ભાડભૂજ, ભારભૂત એવું કહેવાય છે. કહે છે કે ત્યાં શંકરે બાણુ-સુરને ભસ્મીભૂત કર્યો હતો.

કોઇ સન્તે ત્યાં એવી યોજના કરી હશે કે જયારે ભાદ્રપદ મહીનો અધિકમાસ તરીકે આવે ત્યારે ત્યાં નર્મદાસ્નાન કરીને લોકો જેને 'ભાડભુજની જાત્રા' કહે છે તે મહાદેવની મૂર્તિનાં દર્શન કરે. તેનું બહુ માહાત્મ્ય છે. ગાડરિયો પ્રવાહ લાખોની સંખ્યામાં આવી ગયો. લોકો ત્યાં જાય, ડહોળા પાણીમાં ન્હાય, સાથે લાવેલું વાસી ખાય, હડસેલા ધક્કા બધુંય ખાય, અથડાય, ટીચાય, કાદવથી

ખરડાય, પાણીથી ભીંજાય પણ ભલભલા ભણેલા યે આવે ને જાય; આવી છે આ પામરોની પાવન થવાની મનોદશા.

... બ્હેને પેલી કડવી ફાકી અજમાવી ? સંસારના જીવન કરતાં એમાં કડવાશ ઓછી છે એમ મને તો લાગે છે. એમને લાગે તો સારું.

(૩૮)

તા. ૨૧-૯-'૫૫

પ્રિયશ્રી ..ભાઇ; સૌ...બેન,

ગઇ કાલે ભેટ રકમ મળી. મેં પૂછેલું કે 'અધિક' માસમાં શું અધિક થયું ?' એનો જવાબ કદાચ હશે ! આજે પત્ર મળ્યો. એમાં પણ એમ જ વાંચ્યું કે "ખરચ પણ કરી બેઠો છું"-એટલે એ પણ 'અધિક' માસનો અધિક સંતોષ ધારણ કર્યો-કરવો પડ્યો.

"કુટુંબમાંથી આખરૂ ખરીદી અને સર્વસદ્‌ગુણ સંપન્ન બ્રહ્મ-રત તમારી દીકરી" એવું કટાક્ષ-વાકય પણ વાંચ્યું. એ એવી હવે છે અને પહેલાં પણ મારી દૃષ્ટિએ તો હતી જ; મારા પહેલાં એને પસંદ કરીને તમે પ્રેમભર્યો સ્વીકાર કર્યો, એ તમારી આન્તર દિવ્ય દૃષ્ટિ માટે મને સંતોષ જ નહિ હર્ષ થાય છે. જાણે અજાણે એનાં વખાણ વાંચીને મને હર્ષ થાય ત્યારે લખનારની કેટલી છાતી ફૂલતી હશે ? મસ્તક ઊંચું વાંકું થશે એની કલ્પના કરીને તો કવિતા લખવાનું મન થાય. આખો તમારો પત્ર કવિતાના રસથી તરબોળ છે. અવળાને સવળું કરી જોયું-માનવું એ આપણું સાધન છે. એ બ્રહ્મરત હોય તો તમે બ્રહ્મ છો એમાં એ રત છે, એમ શા માટે નહિ ? એ એને શીખવવું પડે એમ નથી. ... અને... બન્ને શકિતમાન્ અને શકિતનું અભિન્ન સ્વરૂપ છો. માત્ર મૂર્તિભેદ છે, તેથી વસ્તુભેદ

બનતો નથી. મને પ્રથમ સૌ...બેનનાં દર્શન થયાં; એમાં બ્રહ્મ-શક્તિની ઉપાસના સફળ થઈ; શ્રી...નાં દર્શન થયાં; મારી માનસિક સાધના ફળી. હવે બન્નેનાં યથાર્થ દર્શન કરતો રહું છું. એ શ્રદ્ધા હવે ચલિત ન થાય એવી મનોવાંછના છે. મારે તો કાંઇ બાકી નથી રહ્યું. મારી એ શિવશકિત સાધના દૃઢ છે કે નહિ એની તમે બન્ને માનવદેહ ધારણ કરીને પરીક્ષા લીધા કરો છો. શકિતસાધના –શાકતસાધનામાં નારી શરીર દ્વારા પણ પરબ્રહ્મની ઉપાસના છે. મને અભિન્નદર્શન થયાં. નહિ તો એ કદાચ મારે મન દુર્લભ હોત ! હવે એમાં ભંગ ન પડવો જોઇએ એમ હું માનું છું. બન્નેને જે દૃષ્ટિથી જોવાં જોઇએ તેવી રીતે જોઉં-છું. દેવી પ્રસન્ન છે ... ... મારી શ્રદ્ધાની કસોટી કર્યા કરે છે. પરમાત્મા એમાં વિઘ્ન ન લાવે એવી હાર્દિક પ્રાર્થના છે.

કોઇ બ્રહ્મરંધ્ર જુએ કે કોઇ તેજનો ગોળો જુએ; મારે તો માનવ મુખારવિંદનાં નેત્રોમાં ભરેલી અમૃતસમી બ્રહ્મદૃષ્ટિ જોવી છે. જયાં-ત્યાંથી વિકસતું-ઉપસતું બ્રહ્મતેજ અંતે તો વ્યવ-હારના જગતમાં-જાગ્રત અવસ્થામાં ચક્ષુથી જ પ્રગટ થાય છે ને ? એ મને મળ્યા કરે છે એટલે શાંતિ છે. દેવી પ્રસન્ન દૃષ્ટિથી જુએ છે,......પ્રભુ-પુરુષ શરીર સ્વભાવસુલભ મળેલી અંકગણિતની વિદ્યાવાળી દૃષ્ટિથી હમેશાં જોઇ તપાસીને મને જોયા કરે છે. મારે મન કઠોર કે કોમલ-બન્ને દૃષ્ટિ એક સમાન છે, કારણ બન્ને હોય તો જ શ્રદ્ધા દૃઢ થાય. ધન્ય છે બન્નેની દયામયી દૃષ્ટિલીલા. એથી યે વધારે આગળ જાઉં કે બોલું તો મને ચારને બદલે બે જ નેત્ર દેખાય છે-મારી પોતાની જ ડાબી જમણી આંખો જાણે.

... ... ઉપાસ્યમૂર્તિ માનું એટલે ભકિતનો અમૃતભર્યો દૃષ્ટિ-પ્રવાહ ...ને પ્રાપ્તવ્ય માનું એટલે જ્ઞાનનો રશ્મિભર્યો તેજપુંજ; –એ બન્ને મારે એક જ ભાવનાથી પચાવતાં શીખવું જોઈએ. એવી

બન્ને ભાવની ઇચ્છા હશે એટલે જ જ્ઞાનભકિતનું સુલભ યુગલ મારા પરિચયમાં આવ્યું.

લખતાં કલમ બંધ ન થાય એવા ભાવ તમે પૂર્યા કરો છો. સદાય મારા હૃદયમાં એવા ભાવ ભરતાં રહો એવી વિનંતિ છે. વિશેષ ૐ શાન્તિ, આનન્દ.

(૩૯)

પ્રિય શ્રી...

તા. ૨૩-૯-૧૯૫૫

આ પત્રો જેમ મનમાં આવ્યું તેમ વાત્સલ્ય સાથે, થોડો ભય રહેતાં છતાં પણ લખું છું.

બ્રહ્માંડભરમાં-" હું જયાં (Space) છું, હું જેવો છું, છતાં પરમાત્મસ્વરૂપ સચ્ચિદાનન્દ-સુધાસાગરમાં અવિરત સ્નાનપાન કરીને તૃપ્ત છું, એવી ભાવના, જયારે જયારે આનાથી વિપરીત ભાવના માયાધીન મન ઊભી કરે, ત્યારે ઊભી કરીને એને ભસ્મીભૂત કરવાની ભૂલીશ નહિ.

સાધનમાં તીવ્રતા-(સંવેગ) જોઇએ એ વાત ખરી છે. સાચું સાધન તો વિપરીત ( દેહાધ્યાસ ) ભાવના કહાડીને આત્મભાવના કરવી, એ છે. શાસ્ત્ર ચર્ચા, વિદ્વત્તા, અનુભવ વાણી, એ બધાં એની મેળે અન્તરથી ત્યાર પછી ઊભરાવા માંડશે. વધારે વાંચવું નહિ પડે અને ઉપયોગ પૂરતું વાંચવાનું પણ મળી રહેશે. ધીરજ રાખો.

(૪૦)

તા. ૨૩-૯-૧૯૫૫

ચિ. સૌ...બ્હેન,

તમારા બન્નેના પત્રો સાથે જ મળ્યા અને હું બહુ મૂઝવણમાં

પડી ગયો. પણ એ મૂઝવણ, ( તત્ત્વ તરફ ચિત્તને વાળતાં ) લાંબો વખત ટકી નહિ એટલી શ્રી ગુરુકૃપા માનું છું.

'અનુભવબિન્દુ' ના ૪૦ છપ્પા છે, એમાં પાઠભેદ બહુ છે. વેદાન્તની શુદ્ધ પ્રક્રિયા પ્રમાણે સુધારવું અઘરું છે અને વિસ્તારભય પણ કેટલીક મૂશ્કેલીઓ ઊભી કરે છે. હજુ ૮ છપ્પા લખ્યા છે.

## (૮૧)

તા. ૨૪-૯-'૫૫

પ્રિય ભાઈશ્રી......

ગઇ કાલે ભાવવાચક-સૂચક એક પત્ર લખ્યો છે; આપણે બીજા કરતાં પાછળ રહી ગયા છીએ, મારી હયાતી ( શરીરની )માંજ બધું જે તમે ધાર્યું હોય, અને જેવી રીતનું માન્યું હોય એવું બધું બની જાય, એ કલ્પના ઈષ્ટ છે છતાં તેની સાથેનાં બીજાં અનિષ્ટનો પણ ભય રાખે છે.

ઇષ્ટ એટલા માટે કે એ કલ્પના કર્તવ્યમાં સંવેગ-ઉત્સાહ તથા પુરુષાર્થ માટે ધગશ રખાવે અને સાધનામાં વેગ વધારે એવી છે.

પણ અનિષ્ટ એટલા માટે કે કોઇ આપણા કરતાં આગળ વધી જાય એમ લાગે ત્યારે એથી ચિત્તમાં જરા પણ ક્લેશ-દુઃખ થાય તો એ સૂક્ષ્મ અસૂયા છે, જે ન આવવી કે હોવી જોઈએ. આમાં વ્યકિતગત પ્રશ્ન હું ચર્ચતો નથી પણ જેને આપણે તેજો-દ્વેષ કહીએ છીએ તે અસૂયા અને મત્સર નામની વૃત્તિઓ જાણે અજાણે આપણામાં ન આવી જાય એ માટે મુદિતા નામની વૃત્તિ રાખવા માટે પતંજલિ કહે છે. મુદિતા એટલે બીજાંની ગમે તે

દિશામાં ઉન્નતિ જોઈને ચિત્તમાં ઊઠતી પરમ આહ્લાદક વૃત્તિ.

આમાં ઘોડદોડ જેવી શરત છે જ નહિ. પરમાત્માની પક્ષાપક્ષની વાત પણ નથી. વાત્સલ્યમાં તફાવત, કે ઓછાવત્તાપણું હોવાનો સંભવ પણ નથી. કોણ આગળ વધે છે એ જાણવાની વૃત્તિ પણ હાનિકારક છે કારણ કે એમાં જે ચિકિત્સાવૃત્તિ છે એ ગુણદોષ જોવાની ક્રિયાવાળી છે. તમારા બે વચ્ચે મને એવું લાગતું નથી. લાગ્યું નથી આવો વિચાર હું કરી જોઉં છું. ચિત્તને સતત્ અથવા પ્રસંગે પ્રસંગે ઝીણવટથી તપાસી જોવાની મને ટેવ છે અને યથાશકિત અવલોકન કરતાં લાગે છે કે એવું મને હજુ લાગતું નથી.

સહવાસમાં ઘણાં આવી ગયાં. ચિત્તને પકડી રાખે એવાં પણ ચિત્તને છોડીને ગયાં; સહવાસ કે સંબંધ છોડીને પણ ગયાં, એ માટે બીજાં ગમે તેમ કહેતાં હોય, પણ આટલી ઉંમરે મને એમાં મારી ભૂલ જયાં લાગી હશે તે કબુલ કરી હશે. બીજાની હશે કે નહિ તે હું ભૂલી જવાનો પ્રયત્ન કરું છું. ઘણું ભૂલી ગયો છું.

ધ્યાનની સાધનામાં દેખાતાં દશ્યો સાધકની પોતાની પૂર્વ-સંસારની મનોવૃત્તિના ખેલ છે. બધાંને એક સમાન અનુભવ થતો નથી. જે બીજું કામકાજ ઓછું કરતા હોય તે ધ્યાનમાં પડયા રહેવાનો શ્રમ કરે, શાસ્ત્રોમાં લખેલું કે ન લખેલું પણ જુએ, એનાં દશ્યો દેખાય અને એને નિમિત્ત માનીને ચમત્કારના મોહથી સાધનામાં વળગી રહે કે વેગ વધારે એવું પણ હોય છે.

ઘોડદોડની શરતમાં પણ ઘોડા દોડે છે તે સવારના શિક્ષણ માત્રથી જ નહિ પણ સવાર જયાં લઈ જાય ત્યાં દોડાવે તેમ દોડે છે. એટલે ઘોડદોડમાં સવારની જ્ઞાનશકિત અને ઘોડાની ક્રિયાશકિતનો સુમેળ હોય છે. એકલો સવાર વિનાનો ઘોડો સીધો વિધિપૂર્વક દોડીને

જીતી શકતો નથી. ઉપરાંત જીતવાનું માન સવારને છે; ઘોડાને તો ખોરાક મળે એટલું જ.

આપણે બધા ઘોડાઓ છીએ, શરતમાં ઊભા છીએ એમ માનીએ તો અંતર્યામી ગુરુદેવ સવાર છે. જે ઘોડા ઉપર બેસીને એમને પહેલાં પહોંચવું હશે તે ઘોડાને દોડાવીને આગળ લઇ જશે. જો કે આ દૃષ્ટાંત સંપૂર્ણ રીતે યોગ્ય નથી. ઘોડા ઉપર સવાર છે કે નહિ એ જ પહેલાં મહત્ત્વની વાત છે. સવાર છે, લગામ એના હાથમાં છે--પછી ચિંતા શી ? કેટલે પહોંચ્યા એની પંચાત શી ? કલેશ શાનો ?-કોઇ મહત્વના કાર્ય ખાતર અંતર્યામી આપણને સૌની પાછળ રાખે તો ચિંતા શી ? તમે બધાંય ઠેઠ પહોંચી જાઓ, અને હું–આ શરીર સાથે પાછળ રહી જાઉં તો તમે પહોંચી ગયાં જોવાનો આનંદ થાય એ ખરેખર મને અવર્ણનીય સંતોષ અપાવે, હાશ ! કામ પૂરું થયું એમ લાગે. એ જ દૃષ્ટિથી ગીતામાં પેલા કૃષ્ણે જયારે જયારે ધર્મની આવશ્યકતા લાગે ત્યારે હું અવતરું છું એમ કહ્યું છે. પોતાની સંપૂર્ણ સ્થિતિમાંથી નીચે ઊતરે–નીચલી કક્ષામાં બેસીને ભકતની સાથે રહે એવો એનો અર્થ છે.

હું–તું–તે–આ–પેલું, પાસેનું, દૂર બધી દિશામાં એ એક જ છે ! ! ભેદ આપણી બુદ્ધિમાં છે. આગળ પાછળનો ભ્રમ આપણો મનઃકલ્પિત પાઠ છે. મીઠાનો એક ટુકડો અરબી સમુદ્રમાં હોય, બીજો ઉત્તર ધ્રુવ પાસે હોય, ત્રીજો કયાંક બીજે હોય, એ બધાય છે તો પાણીમાં જ ને ? માછલું ગમે ત્યાં હોય પણ પાણીમાં જ છે ને ? પાણી એનું જીવન છે અને ધ્યેય પણ છે.

તેમ આપણે દેશકાલમાં જયાં હોઇએ ત્યાં છીએ તો સર્વ-વ્યાપક પરબ્રહ્મમાં જ અભેદરૂપે, તો પછી ચિન્તા શી ? આપણે વળી ભાવ કે અભાવના આવેશ શા? ઊંચાનીચાપણું શું? ભારતીઓટ વગર

રહેવું એ સર્વોત્તમ સહજાવસ્થા છે. જે કોઇ ધ્યાન ધરે છે તે આપણા આત્મસ્વરૂપનું. જે કોઈ સમજવા મથે છે તે આપણને—આત્માને; જે ભક્તિ કરે છે એ આપણી—આત્માની; એ તો સર્વવ્યાપક, સમરસ, સર્વધ્યેય અને સર્વજ્ઞેય છે. લહેર કરને મારા સ્વરૂપ! એક અદ્વિતીય બ્રહ્મમાં વળી રંધ્ર કેવું? એમાં છિદ્ર કયાંથી પડયું? જેને પડયું લાગતું હશે તેને બંધ કરવા ત્યાં જવું પડશે. કદાચ એમાંથી એમનું બ્રહ્મ નીકળી જાય કે બ્રહ્મને બદલે બીજું કાંઈ પેસી ગયું હોય તો તે કહાડવા દોડે; આપણે છિદ્ર જ નથી તો જવા આવવાની વાત કેવી? ગોળના બનાવેલા ગણપતિ નખથી માથા સુધી ગોળના જ છે. કારણ તેવાં કાર્ય, એ ન્યાયે આત્મા-બ્રહ્મમાં પ્રતીત થતાં બધાં એનાં એ જ છે. એમાં છિદ્ર ભેદ નથી.

ત્યારે હવે કહો શા માટે અશાંતિ? બીજાને જોઈને અસંતોષ શા માટે? બરફને પાણી જોઇને ઇર્ષા થાય, વરાળ જોઇને જીવ બળે, વાદળાં જોઈને હૈયું દાઝે? એ તે કયાંનો ન્યાય? સ્વરૂપે બધાં એક છે.

અને આ તે કાંઈ માગવાની વસ્તુ છે, ભલા? આપો, આ આપો ને પેલું આપો! વાત્સલ્ય આપો! જ્ઞાન આપો! શાંતિ આપો! શાસ્ત્રજ્ઞાન આપો! પ્રેમ આપો! શક્તિ આપો! એમ કહીને—માનીને એ બધાંની સ્વરૂપમાં ઊણપ સ્વીકારીને પામર, ભિક્ષુ કે દીન બનવું એ કયાંનો ન્યાય! આપણે તો વિજ્ઞાનનૌકા, દશશ્લોકી સ્તોત્ર ગોખીને ગાયાં કરવું. સિદ્ધાન્તબિન્દુ સ્તોત્રમાંનો શ્લોક:–

न मातापिता वा न देवा न लोका
न वेदा न यज्ञा न तीर्थं ब्रुवन्ति।
सुषुप्तौ निरस्तातिशून्यात्मकत्त्वात्
तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

न शास्ता न शास्त्रं न शिष्या न शिक्षा
न च त्वं न चाहं न चायं प्रपंचः।
स्वरूपावबोधो विकल्पासहिष्णुस्
तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ॥

વિજ્ઞાન નૌકા:-

यदानन्दरूपं प्रकाशस्वरूपम्
निरस्तप्रपंचं परिच्छेदशून्यम्
अहं ब्रह्म वृत्त्यैकगम्यं तुरीयं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥

આવું આવું નિદિધ્યાસન કરીને બ્રહ્મમાં જે રંધ્ર પડયું છે, અને ખાલી જેવું લાગે છે, તેને બ્રહ્મથી ભરીને- પૂરી દેવું-બસ ૐ.

(૪૨)

તા, ૨૭-૯-'૫૫

આશીર્વાદ.

પત્ર મળ્યો

પુસ્તક મોકલ્યું છે...દેખાવમાં તો સુંદર છે-તમારાં બન્નેનાં હૃદય જેવું......

આપણે બન્ને જન્મે બ્રાહ્મણ, ઋષિવર્ચસ્વ તો પહેલાં હતું. છેલ્લાં ૧૦૦૦/૧૫૦૦ વર્ષોથી આપણે ભિક્ષુ બનીને દાન લેવા માંડયાં તેથી ભિક્ષુ બન્યા, અને હું તો સંન્યાસી બન્યો, એટલે બેવડો ભિક્ષુ થયો; આપણી ત્રણ ભિક્ષુબુદ્ધિ આપણને પામર ન બનાવે એની સાવધાનતા ક્ષણે ક્ષણે રાખવાની છે. ઋષિઓના ચરણમાં સેવા-નિમિત્તે વસ્તુઓ અર્પણ થતી અને તે પણ અયાચક રીતે. અલબત્ત એમાં શાસ્ત્રોની પ્રેરણા હેતુભૂત હતી. માટે જે આવે તે લેવું-માગવું નહિ. यदायाति तदायातु यत् प्रयाति प्रयातु तत्-આપણું બ્રાહ્મણ,

સંન્યાસીનું સૂત્ર. ( હું$^2$+તું$^1$ = ભિક્ષુ$^3$--એમાં ભેળવી તમે એક પ્રકૃતિતત્ત્વને-બ્રાહ્મણી બનાવીને. આપણે ૨+૧+૧=૪ ચારેય અયાગક રહીએ એ આપણું ઋષિસ્વભાવનું સ્વરૂપ--પ્રતીક ) ઉપલા શ્લોકમાં "જે આવે તે આવવા દેવું, જે જાય તે જવા દેવું"--એ મને તો બહુ ગમે છે. ચાલો ત્યારે ધૈર્ય અને શ્રદ્ધા રાખીએ અને તમે બન્ને એબાબતમાં મનને બહુ ઊંચુંનીચું કરો છો, એને શાન્ત કરીએ; તમે બે છો. હું એક પણ બે છું. એમાં ચાર ભિક્ષુઓનાં મન તથા શરીર જુદાં છે, પણ સ્વરૂપે એક છીએ એટલે ચારેય મન, ચારેયનાં ખરાંને ?–ૐ

કાવ્ય ગમ્યું ? ગમેસ્તો; એટલો પક્ષપાત તો તમારો હોય જ. બીજાને કેવું ગમે છે–કોઈ તટસ્થને, એ આપણે જોવાનું છે. આપણી કૃતિ આપણને ગમે એમાં શી નવાઇ ? 'સીદીભાઇને સીદકો વ્હાલો" એ કહેવત જાણતા હશો. તમે વખાણ કર્યાં એ મને ગમ્યાં છે. કાવ્ય લખાયું પછી ભાઇ રાજેન્દ્ર શાહ આવ્યા હતા; એણે વાંચ્યું –ગમ્યું એમ કહ્યું. બીજા તો કોઇ એવા સાહિત્યપ્રિયે હજુ જોયું નથી.

ત્યાં હમણાં નથી આવવું. ચણતરના plans તૈયાર થાય છે. લક્ષ્મીજી ક્યાંક તૈયાર થઈને બેઠાં હશે, અથવા નહિ આવવું હોય તો હસતાં હશે–આપણે શું ? યોજના કરવામાં તો બુદ્ધિનું જ કામ છે ને અંદાજપત્ર મોટું થાય છે. બેંકમાં થોડા પડ્યા હશે–બીજા વિશ્વંભરની બેંકમાંથી લક્ષ્મીજી આપશે ત્યારે કામ શરૂ થશે. ત્યાં સુધી શાંતિ અને આનન્દ.

(૪૩)

તા. ૨૯–૯–'૫૫

પ્રિય શ્રી... ...

... અ. સૌ...અને શ્રી...ને તટસ્થ રીતે જોવા માંડ. બન્નેનાં વર્ણસંસ્કાર, કુલસંસ્કાર, રક્તસંસ્કાર, સંયોગસંસ્કારનું-કૈંક અજબ

મિશ્રણ નથી લાગતું? સ્વભાવ પ્રમાણે સંસ્કાર અને સંસ્કાર પ્રમાણે સ્વભાવમાં પરિવર્તન થાય છે એ સ્વાભાવિક છે. સહજીવનમાં આવ્યાં એટલે સંસ્કારનો મિશ્રધર્મ ઊભો થાય; બે પ્રવાહો એકત્ર તો થવા જ જોઈએ નહિ તો વ્યવહાર ન નભે, કદાચ અશાંતિ ઊભી થાય; એવી પ્રાકૃત એકતામાં ભેદ હોય છે જ. પ્રવાહી અને સ્થિર એવાં બે તત્ત્વોનો વિચાર કર; તેલ અને પાણી બે એકઠાં કરવાં હોય તથા દૂધ અને પાણી એકઠાં કરવાં હોય, એવાં પ્રવાહીમાં પણ ગુણભેદને લીધે તાદાત્મ્ય બનતાં સમય જાય છે અને ઘણીવાર બન્ને પોતાનો ગુણધર્મ ત્યાગીને એકરૂપે બને ત્યારે કોઇ નવું જ તત્ત્વ, ગુણધર્મ સાથે ઊભું થાય છે. પણ એમ થતાં પહેલાં એમાં પરમાણુઓને કેટલું વીતતું હશે? મિશ્રણ ત્રણ પ્રકારનું હોય છે.

(૧) જે બળવાન હોય તે બીજાને પોતાનામાં તદાકાર કરી નાંખે પોતે રહે અને બીજાના ગુણધર્મોને પોતાના જેવા બનાવી નાંખે; સારા કે ખરાબ બન્ને-જે બીજામાં ભળી જાય છે તે પોતાના ગુણધર્મનો ત્યાગ કરીને બીજાના ધારણ કરે એ અભેદ કહેવાય.

(૨) બન્નેના ગુણધર્મ દેખાયા જ કરે, ક્ષણમાં જુદા તો ક્ષણમાં એક એ અચિંત્ય ભેદાભેદ.

(૩) બન્ને એકત્ર થઇને ત્રીજું જ સ્વરૂપ પકડે એ પરિણામ કે વિકાર. અદ્વૈતસિદ્ધાન્ત શંકરનો છે. જીવભાવ પરબ્રહ્મભાવમાં ગળી જાય એમ કહેવાય છે ખરું પણ વાસ્તવિકતા એવી નથી. એમાં પરબ્રહ્મ બિમ્બ છે અને જીવાત્મા પ્રતિબિંબ છે. બિમ્બ પ્રતિબિંબ એક થતાં નથી પણ બિમ્બ ઝીલનાર જીવાત્માવાળું અંતઃકરણ નષ્ટ થાય છે.

બીજો ભક્તિવાળા સંપ્રદાયનો સિદ્ધાન્ત એવો છે કે જીવ ઇશ્વરનો અંશ છે. જીવ પ્રકૃતિસ્વરૂપ છે; અને તેથી તેઓ રાધા

—કૃષ્ણ, ઉમામહેશ્વર એવાં બે સ્વરૂપ કલ્પીને રાધા અને કૃષ્ણ, ઉમા અને મહેશ્વરના, મિશ્રભાવની આ લીલા છે એમ કહે છે. કોઇ વાર રાધા વિશેષ ભાવે ભાસે તો કોઇ વાર કૃષ્ણ, આવું અચિંત્ય અભેદ છે, અને ભેદ પણ છે.

ત્રીજી-રીતે બે ભેગાં થઇને ત્રીજું નવું ઊભું થાય. દૂધ અને ખટાશ ભેગાં થઇને ત્રીજું દહીં થાય; બે રંગ કે ચૂનો અને કાથો એકઠાં થઇને રાતો રંગ થાય, આ છે વિકાર. ચોખ્ખો ભેદ—અભેદ જેવું દેખાય, પણ મૂળ પરમાણુઓ ભેગાં થઇને નવું સ્વરૂપ ધારણ કરે; પાછાં પ્રલય વખતે છૂટાં પડીને પોતાનો જ ગુણધર્મ સ્વીકારીને જુદાં પડે.

જુઓ...બે માનવીય શરીર; દર્શનમાં એક સ્ત્રીનું અને બીજું પુરુષનું; બન્ને શરીર પંચતત્ત્વની રચના છે. રકત, માંસ, મજ્જા, અસ્થિ વગેરે બધી રમત—રચના તો પાંચતત્ત્વની જ. પ્રમાણ ઓછાવત્તાનું હોય. વસ્તુરૂપે ભેદ નહીં, માત્રાના પ્રમાણમાં વત્તાઓછા પણું ખરું; આ થઇ સ્થૂલ શરીરની રચનાની વાત.

હવે રહ્યું સૂક્ષ્મ શરીર. એમાં પણ ત્રણ ગુણ બન્નેમાં ખરા; વૃત્તિઓમાં સત્ત્વ, રજસ્, અને તમસ્‌નો પ્રકાર; એકમાં એક ગુણ વધારે તો બીજામાં બીજો વધારે; એ પ્રમાણે દશ્ય વિષયો અને એનાં રૂપાન્તરો પ્રતિ રાગદ્વેષ. અને રુચિ અરુચિ રહે. અહીં પણ વસ્તુભેદ નથી ગુણભેદ છે—એ તો ત્રણેય છે જ; પણ માત્રાના પ્રમાણમાં વત્તાઓછાપણું.

બધી ભાંજગડ જાગ્રત અવસ્થામાં ઊભી થાય છે; એ બે પ્રકારની; એક સ્થૂલ વ્યવહારની અને બીજી સૂક્ષ્મ મનોભાવની; આમાં મનોમાન્યતાના ભેદ જ બધી ભાંજગડ ઊભી કરે છે.

જે ભેદ છે તે વસ્તુના સ્વરૂપનો નથી. સ્થૂલ અને સૂક્ષ્મ વસ્તુ એક જ પ્રકારની બધામાં છે. પણ એમાં રહેલું અહંતત્ત્વ અમુકને

જ પકડી રાખીને નાનામોટાના ભેદ બનાવે છે, માને છે અને આગ્રહ વધતાં વધતાં ધર્મયુદ્ધ ઊભાં થાય છે.

દૃષ્ટાન્ત તરીકે શ્રીમતી ઘેર રહીને એમ માને કે આજ શ્રીમાન પ્રભુ ઘેર પધારે ત્યારે અમુક રસોઇ બનાવવી છે. એ પ્રમાણે બનાવે. લાંબા સહવાસને લીધે એણે શ્રીમાનની શારીરિક પ્રકૃતિ, અને સ્વાદ માટેની તથા વ્યવસ્થિત રીતે પીરસવાની આગ્રહભરી વૃત્તિ જાણી લેવી જોઇએ, એમ શ્રીમાન ઇચ્છે એ સ્વાભાવિક છે. પણ ઘેર આવતાં પહેલાં બીજા સંયોગોને કારણે શ્રીમાનની મનોવૃત્તિ ક્ષુબ્ધ હોય, યોગની ભાષામાં વિક્ષિપ્ત હોય, તો શ્રીમતીની બધી સાવધાનતા છતાં શ્રીમાન પોતાના વિક્ષિપ્ત ચિત્તને લીધે, બાહ્ય પરિસ્થિતિને કે પૂર્વગ્રહને લીધે વિપરીત દૃષ્ટિએ જુએ, અને વિક્ષેપમાં વધારો કરે. શ્રીમતી હતાશ, નિરાશ થાય; પોતાનો આનંદ શ્રીમાનના આનંદમાં માનેલો જે ન મળે એટલે વિક્ષિપ્ત થાય, બે વિક્ષેપ ભેગા થાય અને વિક્ષેપના મનોભાવ જુદી જુદી જાતના હોવાથી શ્રીમાનની મનોવૃત્તિ હોય "શ્રીમતીએ આમ કેમ ન કર્યું ?" અને શ્રીમતીની મનોવૃત્તિ હોય "શ્રીમાન શા માટે આનંદવૃત્તિ નથી રાખતા ?"–એ બે વિક્ષેપના ભાવો એક થાય શી રીતે ?–પોતપોતાના મનોભાવને વાસ્તવિક માનીને એને જ પકડી રાખનારાં બન્ને એવાં જ રહે તો ત્યાં ઘર્ષણ થાય. એ પરમાણુઓ એક થાય જ નહિ.

હવે એમાં એક પોતાનો આગ્રહ છોડી દે તો બીજે પોતાને સાચો માનીને અહંકારી બને. હમેશાં એવો જ આગ્રહ રાખવાની ટેવવાળો બને તેથી પોતાનામાં સદ્‌ગુણનું અને અન્યમાં દોષનું આરોપણ કરવાની ટેવ વધે.

પરન્તુ પતિપત્ની તરીકેના બે જીવાત્માના સંબંધમાં પત્નીને પણ પોતાનો સ્વભાવ–સ્વતંત્રભાવ હોય છે, જેની ઘણી વખત કયાંક

અવગણના થાય છે. સિદ્ધાન્ત તો ઊંચો હતો અને દૃષ્ટાન્તમાં ધૃતરાષ્ટ્રની ગાંધારી અને રાવણની મંદોદરી પણ સતીઓ તરીકે શાસ્ત્રમાં ઓળખાય છે. અને પ્રત્યેક સતીત્વ ઝંખતી સ્ત્રીએ એનું પ્રાતઃસ્મરણ કરવું જોઈએ એવું પણ વિધાન સંભળાય છે.

આવું હોય તો લાભ કોને ? પતિને કે પત્નીને એનો વિચાર કરીએ. બન્ને કુટુંબો વિપથગામી બન્યાં—નષ્ટપ્રાય થઇ ગયાં. ગાન્ધારી અને મંદોદરી યુદ્ધથી નિર્લિપ્ત રહ્યાં. હમેશાં પતિને સત્પંથે વાળવાની સલાહ આપ્યા કરી. પણ એક અંધ અને બીજો કામાસકત સુવર્ણ-લોભી બ્રાહ્મણ. હંમેશાં બન્ને છતે કાને બહેરા જ રહ્યા. શાસ્ત્રો તો બન્નેના ઉદ્ધારની વાત કરે છે, પણ જીવનભર એ બન્ને પુરુષોએ કલેશ ભોગવ્યો, અને બીજાના કલેશમાં નિમિત્ત બન્યા એ જુદું. જે ધર્મ કે વ્યવહાર જીવતાં શાંતિ ન આપે એ મૃત્યુ પછી શાંતિ આપશે એવી શ્રદ્ધા શા કામની ?

તેનાથી વિરુદ્ધ જૂનાં દૃષ્ટાન્તો યાદ આવતાં નથી, પણ તુકારામનું દૃષ્ટાંત મોજુદ છે. સોક્રેટીસનું પણ છે. તુકારામે જીવનભર પતિવ્રતીની પેઠે શાંતિ રાખી. પત્ની હમેશાં સાંસારિક મનોદશા રાખીને કલેશ આપ્યા કરતી હતી; ભકિત કરવાનું તુકારામ કહેતા પણ માનતી નહિ વ. સોક્રેટીસ વિષે મારા કરતાં તમે વધારે જાણતા હો.

ત્યારે મેળ સુમેળ થતો હોય તો કેવો અને કઇ રીતે થાય ? એ તો ચોકખી વાત છે કે બન્નેના પ્રયત્ન વિના મેળ રહેવો અસંભવિત છે.

જયારે બન્ને પોતે સુધરવા ઇચ્છે ?

કે પરસ્પરને સુધારવા પ્રયત્ન કરે ?

પ્રયત્ન કરે તો કેવો કરે ?

બીજાને સુધારવાની ઇચ્છામાં પણ પોતાની સુધારણાનો પ્રશ્ન મોખરે રહે છે. એમાં હાનિ એ છે કે સુધારક બનનાર પોતાને સુધરેલું જ માન્યા કરે; પોતાની દુર્બલતાઓ ન જોતાં પોતાના રાગદ્વેષ, ઇર્ષ્યા, અસૂયા ન ગયાં હોય તેની સુધારણા રાખ્યા કે કર્યા વિના બીજાના દોષ જુએ ત્યારે સામો પક્ષ એનું અનુકરણ કર્યાં કરે; પછી ચાલે સામસામા પ્રહાર જેમાંથી ઊભાં થાય સંઘર્ષણ અને અશાંતિ ભર્યો ક્લેશ;—એટલે પ્રયત્ન કરવો હોય તો આત્મસુધારણાનો જ શ્રેષ્ઠ છે, અને એમાં બીજાના દોષ દૃષ્ટિમાં આવતાં છતાં ઇશ્વર-સ્મરણ, ક્ષમા અને પ્રેમ રાખીને, આત્મસુધારણા વડે આત્મશાન્તિ વધાર્યા કરવાનો જ પ્રયત્ન સર્વશ્રેષ્ઠ છે એમ લાગે છે.

બે જડ પદાર્થ પણ ભાગીને ભૂકો થયા વિના એક થાય નહિ અને પરમાણુઓ પણ સાકાર હોવાથી એકની છએ દિશાઓ બીજાની છએ દિશાઓ—પાસાં સાથે તો મળી શકે જ નહિ; અમુક પાસાં તો પરસ્પરને અદૃષ્ટ જ રહેવાનાં. બે વ્યકિત સામસામી ઊભી રહે ત્યારે એક બીજાની પીઠ એક સાથે પરસ્પરથી જોવાય નહિ તેથી એકની પીઠ તો સદા અદૃષ્ટ જ રહેવાની.

જે અદષ્ટ રહે તેનું શું કરવું ? એનો મેળ કેમ બેસાડવો ? એમ પણ બની શકે કે એક સ્થિર રહે અને બીજું પોતાનાં બધાં પાસાં ફરી ફરીને દેખાડે; અથવા જે સ્થિર રહે તેનો, બીજું પ્રદક્ષિણા કરીને, બધાં પાસાં જોઇ લે; આમ નિરન્તર પાસાં બદલાય ત્યારે બધેથી મેળ થાય પણ એમાં યે અમુક સમયે તો અમુક પાસું અદૃષ્ટ જ રહેવાનું; તે વખતે એમાં દોષ ન ભરાઇ જાય એની ખાતરી શી ? એનો અર્થ એવો કે દ્વૈતના સંસારમાં નિરન્તર પરસ્પર સુધારણાની ગડમથલ-માયા ચાલુ જ રહેવાની; સુધારણા પરિપૂર્ણ થવાની નહિ. એને માટે ઘર્ષણ (ચિત્તનાં) રહેવાનાં તેથી ઘોર અશાન્તિની આ

દેહધારીઓની અવિદ્યા સ્વરૂપ રાત્રિમાં કદી પણ વાસ્તવિક પરિસ્થિતિ કે જ્ઞાનની ઉષાનો પ્રકાશ પડવાનો જ નહિ.

સુધારણાને અપૂર્ણ માનીએ ત્યાં સુધી એવી સુધારવાની મનોદશા ચાલુ જ રહેવાની. પૂર્ણતાના ભાવમાં જ સુખ શાંતિ છે અને તેથી જે છે તે પૂર્ણ છે એમ માનવું એ જ્ઞાન છે, ક્ષમા છે, પ્રેમ છે.

જન્મ ધારણ કર્યો; બાળક બન્યાં ત્યાં માતાપિતા સુધારનારાં મળ્યાં, ભણવા માંડયું ત્યાં શિક્ષકો સુધારનારા મળ્યા; પુસ્તકો સુધારનારાં છપાયાં ને વંચાયાં; મોટાભાઇ, બ્હેનો, કાકા, કાકી, મામા-માસી. નાતનાં મોટેરાં કે ઓળખીતામાં મોટેરાં સુધારનારાં થયાં; પરણ્યાં એટલે પતિ-પત્ની પરસ્પર સુધારનારાં બન્યાં; પછી સાધુ-સંતોએ સુધારનારાંનો હક્ક મેળવ્યો; પછી અંદરોઅંદર ટપલો ખાઇખાઇને જાત અનુભવ સુધારનારો નીવડયો; રાજયના કાયદાઓ સુધારનારા થયા, રસ્તે ચાલતાં મુસાફરીમાં કે અડફેટે ચડનારાં પણ વણમાગી શીખામણ આપીને સુધારનારાં બન્યાં; અને આમ સુધારનારાંની જમાતો જ જાણે સંસારમાં ઊભરાઇ પડી છે, નહિ વારુ ? છતાં એમાં કેટલાં સુધર્યાં ? બીજાના શિક્ષણથી સુધર્યાં એમ માનીએ તો જે બધાં સુધરી ગયાં, તે ગયાં; બીજાં નવાં પર-લોકમાંથી કુધરેલાં હોય તે બધાં અહીં સુધરવા માટે જન્મે, એને પાછાં સુધારનારાંની પરમ્પરા પોતાનો ધંધો ચાલુ રાખીને સુધારે; એ જાય ત્યારે બીજાં આવે, આવી રીતે આ માનવીય જગત એટલે સુધારાનું શિક્ષણધામ-વિશ્વવિદ્યાપીઠ, વિશ્વસુધારણાકેન્દ્ર, અને એની સામે જ કુધરેલાનું વિશાળ-વિકારક્ષેત્ર : શી અજબ લીલા છે માયાની !

પણ સ્વયંમન્ય સુધારક સાચી સુધારણા કરી શકે ખરો ? પોતે સુધરીને અધિકાર કેળવ્યા વિના કોઇને સુધારક બનવાની ઈચ્છા

માત્રથી જ સુધારણાનું કાર્ય આરંભવાનો અધિકાર છે? અત્યારે જ જુઓ; આપણી રાજ્યપાલક સંસ્થામાં બધા જ ઉપદેશકો સુધારણાનો સ્વાંગ સજીને બીજાને જ સુધારવા મથે છે. ગાંધીજી જેવા કેટલા નીકળ્યા? વિનોબા કેટલા છે? ત્યારે વાત એ બની કે પોતે ર રેલો હોય તે જ બીજાને સુધારી શકે, એ બીજાના કેવલ દોષ જ ન જોતાં પોતે વિશુદ્ધ જીવન જીવી જાણે; સાચા સુધારકની સુધારણામાં શબ્દોના ઉપદેશ, કે પ્રત્યક્ષ પાઠ આપવાનાં પોતાનાં જીવનકર્મ, એ બધામાં નિર્દોષ પ્રેમ અને શાન્તિ હોય, તેની સાથે પોતે પોતાનું ચિત્ત શુદ્ધ કરવા જીવે છે એવું ભાન હોય. સુધારક બનીને (ઢોંગ કરીને) બીજાને સુધારવા જન્મ્યો છે, એવો અહંકાર ધારણ ન જ કરે, કારણ કે એને પોતાને જ સુધરવું છે; એ સુધારણામાં બીજાં અનાયાસે, સુધારણાની આશા તૃષ્ણાથી મુક્ત રહીને, પોતે સુધરે છે કે બીજાને સુધારવાં છે એનો વિચાર પણ એના મનમાં ન આવે, આવે તો ઉપરછલો અનાસકતભાવે, જે અંતરમાં મૂળ ન ઘાલી જાય, એની કાળજી રાખે.

સંસારના કોઈ પણ સંબંધો જુઓ; ધૈર્ય અને શાન્તિથી જે કામ થાય એ ધાંધલ અને અશાંતિથી નથી થતું કે સુધરતું.

હું એક વાત જોયા કરું છું. દા. ત. ચિ...ભાઇને લઈએ. એનો સ્વભાવ આગ્રહી અને સૌ....બીજા કામમાં કે બીજાની સાથે વાતચીતમાં હોય ત્યારે એ વચમાં પડીને એના તરફ સૌ...નું લક્ષ્ય જાય, એવું વલણ દાખવતો આવ્યો છે. સૌ...એ વ્હાલથી, સમજાવટથી કામ લીધા કર્યું છે એ તમે જાણો છો અને છતાં તમારે ઘણીવાર ચિ...ને આજ્ઞા, સખત ચેતવણીરૂપે, આપવી પડે છે, ત્યારે એ પોતાની હઠને તમારી આજ્ઞાથી થોડી કોમળ કરે છે, વાળી બતાવે છે અને પછી પરિણામે સ્વતંત્ર વિચાર કરીને જૂની હઠને નવા સ્વભાવમાં ફેરવ્યા કરે છે.

એક બીજી વાત મમત્વ-મારાપણાના ભાવની છે. એ સહજ છે. દેહના જન્મ સાથે જન્મી છે, સ્વાભાવિક રીતે જ મનુષ્યને એમ લાગે કે આ મારું છે, પછી તે જડ હોય, જડચેતનમિશ્ર હોય, વસ્તુ હોય કે પ્રાણધારી હોય, મનુષ્ય હોય કે ઘેટું અથવા સિંહ હોય એ મારાં છે એમ માન્યાં એટલે એને હરાવીને પોતાની આજ્ઞા-વાસના પ્રમાણે કેળવવા-બનાવવાની વૃત્તિ બધે હોય છે જ. કોઇમાં વધારે તો કોઇનામાં ઓછી. આ છે મમત્વની possessionની લીલા.

અધ્યાત્મમાર્ગમાં જ નહિ, પણ પૃથ્વી પરના બધા ઇશ્વરને માન્ય રાખનારા આસ્તિક જનસમૂહમાં, આ વાતને બીજી રીતે જ ઉપાડી લીધી છે.

આપણો કહેવાનો, સૂચના કરવાનો, આજ્ઞા કરવાનો (જો કે આ સત્ય નથી, આજ્ઞા કરવાની સામા પક્ષે છૂટ આપી હોય તો પણ કોઇ પણ અધ્યાત્મવાદી આજ્ઞા કરતો નથી, સૂચના કરે છે; આજ્ઞામાં પોતાના કહ્યા પ્રમાણે થવાનો હઠ-તમોગુણ હોય છે, જ્યારે સૂચનામાં હઠ નહિ પણ સ્વીકાર કરનારની સ્વયંભૂવૃત્તિ હોય છે.) હક છે એમ માનીએ, તો પણ સામો પક્ષ પોતાની સ્વતંત્ર ઇચ્છા શક્તિ ધરાવનાર છે એ આપણે ભૂલવું ન જોઇએ. અને મમત્વભરેલું કાર્ય સિદ્ધ થાય જ એવો નિયમ પણ નથી. પ્રકૃતિનાં બન્ને અંગો, સુધારનાર અને સુધરનાર, સ્વભાવે તો સ્વતંત્ર જ છે. બન્ને એ માટે જ સંબંધ બાંધે છતાં પણ સંપૂર્ણપણે એકની જ ઇચ્છા પ્રાધાન્ય ભોગવી શકતી નથી. પત્થરને તોડનારની ઇચ્છા એનું ચૂર્ણ કરવાની હોય, તો પણ પત્થર વિરોધ તો કરવાનો જ, એનાં પરમાણુને પ્રવાહી બનાવવાનો પરિશ્રમ કરતાં પણ તે પરમાણુ અવિભાજ્ય જ રહેવાનાં, કારણ પ્રત્યેક પરમાણુ સાકાર, પરિચ્છિન્ન અને સ્વતંત્રતા ધરાવનાર છે.

એટલે શ્રી...સૌ...ના સ્વભાવને બદલે કે સૌ...શ્રી...ના સ્વભાવને બદલે એમાં જે પરિશ્રમ થાય, ત્યારે સામસામાં પરમાણુ અખંડ અવિભાજ્ય રહેવાનો સ્વભાવસિદ્ધ અધિકાર બતાવે. ત્યાં ઘર્ષણ થાય જ. પરિશ્રમ પણ બન્નેને પડે જ.

એને બદલે બન્ને પોતપોતાનું આત્મનિરીક્ષણ કરીને પોતપોતાની સુધારણા ઉપાડી લે, પોતપોતાનો સ્વભાવ બદલે તો, (૧) દોષ પારકાના જોવાને બદલે પોતાના જોવા. આમાં દૃષ્ટિનું કેન્દ્રપાત્ર સામાને બદલે પોતાને બનાવવાનું છે, કાર્ય તો એક જ. (૨)સુધારવાનો પરિશ્રમ સામાને સુધારવામાં કરવાનો છે; આમાં ક્રિયા અને શકિતનો વ્યય એક સરખો જ—બલ્કે વધારે થાય, પણ પોતાને સુધારે તો સરળતાથી કામ થાય. (૩) ઘર્ષણની અશાન્તિ ઊભી જ ન થાય એ મહત્ત્વનો લાભ (૪) અથવા બન્ને સાથે પરસ્પર બન્નેના તટસ્થતાથી દોષ જુએ અને સાથે મળીને સુધારવાના પ્રયત્નો કરે —આના જેવું ઉત્તમ એકેય નથી. આ વિચારણા ગૃહસ્થાશ્રમી બનીને જીવનક્ષેત્ર ખેડતાં પતિપત્ની વિષેની છે અને તેથી મર્યાદિત છે.

મારા મનમાં બન્નેની કીમત ઓછીવત્તી નથી; એક જ કાગળનાં બે પાસાં છે; બન્ને સ્વભાવે જુદા જુદા રંગનાં કે ચિત્રનાં હશે પણ એક પાસા વિના બીજું પાસું શાને આધારે ટકે? એક છે તો જ બીજું છે. એમાં નવા રૂપરંગ પૂરાય, એટલો તફાવત થાય, પરિવર્તન થાય, પણ જેને મૂળ અધિષ્ઠાન-ભૂમિકા જોવી છે, એને ભાત સાથે કામ નથી; પોત સાથે કામ છે; મારે મન પોતની કીમત છે, ભાતની નથી.

તમે આજે જેવાં છો, તેમાં નવી ભાત પૂરાય કે એ ભાત બગડી જાય, તો પણ પોત તો એમનું એમ રહેવાનું છે. એ મને વહાલું છે, ભાત નહીં; પોત સાથે પ્રેમ છે, ભાત સાથે જે સંબંધ

હોય તે મોહ છે. પ્રેમ વસ્તુસ્થિતિ કે સંયોગોને અધીન નથી. એ પોત સાથે જ સંબંધ રાખે છે અને પોત તો બધે એક જ છે તેથી પ્રેમ પણ એક, અદ્વિતીય અને સનાતન-નિત્ય છે; ભાત બદલાય કારણ કે એ ઉપરનાં ચિત્ર છે; એક ભાત ભૂંસીને બીજી બનાવો પણ પોત નહીં બદલાય; પોત વિના ભાત નથી; ભાતની આસક્તિ રાખનાર અમુક ભાતનાં આગ્રહી હોય છે, પોતનાં નહીં.

એ બન્ને એમ વિચાર કરે, પોતે પતિ કે પત્ની નહિ પણ સ્ત્રી અને પુરુષવર્ગના જુદા ગુણ કર્મ સ્વભાવનાં બે પૃથક્ મનુષ્ય છે તેથી તટસ્થ બનીને જીવે. આવું આવું મેં લખ્યું છે (મારી આવડત પ્રમાણે) તેના કરતાં પણ વિશેષ સત્યથી નિરીક્ષણ કરી શકે એવાં પ્રેમાળ, વિદ્વાન, ભણેલાં ગણેલાં, વિવેકી અને સદ્‌ભાવશાળી છે; પોત તો અદ્વિતીય આત્મા રસરૂપ છે જ, પણ મને તો ભાત પણ સર્વોત્તમ લાગે છે, પછી તે નિત્ય નવનવાં ચિત્રો બદલે તો પણ વાંધો નથી, કારણ મારે પોત સાથે પ્રેમ છે, ભાત સાથે નિસ્બત નથી. રોજ અવનવી ભાત બદલે પણ એ પોતને જ આધારે ને ? ગમે તેવી હોય તો પણ પોતના પ્રેમથી એ નિરાળી, સુન્દર તથા પ્રેમપૂર્ણ લાગશે; આનન્દ આપશે. પોત સાથે પ્રેમ હોય તો ભાત સાથે રહે, ભાત સાથે મોહ હોય તો પોત સાથેનો પ્રેમ છે એ બોલવું જ વદતોવ્યાઘાત છે. મારા મોંમાં જીભ નથી એમ બોલવા જેવું છે.

...અને...જોડાયાં એ જે પોત-પ્રેમથી જોડાયાં હશે, અને એવું જ માન્યું હશે, શબ્દ પણ પ્રેમ જ મનમાં હશે તો પછી ભાતની કીમત કેટલી ? ભાત તો આટલાં વર્ષોમાં ઘણીએ બદલાઇ ગઇ, એકેય રહી નહીં. ભાતનો મોહ કેટલોયે જતો રહ્યો. એનાં મૂલ્ય પણ ગયાં, જે પોત છે એમાં પ્રેમ છે; અને ભાત બદલાતાં-સ્વભાવ બદલાતાં પોત-સ્વ નથી બદલાયું; ભાત તો છેલ્લા શ્વાસ સુધી બદલાશે જ.

વર્તમાન ચિત્રમાં ભાત માટે અસંતોષ, અપૂર્ણતા કે દોષ જણાય, તો આવી એ રોજ અવનવી ભાત જોવાનો મોહ છે. માટે પોત એક છે અને ભાત જુદી છે એમ સમજીને ભાત સુધારવાનો કે બદલવાનો પ્રયત્ન કરવો, પણ એમ કરતાં પોતનો પ્રેમ જરા પણ ખંડિત ન થાય એની પૂરી સાવધાનતા રાખવી.

...ને...માં કે...ને...માં પરસ્પર બીજાની ભાતની ભૂલો દેખાતી હશે. અમુક ભાત નહીં ગમતી હોય, અને ભાતનો સ્વભાવ તો બદલાવાનો જ છે એ ભૂલી જવાથી બીજામાં બીજી ભાત તરત જ ચીતરવાનો આગ્રહ થાય, ત્યારે પેલા પોતના પ્રેમને બદલે જૂની કે ચાલુ ભાતનો દ્વેષ દર્શન આપે એમાંથી દ્વેષનો અગ્નિ વધતાં હૃદયમાં ખેદન પરિણામે મનની ચંચળતા ઊભી થાય. અગ્નિમાંથી જ જલ ઉપજે તેમ ક્રોધનું પરિણામ રુદનમાં જ હોય ને? અણગમતું હોય એના પ્રતિનો દ્વેષ ક્રોધના અગ્નિમાં પરિણમે. બીજાની ભાત બદલતી વખતે પોતાની ભાત પણ બદલાય છે. અણગમાની ભાત આપણામાં ઊભી કરીને બીજાની ભાત બદલવાની પ્રવૃત્તિ થાય છે. જેમ છે તેમ ઠીક છે એમ જાણીએ તો આપણી ભાત નિર્વિકાર રહે છે, એટલે સામો પક્ષ પણ સહજ સ્વભાવે નિર્વિકાર બને છે.

બાળક હતાં, યુવાન હતાં, પ્રૌઢ થયાં. વનમાં પ્રવેશશો, વૃદ્ધ થવાશે; બેજ હતાં; પાંચ થયાં. પચ્ચીસ પણ એની વલ્લીમાં થશે, એ બધું ભાતમાં, પોતમાં કાંઇ નહીં. એક જ પોત ઉપરનાં બધાં ચિત્રો; દોરનાર અદૃશ્ય પ્રારબ્ધ કે ઈશ્વરની શકિત, અને ભાત બદલવાની ઈચ્છા મનુષ્ય કરે; શી વિચિત્રતા છે?

આ માર્ગ સમાધાનનો છે. વેદાન્તનાં સાધનમાં જે સમાધાન છે, તે જ યોગની-ધ્યાનની સમાધિ છે. કોઇ કારણવશાત્ મન ઊંચું નીચું થાય, પછી વિચાર કે જ્ઞાન વડે સરખું થાય ત્યારે એ

સમાધિ કે સમાધાન કહેવાય. એ સમાધાન વર્તમાન દશામાં જે છે; થયું છે, થશે–તે ઠીક જ છે; યોગ્ય જ છેઃ ઇશ્વર ઇચ્છાથી જ થાય છે એમ સમજીને સમાધાન પછી જે વ્યકિતમાં ભાત બદલવી હોય ત્યારે બાળકોને સમજાવીએ છીએ, તેમ વાતો પ્રેમથી થાય તો એ સમાધિ કેવી સરસ કહેવાય? નહિ તો અસંતોષ; અમુક જ ભાત હોવા કરવાનો હઠ તમોગુણ; એમાંથી ઊપજે તમસ્ રજસનું ઘર્ષણ; એ થયો કલેશ જેનું સ્વરૂપ અગ્નિ અને પારણામે પશ્ચાત્તાપ સ્વરૂપ જલનો અશ્રુપ્રવાહ.

સાંસારિક ભાવે જીવનારાં કે અધ્યાત્મ દૃષ્ટિએ ઉન્નતિ સાધનારાં બધાં ઇચ્છે–વાંછે છે–ઝંખે છે તો સમાધાન, શાન્તિ અને આનન્દ.

વ્યકિતત્વભાવ, દેહાધ્યાસ, અહંભાવ એ બધાં અહંમન્યતાને ચોંટી રહે, ત્યારે બધાં પોતપોતાના વિચાર માટે આગ્રહી બને છે. તે વખતે બે જણ સામસામે બેઠાં હોય, છતાં ચોકખો દ્વૈતનો ભાસ થાય છે અને મનમાં અન્ય, બહાર અન્ય, મનમાં વિરોધ, બહાર મિષ્ટ ભાષા, એવું બને છતાં રાગદ્વેષ વધતા જાય છે; પણ જયાં આનંદ ઉભરાયો ત્યાં સહજ સ્વભાવે બધી વ્યકિતત્વ સાચવી રાખનારી પ્રકૃતિ આપોઆપ ઓગળી જાય છે. દ્વૈતનું ભાન જ ભૂલી જવાય છે. આનંદ, પ્રેમ, એ બધો પોતનો–આત્માનો સ્વરૂપપ્રકાશ છે. એમાં એકતા છે; શોક, કલેશ, ખેદ, દ્વિધાભાવ એ અહંકારી વ્યક્તિત્વભાવ છે. વ્યકિતત્વમાં પણ વ્યકિતને ગાળતાં અવ્યકતના અભેદમાં શાંતિ છે. માટે ભાત બદલવી હોય તો સૌ પોતપોતાના જ્ઞાનપૂર્વક બદલે; બીજાની સૂચના સ્વીકારે, બીજાને સૂચના કરે, પણ પોતાની પોતમાં વિકાર ઉત્પન્ન ન થવા દે.

વહાલાં બન્ને !

બે હાથ જોડીને–

બન્નેને માથે વ્હાલભર્યા હાથ એકસાથે મૂકીને–

બન્નેની પીઠપર એક મોટો ધબ્બો મારીને બન્નેને વહાલથી આનંદનિમગ્ન છે એમ જોઇ સમજીને લખું છું કે:-

(૧) પોતાની કે બીજાની ભાત બદલવી યોગ્ય લાગે તો, પોતના પ્રેમને અંતરમાં ભરીને પ્રવૃત્તિ કરજો, કલ્યાણ થશે.

(૨) બીજાની ભાત બદલવામાં ઉગ્રતા, આગ્રહ કે હઠ ન રાખો.

(૩) બીજાની ભાત ઠીક નથી એમ પ્રેમપૂર્વક સમજાવો.

(૪) બન્ને એક જ પોતમાં-બે બાજુનાં બે ચિત્ર છો, બે ભાત છો, બે નકશા છો.

(૫) અને અન્તે તો પૂર્વકૃત, પૂર્વસંસ્કાર પ્રમાણે ભાત બદલાશે.

(૬) માટે પોતમાં રહો, ભાત આદિ-અંતવાળી છે, અનિત્ય છે.

(૭) પોત આદિ-મધ્ય-અન્ત વિનાનું નિત્ય છે, એ પ્રેમ છે, જે તમે બન્ને, ભાત ભૂલીને એક અને અદ્વિતીય છો. તે પોત તમે છો.

ૐ આનંદ ! શાન્તિ ! સુખ ! પ્રેમ !

એક જ પોતરૂપે પોતે

સ્વયંજયોતિ

(૪૪)

ભરૂચ તા. ૩૦-૯-'૫૫

બન્ને વહાલાં બાળકો,

તમારો સ્વભાવ જ એવો છે કે તમને અલ્પથી સંતોષ નથી; તમારે ભૂમા જોઈએ છીએ. વાંચો નારદ અને સનત્કુમારનો સંવાદ, છાંદોગ્ય ઉપનિષદ્.

કૂવો ખોદતાં નાની સેરો આવે એનાથી તમને સંતોષ નથી; તમારે પાતાળ ફોડીને પાણી કહાડવું છે.

હ્યો લાંબુ એવું આ પીંજણુ; એમાં ગમે કે સારું લાગે તે તમારું અને તમારા માટે;–ખરાબ લાગે તો કૃપા કરીને ભૂલી જજો.

## (૪૫)

તા. ૧–૧૦–'૫૫

વહાલાં તોફાની,

લાંબો ૯ પાનાંનો, વાંચતાં કંટાળો આવે એવો, લખનારના લોહીનું પરસેવાથી પાણી કરી નાંખે એવો, લેખ કહો કે પત્ર મળ્યો હશે. મારી શુભેચ્છા તમે સમજો છો એટલે મને સંતોષ છે, ભરોસો છે. નહિ તો ક્યાંક ઊંધું સમજાય તો ભોગ મળે મારા; વેદાન્ત એને વિપરીત ભાવના કહે છે.

મને હસવા જેવી વાતની એક સાચી હકીકત યાદ આવે છે; લખી નાંખું છું; જોજો કોઇ ગુસ્સે થતાં; જરા ગામડીઓ પ્રસંગ છે. ગુજરાતના એક શહેરમાં એક સજ્જનને ત્યાં હું અતિથિ હતો. નિવાસસ્થાન માટે બે જ માત્ર ઓરડીઓ, મોટી ખરી, સગવડ પણ સારી. તાજાતાજા જ એમણે નોકરી કરવા માંડેલી. મારી પાસે ઘણાં આવતાં, વૃદ્ધો પણ આવતા; એમાં એક કુટુંબ તથા બાલકો પણ આવે જે મહાત્માશ્રી. . નાં ભકત.

તે સમયે એ સજ્જન કામધંધા વિનાના હતા. પોતાના ગુરુશ્રી પાસે જઇને મહીનો બબ્બે મહીના રહી આવે. એમના ગુરુદેવ મોટા બંગલાઓમાં રહે. હું અહીં આવા નાના એવા મકાનમાં રહું. એમનાં પત્ની બહુ સુશીલ, સદ્‌ભાવશાળી, ભકિત-વાળાં અને આનંદી.

પેલા સજ્જન એક વાર બે એક મહીના બહારગામ કામ-ધંધાની તપાસ માટે, તથા થોડું ગુરુશ્રી પાસે રહીને ઘેર આવીને

સાંજે મારી પાસે આવ્યા, હું તો એક સમાન્ય ૮૦/૮૫ પગાર મેળવતાને ત્યાં રહું; એમાં તે વખતે કેવી વાતચીત થઇ એ યાદ નથી પણ ગુરુમહારાજની પ્રશંસા કરતાં કરતાં મારા પર, ગામની વચ્ચે ગૃહસ્થાશ્રમીના ઘરમાં રહેવું એ સંન્યાસીનો ધર્મ નહિ, એવું એવું બોલ્યા; ઘેર ગયા; મેં પણ કૈંક સંભળાવેલું ખરું. ઘેર જઈને વાત કરી, ધર્મપત્નીને; પોતાની ભૂલ પણ સમજાઇ, પેલાં બહેન દોડતાં મારી પાસે આવ્યાં, ઘર હતું પાંચ મિનિટને રસ્તે જ. આવ્યાં અને બોલ્યાં.

"શું અવળું બોલી ગયા? તમે તો મનમાં કંઇ નહીં લાવો, પણ એમણે બહુ ઉતાવળ કરી."

"કાંઇ નહિ, એ તો એમ જ ચાલે છે. સંતસાધુઓમાં પણ જેવાં જેનાં પ્રારબ્ધ; આપણો સંબંધ જૂનો છે, એક બીજાને પરસ્પર ઓળખીએ છીએ એટલે મેં પણ ઠપકો આપ્યો છે" "પણ એવું તે બોલાતું હશે? ઘેર આવીને એ પણ પસ્તાય છે; પણ આવો જ સ્વભાવ છે એમનો, બહારગામ રહીને આવે ત્યારે ઘરમાં પણ એમ જ આકળા થઇને બોલે છે."

"ઘરમાં બે ચાર દહાડા આવું બોલે. આપ મનમાં કાંઇ રાખશો નહિ. એમને બહાર જાય ત્યાં "વગડાનો વા" લાગે છે તેથી થોડા દહાડા એમ જ ચાલે છે. એ 'વા' ઊતરી જશે ત્યારે પાછા એના એ."

આ વગડાનો 'વા' મને બહુ યાદ રહી ગયો છે; પુરુષોને જ લાગુ પડતો હશે એમ નહીં પણ જે થોડા દહાડા બહાર જાય એને વગડાનો 'વા' લાગે જ. ઘરમાં આવે અને 'ઘરનો વા' તાજો થાય ત્યારે ઠેકાણું પડે.

આ છે બે જાતના 'વા.'

'ઘરનો વા' જ્યારે વગડામાં એટલે ઘરબહાર જાય ત્યારે ત્યાં ગડબડ કરાવે તે, અને 'વગડાનો વા, ઘરમાં ગડબડ કરાવે. આ બે જાતના 'વા'થી બધાંએ ચેતતાં રહેવાનું છે.

...આ બન્ને 'વા' બધાં યાદ રાખે તો કેવું સારું ? જ્યાં જવાનું થાય ત્યાં "બહારનો વા" મૂકીને જ જવું એટલે નિરાંત. આયુર્વેદ ૮૪ પ્રકારના વાયુ છે એમ કહે છે, એમાં આ બે પ્રકાર ઉમેરવા જેવા મને લાગે છે, કારણ કે આ બે, પેલા ૮૪ કરતાં જબરા છે. કોઈ પણ દવાથી નીકળે એવા નથી.

હવે પંચીકરણ જોઈએ. આકાશમાંથી વાયુ, વાયુમાંથી અગ્નિ, અગ્નિથી જલ, અને જલથી પૃથ્વી એવી સામાન્ય સૃષ્ટિપ્રક્રિયા છે.

મન કશાકથી—સદ્‌ભાવથી ખાલી જેવું લાગે, કે કશુંયે સૂઝતું ન હોય ત્યાર પછી એ આકાશમાં પ્રવાહો ચાલે. એ તરંગો—ઇચ્છાઓ ઘૂંટાય ત્યારે એ વાયુ (વા) કહેવાય. એમાં નિષ્ફલતા કે પ્રતિકૂળતા સાંપડે ત્યારે ઘર્ષણથી અગ્નિ (ક્રોધ) ઉપજે; અણગમો થાય, ત્યારે એમાંથી અશ્રુ ઝરે, જલ ઉપજે, જો અશ્રુ રોકીએ તો એક પ્રકારની ઉદાસીનતા, જડતા, મૂઢ અવસ્થા આવે એ પૃથ્વી તત્ત્વ.

કેવી મઝાની વાત ! આનંદ છે છોકરાંઓ ! આવું આવું સમજો અને આનંદ કરો; આનંદથી ખાલી થવું, પ્રેમથી ખાલી થવું, એટલે આકાશ ઊભું કરવું. એમાંથી મોહધૂમ્રના ગોટા ઘૂંટાય અને એ ક્રમનો અંત આવે જડતા ભર્યા તમોગુણમાં.

(૪૬)

તા. ૨૦-૧-'૫૬

આશીર્વાદ,

...સંચિત એટલે અસંખ્ય પૂર્વજન્મોમાં અપૂર્ણ, અતૃપ્ત ભરી

રાખેલી વાસનાઓનો સમૂહ. આ જન્મમાં એ બધી કામમાં નથી આવતી ફલીભૂત થતી નથી. એમાં પાછી આ જન્મમાં કરેલી વાસનાઓનો ઉમેરો થાય, એમાંથી ભાવિ જન્મોની શૃંખલા ઊભી થાય.

અત્યારે જે અંદરથી સંસ્કારો ઉદય પામે, એનું વિવેક વડે નિરીક્ષણ થાય, અમુકનો નાશ થાય કે વિરોધ થાય, અમુકને વેગ મળે એનો વિકાસ થાય, એ બધા ક્રિયમાણ અને પ્રારબ્ધના ચમત્કાર છે. ઝીણવટ તો બહુ લાંબી છે. આત્મજ્ઞાન પ્રારબ્ધના ભોગનો ક્ષય કરે, ક્રિયમાણનો અકર્તૃત્વભાવથી અને સંચિતનો આત્મભાવના જ્ઞાનાગ્નિવડે બાળી નાંખીને (બીજને શેકી નાખવાથી જેમ ઊગી શકે નહીં) નાશ કરે.

...લખવાનું કેમ નથી થતું, એ હું પણ હમણાં જાણી શકતો નથી. પ્રેરણા પર આપણે કાબુ મેળવવો એટલે ઇશ્વરીય પ્રેરણાને દબાવીને કે પ્રેરણા ન હોય તો પણ આપણે આપણી અહંભાવી પ્રેરણા વડે કાર્ય કરવાનું નથી બનતું. એ પ્રેરણા કરશે ત્યારે લખાશે કે જે થવું હશે તે થશે, એમાં હું, તું, તેની પ્રેરણા કે આગ્રહ નકામાં છે.

બધાંને પોતપોતાનું જગત ગમે અને તે ઉપરાંત બીજાનું સારું લાગે તેની નકલ કરવાનું પણ મન થાય છે. વળી ખરાબ લાગે તે પૃથ્વી પરથી નાશ કરવાનું મન થાય છે. આ છે જીવાત્માના રાગદ્વેષ.

(૪૭)

તા. ૧-૨-'૫૬

તમે બધાં કુશળ હશો, વાચનથી શાસ્ત્ર-જ્ઞાન વગેરે વધે એમાં મારી ના નથી પણ વિજ્ઞાનમય કોષવડે મનોમય અને પ્રાણમય કોષ

સુધીની સુધારણા તથા નિયંત્રણા થાય એ વધારે શ્રેયસ્કર છે. ચિત્તનું સમત્ત્વ એથી સચવાઇ રહે છે, સાક્ષીભાવ કેળવાય છે, દ્વંદ્વના હુમલાની ખબર પડે છે અને તેથી સચત રહેવાય છે એ બધું શ્રેયસ્કર કહેવાય છે

હવે જાગ્રતિ સતત રહેતી હશે. વાચન પણ કંઈક ચાલતું હશે.

(૪૮)

તા. ૮-૮-'૫૬

ચિ. સૌ...બ્હેન,

...ઇશ્વર આપણા ચિત્તની આત્મવૃત્તિને ચકાસી જોવા માટે રજોગુણી, તમોગુણી નામરૂપે આવીને ધામા નાંખે છે. એમાં કેવલ દેહ-પોષકો યે આવે, એમના મનથી લહેર કરે, ઇશ્વરની દૃષ્ટિએ અપરાધી બને (કર્મ પ્રમાણે), એ બધામાં આત્મદૃષ્ટિની કસોટી થાય, કાચી હોય તો તૂટી પડે, નહિ તો દૃઢતા વધે.

...તેં કાંઇ વાંચવા માંડ્યું ? કલકત્તાના અદ્વૈત આશ્રમનો વેદાન્તસાર મંગાવ્યો ? વેદાન્તની પ્રક્રિયા બરાબર એકવાર સમજાય તો સરળતા આવશે. પણ ઠીક સમજાઇ જવી જોઇએ. બધુંયે થઇ રહેશે.

(૪૯)

તા. ૨-૧૨-'૫૬

વહાલાં બાળકો,

પાછલાં બધાં વર્ષનાં આધિ, વ્યાધિ અને ઉપાધિને ખંખેરી નાંખીને તમે બધાં, કોઈ અતિથિ હોય તે તથા સૌ...નાં ભાઇ

ભાંડુઓ અને કુટુંબીજનો આજથી શરૂ થતા નવા વર્ષમાં, સ્વાસ્થ્ય, સંપત્તિ, સદાચાર અને સેવાને જીવનમાં ઊતારવા શક્તિશાળી બનો, એવી પરમકૃપાળુ પરમાત્માને વિનમ્ર પ્રાર્થના સાથે મારા વહાલભર્યા આશીર્વાદ છે.

(૫૦)

તા. ૨૧-૨-'૫૭

ચિ. સૌ.... બ્હેન,

...બાળકો માટે તને પોતાને સંતોષ છે અને તને આત્મનિરીક્ષણ કરતાં આવડયું એ મારે મન પ્રમાનંદ છે. આત્મજ્ઞાનનું એ પહેલું પગથિયું છે.

(૫૧)

તા. ૧૫-૫-'૫૬

આશીર્વાદ,

બાહ્ય વિશ્વ આન્તરમનની છબી માત્ર છે એ ભૂલવાનું નથી. આન્તરમન આત્માનંદમાં તૃપ્ત હોય તો એક, બે, ત્રણની ગણતરી કરાય એવા ભરતી ઓટ બહુ થતા નથી. થાય તે પણ નજીવા; મરવા પડેલા સાપની પૂછડીના જેવા વ્યર્થ ધમપછાડા.

વર્તમાન ભારતનાં તો શું પણ વિશ્વનાં બધાં ક્ષેત્રોમાં બહિર્મુખ વૃત્તિ જ વધી પડી છે અને એ માટેના પ્રસંગો ઊભા કરવા, યોજવા, પ્રચાર કરવો, બહુ કર્યું, સારું જ કર્યું, એવી આછકલી રૂઢિ થઇ પડી છે. અલ્પને પણ મહાન માની કે બનાવીને अहोरूपं अहोध्वनि ના મેળાવડાનો પાર નથી. અસ્તુ !

એમનું એમને મુબારક હો ! પામર જીવડાં છે બિચારાં.

ગુરુપૂજન એ યજ્ઞવિભાગ નથી કે જેમાં બીજા કર્મકાંડનો ઉપયોગ થાય; સંન્યાસી ચાતુર્માસ નિમિત્તે એક સ્થળે નિવાસ કરે. વિષ્ણુ ( સત્ત્વગુણ ) શયન કરે ( શાન્ત થાય ) તે વખતે ચતુર્થાશ્રમી સંન્યાસીના પૂજનનો અમુક જ વિધિ છે; એમાં તમે કહો છો એવું ન હોય ! અભિષેક કોના ઉપર કરવો ? સંન્યાસીના મસ્તક ઉપર ? સ્વસ્તિવાચન બ્રાહ્મણો કોને માટે કરે ? સંન્યાસીને માટે ? પૂણ્યાવાહન કોને માટે? આ બધાં કર્મકાંડ તો ગૃહસ્થાશ્રમીના ઉત્સવોમાં હોય. આમાં નહિ. આ આચાર્યપૂજન છે અને તે પણ સૂક્ષ્મ રીતે. પૂજનને અંતે સંન્યાસીને માટે ચાતુર્માસના નિયમનું વાચન એમાં આવે છે.

પૂજનમાં વિદ્વાન બ્રાહ્મણનું કામ નહીં, પણ આચાર્યપૂજનની પૂજા પદ્ધતિ પ્રમાણે કરાવે એટલે બસ. બાકી મુખ્ય તો છે સ્વાધ્યાય, ઉપાસના વગેરે.

(૫૨)

તા. ૧૬-૬-'૫૬

પ્રિય શ્રી...

... તમે તમારા ગ્રહ–પૂર્વગ્રહને ઓળખીને શાંત કરો એ મને ખૂબ જ ગમશે. બન્ને એટલાં બધાં ડાહ્યાં છો કે મારું તો તમને યાદ કરતાં–તમારા ડહાપણનો વિચાર કરતાં–હૈયું ભરાઇ આવે છે ! વહાલથી, ગુસ્સાથી નહીં. ગ્રહો છોને આવીને શરીરગૃહમાં રમ્યા કરે ! એ આત્મસૂર્યને સ્પર્શી શકે એમ નથી. ગ્રહો આગમાપાયી છે અને ભગવાન્ આજ્ઞા કરે છે કે:

आगमापायिनोऽनित्यांस्तांस्तितिक्षस्व भारत ।

ભ. ગી. અ. ૨ શ્લોક ૧૪

એ આવશે અને જશે; રહેશે કોણ તે તો જાણો છો ને?

તનમનની જેટલી દોડધામ કરવી હોય એટલી કરો; થવાનું હશે તે થશે; તમને એનું ભાન નથી. તમે આ જગતને વળગી રહેવા, એમાં ખૂંપી રહેવા, ચોંટી રહેવા આવ્યાં જ નથી. આ ખોળિયું છોડીને ઉડશો. શોધ્યાંય નહીં જડો. આ તડફડાટ છેલ્લો છે. ત્યારે પાંજરે પડેલો પોપટ ઊડીને પાંજરાથી બહાર ક્યાં જશે? મને ઘણી વાર તમારી નિર્દોષ, બાળક્રીડા જેવી બાળકોની રમકડાં માટેની ઝગડા જેવી વાતો સંભારી સંભારીને હસવું આવે છે; પૂર્ણ બ્રહ્મસ્વરૂપ હોવા છતાં, પણ પૂર્વ સંસ્કારના અવિદ્યા-અજ્ઞાનને લીધે રામચંદ્રજી રડતા-લડતા હતા; તમે એવું જ કરો છો એમ મને લાગે છે, અને મને ભૂલાવામાં નાંખવા માટે માયા દેખાડો છો! ભલાં થઈને મને માયા ન દેખાડો.

જ્યોતિષનો પ્રકાશ પડે તેટલો ઝીલો પણ એની ગણતરીની ગૂંચવડોમાં ગ્રહોને ચાલવા દો; ગતિશીલ રહેવું એ એમનો સ્વભાવ છે. તમે તો આત્મસૂર્ય છો. એ રમતમાં ન ફસાશો. આનંદ તમારું સ્વરૂપ છે. એ જ નિર્મોહી-અશરીરી પ્રેમ તમે છો.

ચિ. સૌ....બ્હેન,

... દોડવું હોય તેટલું દોડ; મારી સાથે આત્મસંબંધ જો તેં માન્યો-બાંધ્યો જ હોય તો દોડાય તેટલું દોડી લે. છેવટે થાકીને બાળકભાવે તારા હૈયામાં-માતૃ હૃદયમાં ઢળી પડીશ એટલે ૐ શાંતિ, બાકી બધુંય અનાત્મ છે!

લોકવાસના અને શાસ્ત્રવાસનાનું ભૂત મનમાં લાવ્યા વિના જે કરવું-ભણવું-ભમવું-રમવું-લડવું-ઝગડવું-કરવું હોય તે કર્યે જા, મારી લાડકવાયી દીકરી! સંસારમાં આવ્યાં છો શા માટે?

આત્માને ઓળખવા, પામવા અને અનાત્મનું મિથ્યાત્વ સમજવા. જ્યાં સુધી મિથ્યાત્વ ન સમજાય ત્યાં સુધી વૈરાગ્ય નહીં; આત્માનું નિત્યત્વ ન સમજાય ત્યાં સુધી ભક્તિ નહીં.

કોઇ સારી એવી સ્કૂલ કે કૉલેજ ખાસ કરીને કન્યાઓની હોય ત્યાં ઊંચી પાયરીની નોકરી મેળવી લે; પછી તત્ત્વજ્ઞાન સાથે એમ. એ. થા, પછી પી. એચ. ડી. થા; આ અનુભવ લેવા જેવો છે તે લઈ લે જેથી આ શુદ્ધ-શુભ વાસનાનો છેડો આવે.

તે વિના look within આજ્ઞા નકામી છે; મારે મન તો તારું વિશુદ્ધ હૃદય—એમાં રહેલું પરમપવિત્ર ચૈતન્ય જ અમૂલ્ય છે; બીજું બધું તને એ ઓળખવામાં સહાયક થાય—થાઓ એવી આંતરિક અભિલાષા સાથે આશીર્વાદ છે.

## (૫૩)

આશીર્વાદ,

બે કાગળો લખ્યા; એની બાહ્ય વ્યવહારમાં શી અસર થશે એ પરમાત્મા જાણે. તમે ક્ષણભર માત્ર સ્વરૂપમાં ઊંડાં ઊતરશો એવી મારી શ્રદ્ધા ફલીભૂત થશે જ.

સ્વરૂપે અને હૃદયે તમે બન્ને વિશુદ્ધ છો. સમુદ્રમાં ભરતી ઓટ આવે, તોફાની મોજાં ઉછળે, સામસામાં અથડાય, ટીચાય, પડે, આખડે, પણ છેવટે તો પાણી જ ને ?

મારે મન તમે બે છતાં કેવલ એક છો ! સમજીને અનુભવો એવી વિનંતી, પ્રાર્થના, સંકેત, સૂચના, આજ્ઞા જે ગણો તે.

(૫૪)

તા. ૧૯-૧૦-'૫૬

ચિ. સૌ...બ્હેન,

જુદો પત્ર લખવાનું કાંઇ રહેતું તો નથી, પણ તને એમ લાગે કે કેં કેમ ન લખ્યું એટલે સાધારણ ભાવથી આ બે લીટી લખું છું. શ્રી...ના પત્રમાં તારો હિસ્સો છે જ એમાં શંકા કે પ્રશ્નને સ્થાન નથી; બન્ને એક બીજાને સળંગ અર્પણ થયાં છો, એ ક્યાં વિભકત થાઓ એવાં છો? ગમે તેમ કરો કે મનથી માનો ક્ષણિક વેગમાં જુદાં માનો, શરીરથી જુદાં માનો, પણ ચિત્ત, પ્રાણ, અને બુદ્ધિથી સંપૂર્ણ હૃદય સાથે એક થયાં છો, રહેશો-એવી મારી શુભેચ્છા તમે કબૂલ કરશો એવી શ્રદ્ધા છે.

અભ્યાસ ઠીક ઠીક ચાલતો હશે. શરીર સારું છે ને ?

લહેર કરો, બાળકોને વહાલ, તને આશીષ. ૐ.

(૫૫)

તા. ૧૯-૧૦-'૫૬

ચિ....ભાઇ,

ઘણા વખતથી તમારો પત્ર નથી. હમણાં હમણાં જાણે હું મોહ-મમત્વમાં ફરતો હોઉં એમ લાગે છે. 'આપણાં' કે 'મારાં' માને-લાંના પત્રો નથી આવતા એટલે મન જરા ઊંચું નીચું થાય છે. ભય એટલો જ કે કોઇના વ્યવહારમાં વિરોધી વાતાવરણે ગરબડ તો નથી ઊભી કરી ને ! તબિયત સારી હશે; શરદઋતુ ચાલે છે અને આજે તો શારદીય પૂર્ણિમા પણ છે, એટલે એની સ્થૂલ-સૂક્ષ્મ અસર મન શરીર ઉપર થાય, ત્યારે ચેતતા રહેવું જોઈએ એમ અધ્યાત્મશાસ્ત્રો

કહે છે. કાવ્યરસિકો કહે છે કે ઇંદ્રિયરસ દ્વારા મનને ચંદ્ર (જલ) તત્ત્વમાં તરબોળ રાખીને પ્રકૃતિનાં રાજસિક દશ્યોનો ભોગ (ઉપભોગ) કરવો. યોગ અને ઉપયોગ, ભોગ અને ઉપભોગ, આસન અને ઉપ-આસન, એવા ઘણા શબ્દપ્રયોગોમાં ઉપ-શબ્દનો વિચાર કરવો જોઇએ એમ નથી લાગતું ? યોગ પરમાત્માનો ઉપયોગ સાંસારિક સંબંધો અને પદાર્થોનો; ભોગ આત્માનંદનો, ઉપભોગ દેહનિર્વાહ માટેની વસ્તુઓનો. આસન-સાધારણ વ્યવહારમાં બેસવું ઊઠવું, સ્થિર થવું; ઉપાસના એટલે દેવની પાસે બેસવું, એનું સાન્નિધ્ય ચિત્તમાં રાખવું. આવું ઘણું યે હશે. જ્યારે જ્યારે જીવનના પ્રસંગોમાં એવા શબ્દો આવે, ત્યારે આવી દૃષ્ટિથી મનન કરીએ તો જીવન સહજ સ્વભાવે દિવ્ય બને. મને તો આવું વિચારવાનું બહુ ગમે.

શરીર પહેલાંના કરતાં ઠીક છે. દવા વગેરે લેવાય છે.

રહો છો ત્યાંથી ' ક્યાંક ' સગવડ થાય તો સ્થાન પરિવર્તન કરવાની પ્રબલ ઇચ્છા છે, પણ વર્તમાન ભોગ પૂરા થયા વિના બીજા ભોગનો ઉદય કેમ થાય ? ભાવી પ્રોજ્વલ હશે એવી શ્રદ્ધા રાખવી એ સાત્ત્વિક શ્રદ્ધા છે. પેલા સંન્યાસી જ્યોતિષી કંઇક કહી ગયા કે તમે તો સંન્યાસી બનશો ભવિષ્યમાં; તમે પણ જ્યોતિષી તો છો જ. એવું કૈં લફરું છે એમાં ? અને સંન્યાસમાં પણ કંઇક નિમિત્ત તો જોઇશે જ ને ? એનો વિચાર જો કે અત્યારે કરવો નકામો છે. નિમિત્ત શોધવા જવું ન પડે; એ તો એની મેળે ઉપસ્થિત થાય, થવાનું હશે તેમ થશે.

બાળકો વાંચવામાં પડયાં હશે. કેવી સરસ આ સંસારની રમત છે; ચાલ્યો જ જાય. પ્રવાહ રોકાય જ નહીં; અને રોકે પણ કોણ? કારણ કે જીવાત્મા પોતે જ ગતિશીલ પ્રાણી છે, સંસારપ્રવાહનું જ એક એ અવિભાજ્ય અંગ છે. રહ્યું અધિષ્ઠાન તત્ત્વ, એમાં પડીએ

ત્યારે ગતિ-અગતિ જેવું કશું યે ન રહે. પાંચ તત્ત્વો જેમ સ્થૂલ સૂક્ષ્મ રૂપે-ઘનસ્વરૂપે બધે ભર્યાં છે અને એનું અધિષ્ઠાન એવું જ વ્યાપક ચૈતન્યઘન છે, રજ્જુમાં દેખાતો સર્પ પણ વ્યાપક છે તેમ! પરમતત્ત્વની સાથે જેટલી તાદાત્મ્યભાવના વધે તેટલી સંસારના પ્રવાહની મીમાંસા કરવી સરલ થઇ પડે છે. દ્રષ્ટા, તટસ્થ જેવો જીવાત્મા સમસ્ત પ્રવાહને જોઇ-તપાસી જાણી શકે છે. એકાંતમાં એકલાં પડયાં હોઈએ અને જીવનના ભૂત પ્રવાહને અવલોકીએ ત્યારે ઘણા ખાડા-ટેકરામાં પડતા-આખડતા આપણે વર્તમાન દશ્યના દ્રષ્ટા બન્યા છીએ એમ સ્પષ્ટ જણાય છે.

સુખી હો! સુખી હશો! બધાં આનન્દપ્રસન્ન અને કુશળ હશો.

હમણાં તો ત્યાં આવવાની ઇચ્છા નથી. અનુકૂળતા પણ નથી. અહીં લખવાનું હાલમાં કાંઇ પણ બનતું નથી. પણ હું જે એવી આશા રાખું છું કે આ શરીર હોય કે ન હોય-અને તમારાં બન્નેનાં શરીર હોય-ત્યાં સુધી તમે એવું સુંદર જીવશો લખશો-બોલશો -આચરશો-એવી શ્રદ્ધા દૃઢ અને પૂર્ણ થતી જાય છે. પરમાત્મા તમારા ભવિષ્યને સર્વાંગપૂર્ણ અને સર્વાંગ સુન્દર બનાવે, એવી એની પાસે (એ કયાંક દૂર બેઠો હોય તો) પ્રાર્થના છે અને તમને અત્યંત વહાલભર્યા આશીર્વાદ છે. તમે એવાં બનવા પ્રયત્નશીલ રહો એવી વિનંતી, પ્રાર્થના, સૂચના અને આજ્ઞા છે ૐ.

ઘરનાં છયે જણાંને યાદ કરી કરીને, માનસિક મૂર્તિનાં દર્શન કરીને આશીર્વાદ લખું છું.

(૫૬)

તા. ૩-૧૧-'૫૬

...ત્યાં કયી રીતે અવાય બેસતા વર્ષે? અહીં આવનારાં,

ગામમાંથી હોય; બહારનાં પણ કોઇ હોય. લાભપાંચમ સુધી તો ન નીકળાય, અને આમ ઘેર ઘેર શરીર (સ્થૂલ) ફેરવવા બેસીએ તો બધે કેમ પહોંચી વળાય ? ભૂતકાળમાં જે ભગવાનો થઇ ગયા, કેટલાક મહાત્માઓ થઇ ગયા એમણે ઠેકઠેકાણે અનેકરૂપે દર્શન આપ્યાં, એમ કહેવા કરતાં ઠેકઠેકાણે સૌ ભકતોએ એમનાં દર્શન કર્યાં એમ કહેવું વધારે યોગ્ય છે; અને એ જ સત્ય છે. કારણ કે દર્શનનો આધાર દૃશ્ય ઉપર નહિ, પણ દ્રષ્ટાની અંતરમાં રહેલી યથાભાવ દૃષ્ટિ ઉપર છે.

માટે જેવું દર્શન કરવું હોય તેવી દૃષ્ટિ કેળવો. દ્વૈત અદ્વૈતની વચ્ચે જે દ્રષ્ટા-દૃશ્ય-દર્શનના ભેદ છે, એ બધા દૃશ્યમાં નહીં પણ દ્રષ્ટાની દૃષ્ટિમાં રહેલા છે એમ વેદાન્ત કહે છે.

આનન્દ કરો ! સદ્-ભાવ કેળવશો તો ચિત્ અને આનંદ દોડયાં આવશે. એ કયાંય જઈ શકે જ નહીં કારણ કે સત્ ચિત્ આનંદ ભિન્ન ભિન્ન નથી. એક જ છે. એકને રાખે એટલે બીજાનો અનુભવ થશે.

દૃશ્યોમાં ચૈતન્ય, પરિવર્તન, ગતિ વગેરે જણાય છે તે દ્રષ્ટાનો અધ્યારોપ છે; દ્રષ્ટા સ્વરૂપે નિશ્ચલ, અચ્યુત, નિરંજન, નૈષ્કર્મ્ય છે. જે ત્રિપુટીભેદ, તથા દૃશ્યાસકિત ઊભાં કરે છે તે પોતાની જ સ્વેચ્છાસ્વરૂપિણી અનિર્વચનીય માયાવડે થાય છે. જ્યારે એની પોતાની ઈચ્છા થશે, એ ત્રિપુટીને વૈરાગ્યનું, અનિત્યતાનું તથા દ્વૈતબંધનના ત્રાસનું ભાન થશે ત્યારે તૃતીય નેત્ર ઊઘડશે. શિવોઽહમ્‌ની ગર્જના થતાં વેંત ૐ શાન્તિ ! શાન્તિ ! શાન્તિ !

બધાંય કુશળ હો; દીવાળીનો પ્રસાદ પહોંચ્યો. ત્યાં બધાંયે લહેર કરી હશે. ત્યાં સૌ... બ્હેને સાથીઆ પૂર્યા હશે; રૂપાળા હશે. અહીં પણ લગભગ ત્રણેક ફૂટના વ્યાસનો સુન્દર સાથીઓ કોઇ બહેને પૂર્યો છે. સ્વસ્તિક શબ્દનું પ્રાકૃત નામ સાથીઓ છે. તમે તો

સ્વસ્તિક નામવાળા વૈશ્યની નોકરી કરો છો, એટલે તમારે ત્યાં તો સદાય રોમરોમમાં સ્વસ્તિક છે. 'સ્વસ્તિ' કરે એ સ્વસ્તિક :

સાથીઓ શબ્દ પણ સારો તો ખરો. સાથ આપે એ સાથીઓ; સાથીદાર એમ ન કહેવાય ? સાથ આપનાર નિત્યને માટે કોઇ નથી કારણ કે આત્મામાં દ્વૈત કે ગતિ જ નથી; જે એક જ હોય, તેમાં ગતિ, ગન્તવ્ય કયાંથી હોય ? અને જ્યાં કૈંક અસ્વસ્તિ હોય ત્યાં સ્વસ્તિ કરવા કહેવાનું હોય ને !

પણ એ બધું જ્ઞાનનિષ્ઠામાં ઠસાવી દેવા માટે છે. વ્યવહારમાં વ્યવહારીઓની વચ્ચે જીવવું, બોલવું, રહેવું, એટલે જેને જેમ ગમે તેમ બોલીએ ને ગાડું ચાલતું હોય તેમ ચલાવીએ ! આપણે શું ?

બધાંયને આશીર્વાદ. બધાંયને જુદા જુદા પત્ર નથી ચીતરતો કારણ કે બધાં એક જ પટ પરનાં એક જ ચિત્રનાં જુદાં જુદાં અંગો છો. નકશો એક છે, ખંડ જુદા દેખાય છે તે તો વચમાં લીંટાની હદ દોરી છે તથા જુદા જુદા રંગ પૂર્યા એટલે જુદાં જુદાં લાગે. ( જુઓ, પંચદશી : ચિત્રદીપ પ્રકરણ ). નકશાના એક ભાગ પર ગમે ત્યાં આંગળી રાખીએ તો બધાયને સ્પર્શ કર્યો કહેવાય. એમ સર્વ સમીપ, પોતપોતાના મનને, શરીરને, જીવાત્માને, આત્મદૃષ્ટિ-ભગવદ્દૃષ્ટિથી સ્પર્શ કરીએ, અને અનાત્મસ્પર્શને દૃષ્ટિમાંથી નિર્મૂળ કરીએ, તો પછી માંડૂક્ય કારિકામાં ભ. ગૌડપાદ જેને અસ્પર્શયોગ કહે છે એનો સુન્દર અનુભવ થાય.

લખતાં લખતાં વેદાન્ત ડોળાઇ ગયું કારણ કે હવે તમારામાંથી એક એનો શાસ્ત્રાભ્યાસ કરે છે એટલે જલદી સમજશે.

(૫૭)

તા. ૧૭-૨-'૫૭

ચિ. સૌ....બ્હેન

આજે express deliveryથી પત્ર મળ્યો. ઘણા દિવસથી

હું તમારા બેમાંથી એકેયને પત્ર લખી શકયો નથી. કારણો હોય કે ન હોય એ પ્રશ્ન નથી, પણ બે ત્રણ દિવસથી હું તમારી વિસ્મૃતિ થવાથી મને અપરાધી માનતો હતો કે ચિત્તમાં તમારા તરફના વિસ્મરણ પ્રમાદનું શું કારણ હશે ? પ્રત્યેક આત્મસાધકે તો કારણ પોતાના ચિત્તમાં જ શોધવું જોઇએ, એ ન્યાયે હું તપાસણી ચકાસણી પણ કરતો હતો.

(૧) એક વાત ઊગ્યા કરતી હતી કે શ્રી...બહુ કામકાજમાં હશે અને તેથી પત્ર નહિ લખી શકતા હોય; (૨) મેં અમદાવાદ આવવાની ના લખી છે તેથી કૈંક એ સજ્જન દુઃખી થયા હશે, રીસાયા હશે ! અસ્તુ !

(૫૮)

તા. ૨૪-૨-'૫૭

આશીર્વાદ.

તમે મુંબઈથી શરીર સારું કરીને આવ્યા હશો એમ લાગે છે; દોડધામ શરીરને, અને કામની ગૂંચવણો મનને પરિશ્રમ આપે છે એ સાવ સાચી વાત હોવા છતાં એનો સંતાપ પાછળથી મનને ન ચડી જાય એવી સાવધાનતા રહેવી જોઇએ. કેટલાંક વાસણો એવાં હોય છે કે તપતાં વાર લાગે ને ઠંડાં થતાં પણ વખત માગે, કેટલાંક એવાં હોય કે જલદી ગરમ થાય ને જલદી ઠંડાં થઈ જાય; આપણું મન બીજા પ્રકારનાં વાસણો જેવું હશે ખરું ?

(૫૯)

તા. ૨૬-૨-'૫૭

આશીર્વાદ.

...મહાશિવરાત્રિ ઉજવો; એ રાત્રિએ શિવસ્વરૂપ, અખંડ

પ્રકાશ (ચૈતન્ય) સ્વરૂપની પૂજાનો વિધિ છે. વિશ્વ જયારે અવ્યકતમાં ઊતરે ત્યારે ત્યાં કેવલ રાત્રિના અંધકાર જેવું તમસ જ શેષ રહે, પણ ચૈતન્ય તો જેમનું તેમ પ્રકાશિત જ રહે છે. કર્મકાંડમાં તમને શ્રદ્ધા નહિ પણ આનંદ આવે છે; એ સંસ્કાર સારા છે છતાં બીજાંની ઉપર આગ્રહ રાખીને ઠોકી બેસાડવાની મનોવૃત્તિ કુશળ ન કહેવાય. બીજાં તમને થતા આત્મલાભને જોઇને શ્રદ્ધાળુ બનીને આનંદ પામે, એ જ યોગ્ય છે.

(૬૦)

તા. ૯-૩-'૫૭

...મારી તબિયત નાની મુસાફરીમાં પણ બગડી આવી એમ મને લાગ્યું; હવે ઠીક થયું છે. એ માટે હવે વધારે ચિન્તા મને થતી નથી. તમારી બન્નેની એક સાથે, અથવા બન્નેમાંથી એકની સ્વતંત્ર મનોદશા મને બહુ મૂઝવે છે. આ વખતે ત્યાંથી આવ્યા પછી, હું તમને તો નહીં, પણ બીજાઓને પણ વિસ્તૃત પત્રો લખી શકયો નથી; જાણે આન્તરસર–માનસસર ડહોળાયા કરે છે; ગમે તેટલું સ્વચ્છ જલથી ભરપૂર સરોવર હોય, તો પણ ચંચલ હોય તો એમાં આત્મા-સચ્ચિદાનંદનું પ્રતિબિંબ યથાસ્વરૂપે દેખાતું નથી; પડે તો છે જ પણ એમાં સ્થિરતા ન હોવાથી પૂરો આનંદ આવતો નથી.

તમે બન્ને જેટલાં બુદ્ધિશાળી છો તેટલાં જ લાગણીથી એક સરખાં ભરપૂર છો; કોની લાગણી કયારે આવેશ પકડે, અને એમાંથી મુખ્યત્વે એને પોતાને તથા ગૌણ રૂપે સામાને એનાં પ્રચંડ મોજાંનો ધક્કો વાગે એ કોણ કહી શકે ? કારણ કે લાગણીના આવેશ વખતે બુદ્ધિ ( વિવેક-વિચાર-શકિત ) બહેર મારી જાય છે.

(૬૧)

તા. ૧૦-૩-'૫૭

આટલો પત્ર પરમદિવસે રાત્રે લખ્યો; આન્તર મન્થન જબરદસ્ત હતું. એમાં થોડો ભય હતો. મને નબળાઇ લાગતી હતી કે મારાથી કશું જ નહિ બની શકે. અવિશ્વાસ આવવા માંડયા.

પણ પછી આ પત્રનો વધારાનો આગળનો ભાગ તો ૧૧ પાનાં જેટલો લાંબો થયો; સૌને તટસ્થ, દૃષ્ટિથી લખેલો હોઇ જેને ઠીક લાગે તેવો ઉપયોગ કરવો હોય તો કરી શકે, એમ માનીને લખવું ચાલુ જ છે.

મને અશાંતિ નહિ પણ વૈરાગ્ય સાથેનો ખેદ થતો હતો. એમાં આશ્ચર્ય સાથેની ગ્લાનિ હતી. અપૂર્ણતા અને દોષ જોવા જાઉં તો મારું હૃદય બગડે. સદ્ભાવ ન ગુમાવવો એ સ્વધર્મ રહ્યો.

તમારા બન્નેમાં રહેલા સામાન્ય ઇશ્વરી અંશને પ્રતિક્ષણે પ્રાર્થના કર્યા કરું છું કે તમે–વિશેષ અંશરૂપે માનવીય જીવાત્માઓ છો તે શાન્તિ ભોગવો.

अशान्तस्य कुतः सुखम्–ગીતા કહે છે; બધાં કુશળ હો. સૌને આશિષ. તનન બન્નેને વ્હાલ ! ઝીલજો હો !

(૬૨)

તા. ૧૧-૩-'૫૭

..જરા મન હલકું થયું क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वा उत्तिष्ठ परंतप ગીતા અ. ૨ શ્લોક ૩ : બધું ઠીક થશે; પરંતપ=બીજાને તપાવનાર. બીજાને નહિ પણ વિવેકી હોય તે પોતાના મનને તપાવે, તપશ્ચર્યા

કરીને ક્રોધ, શોક, મોહને બાળી મૂકે. માટે સમજી જાઓ ભાઇલા ! ડાહ્યાં છો ને ! ॐ શાંતિ ॐ શાંતિ ॐ શાંતિ.

(૬૩)

તા. ૧૨-૩-'૫૭

મેં એક લેખ લખવા માંડયો છે જે હજી અધુરો છે; નામ છે, "અધ્યાત્મયાત્રા અને દામ્પત્યજીવન." એમાં વાસના, કર્મ, કર્મ-ભોગ, સંયમ, પતિપત્નીની ધર્મભાવના, વગેરે ઘણું ગાંડું ઘેલું ચર્ચ્યું છે, કેવળ તમને જ લક્ષ્યમાં નથી રાખ્યાં હો. બ્હીતાં નહીં. પણ અલબત્ત એ લખવાની પ્રેરણા કરનાર તો તમે જ ગાંડાંઘેલાં છો. તમને તો મનગમતું મળશે અને હર્ષ પામશો કે, આવું બન્યું તો હું કંઇક લખી શક્યો; હા, આઘાત, આવશ્યકતા, અનિવાર્યતા વિના હું કશું લખી શકતો નથી. નિમિત્ત વિના કાર્ય જ થતું નથી.

...તમારી નોકરીની મજુરી ચાલે છે. ત્યાંથી બીજે ક્યાંય ન થયું તે ન જ થયું. એ છે પ્રારબ્ધ લીલા. સૌથી મોટો યોગ તે પ્રાર-બ્ધયોગનું જ્ઞાન. પરિવર્તનશીલ સંસારમાં અપરિવર્તનશીલ આત્મ-દૃષ્ટા રહીને નિર્લેપ રહેવું. નિર્લેપ જ છીએ એવું સભાન આચરણ થવું એ છે એનું જ્ઞાન. પણ પેલી જાગ્રત સ્વપ્નની દેહાધ્યાસની દૃઢતા, હું દેહ છું, એવો અભિનિવેશ આ બુદ્ધિગત ક્ષણિક જ્ઞાનને સ્થિર જ થવા દેતો નથી.

(૬૪)

તા. ૧૫-૬-'૫૭

આશીર્વાદ.

... ...જન્મથી અત્યાર સુધીના જેટલા યાદ કરી શકાય

તેટલા પોતપોતાના પ્રસંગોનું સૂક્ષ્માવલોકન કરો; કેટલાં અને કેવાં દ્વંદ્વો આવીને ગયાં એ તપાસો. જેમ વ્યાધિ પોતાની અશક્તિ મૂકી જઈને શરીરને દુર્બલ બનાવી જાય છે, તેમ હર્ષશોક, સુખદુઃખ, લાભહાનિ, સંયોગ વિયોગ વગેરે દ્વંદ્વો આવીને ગયાં; ચપટી વગાડતાં ચાલ્યાં જાય એમ ગયાં –ખરું ને? હતાં નહોતાં થઇ ગયાં. હવે એ જુઓ કે મન–મનોમયકોષ ઉપર એ શું શું મૂકી ગયાં? એમાંથી હર્ષ, સુખ, લાભ એ કેટલાં રહ્યાં અને એના વિરોધી ભાવ કેટલા રહ્યા? તટસ્થ રીતે જોજો હોં! તમે તો છો તેવાં ને તેવાં જ, ઉલટાં જ્ઞાનપ્રૌઢ બનીને શાંત, વિજ્ઞ અને પ્રજ્ઞ થઇને બેઠાં છો, એવું જ તમને લાગશે. મનનું એ ઘડતર છે, એમાં પ્રૌઢતા આવવી જોઇએ. આત્મગંભીરતા પ્રકટવી અને ઉલસવી જોઇએ. મને તો લાગે છે કે તમે એ ખૂબ કેળવી છે; તમને મળી છે.

જે આવવાનું હતું તે જ આવ્યું. અણગમતું આવ્યું કે અણધાર્યું આવ્યું, પણ જે આવ્યું તે ગયું. પૂર્વ પુણ્ય અને પવિત્ર સંસ્કારના પરિપાકે આવ્યું તે તો જવાનું હતું માટે ગયું, પણ એમાંથી આત્મનિરીક્ષણ કરીને તટસ્થભાવે જોતાં શીખ્યાં અને એમાંથી ગંભીર પ્રજ્ઞાલાભ થયો, એ મારે મન તો મહદ્ પુણ્યભર્યાં ભાગ્યોદયનાં ચિહ્ન છે. હું તમને આવાં માનું છું અને છો માટે જ માનું છું. પરમાત્મસ્વરૂપ ગુરુદેવ એમની અત્યંત કરુણામય શક્તિનો તમારામાં ઉત્તરોત્તર શુભ વિકાસ સાધી અપાવે, એવી મારી મહત્ત્વાકાંક્ષા છે અને એમને દીન હૃદયે–આર્તભાવે પ્રાર્થના છે ક એ અવશ્ય સાંભળે.

સુખી, શાંત, પ્રસન્નગંભીર અને વિવેકશીલ હો!

પરમાત્મા તમારું સર્વ રીતે મંગલ કરે. બધાં બાળકોને વહાલથી આશીર્વાદ અને તમને બન્ને પ્રૌઢ બાળકોને વાંસામાં એક પ્રેમોત્સાહભર્યો ધબ્બો; ખમી લેજો.

(૬૫)

તા. ૧૯-૯-'૫૭

પ્રિય શ્રી......

તમે લખો છો કે "મારી ફિકર કરશો નહિ" પણ એ કેમ બને ? એ તો ચિત્તનો સહજ સ્વભાવગત ધર્મ છે. વિચાર આવે, સુખે સુખી કે દુઃખે દુઃખી થવાય, એમાં અંતઃકરણ પોતાના સ્વધર્મ પ્રમાણે શુભ સંકલ્પો ગોઠવે એવું તો બને જ; અને ફિકર ન થાય એટલે તો મનનું છતી આંખે અંધ બનવું, છતા જ્ઞાને બુદ્ધિ તથા હૃદયને જડ બનાવવાં. મુક્તિ કોઇ એવો રોગ નથી કે ચિત્ત, બુદ્ધિ કે શરીરને જડ કે રોગી બનાવે. એ તો જ્ઞાનજાગ્રતિ લાવે, નિર્મોહી સંકલ્પબલ વધારે, દ્વંદ્વમુક્ત વ્યવહાર કરાવે, માટે એવું હવે ન લખતાં. હું તો એમ કહું કે તમે મારી ચિન્તા ન કરતાં, કારણ કે તમારે તમારી પોતાની સ્થિતિમાં મનને રોકી રાખવું પડે છે. વ્યવહારનું મન્થન તમારે માથે છે. તમારા મન્થનમાં મારે ભાગીદાર થવું એ મારા ચિત્તનો સ્વધર્મ. અહીં વ્યર્થ મન્થન નથી. આનન્દ છે. એમાં તમે ભાગીદાર થાઓ એમ તો હું કહેતો-ઇચ્છતો જ આવ્યો છું.

... ...તમે બન્ને સમાધાન વૃત્તિથી રહેતાં હશો. સમ્-આધાન એટલે સમ્-સારી રીતે આધાન કરવું-મૂકવું-રાખવું. બીજો અર્થ મેળવવું-પ્રાપ્ત કરવું એવો પણ થાય છે.

સમાધાનની પાછળ ઉદ્વેગ કે હતાશાનિરાશા ન હોવાં જોઇએ. એની પીઠમાં તો વિપુલ શાંતિ હોવી જોઈએ.

સમાધાન બે રીતનાં હોય છે. એક જયારે મન ઊંચું-ઊભું

થયું હોય તેને બેસાડવું પડે તે, અને બીજું હોય ત્યાંથી ઉપાડીને બીજે મૂકયું હોય ત્યાં ખસી ગયું હોય તો ઠીક કરવું.

એક અનિષ્ટ વિષયમાંથી ખસેડીને બીજા ઇષ્ટ વિષય પર મૂકવાથી પણ સમાધાન થાય. બાળકને એને જોઇતી ચીજ મળે ત્યારે એનું મન એ વિષય ઉપર ગોઠવાય–તે રીતે સમાધાન થાય–તેવા વિષયાન્તર થયેલા સમાધાનથી જે શાંતિનો આભાસ થાય છે, તે અનિત્ય છે. અધ્યાત્મમાર્ગમાં એવું સમાધાન ઇષ્ટ નથી.

વિષયમાંથી મન ચંચળ થયું, વિક્ષેપ થયો, ત્યારે એને નિત્યને માટે સ્થિર તથા શાંત કરવા માટે નિત્ય તત્ત્વ ઉપર જ મૂકવું જોઇએ. અનિત્ય ઉપરથી તો પાછું એ ખસી જશે. નિત્ય સચ્ચિદાનંદ સ્વરૂપ પર મૂકવા માટે એના પ્રતીક જેવાં ૐ વગેરે મંત્ર, ઈશ્વર, સંતમહંત કે ગુરુ વગેરેના બ્રહ્માનુભવી ચિત્ત ઉપર મૂકવું, પોતાના આત્માનંદ પર મૂકવું, તો જ ત્યાં એ નિત્ય રહેશે, કારણ કે ત્યાં નિત્ય જ્ઞાન-યુકત આનંદ છે. બાકી બીજાં સાંસારિક રીતનાં સમાધાન આપણે કબુલ મંજૂર રાખવાનાં નથી.

(૬૬)

તા. ૫–૭–'૫૭

......ઇચ્છા કરવામાં સૌ સ્વતંત્ર છે, પણ ફલ પ્રાપ્ત કરવાના કાર્ય પ્રદેશમાં સૌ પરાધીન છે. માયાદેવી કૈં નું કૈં કરી મૂકીને આપણને એ રીતે સભાન કરવા માટે જ આપણી ઇચ્છા વિરુદ્ધ ઘણું કરી મૂકે છે. એ ગડબડમાં, વિરોધમાં જ આપણી આત્મ-નિષ્ઠાની કસોટી છે. સૌથી સહજ સાધ્ય યોગ રાખવો હોય તો તે આ યદ્દચ્છાયોગ જુઓ. ભ. ગી. અ. ૨. ૩૨ અ. ૪. ૨૨.

બીજા અધ્યાયમાં યુદ્ધ ( મતભેદ–યુદ્ધ આંતરિક છે. પ્રત્યક્ષ

મારામારી કે શબ્દયુદ્ધ બાહ્ય છે ) એ પણ યદચ્છા હોય તો વીર ( ક્ષત્રિય ) સાધકને સ્વર્ગદ્વાર અપાવે, ખુલ્લાં કરે; બાહ્ય સુખ તો આપે જ. અને ચોથા અ. માં યદચ્છામાં સંતુષ્ટ હોય તે દ્વંદ્વાતીત થાય, કાર્યની સિદ્ધિ ( સફળતા ) અસિદ્ધિ ( નિષ્ફળતા)માં સમચિત્ત રહે તથા યુદ્ધના બંધનમાં ન પડે એમ કહ્યું છે.

માટે આનંદપૂર્વક થાય તે થવા દેવું. ઇચ્છા તો સ્વભાવ પ્રમાણે થાય પરન્તુ ધાર્યા ફલનો જ આગ્રહ ન રાખવો. સફળતા નિષ્ફળતામાં, ઉપર પ્રમાણે આપણને જે પ્રસંગો શીખવે, જડ કે ચેતન પ્રાણી પદાર્થો પ્રસંગ આપે, તે પણ આપણા એટલા પૂરતા તો ગુરુ ખરા જ ને !

(૬૯)

તા. ૩–૯–'૫૭

... ... માયાના પ્રદેશની વિચિત્રતા જ એ છે કે જીવાત્મા સંયોગોમાં પરિવર્તન કરવાની મનોવૃત્તિ ઊભી કરે, પણ પૂર્વકર્મના ફલભોગ કેવા સંયોગો ઊભા કરીને સામે લાવી મૂકે છે, એનું અજ્ઞાન હોવાથી, ઇષ્ટ ફળ ન મળે ત્યારે દુઃખ અનુભવે છે. આવું ચક્ર, જન્મજન્માંતરમાં અનુભવ્યા છતાં, એનું શાસ્ત્ર કે રહસ્ય સમજાય નહીં, એ કેટલું ભયંકર અજ્ઞાન છે.

ક્રિયા કે કર્મ તો રોકાય જ નહિ. માત્ર એના આદિઅન્તમાં રહેલી ભાવના બદલી શકાય. કારણ કે ભાવના આન્તર પ્રદેશની ક્રિયા છે, જ્યાં આપણે એકલા અને સ્વતંત્ર છીએ. માબાપ પોતાના બાળકોને ટપલી મારે, એની પાછળ વહાલ વાત્સલ્યની ભાવના હોય છે. પણ વિરોધભાવે જરા શબ્દ પણ કોઇ કહે તો એ અસહ્ય થઇ પડે છે. એક જ પ્રકારની ક્રિયાની પીડમાં વ્યક્તિ દૃષ્ટિએ ભાવભેદ હોવાનો સંભવ હોય છે.

... ... પ્રયત્ન કરવાથી ઇષ્ટફલ પ્રાપ્ત થાય તો ઉત્તમ, ન થાય તો શુદ્ધ ભાવ રાખતાં આપણને આવડ્યું એ નાનો સૂનો લાભ નથી. કર્મની સફળતા કે નિષ્ફળતા વ્યક્તિ કે સમાજનાં પૂર્વકર્મ પ્રમાણે હોય છે. ભાવનાની શુદ્ધિ ને સુરક્ષિત રાખવાની જ્ઞાનશક્તિ એ શુદ્ધ ચિત્તનું ફળ છે.

(૬૮)

તા. ૨૩-૯-'૫૭

... ... સરકાર રસ્તે જતાને પંચમાં પકડે તો એણે ગમે તેવા કેસમાં સાક્ષી થવું પડે, તેવું સંસારમાં પણ છે. આ પંચતત્ત્વના પ્રપંચમાં-પંચમાં આપણે પકડાયા, કશું યે નથી કર્યું એમ માનીએ પણ એટલા યે માયાના બંધનમાં આવ્યા છીએ, એટલે આવા કલિકાળના ગોરખધંધા પણ સાક્ષી રહીને નજરે જોવા પડે. ત્રિકાલ ત્રિગુણ, કર્મના ત્રિવિધભેદ, જીવોના ત્રિવિધભેદ, બધાં સ્વપ્નજગતનાં દશ્યો છે. બધાંય એક સરખાં છે. આપણે તો બધાંની કીમત શૂન્ય જ ગણવાની છે. બ્રહ્માંડ એટલે જ શૂન્યનો વિસ્તાર.

શાકતો એમની દેવીનાં-શકિતનાં બાર કાર્ય પરત્વે રૂપો કલ્પે છે. એમાં સરસ્વતી, લક્ષ્મી, કાલી તથા બીજી અસંખ્ય ભયંકર, તેમજ શુદ્ર ધર્મી દેવીઓ પણ છે, દુર્ગા વ. છે. આ સંસારનું સ્વરૂપ સમજાવવા માટે એ વર્ણવી છે. બધીએ પોતપોતાનું કાર્ય કર્યા કરે, નાચે ને મઝા કરે. આપણે એના નાચમાં ફસાઇ પડવાનું નથી. એ બધી નિ:સાર જોવા માત્ર છે.

... ... કેવા શબ્દો વિચિત્ર છે. ઝાપટ મારી ગયા મેઘરાજા; વર્ષાની ઝાપટ-ઝપાટા-ધક્કાથી પૃથ્વી તૃપ્ત થાય અને એના ગર્ભમાં નાંખેલાં બીજો અંકુર બહાર કહાડે. સમસ્ત બ્રહ્માંડ એટલે જડ-

ચેતનની મિશ્ર અને મિથ્યા ક્રિયા-સરણી ચાલ્યા જ કરે ! એમાં જીવભાવે સૌ ઘસડાયા કરે; જેને છૂટવું હોય તે વિવેક કેળવીને પરમતત્ત્વ સાથે અભેદ સાધે.

(૬૯)

તા. ૨૬-૯-'૫૭

જગતનું જીવન-અરે આખા બ્રહ્માંડનું જીવન એટલે જ કર્મ-ક્ષેત્ર. એમાં ત્રણ ગુણની સામસામી રમત; એમાં એકલો સત્ત્વગુણ જ સમાધાન-બાંધછોડ કરી શકે.

... ... બહાર અવ્યવસ્થા ઊભી થાય, તે વખતે મગજમાં ગરમી ન જવા દેતાં, થોડો સાક્ષીભાવ ઊભો કરીને, વ્યવસ્થા સંભાળી લેવી પડે. કોઇપણ રીતે મન ( જે સંસારનું મૂળ બીજ છે) એથી ન બગડવું જોઇએ. અંતરમાં કોઈ માટે સદ્‌ભાવ સાચવવો, અને કહેવા કરવા જેવું હોય, તેમાં સમતા સચવાય એ મુશ્કેલીભર્યા પ્રયત્નમાં ખૂબ સાવધાનતા રાખવી પડે એમ હોય છે. એમાંથી જો અંતરમાં અશાંતિ, ગરમી, વધી જાય તો આપણી આંતરિક વ્યવસ્થા ખરાબ થઇ જાય છે. બહારની અવ્યવસ્થા અંતરમાં પેસી જાય તો કામધંધો ઓફીસમાં પડયો હોય, પણ એનું પરિણામ અંતરમાં ગડ-મથલ કરી મૂકે એ જબરું નુકસાન. આપણે જયારથી આ બાબતમાં સમજણા થયા છીએ એમ માનતા હોઇએ તો શાંતિ અને પ્રેમ વડે સમતા કેળવવાનો પ્રખર પ્રયત્ન કરવો, એ જ જીવન ધ્યેય ગણાવું જોઇએ.

મુખ્યત્વે આન્તરિક શાંતિ-સાચી તાત્ત્વિક શાંતિ ઇચ્છું છું અને તમે તે કેળવી શકો-સ્થાયી રાખી શકો એવી શ્રદ્ધા સાથે આ લખું છું.

(૯૦)

તા. ૨૮-૯-'૫૭

તમે કુશળ હશો. મહેમાનો આવે જાય છે એમ ને! આપણે બધાં પણ આ પૃથ્વી પર મહેમાન છીએ એ ભૂલવાનું નથી. કોઇ અમેરિકન મિત્ર ગરબા ગીતોની માગણી કરે, જેને તમે ટેઇપરેકર્ડ કરી મોકલો છો; પણ તમે જે બોલો છો તે પણ એક જાતનું અંદરથી નીકળતું પૂર્વસંસ્કારનું ભૂત રેકર્ડીંગ કર્યા કરે છે, એમ કેમ નહિ? એ ભૂત જબરું છે. એનું નામ જીવ--એ અનાદિકાળથી પૂર્વસંસ્કાર પ્રમાણે બકબક કર્યા જ કરે, રેકર્ડ વાગ્યા જ કરે, એની વાણી બંધ થાય જ નહિ, પ્રત્યેક પ્રસંગની, એકાદ વર્ષની, શબ્દેશબ્દની વાકયે-વાકયની, એનાં હાસ્યરૂદનની, એના ભાવાવેશની, બધી નોંધ લખી રાખી હોય તો તો એમાં ભરેલા ગાંડપણને જોવાની મઝા પડે. જીવ એટલે જ ગાંડું બનેલું, ભાન ભૂલેલું બ્રહ્મ. આવાં ભાન ભૂલેલાં ગાંડાં બ્રહ્મની જ આ બધી ગડમથલ અને ગડબડ! એમાં પાછા કલા, સાહિત્ય, રસિકતા, કાવ્ય, નાટક, ગીતો, ગરબાઓ, રોદણાં, છાજીઆં, ચીસો, બૂમબરાડા, બીભત્સ, શૃંગાર વગેરે રસો–મારા-મારી, કાપાકાપી, શૂરાતન, વીરતા, ઋષિઓ, મુનિઓ, યતિઓ, સંન્યાસીઓ, મહાત્માઓ, ચેલાઓ, માબાપો, અને બાબા બેબીઓ, વર અને વહુઓ, રાગ રાગણી અને રાગડા–ભેંકડાઓ. મઝા છે એમાંયે, જ્યાં સુધી એમાનું એક ગમે (રાગ) અને બીજું ન ગમે (દ્વેષ) છે ત્યાં સુધી; સંતાકુકડી કે મારામારી કરનારાં એક મોટા મહેલમાં આવી ભરાયાં હોય, તે એક ઓરડામાંથી બીજા ઓરડામાં બચી જવા માટે નાસભાગ કરે; એકની પાછળ બીજું દોડે, થોડાં નાસનારાં ને થોડાં એની પાછળ પડનારાં, ઓરડે ઓરડા ખૂંદી વળે

એવા છે આ ચૌદે લોક–અસંખ્ય બ્રહ્માંડો ! લહેર છે, લહેર એમાં યે એવાંઓને !

... લૂંટો બે લૂંટો ચાલે છે. લૂટારાનું જ જાણે નગર, અને મહાત્માઓની પેઠે વાતો કરે પરહિતની કે લોકહિતની; કેવી આ એક જ અહંકારની તામસી–રાજસી–સાત્ત્વિકી લીલા છે. !

(૬૧)

તા. ૨–૧૦–'૫૭

ભાઇશ્રી...

શાંતિ એટલે આંતર બાહ્ય, સમજણપૂર્વકની વૃત્તિની સમતા-વાળી સ્થિતિ; ભ. ગી.માં સમ, સમતા અને સામ્ય શબ્દ કહ્યો છે, તેવું રહેતાં આવડે તે જોવું જોઇએ. ઘણી વખત કોઇની સાથે વાત કરતાં, જયાં આપણે જે વાતને અગત્યની ન માનીએ તેમાંથી મનને ખેંચી લેતાં તથા બોલનારને તટસ્થતાથી સાંભળતાં આપણને આવડે છે; આપણે તે વખતે તરત જ તટસ્થ રહીને એ જેમ વર્તે, બોલે, તેનો અભ્યાસ કરીને એની સાથે વાતચીત કર્યા કરીએ છીએ, જાણે આપણને કાંઈ લાગતું વળગતું જ ન હોય. રેલ્વેમાં મુસાફરી કરતાં કોઇ સહયાત્રી મળે, તો એની સાથેનો સંબંધ તદ્દન અલિપ્ત હોય તેમ વાતો કરીએ, પણ જાણે સરવાળે તો કાંઇ લેવાદેવા જ નહીં. આપણા સૌજન્યનો લાભ આપવો હોય તેટલો જરૂર આપીએ; કરવા જેટલું બધુંય કરીએ છતાં જાણે છૂટા–મુક્ત રહેવાય તેવી જ રીતે, બધેય થાય તો આનંદ.

એવું જ આમાં છે. એક છે જ્ઞાનમાર્ગ જેમાં તત્ત્વજ્ઞાનના નિશ્ચયવાળી આત્મદૃષ્ટિ; બીજો ભકિતમાર્ગ જેમાં ઇશ્વરની ઇચ્છા પ્રમાણે થાય છે એમ માનવું અને વ્યવહારમાં જયાં આપણાં

મતિગતિ કામ ન કરી શકે. ત્યાં ઈશ્વરને કર્મ તથા કર્મફલ સોંપી દેવાની સમર્પણભરી ભાવભકિત.

હું તો બન્ને દૃષ્ટિ (જે વખતે ચિત્તમાં જે સ્ફુરે તે) પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરું છું. બન્ને સમાનફળ દેનારી છે. બન્ને અનાસકિત અપાવે છે.

ગીતા અ. ૨. શ્લોક ૪૮ समत्वं योग उच्यते આ થઈ યોગફલની વાત

ગીતા અ. ૨. શ્લોક ૫૦ योगः कर्मसु कौशलम्

કર્મ કરતાં કરતાં કુશલતા રહે—સમદૃષ્ટિ રહે, એ થઇ યોગસાધના.

આગળ જતાં સમતાને કયાંક સામ્ય કહ્યું છે; સમ ને બ્રહ્મ કહ્યું છે. આવા શબ્દોવાળા શ્લોકને વીણીવીણીને અનુવાદ સાથે લખીને તેના ઉપર વિવરણ લખવું હોય તો ઘણું લખી શકાય. બ્રહ્મદૃષ્ટિ એ જ સમદૃષ્ટિ છે કારણ કે બ્રહ્મ સમાન રીતે વ્યાપ્ત છે. એ નિર્દોષ છે એટલે એમાં કશી ખામી નથી, અપૂર્ણતા ખોડખાંપણ જેવા ભેદ નથી, આવું આવું બધું ગીતામાંથી શોધી કહાડો ને?

કૈં સમજાતું નથી. બધો દૃશ્યપ્રપંચ અવિદ્યાનો, અજ્ઞાનનો છે, એમાં કયાં માથું મારવું? એક પ્રકારની નૈષ્કર્મ્યતા આવી ગઇ છે. કાર્ય, કર્મ, કર્તવ્યનો વિચાર સ્ફુરતાં જ એમાં નીરસતા લાગે છે. આંતરિક મનોદશા નિવૃત્તિની થઇ પડે છે.

(૭૨)

તા. ૫-૧૦-'૫૭

... ... ભાઈ તો જાતે જ મોટો ઠેકડો છે એટલે એમની

વાણી તો ઠેકડાનો જ પ્રવાહ હોય એમાં આશ્ચર્ય નથી. એમાં વચ્ચે સરળ સીધી વાટ આવતી જ નથી; ભાગ્યે જ આવતી હશે એટલે એ તો ઠેકડી કરી શકે. એમનો જન્મસિદ્ધ અધિકાર છે એ કેમ જાય? સ્વભાવસિદ્ધ ધર્મ જે હોય તેમાં એમને અને બીજાઓને આનન્દ માણવાની વ્યક્તિવિશિષ્ટ શોભા છે. આપણે એ નિભાવી લેવાની. તમતમતું મરચું ખાઈએ, ચાલતાં ચાલતાં (ઉઘાડે પગે) પગ નીચે અંગારો આવે, તો ઠેકડો સહજ સ્વભાવે મરાઈ જાય. નાચતાં ન આવડતું હોય તેનાથી પણ એકાદ લટકું થઈ જાય. આવી અણઆવડતવાળા પણ ઠેકડો મારે તો પછી જેને જન્મસિદ્ધ હક્ક છે, તે શું નહિ કરે? માટે આપણે એમનાં ઠેકડી કે ઠેકડો આંખમાથા ઉપર વધાવી લેવા જેવાં છે.

લાડકો પુત્ર અને આજ્ઞાંકિત પુત્રી એ વિશેષણો પણ ઠીક ગોઠવ્યાં તમે: બન્ને એ માટે જીવન જીવો એટલે કાર્યસિદ્ધિ નિશ્ચલ અને નિશ્ચિંત્તિ આત્મા પોતે જ સંકલ્પમય છે. એને ઉપનિષદમાં ક્રતુમય કહ્યો છે. "खलु क्रतुमय पुरुषः ખરે! પુરુષ સંકલ્પમય છે" એવું ઋષિએ વ્યર્થ નથી કહ્યું. અત્યારે જે બનતો આવ્યો છે એ એના સંકલ્પ પ્રમાણે જ છે.

બ્રહ્મ ગાંડું થાય એ પણ એના સંકલ્પથી; ઠેકડો મારે એ પણ એના સંકલ્પથી; શાંત થાય, ડાહ્યું થાય તે પણ એના સંકલ્પથી જ. અને મૂળમાં તો એ કશું બન્યું જ નથી માત્ર ગાંડું બ્રહ્મ ગાંડા બ્રહ્મસાથે વ્યવહાર કરે અને ઠેકડા ઠેકડી કરે એટલો જ વિલાસમાત્ર, બાકી મૌનમ્. જે બ્રહ્મ ડાહ્યું થઈને શાંત, ગંભીર, પ્રશાંત મહાસાગર જેવું, અથવા બ્રહ્માંડની માથાકૂટ કરનારું, બધે બધુંય જાણવાની, ઊથલપાથલ કરવાની તમન્નાવાળું હોય, તો એ પણ એનો સંકલ્પ! માટે જેવો સંકલ્પ તેવો જીવ.

અમારે તો ભગવાન શંકરાચાર્ય કહી ગયા તે બ્રહ્મવાક્ય

भाववृत्त्या हि भावत्वं
शून्यवृत्त्या हि शून्यता ।
ब्रह्मवृत्त्या हि पूर्णत्वं
तथा पूर्णत्वमभ्यसेत् ॥

"હું બ્રહ્મ છું એ ભાવવાળી વૃત્તિથી બ્રહ્મભાવ જાગ્રત થાય છે; શૂન્ય છું એ વૃત્તિથી શૂન્યત્વ (જડતા-નરી જીવભાવ દશા) પ્રાપ્ત થાય છે; બ્રહ્મભાવથી (બ્રહ્માકારવૃત્તિથી) બ્રહ્મભાવ છે. (બ્રહ્મ પૂર્ણ છે) એટલે જીવાત્મા હું પૂર્ણબ્રહ્મ છું એવો અભ્યાસ કરે.

જેમ જેને, જેવો સંકલ્પ કરવો હોય તેવો કરે, આપણે આપણું ફોડી લેવું. બીજાની જંજાળની શી પંચાત? મેં તો સદ્-ગુરુને બ્રહ્મરૂપે માન્યા, માનવાનો જ અભ્યાસ કરું છું. માન્યા એટલે એ બ્રહ્મ છે કે નહિ એ પ્રશ્ન જ નથી. મારા અંતરમાં એક બ્રહ્મત્વભરી મૂર્તિની સ્થાપના, પ્રાણમાં પ્રતિષ્ઠા રાખી છે. એ કહી ગયા કે तत्त्वमसि એટલે ગુરુશિષ્યના અંતઃકરણમાં બ્રહ્મભાવનો અભેદ થયો, એકના અન્તરનાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, યોગશક્તિ બીજાના અંતરમાં ઢલવાઈ જાય; બે ઘડાની વચ્ચે નળી ગોઠવીએ, ગુરુઘડાને ઊંચો રાખીએ, એમાં અમૃતભર્યું હોય તો નળી વાટે નીચેના નાના શિષ્યઘડામાં આપોઆપ એ અમૃત ઢળી આવે. બીજે જાય ક્યાં? નાના ઘડાને મોટા ઘડાની પ્રાર્થના કરવી પડતી નથી, સ્તોત્રો ભણવાં પડતાં નથી, યજ્ઞો કરવા પડતા નથી, કર્મકાંડ કરવાં પડતાં નથી, કાંઈ જ કરવું નથી પડતું. કશાં લફરાં નહિ; માત્ર બેમાંથી એકને ઊંચો રાખીને એની સાથે નીચેના ઘડાને સાધ્યથી જોડી દેવો, એટલે ચિત્તના અનુસંધાનની, સંધિથી જે

સાવધાનતાભરી યોગશકિત આપોઆપ સાધક ચિત્તમાં ભરાય. એ વાપરી એટલે બસ; પછી એ સુરક્ષિત તથા સતત્ વહેતી રહે એટલે ૐ. શિાંત

(૭૩)

તા. ૨૩-૧૦-'૫૭

પૃથ્વીપટ પર માનવજાતિએ કેટલાંએ સન-સંવતો ગોઠવીને વર્ષો સ્વીકાર્યાં છે. એક વર્ષમાં પૃથ્વી સૂર્યનારાયણની પ્રદક્ષિણા કરી લે છે, તે ગણીને માનવજાત કાલમાપ કહાડે છે. તેમાંના જ આપણે છીએ. એમાં મનુષ્ય પોતાના જન્મદિનથી વર્ષ ગણે છે. ભૂત, ભાવીના ખેલમાં ગૂંથાયેલો એમ નથી સમજતો કે વર્તમાન જેવી કોઇ ક્ષણ જ નથી. પૃથ્વી સ્થિર થાય તો વર્તમાન ગણાયને ? નદીના વહેતા જળમાં વચમાં પાણી છે એમ કહીએ એટલામાં તો પ્રવાહ આગળ પાછળની ઉથલપાથલ કરી નાંખે છે. એમાં વચ્ચે સ્થિરતા જ નથી. તેવું જ કાળનું છે. માત્ર ભૂતભાવી એવી કલ્પનાના વાકચમાં યે કાલની ગતિ તો સતત્ છે જ. ત્યારે કચારથી વર્ષ ગણવાનું? ત્યાં પણ કોઇ સ્થિર કાલમાપ હોય તો ગણાયને ? જુઓને આ ગણુતરી, આ હિસાબ, બધુંય અસ્થિર; માત્ર દ્દષ્ટા જ અચલ, ધ્રુવ, સ્થિર, સનાતન, તટસ્થ, અજર, અમર, સ્થૂલ સૂક્ષ્મ રહિત, ઇદ્રિયરહિત, એ છે અમાપ. એવી અમાપ. દ્દષ્ટિ સ્થિર કરીને જોવા જાય, ત્યાં દશ્યનો કાલપ્રવાહ તો ગતિમાન રહીને જ ગણુતરી કરનારાને આદિ અંતમાં મૂઝવે, ભૂત ભાવીમાં મૂઝવે-વર્તમાન તો હંમેશાં અમાપ-દ્દષ્ટા જ છે કારણ કે એ પોતે જ વર્તી રહ્યો છે.

પણ દશ્યને સત્ય માનીને નવા વર્ષમાં ભૂતકાળમાં ગયેલા અંધાર પટને ભૂલીને ભાવીના પ્રકાશપથ પર મ્હાલવું હોય તો મ્હાલો ! તમે બધાં તનનું સ્વાસ્થ્ય, મનનું સુખ સંતોષ અને ધનનું સમૃદ્ધપણું

પામો, વિશેષભાવે પ્રાપ્ત કરો-એવું હું હૃદયથી ઇચ્છું છું. આત્મ-કલ્યાણને પંથે વેગવતી પ્રગતિ કરો. ૐ શમ્.

(૭૪)

તા. ૧૭-૧૨-'૫૭

છેલ્લા કેટલાક પ્રસંગોએ વૈરાગ્યભરી ઉદાસિનતાની માત્રા વધારી છે. શી આ કલિકાલની-કલેશયુગની કઠોરતા છે? ક્યાંય બાહ્ય શાંતિ જ નથી. વ્યવસાય એટલે જ જાણે અર્થ અને કામની મારઝૂડભરી રમત--ગંદામાં ગંદી.

(૪૭)

તા. ૯-૧-'૫૮

ચિ. અ. સૌ...બ્હેન,

દીર્ઘાયુભવ !-આટલું જ પરમ દિવસે પોષ વદી ૬ શનિવારે ત્યાં હાજર જ હોઇશ એમ ધારીને લખું છું, તેથી સંતોષ થતો નથી. શરીરના જન્મથી એના વિલય સુધીનાં પાર્થિવ વર્ષો જીવાત્માનું આયુષ્ય પ્રમાણ નથી. અને ત્યાં સુધી મોક્ષ એટલે સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વ-શકિતમાન-જેને ઉપનિષદ સત્યમ્ જ્ઞાનમ્ અનન્તમ્ બ્રહ્મ કહે છે એની સાથે તાદાત્મ્યભાવ ન સાધે ત્યાં સુધી એનું વ્યકિતગત રૂપ તો વિદ્યમાન રહે છે જ. તો પછી એની આયુષ્ય મર્યાદા શી? અને પાર્થિવ દેહે એ અહીં આવી ચડયો આવું તાદાત્મ્ય સાધવા માટે જયાં એને પાર્થિવ વર્ષોના વસ્ત્રાલંકાર મળ્યા; એ પાર્થિવ દેહનો મોહ શો ? વ્યવહારમાં દીર્ઘાયુ ચિરંજીવ વગેરે શબ્દો વાપરીએ એનો શુભ અર્થ એટલો થાય કે આ પાર્થિવ વસ્ત્ર પહેરવા મળ્યાં, એમાં અંતઃકરણ મળ્યું, સ્વભાવે અધોગામી મન અને ઉર્ધ્વગામી બુદ્ધિ મળી, સ્મરણશીલ ચિત્ત મળ્યું, અને વિશુદ્ધ

અહંભાન મળ્યું. એનો સદ્ઉપયોગ કરીને, તાદાત્મ્ય સાધવાની પૂર્ણાહુતિ થાય એટલા માટે દીર્ઘાયુભવ! એમ તને કહું તો મને ગમે, તને ય ગમે ખરું ને ? ઠીક ત્યારે દીર્ઘાયુભવ!

(૭૫)

તા. ૨૫-૧-'૫૮

પોસ્ટકાર્ડ મળ્યું. કોઈને માટે નિરાશ થવાનું નથી. સૌ પોતપોતાના પૂર્વ સંસ્કાર લઈને જન્મ ધારણ કરે છે અને એ પ્રમાણે સંયોગો દ્વારા પોષણ પામે છે. કોણ કેટલું પામશે કે પામી શકે એની માથાકૂટ આપણે નથી કરવી. આટલું નિર્મોહિપણું તો કેળવવું જોઈએ. આવશ્યક લાગે ત્યાં પરિશ્રમ ૧૦૦ ટકા કરવો પણ પરિણામ કે ફલ પ્રારબ્ધ પ્રમાણે કે ઇશ્વરેચ્છા પ્રમાણે આવશે એવી મનોવૃત્તિ રાખીએ તો આપણને શાંતિ રહે છે, એટલું જ નહીં પણ એ વ્યકિતને લાંબે ગાળે સાચી સમજ મળી શકે છે. માટે અત્યારે ચિ......ને ઉત્સાહ આપ્યા જ કરવો. તમારી છેલ્લી લીંટી–" નવી જમીનનો પ્લેન કેટલો આગળ વધ્યો ? હવે આ માટીનાં ઢેફાં અને ઇંટાળા ગોઠવવા કરતાં અમે બધાં જીવતાં જાગતાં છીએ તેમને ગોઠવો તો ઠીક."

સાંભળો હવે માટી પુરાણ. માણસનું શરીર માટીનું ઢેફું છે, ખરું પણ સ્વેચ્છાના તરવરાટથી એ બીજાની ઈચ્છા પ્રમાણે ગોઠવાય એવું નથી. તેને બદલે આ જડ લાગતું માટીનું ઢેફું બિચારું જેમ ફેરવીએ, જ્યાં મૂકીએ, તોડીને ચૂર્ણ કરીએ ( અલબત આપણી આવડત અને શકિત પ્રમાણે ) તેમાં વિરોધ નથી કરતું. પણ માણસ ઢેફું અને મન માંકડું ક્યાં એમ બીજા કોઈને કરવા દે છે ! બોલે અને ઈચ્છે તો ઘણુંયે પણ ફેરવીને અન્યત્ર મૂકવામાં એનો

વિરોધ જબરો હોય છે. એને તો એની ઇચ્છા પ્રમાણે ફરવું કરવું છે અને એ માટે વિનવે છે બીજાને ? ભગવાન ક્યાં એવો ભોળો છે કે એની ઇચ્છા પ્રમાણે એની હેરફેર કબૂલ કરે.

પ્રશ્ન એ થાય છે કે ત્યારે ઇશ્વરની ભક્તિ શા માટે કરવી ? વૈષ્ણવો કહે છે કે ઇશ્વરની કૃપા ઊતરે તે પહેલાં સંતોની ચરણરજનો સ્પર્શ થાય, ગુરુકૃપા થાય, એવી એવી કેટલીએ કૃપા મેળવવાની તપશ્ચર્યા થાય, ત્યારે ભક્તિ પણ સૂઝે, વળી સૌથી શ્રેષ્ઠ ભક્તિ છેલ્લી અને સર્વોપરિ તો છે આત્મનિવેદન—Self surrender to Him and His will--also wish આવું બધું ઈશ્વર જ કરે છે એમ એ લોકો શ્રદ્ધાપૂર્વક માને છે. પણ એ બધુંયે ઇશ્વરની શરણાગતિ જીવ સ્વીકારે તો જ. આ 'તો' એટલે એ જાતની જીવાત્માની સ્વયંપ્રેરણાવાળી શુભેચ્છા; એ ઇચ્છા થાય ત્યારે શરણાગતિ છેવટની સાંપડે. પરંતુ અંતે તો જીવના પુરુષાયતન ઉપર જ બધો આધાર રાખે છે.

માનવીને ફેરવવો, શરીરને એક જ લોકમાં સ્થાનાન્તર કરાવવું, પરલોકમાં ધકેલવો, લોકલોકાન્તરમાં યાત્રા કરાવવી, એ બધું ઇશ્વર કરે છે એમ માનીએ તો એમાંયે જીવની વાસના, કર્મ અને કર્મ-ફલમાંથી ઊભી થતી નવી વાસના—પછી તે શુભ હોય કે અશુભ-પણ એમાંયે છેવટે જીવાત્મા ઉપર જ બધી જવાબદારી આવી પડે છે.

હું માટીઢેફાં ફેરવું છું, એમાં મને કશું નવું નથી લાગતું.

(૧) માણસો રૂપીઆ પૈસા ફેરવે, માટીના જ ને ? માટીમાંથી જ બનેલાને ?

(૨) માતાપિતા છોકરાંને રમાડે, પાંચ તત્વોમાંથી પૃથ્વી તત્ત્વ જ તેમાં વધારે ને ?

(૩) સ્ત્રી પુરુષો શરીરો રમાડે, માટીનાંજ રમકડાંને ?

(૪) સૂર્ય ગ્રહમાળ ફેરવે-માટીની જ ને ?

(૫) રાજયકર્તાઓ, વૈજ્ઞાનિકો વિજ્ઞાનની શોધો કરે, માટીની વિગતવાર ગૂંથણી ચૂંથણી તથા આંકણી જ ને?

(૬) સ્વસ્તિક કંપની દવાઓ બનાવે, માટીમાંથી જ ને ?

(૭) માણસો અન્નજલ ખાય-છેવટે પૃથ્વીમાં મલરૂપે ફેંકી દેવા માટે જ ને ? અને અન્ન વસ્ત્ર ઉપજયાં માટીમાંથી જ ને ?

(૮) પાંચ તત્વોનો હેરફેર એ જ માયાની-માટીની અવિરત રમત.

(૯) લેખક પુસ્તકો લખે, કાગળ શાહી, કલમ-માટીનાં જ ને ?

(૧૦) મોટા મોટા બંગલાઓ, બારી બારણાં, ફરનિચર, ઘરેણાં, હીરામોતી માણેક, પૈસો ટકો, બાગ-બગીચા, એ બધું માટીના માનવીઓ હેરફેર કરીને ગોઠવે છે. પોતે માટીનો છે એટલે જ એમ કરવું એને ગમતું હશે ?

(૧૧) તત્વજ્ઞાનીઓ બુદ્ધિના ચમકારા બતાવે, ભકતો ભગવાનનું નામસ્મરણ કરે, યોગીઓ સંયમ કરીને સમાધિમાં બેસે, પ્રાણ, મન તથા બુદ્ધિના ખેલમાં આનંદ માને, બધું પૃથ્વીના ક્ષેત્રમાં જ ને ?

(૧૨) સંત સાધુઓ, મહાત્માઓ, અવતારો માટીની રમત રમવાને આવી ગયા, આવશે અને માટીમાં એ બધાં શરીર ભળી જશે.

(૧૩) રાજપુરુષો રાજય કરી ગયા, કરશે, લડશે, મરશે, અસ્ત્ર-શસ્ત્રોથી મરશે, મારશે-એ બધુંયે માટીનું અને માટી -જમીન-માટે જ ને ?

આવો આવો માટીનો મહિમા છે. પાંચ તત્વમાં પૃથ્વી તત્વ ૫૦ ટકા; બાકીના ૫૦ ટકામાં બીજાં ચાર, એ હિસાબે અહીં તો બધું માટી જ છે.

એ માટીના માનવ ખોખામાં ચૈતન્ય છે; જેવા ઘાટમાં એ ઓળખાય, તેવું તે દીપે. બુદ્ધિમાં જ્ઞાન-વિજ્ઞાન દેખાડે, મનમાં કલ્પનાના વિહાર કરે, પ્રાણમાં થરથરાટ, ધ્રૂજારો અને અકલ્પનીય કાર્યો કરે, અને અન્ન-જે અદ્-ખાઇ શકાય તે અન્ન-જે બધે વધઘટ કરાવે. જલનો અન્નમાં સમાવેશ ગણીએ. અથવા અન્નને જલનું પરિણામ માનીએ તો પરમ્પરાએ આકાશ, વાયુ, અગ્નિ, જલ પૃથ્વી બધાં જડ તત્વો જ ને? એ બધાં તમસ્‌નાં પરિણામ છે. એમાં હેરફેર થયા જ કરે છે. કોણ એને રોકે? રોકાય જ નહીં.

ત્યારે આ ગતિ, એમાં આભાસ પામતી ઈચ્છા કે વાસના, ગતિ અને વાસનાથી ઊભી થતી ક્રિયા, એની પાછળનો હેતુ, ક્રિયાનાં આદિ, મધ્ય અને અંત અને ત્યાર પછી પ્રાપ્ત થતો કે પ્રાપ્તિની આશાવાળો આનંદ જ બધાંનાં મૂળમાં લક્ષ્ય છે એમ નથી લાગતું? એ આનંદ જ હેતુ હોય, આનંદની આશાથી કર્મ થતું હોય, કર્મની પૂર્ણાહુતિ પણ આનંદની આશાથી જ થતી હોય, તો પછી બધી ગતિમાં આનંદ જ છે, આનંદથી જ ઉત્પત્તિ, સ્થિતિ તથા લય છે એમ કેમ ન કહેવાય?

પછી એવો પ્રશ્ન તરતજ ઊભો થશે કે કર્મની ગતિની પાછળ આનન્દ પ્રાપ્તિનો હેતુ છે એ વાત સાચી, કર્મ કરતાં કરતાં પણ આનન્દના આશાતન્તુનો આધાર મનને છે તેથી કર્મ પૂરું કરવાનો વેગ કે ઉત્સાહ રહે છે એ ય સાચું, પણ પરિણામે નિષ્ફલતા કે પ્રતિકૂલતા ભાસે ત્યારે આનન્દ નથી હોતો: શોક, ખેદ, દુઃખ, કલેશ, વિલાપ હોય છે. એથીય આગળ વધારે વિચાર કરો. દુઃખ, કલેશ,

શોક, ખેદનું ભાન થાય છે, તો પછી એને તરત જ દૂર કેમ નથી કરી શકાતાં ? એમાં પડીને હતાશ જેવા બન્યા છતાં બમણા, સોગણા વેગથી એ જ આનન્દના આશાતન્તુને તાંતણે બંધાઈને એવાં ને એવાં જ કર્મો શા માટે કરાય છે? કારણ કે તે વખતે પણ જે આનન્દનું સ્મરણ હોય છે, તે કિરણના સુખથી, આનન્દની પ્રાપ્તિની આશાથી નવો વેગ શરૂ થાય છે. દુઃખમાં પણ સુખની આશાનું કિરણ છે, દુઃખ વખતે સુખનાં સ્વપ્ન મનઃપ્રદેશમાં ખડાં થયાં હોય છે.

દા. ત. આપણે બન્ને ક્યાંક મળવાની યોજના કરીએ. એમાં આશા હોય કે મળશું, વાતચીત કરશું, આમ બોલશું, આમ કરશું, આમ ખાશું પીશું, આનંદ થશે. આવું એક માનસચિત્ર મનોદેશમાં દોરાય છે. એ ચિત્ર એટલે આપણી આનંદની આશાની પીંછીથી દોરેલું, અંતઃકરણના પટ પર ચિતરેલું ઇષ્ટદર્શન. આપણે મળ્યાં એટલે ચિત્ર સૂક્ષ્મમાં દોરેલું એ સ્થૂલમાં પ્રત્યક્ષ થયું. તેથી જ ત્યાં આનન્દનો પ્રાણને વેગ મળ્યો એનું નામ હર્ષ, આનન્દની આશાથી કરેલી ક્રિયામાં ધૈર્ય હતું તે ઉત્સાહ કે ઉદ્યોગ (ઉદ્+યોગ=ચિત્રદર્શનના યોગ માટેનું ઊર્ધ્વીકરણ). વિયોગ થતાં આનન્દના ઊભરારૂપ હર્ષ શાંત થયો, અને મનઃપ્રદેશમાં એ ચિત્ર અંકિત થયું, જે ભાવી સ્મરણના માનસિક દર્શનથી આનન્દ આપ્યા જ કરે.

આપણે મળ્યાં. પેલું ચિત્ર તો મનમાં છે જ, ને એ ત્યાં જ રહ્યું. ઝંખના હતી સ્થૂલ પ્રત્યક્ષ કરવાની, ઇન્દ્રિયગોચર કરવાની, મનોગમ્યમાંથી ઇન્દ્રિયગોચર કરવાનો પ્રાણમાં વેગ હતો, ઉદ્યોગ હતો, કર્મ હતું, ચંચલતા હતી. એ બધાં શાંત થયાં, એટલે સમતાવાળી ચિત્તની સ્થિતિ થઇ તે આનન્દ.

પણ ન મળ્યાં હોઇએ ત્યારે એ દર્શન ઇન્દ્રિયગોચર નથી થતું

મનોદર્શન તો છે જ; શોક, રૂદન કે ખેદ થાય છે, ધમપછાડા થાય છે. મનોદર્શનમાં આવતા આનન્દને પ્રત્યક્ષ ઇન્દ્રિયગોચર કરવાનો જે વેગ હતો તે પાછો પડયો; મનમાં દર્શન છે, ઇન્દ્રિયમાં નથી, તેથી મનના ચિત્રદર્શનનું સ્મરણ કરતી વખતે પ્રાણનો જે વેગ હતો, તે સ્થૂલ દર્શન ન થતાં પાછો પડે છે. પ્રાણ અને અન્નમયકોષ ઇન્દ્રિયો સહિત શિથિલ થાય છે. પ્રત્યક્ષ સ્થૂલ દર્શન માટે વિલાપ થાય છે એ વિલાપમાં પૂર્વ કલ્પિત માનસદર્શન તો હોય છે જ. માત્ર સ્થૂલ દર્શનના અભાવે પ્રાણ તથા ઇન્દ્રિયો શિથિલ થયાં, એટલે પ્રાણ જે સૂર્ય (અગ્નિ) તત્ત્વ છે, તે ઇન્દ્રિયોમાં રહેલા જલતત્ત્વને આંખમાંથી વહેવરાવે છે. ઇન્દ્રિયો શિથિલ થાય, એને આપણે દુઃખ કહીએ છીએ. પણ એમાં જે માનસદર્શન હોય છે તેના આનન્દની આશા નાશ પામતી નથી. એ વાસના બમણા સોગણા વેગથી માનસદર્શનને ઇન્દ્રિય-ગોચર કરવા માટે વારંવાર પ્રાણને ઉશ્કેરે છે. ઇન્દ્રિયો ક્રિયાશીલ થાય છે; એ બધું માનસદર્શનને ઇન્દ્રિય ગોચર કરવા માટેના આનન્દથી જ વેગ મળે છે, જે છે હર્ષ મેળવવા માટેની ક્રિયા. આનન્દ તો હતો, છે અને હશે જ. માત્ર હર્ષ અને શોક જે માનસદર્શન અને ઇન્દ્રિય-દર્શનના બેવડા લાભની આશાની પ્રેરણા હતી, તેનાં બે પાસાં છે.

અમને તો જે દેશકાલમાં આ શરીર જે કાંઇ ક્રિયા કરે એમાં આનન્દ જ છે. સૂક્ષ્મ ચિત્તને ફેરવવા બદલવાને બદલે બીજાં બાહ્ય ચિત્રોને ફેરવવાની લાલસા નથી. બધાંય માટીનાં ઢેફાં છે. જે સહજસ્વભાવે ફરવા બદલવામાં વિરોધ ન કરતાં સહમત–સંમત થાય તેને ફેરવવાં; જેને ફરવું હશે તે હાથમાં આવશે અને ચૂંચાં કર્યા વિના ફેરવવા દેશે ને ફરશે. સમજ્યાં આત્મરામ !

લહેર છે, આનન્દ છે, છે ને છે જ. તમેય લહેર કરો.

કોઇ મિત્ર ફિલસૂફ આમાંથી લાંબો લેખ લખે તો ? મને તો.

આવું લખતાંય થાક લાગે છે, કંટાળો આવે છે. કયા આનંદના અભાવ માટે લખવું ?

## (૯૭)

તા. ૧૫-૨-'૫૮

ધર્મ અને મોક્ષ એ બન્ને આંતરિક પુરુષાર્થ છે, એટલે વધારે ભાગે સ્વસંવેદ્ય હોઇ એનાં બાહ્ય ચિહ્ન ભાગ્યે એક સરખાં હોઈ શકે. જ્યારે વચલા બે પુરુષાર્થ પરસંવેદ્ય બીજાં હોઇ જોઇ જાણી શકે તેવાં બાહ્ય લક્ષણોવાળા છે, એટલે બહિર્મુખ વૃત્તિવાળાને એનો મોહ રહે અને જગત પણ એને જ મુખ્ય માનીને વ્યવહાર કરે એ સ્વાભાવિક છે.

જગતકર્તા ઇશ્વર બહુ દયાળુ છે, જેને જે જોઇએ તે એના ત્રિગુણાત્મક ભંડારમાંથી આપ્યા જ કરે છે. સત્ય કે અસત્ય, દંભ અને સરલતા, મોહ અને ભક્તિ વગેરે બધાં એ જ આપે છે, અને આપે છે પણ એટલી વિપુલતામાં કે પેલો જીવ બાપડો ધરાઇને ગળાબૂડ થઇ જાય, પછી ઓકી નાંખે ત્યારે છૂટે. એ વખતે જે ઉલટી થાય તેનાથી વૈરાગ્યનો પાયો નંખાય અને ઈશ્વર પ્રતિ નિષ્કામ અનન્ય પ્રેમ પ્રકટે, ત્યારે એ ભક્તિ કહેવાય. સાવ સહેલી અને બુદ્ધિગમ્ય થાય તેવી આ વાત છે. પણ સમજ્યા પછી જીવનમાં ઊતારવી અઘરી છે. ઇશ્વરને બ્રહ્માંડ ચલાવવામાં યે એટલી મુશ્કેલી નહિ પડતી હોય. બીજી રીતે કહીએ તો જીવમાત્ર બ્રહ્મ છે એટલે એ બ્રહ્મે જ બ્રહ્માંડ બનાવ્યું છે અને પછી એ ભૂલી ગયો કે આ તો મારું જ બનાવેલું છે. ઇશ્વર, જીવ અને જગત્ મેં જ બનાવ્યાં છે એમ જીવાત્મા સમજે, મારું માનસિક જગત જ મને દ્વંદ્વની લહાણ આપ્યા કરે છે એવું એ ભૂલ્યો છે. એવી તો જબર થાપ ખાધી છે કે અજ્ઞાનના

અંધકારમાં અટવાઈ ગયો. એ જ છે માયા, અવિદ્યા જે કહો તે. ભૂલ ખાધી એટલે બ્રહ્માંડનો ભાર એના માથા પર પડયો. એમાં એવો સપડાયો, પીસાયો છે કે ભાર ઊતારતાં કે હલકો કરતાં આવડે જ નહિ. એ અજ્ઞાન એનું પોતાનું છે. એ જાણતો નથી કે આ નામ-રૂપાત્મક, ગુણાત્મક ક્રિયાત્મક, બ્રહ્માંડ બધું આદિ-અંતવાળું છે. તેમ એ અજ્ઞાનનો અવધિ—આવે એમ છે. જ્યાં અને જ્યારે એવું ભાન થયું કે જીવાત્મા ધર્મ—મોક્ષ પ્રતિ વળે છે, અને પ્રત્યેક પ્રસંગ—eventમાં શુભ હેતુ જ જુએ છે; કારણ કે એને પ્રાપ્ત કરવું છે ચિત્તનું ઊર્ધ્વગામી—આન્તરિક, આત્માભિમુખી વલણ. એ છે અન્ત-ર્મુખી જીવનના શ્રી ગણેશ. સાંસારિક સકામ કર્મોમાં જે રિદ્ધિ સિદ્ધિ ( સ્થૂલ ) ને માટે શ્રી ગણેશનાં સ્થાપન ઉત્થાપન કરતો હતો, અર્થ અને કામને માટે જ જીવતો હતો, તે હવે ધર્મ અને મોક્ષને માટે શ્રી ગણેશનું સ્થાપન કરે છે. અને અવિદ્યાનું ઉત્થાપન તો આપો-આપ થઇ જાય છે. જીવસાવના ઉત્થાપનની સાથે સાથે જ.

માટે લહેર કરો; પણ એક વાત ભૂલશો નહિ.

૧) દેહકક્ષણને માટે જે અલ્પમાં અલ્પ આવશ્યક હોય, અન્ન વસ્ત્ર તથા મકાન મિલ્કતમાં જરૂરી હોય તેટલું કાળજીપૂર્વક નિર્લોભી અને સંતોષી થઈને કરવું. 'ખબરદાર'- એ બહાને લોભ કે અસંતોષ ન પેસી જાય અંતરમાં.

૨) કુટુંબવ્યવહાર પણ સાદાઇથી કરવો. આસપાસનાં લોહીનાં કે મનનાં સંબંધીઓ માટે બધું ય કરવું, યોગ્ય રીતે પોતાના શરીરના ભોગને ભોગે પણ એમને કહેવું, સૂચના આપવી કે ઉપદેશ આપવો, પણ કશાયે આગ્રહ કે મમત્વ વિના; પહેલામાં જેમ નિર્લોભી રહેવાનું, તેમ આમાં નિર્મોહી રહેવાનું છે.

આ બે મુદ્દા જીવનમાં સચવાય, અને તેની સાથે સાથે

(૭૮)

તા. ૯–૩–'૫૭

માનસિક ઈશ્વરસ્મરણ, રટણ રહે તો ધર્મ અને મોક્ષમાં પ્રગતિ વેગભરી થાય છે. બ્રહ્માંડનો ભાર પુષ્પવત્ બને છે. પેલું અજ્ઞાન જાય એટલે જ્ઞાન આવે જ અને જ્ઞાન આવે ત્યારે જ અજ્ઞાન જાય તે સાવ સીધી સમજણની વાત છે.

સૌ...બ્હેને મને દીકરીને વ્હાલ કરવાના પક્ષપાતની વાત લખી હતી મેં જવાબ તો આપ્યો છે, પણ 'દીકરાઓ માટે ભાન છે' એવું લખવાનું એ ભૂલી ગઇ હતી.

જેને જે ભણવું હોય તે ભણવા દો. ચિ...પણ ભણશે જ અને સ્લેટ અને પેન બ્રહ્માએ આપીને સજ્ઞાન બનાવીને મોકલ્યો હશે તે પ્રમાણે જીવનમાં લખ્યા કરશે. આપણે શું? આપણે તો જોયા કરવાનું. પ્રારબ્ધ હોય ત્યાં સુધી વિશ્વનાટકમાં એક નટના ખેલ જોવાના છે, જેવા હોય તેવા. એમાં બધાય રસ હોય, બાકી તો रसो वै सः કહીને ઉપનિષદ તો એક આત્મરસ–બ્રહ્મરસની જ વાત કરે છે.

(૭૯)

તા. ૨૧–૨–'૫૮

પ્રેમના વિકૃત સ્વરૂપે બગાડી મૂકેલાં મોહલગ્નના ભવાડા નાનાસૂના નથી. આ સુધારકો અને એમના કાયદાઓએ લગ્ન-જીવનમાં હાહાકાર મચાવ્યો છે. કુટુંબસુખનું સત્યાનાશ વાળ્યું છે. એનાં ખરાબ પરિણામ આવ્યાં છે અને આવશે. ત્યારે આ સંસાર ઘોર તમોગુણમાં સડતો દેખાશે. પરિણામે અકલ્પ્ય વ્યાધિઓ અને

અસંખ્ય ઉપાધિઓના વમળમાં આ માનવપ્રજા સપડાશે. એમાં વૈજ્ઞાનિક શોધો પણ સંહારમાં સહાયતા કરશે. ઇશ્વર તો રુદ્રરૂપે વિશ્વઅજ્ઞાનનો સંહાર કરવા નિત્ય નિરંતર તૈયાર જ છે. દાનવોની લીલા વધી પડી છે. અસુરોનું સામ્રાજ્ય વધતું જાય છે. માટે જેણે ચેતવા જેવું હોય તે ચેતે. આપણે તો હાથ ધોઇને બેઠા છીએ અને જે હાથ ધોઈને શુભ કામ કરશે તે જીતી જશે.

## (૮૦)

તા. ૩-૩-'૫૮

લખવાનું તો છે, ને છે પણ નહિ. બન્ને વચ્ચેની સંધિ એટલે ચિત્તની ઉપરત સ્થિતિ. તટસ્થ બનીને ઊભાં ઊભાં ભવસાગરના રમતિયાળ સ્વભાવને જોવાનો શાંત આનંદ માણવો; આવી ઉપરત સ્થિતિ ન હોય તો આત્મભાવ જ ટકે નહિ.

તત્ત્વજ્ઞાન, વૈરાગ્ય અને ઉપરતિ એ મોક્ષ માટેનાં પરસ્પર ઉપકારક-સહાયક અનિવાર્ય સાધન છે. એ સાધનત્રિપુટી જ જાણે જ્ઞાનદાતા ભગવાન શંકરના શિવોહમ-ધ્વનિ કરતા સ્વરૂપનું ત્રૈલોક્ય ખંડન કરનાર ત્રિશૂલઃ જે બધી ત્રિપુટીની આરપાર વેધ કરીને અજ્ઞાનનો સંહાર કરે છે. જે ત્રણેય શરીર સતાવે છે, એને આરપાર વીંધી, ઠેઠ અધિષ્ઠાન આત્મામાં પહોંચીને એમાંથી અસીમ આત્માનંદના ફુવારા ઉછાળે છે. એ જ છે ઈસૂનો ક્રોસ Cross -ભગવાન શિવનું ત્રિશૂલ: જીવભાવના ત્રિગુણાત્મકભાવને વીંધીને બ્રહ્મભાવ જગાડનારું એ છે.

એ ત્રિશૂલ ધારણ ન કરીએ તો રહે ત્રિતાપનાં શૂલ. અવિદ્યા અજ્ઞાનનું શૂલ, ઉપાધિનું શૂલ અને વ્યાધિનું શૂલ. પેટમાં શૂલ આવે

ત્યારે કેવું દુઃખ થાય છે. મનમાં શૂલ થાય ત્યારે જાણે બ્રહ્માંડનો નાશ થવા બેઠો. એના કરતાં પણ સંસારકાર્યના કારણ જેવું જે દ્વૈતભાન છે એનું શૂલ તો બહુવિધ તથા આપત્તિકારક છે. માટે ૐ શિવોહમ્ । ત્રિશૂલધારી બનો એવી અંતરની તમારા પ્રતિની આર્દ્ર વાત્સલ્યભરી આત્મીયતા. ૐ શિવોહમ્ ૐ શાંતિ.

કુશળ હો ! પ્રસન્ન હો ! આનંદ ! શાંતિ !

(૮૧)

તા. ૫-૩-'૫૮

કેંક લખવું જોઈએ એવી તમારા પ્રતિની ધર્મ-કર્તવ્યભાવના અંતરમાં ખૂંચે છે, પણ એ શબ્દોમાં ઊતરતી નથી. લખું લખું ને કાગળો ફાડી નાખું છું.

અહીં મનોદશા જ કેંક ખૂબ ઉપરામતા ભોગવે છે. નિમિત્ત છે આસપાસનાં દશ્યોમાં રાજસિક, તામસિક વાતાવરણની છાયા. તમારાં સુખદ સંસ્મરણો છે; ચિંતા ના કરશો. પણ તમે વિશેષ ઉર્ધ્વગામી બનો એની ચિંતા રહે છે. કોઇ વાર મને લાગે છે કે લખું કે બોલું છું તેનાથી વિશેષ તો શાસ્ત્રાજ્ઞા ધૈર્ય રાખવાનું કહે છે.

હું ઇચ્છું તે રીતે અને તે પ્રમાણે તમે શીઘ્ર ઇષ્ટ તૃપ્તિનાં ભોકતા બની શકો.

બનશો. શાંતિ રાખજો. ગાંભીર્યભર્યો આનંદ ઇચ્છતો

સદા શુભેચ્છક એવો ને એવો-
એક જ સમદષ્ટિ યુકત-
તમારાં જ સ્વરૂપે-
સ્વયંજ્યોતિ.
ૐ આનન્દ.

(૮૨)

તા. ૧૦-૩-'૫૮

તમારો પત્ર નથી એટલે મૌન હશે એમ માનું છું. અમારાં શાસ્ત્રો શ્રવણ પછી મનનની ભૂમિકા લખે છે, એમાં મનનનો અર્થ મૌન જેવો થાય છે. એ મનન-શ્રવણ શુદ્ધ હોવું જોઇએ, (વિવેક વગેરે ચાર સાધનથી એ શુદ્ધ થવું જોઇએ) એવી જ રીતે શુદ્ધ શ્રવણમાંથી ઉદ્ભવેલું હોય તો જ એવા મનનશુદ્ધ નિદિધ્યાસન (આત્મભાવ) માટેની ધારાવાહિની ચિત્તવૃત્તિનો યથાર્થ પ્રવાહ વહે અને નિત્ય શાંતિ અપાવે.

... ...હું તો કેવળ હૃદયના આઘાતને જ જોઉં છું. એકને ચાકુથી, બીજાને તલવારથી, ત્રીજાને ઝમૈયાથી, ચોથાને કટારથી એમ વાગ્યું હોય, પણ દાકતર તો માત્ર આઘાત (ઘા) ને જોઇને જ દવા કરે છે. નિમિત્ત વસ્તુ સાથે એને લેવા દેવા નથી.

હું તો આત્મલક્ષી સાધક રહ્યો. યોગદર્શન, જૈનદર્શન, બુધ્ધ ધર્મ, ઇસાઇ વગેરે જે દર્શનોમાં એવો સિધ્ધાન્ત પ્રતિપાદિત છે કે સાધક કે સિધ્ધની જેવી તપશ્ચર્યા કે સાત્વિક સંપત્તિ હોય, તેવું પરિવર્તન એના પરિચયમાં આવનારનું થાય જ, અને ન થાય તો સિદ્ધની સિધ્ધની એ અપૂર્ણતા કહેવાય.

શુદ્ધ વૈદિક ધર્મ એવું નથી માનતો. રામની સામે રાવણ આવ્યો, કૃષ્ણની સામે કંસ હતો, અને કૃષ્ણાવતારની સામે તો અસંખ્ય એવા હતા જે એમના દોષ જ જોયા કરતા; એટલે ઉપરના સિદ્ધાન્તને શાસ્ત્રોકત ન માનીએ તો પણ એ વિરોધીઓ રામ અને કૃષ્ણનું સ્મરણ તો કરતા તેથી અંતે બધાંનો હૃદયપલટો થયો

એવી પુરાણકથાઓ છે. પહેલાં લખેલાં દર્શનવાદીઓનો સિદ્ધાન્ત જગતને ગમે એવો છે. સાધકો પોતાની સિદ્ધિઓ માટે જેટલું સકામ સંસારીઓનું હિત કર્યું હોય તે પ્રમાણમાં એ સિદ્ધ મનાય છે અને દૃષ્ટિથી જ તપ વધારતા જાય છે.

કેટલાક આચાર્યોના જીવનના પ્રસંગોમાં એવાં દૃષ્ટાન્ત પણ છે કે, અમુક સન્તના પ્રભાવથી અમુક પાપી, દુરાચારી કે દુષ્ટમાં મહાન પરિવર્તન થયું, પણ એમાં પાપી મનાતા જીવાત્માનાં પાપનો અવધિ અને પૂર્વ પુણ્યના ઉદય થવાનાં નિમિત્તો કારણ ભૂત હોય છે. આત્મસુધારણાનો વ્યાપકભાવ રાખીને જ જે દર્શનો ઘડાયાં છે, તેમાં વ્યકિત અને સમાજ બન્નેની સુધારણાનો સમાવેશ થઇ જાય છે. સમાજને સુધારવાથી, એમાં રહેલી બધી વ્યકિતઓ એક જ સમયે સુધરે એ વાત એટલા માટે બંધ બેસતી નથી કે એમાં નાનાવિધ ભૂમિકાવાળી વ્યકિતઓ હોય છે. બધી વ્યકિતઓ એક જ દેશકાળમાં એક જ અધિકારવાળી હોવાનો અસંભવ હોવાથી જ્યાં જ્યાં સમાજસુધારણાનો પ્રશ્ન આવે ત્યાં પ્રથમ સુધારક વ્યકિતનો પ્રશ્ન મહત્વનો બની બેસે છે. અને સુધારક બીજાને સુધારવાનો પ્રયત્ન કરતાં ( એટલે બગડેલાને-નિમ્નભૂમિકા-વાળાને સુધારવાનો પ્રયત્ન કરતાં ) પોતે ન બગડી બેસે એવો હમેશાં ભય રહે છે. જે દેહભાવને નિર્મૂળ કરીને સર્વવ્યાપક એક જ અદ્વિ-તીય આત્મભાવનો જ્યાં અનુભવ કરવાનો છે, તેને બદલે વિશ્વ-સુધારણાની વાસનામાં અહંકારની દૃઢતા અને વૃદ્ધિ થવાથી દેહાધ્યાસ આપોઆપ વિશેષ વધતો જાય છે. પછી એમાં આત્મસાક્ષાત્કારની વાત જ ક્યાં આવી ? આત્મસાક્ષાત્કાર એટલે તો દેહાધ્યાસ ( અહંકાર )નો સમૂળો નાશ. આવી સુધારણામાં લોકલોકાન્તરની સુધારણાનો પ્રશ્ન ઊભો થતો નથી. ચેપી રોગની સારવારમાં દાકતર પોતાને સુરક્ષિત રાખી શકતો હોય તો જ બીજાની સારવાર

(૮૩)

તા. ૧૨-૩-'૫૮

શરીરને જયારે કેં આઘાત લાગે છે ત્યારે સ્વાભાવિક રીતે જ ઇંદ્રિયો બધી સમેટાઇને અંતરમાં ઊતરે તથા એક જ મનોવૃત્તિ આઘાતના સ્થાન ઉપર કેન્દ્રીભૂત થાય છે. એ એક પ્રકારની પ્રકૃતિએ સ્વાભાવિક આપેલી ચિત્તની એકાગ્રતા કરવાની આવડત ભરી સ્થિતિ છે.

સખત વાગે ત્યારે લોહીની સાથે એ સ્થાને પ્રાણ ધસી આવે, ત્યાં મન પણ એકાગ્ર થાય, એટલે બધી ઇંદ્રિયોની સહનશકિત ત્યાં ધસી આવેછે; મન ઊંડું ઊતરે એ મૂર્છા કહેવાય. સાંસારિક મન સ્વરૂપ સુધી તો ન પહોંચે; પણ ભક્તનું પોતાના ઇષ્ટદેવની મૂર્તિમાં એકાગ્ર થાય, આત્મવિદ્ કે જિજ્ઞાસુનું સ્વરૂપમાં પાછું પડે કે તટસ્થ બનીને દેહમુકત બની દેહના વ્યાધિ આત્મામાં નથી, એવી વિચાર વિવેકભરી વૃત્તિથી તિતિક્ષા દાખવે. એ સમયે સ્વાભાવિક રીતે જ મન બહિર્મુખ-કે વિવિધમુખ ન રહેતાં એકાગ્ર બને છે એ તો ચોક્કસ વાત છે.

આ આઘાતમાં મન ઊંડું ઊતરી ગયું હતું કારણ કે બાહ્ય દશ્યોમાં એને રસ નહોતો રહ્યો; અંતરમાં તો આત્મસ્વરૂપ રસ કેન્દ્રનો આધાર નહોતો, એક વૃત્તિનું બીજી વૃત્તિ સાથે યુદ્ધ ચાલતું હતું. એ સમયનું મન્થન એટલે જ ચિત્તની દ્વિધાવૃત્તિ. આવી દ્વિધાવૃત્તિની ઉપરામતા કે ઉદાસિનતા જેવી મનોદશા કોને કેટલો સમય રહે, એ સૌના ચિત્તના અધિકાર પરત્વે હોય છે; એ માટે કોઇ સામાન્ય નિયમ બાંધી શકાતો નથી. એક કુશળ વકીલ, દાકતર કે કાર્યકર્તા, વ્યાપારી ગમે તેવી ગૂંચને પોતપોતાની વિવેક-

શક્તિની માત્રા પ્રમાણે ત્વરાથી તાત્કાલિક ઉકેલે કે કોઇ બાધો વર્ષો સુધી ન ઉકેલી શકે એ બધું પોતપોતાની બુદ્ધિની કુશાગ્ર સમજણ ઉપર આધાર રાખે છે.

શ્રી રા. રા. ... ... હવે જાગ્રત થયા, એ મારાં અહોભાગ્ય! મેં લખ્યું છે તેમ હું તો આઘાત–ઉપરછલો કે ઊંડો–કેવો હતો અને ક્યારે રૂઝ આવી એની જ મહત્તા સ્વીકારું છું. નિમિત્તને દોષ દેતો જ નથી. મારું પોતાનું જીવન ભાતભાતના આઘાતોથી ઘવાયેલું છે. હું તો જાણે ભીષ્મપિતામહની પેઠે બાણથી વીંધાએલો જ છું. છતાં એમની સમક્ષ જેમ શ્રીકૃષ્ણ હતા, તેમ મારી સામે ત્રણ મહાપુરુષોની આરાધ્યમૂર્તિઓ ( એક નહીં પણ ત્રણ ) છે. ત્રણેયનાં દર્શન કરતો રહું છું; સતત થાય છે જ. દર્શન તો સ્થૂલનાં છે જ નહીં; એ તો દિવ્ય જ છે ( દિવ્ય એટલે કેવલ ઇંદ્રિયોના દેવો હૃદયપ્રદેશમાં દર્શન કરાવે તે સૂક્ષ્મ છે. ) તેથી એ દર્શનથી આઘાતની વિસ્મૃતિ જ રહે છે. સ્થૂલ આઘાત રૂઝાઇ જાય તો ભીંગડાં વળે, ભીંગડાં ઉખડે, પછી નવી ચામડી આવે; ક્યાંક ઢીમણાં પણ રહે, ક્યાંક ખોડખાંપણ રહે, પણ દિવ્ય (સૂક્ષ્મ) શરીરમાં એવાં ચિહ્ન નથી રહેતાં. પગ કપાઈ ગયો હોય એવો લંગડો દિવ્ય શરીરથી સ્વપ્નમાં ચાલી શકે છે; હાથથી ઠૂંઠો બન્યો હોય તે દિવ્ય શરીરે લેવડદેવડ કરી શકે છે. મારા મંદવાડમાં જ્યારે વ્યાધિ ઊતરતો હતો તે દિવસોમાં શરીરને હરવાફરવાની શકિત નહોતી; પણ દિવ્ય શરીરનાં સ્વપ્નમાં તો હું હરતો ફરતો, મંદિરોમાં દર્શન કરતો, સંતસાધુઓનાં ટોળામાં ફરતો હતો. આવાં સ્વપ્ન મેં તે વખતે, પાસે હતાં તેમને કહ્યાં પણ હતાં.

એટલે દિવ્ય શરીરના આઘાત રૂઝાય ત્યારે વૃત્તિઓનાં રૂપાન્તર થાય છે. સ્થૂલ શરીરમાં જેમ સ્થૂલ ચિહ્ન રહી જાય છે, તેમ સૂક્ષ્મ શરીરના આકારો (આઘાતનાં નિમિત્તો)ને વિસારી શકીએ તો શુભરૂપે

પરિવર્તન પામે છે. પણ જો એક આઘાત થયો, બીજો થયો, અસંખ્ય થયા, એ બધાંનાં નિમિત્તો ( વ્યક્તિ અને પ્રસંગો બન્ને ) વારંવાર ચિત્તમાં ઊભરાય છે, અને સમાનધર્મી આઘાત થતાં એ બધાં નિમિત્તાકાર બનીને ઉપસી આવે છે.

એક બીજી વાત; વ્યવહારની સત્તામાં વેદાન્ત જીવ, જગત અને જગદીશને સત્ય માનીને વ્યવહાર કરવાનું કહે છે. કારણ કે જ્યાં જ્યાં સારાં–માઠાં નિમિત્ત આવે, તેમાં માઠામાં સ્વદોષ અને સારામાં ઇશ્વરનો અનુગ્રહ સ્વીકારીએ તો જે આઘાત ચિત્તમાં ( સંસ્કારરૂપ ) રહ્યા હોય તે સ્મરણ કાલે સુખદ હોઇ પરદોષ દર્શન કરાવતાં નથી. પણ જો ઇશ્વરભક્તિ ન હોય તો આઘાતમાં પરદોષદર્શન કરી કરીને, જેટલા સંસ્કાર સ્મૃતિમાં રહ્યા હોય તેની માળા ફેરવવાની, ને યાદ કરી કરીને વાગોળવાની ટેવ રહી જાય છે. આવા જીવાત્માની આત્મ-સુધારણા થતી નથી, એની દોષદૃષ્ટિ જતી નથી. અને બધી સાધના નિષ્ફળ જાય છે. હવે મૂળ પ્રસંગ પર આવીએ. એ પ્રસંગ તમારા બન્નેના માનસિક આઘાતનો હતો; એ એક જ આઘાતની સાથે, પૂર્વપ્રસંગોનાં અનેક ચિત્રો પરમ્પરાન્યાયે મનઃપ્રદેશમાં ખડાં થયાં હશે, તે સમયની પૂર્વગ્રહની દશામાં ગુણદોષારોપણ થયું હશે. ત્યાર પછી ધીરે ધીરે શુદ્ધિનાં દર્શન થતાં, બુદ્ધિમાં વિવેકદીપ ઊગ્યો હશે, દોષદર્શનને બદલે બમણાજોરથી દબાવેલી કમાન ઉછળે તેમ અંતે વિશેષ ગુણદર્શન થયું હશે. થયું હોય તો જ શ્રેયસ્કર છે એમ હું માનું છું.

એક બીજી વાત. ત્યાંની સાથે અહીંનું તાદાત્મ્ય એટલું બધું હતું કે ત્યાં ઊંડાણમાં ઊતરવા જેવી શૂન્યમનસ્ક દશા હતી, તેવી અહીં તટસ્થ ઉપરામ સ્થિતિ હતી. ત્યાં વાચા–આંતરવાચા ઊઘડી, અહીં પણ ઊઘડીને ગઇ કાલની દાળભાતશાકની ઉદરને આહૂતિ આપી.

બ્રહ્મદર્શન-ઇશ્વરદર્શનની વાતો સહેલી છે, પણ દર્શન અઘરું છે. એ વર્ષોની નહિ પણ અનેક જન્મોની સિદ્ધિ (સફલતા)ની વાત છે. એમાં હતાશા-નિરાશા નહિ તેમ અધૈર્ય કે ઊતાવળ પણ ન હોવાં જોઇએ. ભગવદ્ ગીતામાં शनैः शनैरुपरमेद्बुद्ध्याधृतिगृहीतया। એમ કહ્યું છે. બુદ્ધિ અને ધૃતિથી, ધીરે ધીરે મનને વિષયમાંથી ઉપરામ કરવું. જયાં રતિ (પ્રીતિ, આનંદ) હતી ત્યાં ઉપરતિથી ઉપર જવું. અને જવું કયાં ? એ મનને બુદ્ધિ અને વૃત્તિથી ધીરે ધીરે આત્મામાં નાંખવું. કાંટાવાળી વાડમાં કીમતી વસ્ત્ર ભરાઈ ગયું હોય, તો ફાટે નહિ તેમ ધીરે ધીરે કહાડવું જોઇએ. ખેંચીએ તો વસ્ત્ર જ ફાટી જાય. બોરડીના કાંટા વાંકા હોય છે, એને ખેંચી કહાડવા હોય તો ધીરે રહીને વાંકા વાળીને કહાડવા જોઇએ. નહિ તો સીધા ઊતાવળથી ખેંચવા જતાં લોહી નીકળે અને ચામડીમાં ચીરો પડે.

એટલે જ આ માર્ગ ધીરજ અને પાકી સમજણથી પાર કરવાનો હોઇ અટપટો છે. સહેલો એટલા માટે કહ્યો છે કે જો બ્રહ્મવિદ્નું શરણ મળે, તથા એ પ્રસન્ન થાય એવી આપણી તૈલધારાવત્ ભક્તિ અને નિષ્કામ મનોવૃત્તિ હોય, તો પછી સહજભાવે નિશ્ચિંત થવાય છે. માતાપિતાની છત્રછાયા નીચે ઊછરતું બાલક નિશ્ચિંત હોય છે તેમ.

અને શરણ બ્રહ્મવિદ્નું જ છે તથા શરણ લીધું તે બ્રહ્મવિદ્ જ છે એ સમજવું પણ વિકટ છે. સ્વલ્પ અનુભવથી શુદ્ધ શ્રદ્ધા બલવતી અને સ્થાયી બને છે. એવી શ્રદ્ધા વિના એનું રહસ્ય નથી સમજી શકાતું કે નથી ઓળખી શકાતું. બ્રહ્મવિદ્ કે બ્રહ્મવિદ્ના શરણનો બધો જીવનક્રમ આત્મલક્ષી છે. પ્રત્યેક દર્શનને પોતપોતાનો આગવો સાધનક્રમ હોય છે. શ્રી. શંકરાચાર્ય વિવેકથી શરૂ કરીને નિદિધ્યાસન સુધી અને ત્યાર પછી બન્ને પ્રકારની સમાધિ અથવા અપરોક્ષજ્ઞાન

( અદૃષ્ટ અને દૃષ્ટ )ની સાથે દુઃખની આત્યંતિક નિવૃત્તિ અને પરમાનંદની નિરંકુશ (સ્વતંત્ર) તૃપ્તિ, એનું અલૌકિક ફલ કહે છે. આપણે તો સાધનસંપદ્ વધારવી, સાચવવી એ મુખ્ય વાત છે. પછી કોઇને બ્રહ્મવિદ્ માનવાની ભૂલ કરીને શરણ લીધું હશે, તો આપણાં સાધન ચક્ષુ વડે એ અબ્રહ્મવિદ્ હશે તો માર્ગમાંથી ખસી જશે, પડતો મૂકાશે, અને પછી સાચો બ્રહ્મવિદ્ સાંપડશે. આપણે બ્રહ્મવિદ્‌નું કામ છે, વ્યકિત કે અમુક જ માનવશરીરનું નથી. આપણી સાધનકક્ષા નિર્ભ્રાન્ત હોવી જોઇએ. એને માટે જ જીવન છે એવું ભાન વ્યવહારનાં કર્મમાં રહેવું જોઇએ. એમાં બીજી આળપંપાળ કે બીજો વળગાડ ન હોવાં જોઇએ. પંચભૂત, પંચવિષય, કે લોકલોકાન્તરની ભોગ-લાલસા ન હોવી જોઇએ. સ્વયંભૂત છીએ તેમાંથી સ્વયંભૂ થવું, પછી સ્વયંજયોતિ શિવોઽહમ્ થવું, ( વૃત્તિમાત્રથી—દેહથી નહીં ). ( ઉપનિષદ્‌માં સ્વયંજયોતિ શબ્દથી બ્રહ્મ—આત્માને ઓળખાવ્યું છે ) એને જ ज्योतिषां ज्योति: કહ્યું છે.

*      *      *      *

શરીરના આયુષ્ય માટે શું કહેવું ? આંતરડાં બહુ જ નબળાં બની ગયાં છે. શું ખાવું કે શું ન ખાવું એને માટે બુદ્ધિ ઘણીવાર બહેર મારી જાય છે. વ્યવહાર તો આવી પડયો છે તે ચલાવવો છે. વારસો લેનાર શિષ્ય મળે, ન મળે, કયારે મળે, કેવો મળે એ તો શિષ્યભગવાન જાણે. હું મારા ગુરુદેવે આપેલાનો સાચો વારસદાર બનીને સુયોગ્ય અધિકારી બનવાનો છેલ્લા શ્વાસ સુધી પ્રયત્ન કર્યા કરું, એટલી જ એ ગુરુદેવ પાસે પ્રાર્થના છે.

ઠીક ત્યારે, લહેર કરો ! સભાન જીવન જીવો, અને આઘાત થતાં વેંત તરત જ પ્રજ્ઞાપ્રકાશનો મલમ, દવા કે એવું લાગુ પાડી દો.

(૮૪)

તા. ૧૪–૪–'૫૮

ચિ. બ્હેન,...

આજ તો તને પત્ર લખવાની ઈચ્છા અકસ્માત્ થઈ આવી. જાણે શુકલપક્ષની રાત્રિના પાછલા સમયમાં–અંધકારમાં ચંદ્રનું અડધિયું ઊગી નીકળે તેમ ! બધાં આનંદ પ્રસન્ન હશો. પણ મુખ્ય હેતુ તો છે તારાં પરમપ્રિય મમ્મી પરીક્ષાર્થી બની બેઠાં છે, તેને તું મારા–અને તને ઉચિત લાગે તો તારા આશીર્વાદ (?) કહેજે, અને એવી પ્રેરણા આપજે કે ખૂબ ઉત્સાહ અને શ્રદ્ધાથી ઉત્તરો લખીને પ્રથમ વર્ગમાં પાસ થાય. તારાં વડીલ ભગિની...બ્હેન તો પ્રશાંતસાગર જેવાં ગંભીર છે. જ્યારે તું કોઈ ઘૂઘવતા સુધાસાગરના પ્રચંડ તરંગ જેવી છે, એ તરંગની પ્રેરણા (ભાવના) શક્તિની તું જીવન્ત સાક્ષાત મૂર્તિ સમી હોવાથી આ મહત્વભર્યાં કાર્ય અને એની સિધ્ધિ તથા સફલતા માટે હું તને મારું પ્રતિનિધિત્વ આપું છું. સફલતા અને અભિનયપૂર્વક એ તું પાર પાડે એવી મારી સૂચના છે. તુ પણ હૃદયથી ઇચ્છે છે કે તારી વહાલી મમ્મી–એમ. એ. ફર્સ્ટ કલાસ ઉત્તીર્ણ થાય, એમની તેમ જ તમારાં બધાંની કીર્તિનો સરસ્વતીકળશ શોભી નીકળે, એ વિદ્યાકળશનાં તમે બધાં અમૃત ભોગી થાઓ, અને ઉત્તરોત્તર એમાં વૃધ્ધિ વિકાસ થાય એવી મારી મહત્ત્વાકાંક્ષા સફલ થાય !

(૮૫)

તા. ૧૭–૪–'૫૮

આશીર્વાદ. ૐ

બોલો શ્રી પરીક્ષાદેવીનો જય !

દેવી-ઉપાસકો મુખ્યત્વે મહાલક્ષ્મી, મહાસરસ્વતી, મહાકાલી, અને મહાદુર્ગા એમ ચાર દેવીઓને મુખ્ય માને છે. બધી મળીને દેવીઓ બાર માનવામાં આવે છે, જેમાં આ ચાર મુખ્ય છે. પહેલી દેવી ભક્તને ધનસંપત્તિ અને વૈભવ અપાવે છે; બીજી વિદ્યાજ્ઞાન આપે છે; ત્રીજી અજ્ઞાનનો સંહાર કરે છે અને ચોથી સાધકનું રક્ષણ કરે છે; દુર્ગ એટલે કિલ્લો; દુર્ગા એટલે રક્ષણ કરનાર કિલ્લાના જેવી દેવી.

પણ પશ્ચિમમાંથી ત્યાના ભણતરની સાથે એક નવી દેવી આપણા દેશમાં આવી છે, જેની કૃપા માટે વિદ્યાર્થીઓ એકડે એકથી માંડીને સર્વોચ્ચ ડીગ્રી સુધીના ભણતર માટે તન, મન, ધન વેડફી નાંખે છે. એનો મહિમા બીજા જાણી શકતા નથી; જો કે વત્તાઓછા પ્રમાણમાં તો જીવનને ડગલે ને પગલે એ પોતાનું કામ કરે જ છે. છતાં પ્રત્યક્ષ રૂપે તો શાળા, કોલેજો, યુનીવર્સીટીમાં જ એ દેવી વિરાજે છે. એના આરાધકો વિદ્યાર્થીઓ છે; શાળા કોલેજ વગેરે એનું મંદિર છે; કોલેજના પ્રોફેસરો એના પૂજા શીખવનારા પૂજારીઓ છે, જે એનાં પૂજા આરાધના શીખવીને પૂજારી તરીકેનો પગાર મેળવે છે. વિદ્યાર્થીઓને સફળતાનો પ્રસાદ વહેંચે છે. એવી એ પરીક્ષા-દેવીની આરાધના કરીને પૂજારી ( પરીક્ષકો )નો દ્વારા પ્રસાદ ( પ્રમાણપત્ર ) મેળવવા તમારાં માતુશ્રી હાલમાં મંદિરમાં જાય છે. ત્યાં પ્રસન્નતાથી પૂજારીઓના પ્રશ્નોના ઉત્તર આપતાં હશે. આપણે તો એ જ જોવાનું કે એ પરીક્ષા દેવી પૂજારીઓમાં શુભ પ્રેરણા કરે, દેવી પ્રસન્ન થાય, પૂજારીઓ પ્રસન્ન થાય અને ઉત્તમ પ્રસાદ ( પ્રમાણ પત્ર ) આપીને એમને કૃતાર્થ કરે. પેલી બાર દેવીઓનાં નામમાં તમારાં માતુશ્રીનું નામ (તારાદેવી) પણ પ્રસિદ્ધ છે. બુધ્ધાવતારે તો એમના નામની દેવીની જ આરાધના કરી હતી. આપણા ચિ... ભાઇ બુધ્ધદેવ હોય તો નવાઇ નહીં.

(૮૬)

તા. ૨૨-૪-'૫૮

ચિ. સૌ.......બ્હેન,

આવતી કાલે-બુધવારે વિનાયક ચતુર્થી છે, ગુરુવારે ભગવાન ભાષ્યકાર શ્રી આદ્ય શંકરાચાર્યની જયંતી છે. એ બન્ને દિવસોમાં ભગવાન શંકરાચાર્યના વેદાન્ત વિષે તથા બીજા એ જ માર્ગના વિષય પરત્વે ખૂબ જ લખી શકાય. ભગવાન તમારા હૃદયમાં સાક્ષાત્ વિરાજમાન બનીને એમનું હાર્દ (દેવી સરસ્વતી) તમારા હાથની પેન દ્વારા લખાવે, એવી મારી ભગવાનને હાર્દિક પ્રાર્થના છે. અને તને, વહાલી દીકરીને એવા જ આશીર્વાદ છે. બધુંયે થશે. તારું કુટુંબ (પતિ, બાળકો, નણંદ) અને એ પરંપરા તારાં જ્ઞાન-ભક્તિના પ્રોજ્વલ પ્રકાશનો અનન્ય લાભ મેળવે, એવા આશીર્વાદ છે. આજે આ સહજભાવે અપાતા આશીર્વાદ પાછળ આજનો મંગલ દિવસ છે, અક્ષય તૃતીયા.

(૮૭)

તા. ૨૨-૪-'૫૮

વહાલાં બાળકો,

આજે અક્ષય તૃતીયા છે. સંવત ૧૯૮૮ના વૈશાખ શુદિ ૩ ને રવિવારે, એ અક્ષય તૃતીયાને દિવસે, અત્યારના પાકીસ્તાની બંગાળના ફરીદપુર જિલ્લાના મદારીપુર તાલુકાના ગામની પાસેના બેએક માઇલ દૂર એવા કુલપદી ગ્રામના, જ્ઞાનસાધન મઠના અધિષ્ઠાતા યોગનિષ્ઠ સ્વામી શ્રી નારાયણતીર્થ સમક્ષ, એમના કૃપાપ્રસાદ

નિમિત્તની યોગદીક્ષા લખનારને મળી. એવી દીક્ષાથી અક્ષયતૃતીયાને દિવસે એ મહાપુરુષ પોતાના સદ્‌ગુરુ સ્વામી ગંગાધરતીર્થ પાસે પૂર્વદિશાના મુખ્ય ધામ જગન્નાથપુરીમાં દીક્ષિત થયેલા. એમનો (સ્વામી નારાયણતીર્થનો) જન્મદિવસ સંવત ૧૯૨૬, આસો સુદિ ૧૫, રવિવાર છે. એમણે દીક્ષા લીધી તે દિવસ સંવત ૧૯૪૫ વૈશાખ શુદિ ૩ ને શુક્રવાર છે. દીક્ષા લીધા પછી અને તે પહેલાં તેઓ ત્યાં ત્રણેક માસ રહીને ગુરુઆજ્ઞા થતાં પોતાને સ્વગ્રામ ગયા અને ત્યાં જ સ્થાયી બનીને સાધના ચાલુ રાખી. ત્યાર પછી સ્વસ્થાને જ રહીને એમને યોગસિદ્ધિ પ્રાપ્ત થઇ; પરંતુ પાછળથી બીજી વખત ગુરુદર્શન થયેલું જ નહીં; સ્વસ્થાને નિવાસ કરીને ગુરુઆજ્ઞા પ્રમાણે સાધના જ કરેલી, અને એમની એ સાધના સંપૂર્ણ સફલ થઈ.

આટલી નોંધ માત્ર લખીને જે લખવાનું છે તે મિતિ તો ઉપર લખાઇ ગઇ છે. અક્ષયતૃતીયાને હું અમૂલ્યદિન માનું છું. આ આશ્રમનું ઉદ્‌ગમસૂત્ર પણ એમની જ આજ્ઞા છે. એ આજ્ઞાપાલન માટે જ આ બધો વ્યવસાય ગુરુસેવા નિમિત્ત ઊભો થયો છે, અને એને હું અનન્ય ગુરુસેવાનો લહાવો–લાભ માનું છું. એ દીક્ષાને બંગાલીઓ શકિતદીક્ષા માને છે; શાકતો શકિતપાત કહે છે અને પ્રાણની અંતર્મુખે સૂતેલી કુંડલિની જ્ઞાન (વિજ્ઞાનમય કોષ) ભાવ (મનોમય કોષ) તથા ક્રિયા (પ્રાણમયકોષ)ની ત્રિપુટીમય શકિતની જાગ્રતિ માને છે. હું એકલી પ્રાણશકિત નહીં પણ મનોમયકોષની ભાવભકિત અને વિજ્ઞાનમયકોષની જ્ઞાનશકિતનું પણ જાગ્રતપણું માનું છું. આ વસ્તુ જેઓ 'કુંડલિની' જાગ્રતિની વાતો કરે છે તેઓ સમજતા નથી; હશે !

હું બીજી વાત લખવા બેઠો છું. મનમાં છે, ભાવપ્રદેશમાં છે,

પણ શબ્દોરૂપે બોલવા કે અક્ષરરૂપે લખતાં મન સંકોચ અનુભવે એવો મારો સ્વભાવ છે. તમે મારાં બાલમાનસો છો; (મને પક્ષપાત) તમારા બે વચ્ચે કે બીજે કયાંય નથી. પાત્રભેદે હું ભેદભાવે વર્તતો હોઇશ પણ અશરીરી વાત્સલ્યની ઊણપ રાખીને હું શા માટે ઇશ્વરનો ચોર બનું ? સંત કે ગુરુપરમ્પરાપ્રાપ્ત વાત્સલ્યનો બીજો ઉપયોગ ક્યાં, કશામાં, શા હેતુથી થઇ શકે ? કારણ કે એ શકિત મારી નથી, ગુરુદેવની છે; વાત્સલ્યદાન એની દીક્ષા છે; એ વિના સંકોચે આપું; ન આપું તો ચોર ( यो भुंक्ते स्तेन एव सः ગીતાવાકય ) બનું. એટલે આજ ૧૨।। વાગે–આંતર સ્ફૂરણા થઈ; અંદર આનંદ આવ્યો. તમે બન્ને મારાં માનસચક્ષુ સમક્ષ જાણે પ્રત્યક્ષ છો, પણ તે વખતે વિશેષ રૂપે ખડાં થયાં.

અને અંતર બોલતું હતું "તમે બન્ને એ ત્રણેય શકિતથી સંપન્ન થાઓ" આજે જાણે હું સર્વસ્વ આપી દેવા બેઠો હોઉં એમ લાગે છે. તમે સદેહે અધિકારી બનો એવી ગુરુદેવને પ્રાર્થના કરવી એ જ મારું દૈવત્ છે.

**P.** જ્ઞાન અને વૈરાગ્યનું પાત્ર બને અને પોતાના ભકિતભર્યા સમર્પણથી એ પામે.

**T.** જ્ઞાન અને ભકિતનું પાત્ર છે, એ પણ પોતાના શ્રધ્ધાભર્યા સમર્પણથી પામે.

તમે પામો; આજનો દિવસ; આ ભાવ; હું, તમે, એવો દ્વૈતભાવ જાઓ; તમે રહો ને હું ન રહું, એવું બને, એ જ ઈષ્ટ છે.

તમે રહો, એટલે तत्–त्वम्–असि અને તમે अहं–ब्रह्म–अस्मि ભાવ પામો. એ अहं–માં દ્વૈત છે જ નહિ; એટલે લખનાર, વાંચનાર કોઇ નહીં. હું–તું એનું ન રહે, અને રહે તે એક જ एकमेवाद्वितियम्।

એ ભાવ આ જીવનમાં જ પામો. એનાં સાધન આપોઆપ પામો. એવી મારી હાર્દિક ભાવનાને ઝીલીને અંતરમાં, આત્મામાં જીરવો–તથાસ્તુ !

દીક્ષાના પ્રકાર :–

માનસ દીક્ષા;
ચાક્ષુસી દીક્ષા.
સ્પર્શ દીક્ષા.

એવા ભેદમાં માનસદીક્ષા તમે પામો, પામ્યાં છો. તેમાં હવે પૂર્ણતા આવે !

ૐ શાંતિ ! આનંદ ! આનંદ !

તમારો સત્યસ્વરૂપે
'સ્વયંજ્યોતિ'

(૮૮)

તા. ૨૬–૪–'૫૮

તાપ સખત પડે છેઃ પૃથ્વીપરનો માનવસમૂહ જ વિશેષ તાપ-સંતાપ વ્યાપક થાય એવાં કર્મો કરે છે, કે જેથી તાપ વધ્યા જ કરે..

કર્મ અને કર્મફલનો વિચારવિવેક એવો લાગે છે કે--

૧ ફલભોગની વાસનામાંથી કર્મ ઊભાં થાય છે.

૨ વાસનાના ઉદ્ભવ સમયે ભોગપ્રાપ્તિ માટેનાં કર્મમાં આવતાં દ્વંદ્વનું ભાન હોતું જ નથી.

૩ કારણ કે પ્રત્યેક ભોગમાં સુખદુઃખ, હર્ષશોક, લાભહાનિ,

આદિઅંત, માન અપમાન, બલક્ષય, દેહક્ષય, ઈંદ્રિય-શિથિલતા જે ભોગમાં કરણ છે) મનની ચંચલતા વિ. અવ્યકતરૂપે રહેલાં જ છે.

૪) ભોગવાસના, સુખદુ:ખાદિ દ્વંદ્વ તથા નિત્ય આનન્દના કેન્દ્રનું અજ્ઞાન સૂચવે છે; આનન્દકેન્દ્રના અજ્ઞાનમાંથી જ ભોગ-વાસના ઉદ્‌ભવે છે.

૫) કર્મ અને ફલભોગમાં શકિતનો ક્ષય થતો જાય છે; પરિણામે અપૂર્ણ વાસનાઓ અંતરમાં સંતાપ આપે છે. ભોગ પ્રાપ્ત કરવામાં કર્મ કરવાની શકિત કે સાધનોનો અભાવ થવાથી એ સંતાપ વધતો જાય છે.

૬) વાસનાનું પૃથક્કરણ કર્યા વિના કર્મનો સિદ્ધાન્ત સમજી શકાતો નથી. વાસનાનો હેતુ ભોગબુદ્ધિ છે, એનું કાર્ય કર્મ છે; તેનું ફલ વિષયભોગ છે, જેનું અંતિમ પરિણામ છે દ્વંદ્વબંધન.

૭) એટલા માટે જિજ્ઞાસુને વાસનામુકત (નિષ્કામ) કર્મ માટેની પહેલાં શાસ્ત્ર આજ્ઞા કરે છે. વાસનાના મૂલોચ્છેદ વિના કર્મવૃક્ષનાં ફલાસ્વાદન જતાં નથી.

૧) આપણી સામે (પ્રારબ્ધવશાત્) જે જે સંયોગો આવે એ વસ્તુત: આપણાં જ આંતરમનનાં પ્રતિબિંબ છે. બહારથી આવે છે કે અંતરથી ઊભાં થાય છે એવો વિચાર કરવા કરતાં એની અસર મન ઉપર થાય છે એ જ જોવાનું છે. એ ન થવી જોઈએ એટલું જ નહિ પણ કયારે થઇ, કેવી થઈ, કેટલો સમય રહી અને પછી આત્મસ્મરણથી ગઇ કે નહીં એ જ આપણે જોવાનું છે.

૨) એ પ્રસંગોમાંથી બીજાં નવાં દ્વંદ્વનાં મૂળ જેવાં રાગદ્વેષનાં

બીજ ન રોપાય એ માટે સાવધાન રહેવું જોઇએ.

૩) પૂર્વસંસ્કાર આવી રમત રમે તેથી ગભરાવાનું કે ચિત્તને ચંચલ થવા દેવાનું કૈં કારણ નથી. જે સામે આવે. તે આવવાનું હતું માટે જ આવ્યું છે એમ સમજીને, એમાં આત્મભાવે તટસ્થ બનતાં શીખીએ, તો એની અસર મન ઉપર ટકતી નથી. દશ્યભાન થાય પણ પ્રભાવ ન પડે.

૪) ધીરજનો અર્થ સમજણવિનાની સહનશીલતા નથી. કોઈ પણ પ્રસંગ નવા રાગદ્વેષનાં બીજ ચિત્તક્ષેત્રમાં ન વેરી જાય એવી સાવધાનતા જ મુખ્ય સાધન છે. એ અર્થમાં અન્યને માટે ધીરજના કરતાં ક્ષમા વધારે હિતકર છે; ક્ષમા અને ઉપેક્ષા એ બે સાધકના જીવનમાં ઊતરે તો ચિત્ત પ્રસન્ન રહે છે.

૫) અદ્વૈતદષ્ટિ:—આપણે પોતે જ બ્રહ્મસ્વરૂપ હોવાથી સમસ્ત બ્રહ્માંડ આપણી જ યોગમાયાથી દષ્ટિરૂપે ખડું કર્યું છે. જે નાટક આપણે જ આનંદને માટે તૈયાર કર્યું છે એના બધા પ્રવેશો જોવાનો વિરોધ શા માટે?

૬) દ્વૈતદષ્ટિ:—બ્રહ્માંડકર્તાહર્તા ઇશ્વરે પોતાની માયાથી વિશ્વ-રચના કરી છે, જેમાં આપણને એટલા માટે મૂક્યાં છે કે એની નિઃસારતા સમજાય અને એને દુઃખપ્રધાન અનુભવી તથા સમજીને આપણે ઇશ્વર-સચ્ચિદાનંદની અંતરમ સ્થાપના કરીએ, સંસારને વિસારીએ. સુખ-સ્વરૂપ ઇશ્વર અને દુઃખમય સંસાર, એ બેમાંથી શેની પસંદગી કરવી એ જીવાત્માના અંતઃકરણની ભૂમિકાની ઉપર આધાર રાખે છે.

હરકોઇ રીતે સંસારનાં ચોંટેલાં ચિત્તવૃક્ષનાં મૂળને ઉખેડીને

પરમાત્મ-ભાવનાના ક્ષેત્રમાં રોપવાં એ જ પરમ ધર્મ અને પરમ કર્તવ્ય છે. એ માટે ઇશ્વરનું સતત સ્મરણ મનમાં ચાલુ રાખવું જોઇએ. નામજપ, ભજન, પાઠપૂજા, જેવાં સાધન પ્રત્યેક ધર્મમાં આવશ્યક અને મહત્તાનાં માન્યાં છે,

(૮૯)

તા. ૩૦-૪-'૫૮

પત્ર મળ્યો. તમે ગરમીની યાત્રામાંથી આવી ગયા, હવે ચિ. સૌ....બ્હેન લખે છે તે પ્રમાણે તમે તા. ૮-૯મીએ સમુદ્ર-તટની ઠંડક લેવા મુંબઇ બંદરે પધારો, એકાન્ત શોધીને એકલા સ્વસ્થ બેસીને મગજને શાંત કરો. જેને એ રીતે બેસવું હોય તે એકલું જ એકાન્ત શોધીને બેસે અને શાન્ત રીતે સાગરને ભવસાગર માનીને નિરખ્યા કરે.

દ્રષ્ટા તદ્દન નિર્લેપ, તટસ્થ અને સાક્ષી છે; જેને 'મારું' કહો કે માનો છો એ ચિત્તને પણ ભવસાગરનો એક વિભાગ સમજીને એના ચંચલતરંગો પણ જોતાં શીખજો, એ વૃત્તિઓના ગુણકર્મ-પ્રકારો જોઇને આશ્ચર્યમય સંસારસાગરને નિહાળ્યા કરજો. અંતર્મુખ થઇને જોશો ત્યારે દ્રષ્ટા તરંગહીન જેવો લાગશે અને તરંગ દૃશ્ય જેવાં લાગશે. દ્રષ્ટા તથા દૃશ્ય જુદાં છે એનો અનુભવ થશે. તરંગ અને તરંગદ્રષ્ટા જોવા-વિચારવાની બહુ મઝા આવે છે. તરંગે તરંગે જેમ જલ છે, તેમ વૃત્તિએ વૃત્તિએ શૃંખલાબદ્ધ સંસાર છે. એકેય કડી એક બીજાથી જુદી પડતી નથી.

દા. ત. કોઇ પોતાની એક વૃત્તિને તટસ્થ રીતે જુએ છે, ત્યાર પછી એ વૃત્તિ શાંત થતાં બીજી વૃત્તિ ઊભી થઇ તેમાં પણ એનો સંબંધ હોય છે. એક પછી એક એમ ક્રમવાર વિષયાકાર

વૃત્તિઓ બદલાતી જાય છે જેનું ઉદ્દગમસ્થાન માનવચિત્ત છે. એ ચિત્તનો સંબંધ કેવળ માનવ પ્રાણી સાથે જ નહીં, પણ પશુ, પક્ષી, ખેચર, ભૂચર, જલચર, સ્થાવર, જંગમ, વૃક્ષ, ખનિજ, એમ પૃથ્વી પરના સમસ્ત જીવ-અજીવ સાથે પણ છે. તેથી ય આગળ જતાં પૃથ્વીનો ચંદ્ર, સૂર્ય, કે નક્ષત્રો સાથે, અસંખ્ય કોટિ (પ્રકટ) બ્રહ્માંડ સાથે, પંચતત્ત્વ સાથે સંબંધ છે જ. આવી રીતે શરીર અને મનના સંબંધોનો સંસર્ગ બ્રહ્માંડનાં સમસ્ત નામરૂપ સાથે ગ્રથિત (ગ્રંથિવાળો) થયેલો છે. જ્યાં જ્યાં વ્યક્તિત્વ (નામરૂપમય આકાર) હોય ત્યાં ત્યાં પરમાણુઓને ગ્રહણ કરીને સંગઠન રાખનાર દેહધારી अहम् છે, જેનું બીજા બધા પરત્વે મમત્વ છે. એ अहम् છે તે જ મુખ્યગ્રન્થિ છે અને મમત્વને લીધે અન્ય સંબંધો થાય છે તે બીજી બધી ગ્રન્થિઓ છે. એ સાત્ત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ પ્રકારની અને અસંખ્ય છે. ઉપનિષદ્‌માં.

> भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्व संशयाः ।
> क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

મુંડક ઉપનિષદ્
૨—૨—૮

**અર્થ**: એ પર-અવર (કાર્યકારણરૂપ ब्रह्म)નું દર્શન (સાક્ષાત્કાર) થવાથી (સાક્ષાત્કાર હૃદયમાં થાય છે કારણ કે ગ્રન્થિ એમાં જ છે.) આ જીવાત્મા-અહંભાવધારી વ્યક્તિત વિશેષની હૃદયગ્રન્થિ (ગ્રન્થિ એક જ છે, ત્રિગુણાત્મક ભેદ તો પછી થાય છે) ભેદાઇ જાય છે. સમસ્ત સંશયો કપાઇ જાય છે; અને કર્મોનો ક્ષય થાય છે. ભગવાન ભાષ્યકાર લખે છે કે એના હૃદયમાં જે કામનાઓ આશ્રિત છે એ ગ્રન્થિઓ છે. બીજી શ્રુતિમાં બુદ્ધિમાં રહેલી

અવિદ્યા-વાસનામય કામને હૃદયગ્રન્થિ કહે છે. એ બધું હૃદયને આશ્રિત થઈને રહે છે; આત્માને આશ્રિત નહીં. આત્મસાક્ષાત્કાર થવાથી એ ભેદાઇ જાય છે એટલે નાશ પામે છે. લૌકિક પુરુષોના જ્ઞેય પદાર્થ વિષયક સંપૂર્ણ સંદેહ, જે એના મરણપર્યન્ત ગંગા-પ્રવાહવત્ પ્રવૃત્ત રહ્યા કરે છે, તે વિચ્છિન્ન થઇ જાય છે. જેના સંશયો નષ્ટ થઈ ગયા છે, અને જેની અવિદ્યા નિવૃત્ત થઇ ચૂકી છે, એવા પુરુષની વિજ્ઞાનોત્પત્તિના પહેલાં જન્મ જન્માતરમાં કરેલાં જે કર્મ ફલોન્મુખ નથી થયાં અને જે જ્ઞાનોત્પત્તિની સાથે સાથે થયાં કરે છે એ નાશ પામે છે; કિન્તુ વર્તમાન જન્મનો આરંભ કરનારાં કર્મ ક્ષીણ થતાં નથી, કારણ કે એનું ફળ આપવાનો આરંભ થઈ ચૂકયો છે. તાત્પર્ય એ છે કે એ સર્વજ્ઞ, અસંસારી પરાવરનું "એ સાક્ષાત હું છું" એ રીતે દર્શન થતાં સંસારના કારણનો ઉચ્છેદ થવાથી એ પુરુષ મુકત થાય છે.

આમાં આવેલા શબ્દો પર મનન કરવા જેવું છે. શબ્દો શીખ્યા પછી મનન કરવું; એનો લક્ષ્યાર્થ વિચારવો, અને અનુભવ કરતાં હોઈએ એમ, અંતરમાં લક્ષ્ય રાખીને, એ અર્થ (Object) ત્યાં જ છે એવું બુદ્ધિવૃત્તિ વડે દર્શન કરવું.

હૃદયગ્રન્થિ :-અંતરમાં એટલે વિજ્ઞાનમયકોષની બુદ્ધિમાં આત્મા-અનાત્માનો વિવેક થયા પછી વિજ્ઞાનમયકોષમાં જે પ્રકાશ છે, ચિદ્‌સત્તા છે તેનું મનન કરવું. એ ચિદ્‌ની સાથે ત્યાં પણ अहम् છે; દૃષ્ટા, દર્શન, દૃશ્યની ત્રિપુટીમાં અહં-ઇદં-નું અનુસંધાન કરનાર ચિદ્ છે-એટલે એ अहम्‌નો (જે એક છે) અસંખ્ય વૃત્તિઓ સ્વરૂપ इदं-દૃશ્યો સાથે જે દર્શન વડે સંબંધ છે, એ બધી अहम् इदम्‌ની ગ્રન્થિઓ છે. પણ મુખ્ય તો अहम्‌ની ગ્રન્થિનો જ વિચાર કરવાનો છે કારણ કે अहम् જ મુખ્ય ગ્રન્થ છે. એક સાધે સર્વ સધાય, એકના જ્ઞાનથી બધાનું જ્ઞાન થાય, તેવું છે. अहम्‌નો મિથ્યા

જ્ઞાનમાંથી આવિર્ભાવ થયો છે એને *"અન્યથાગ્રહણ" પણ શ્રી ગૌડપાદાચાર્ય કહે છે. એ જે જુદે જ રૂપે પકડી રાખ્યું છે, સર્વવ્યાપક આત્મામાં ભ્રાંતિને લીધે પૃથક્રૂપે અહમ્ હું માન્યું છે, તેનું હવે અગ્રહણ થાય, એ ભાવથી મુક્ત થવાય, એ છે અહંની નિવૃત્તિ. એ અહમ્ વૃત્તિની ગ્રન્થિ બુદ્ધિપ્રદેશમાં સજજડ, રેશમના ચીકણા થયેલા મેલવાળા દોરામાં ગાંઠ પડી હોય તેના તેવી છે.

રેશમનો સળંગ તાર એ તો બ્રહ્મ તાર છે; એમાં એ સળંગ દોરીમાં, અહમ્ ( ગાંઠ ) થઈ જાય, ગ્રન્થિ થઈ જાય, એ છે મુખ્ય હૃદયગ્રન્થિ.

ગ્રન્થિ તો એક જ છે, અને એક જ તૂટે છે એમ લખ્યું છે; સંશયો અસંખ્ય છે એમ કહ્યું છે કારણ કે જેટલા વિષયોનો મોહ હોય તેટલી ગ્રન્થિઓ કહેવાય છે. વ્યવહારમાં પણ પાંચ પંદર જણ ભેગાં થઈને કેટલીએ કલ્પનાઓ--સૂચના કરે કે ગાંઠ કેમ પડી હશે, આમ છૂટે કે તેમ છૂટે, કોણે ગાંઠ પાડી વગેરે માટે શંકાઓ કરે; એવી રીતે અહમ્‌ની ગ્રન્થિ પડયા પછી સાત વિભકિત રૂપે થયેલી મમત્વભરી ગ્રન્થિઓ છે. એની સાથે બ્રહ્માંડની બધી ગ્રન્થિઓ જોડાયેલી છે. જેમ કે કોણ કેવું છે પહેલાં સારું લાગ્યું, પછી ખરાબ લાગ્યું, હમણાં પ્રેમ કર્યો, પછી તિરસ્કાર કર્યો (રાગદ્વેષ) એકઠાં થયા ને છૂટાં પડયાં, પણ પરોક્ષ રીતે તો એ બધાં હૃદયમાં બંધનો જ છે ને! એ બીજાં આપણાથી વિમુકત થાય, બધાંનો વિયોગ થાય, કે જેના પર મમતા હોય તે આપણો ત્યાગ કે દ્વેષ કરે તો પણ અહમ્ ગ્રન્થિ જયાં સુધી છે, ત્યાં સુધી તો આસપાસની અવ-

---

* મૂલ વસ્તુને ન ઓળખતાં એને તેનાથી જુદા સ્વરૂપે માનવું, ગ્રહણ કરવું તે. આત્મતત્વ તો એક, અદ્વિતીય તથા પ્રપંચથી મુકત હોવા છતાં તેમાં અન્યભાવે અહમ્–હું એમ માનવું તે અન્યથા ગ્રહણ કહેવાય છે.

નવી બીજી ગ્રન્થિઓ સાથે મોહમમત્વ થશે. વનવાસી થશો તો ત્યાં ખાનપાન માટે, કુટિર માટે, પશુપક્ષી સાથે, વૃક્ષ સાથે કે એવી રીતે સંબંધ બંધાશે જે યોગ્ય નથી, ગ્રન્થિભેદન વિના શાંતિ નથી. આવા રાગદ્વેષ તો જ્યાં સુધી અંતઃકરણ છે ત્યાં સુધી રહેવાના જ. આત્મામાં અહમ્‌ની ભાવના છે કે ન હ, છે તો કેવી અને કેટલી એ જોયા કરવું.

ઉપનિષદ્ તો મૂલ ગ્રન્થિને ભેદન કરવાનું કહે છે. મૂલગ્રન્થિ (અહંકારને) દેહધ્યાસને રાખીને બીજી ગ્રન્થિઓનો વિયોગ કરવાનું કહેતી નથી. કેવલ એ માટે મોહમમત્વ કે આસક્તિ ન જોઈએ; જે, જેવું છે. તેવું છો રહ્યું; અહંને ન નડે એટલે બસ. અહં ને તો એની સાતે વિભક્તિઓ નડે છે. અહમ્ ને અહમ્ નડતો નથી. એ અહમ્ પરાવરના દર્શનથી ભેદાય, સંશયો છેદાય, કર્મોનો ક્ષય થાય, પછી આનંદ! આનંદ!

એ અહમ્—આગળ સંબંધોનો વિસ્તાર કરતાં કરતાં અસંખ્ય ઇદમ્ સ્વરૂપ દશ્યોને નિર્માડી—સાક્ષી બનીને ન જુએ ત્યાં સુધી રાગદ્વેષથી એ બધાં સાથે મમત્વ બાંધે છે. આ સારૂં અને પેલું સારું, આ ખરાબ અને પેલું સારું, આ સારું અને પેલું ખરાબ, આ ખરાબ અને પેલુંયે ખરાબ; માત્ર 'હું' જ સારું; એવા મિથ્યાભિમાનભર્યા રાગદ્વે ચાલ્યા જ કરે છે. જ્યાં સુધી ઇશ્વરની સૃષ્ટિમાં જ્યાં જે છે, જેવી રીતે છે, તે બધું સારું જ છે; અને વિષયભોગની દૃષ્ટિએ બધું ખરાબ જ છે એવું વૈરાગ્યભાન ન થાય, ત્યાં સુધી કાયિક, વાચિક, માનસિક તિતિક્ષા આવતી નથી.

કહેવાય છે કે પહેલાં સંન્યાસીઓ ત્રણ દંડ રાખતા. કાયા, વાચા અને મન ત્રણેયનાં દમન કરવાના ચિહ્ન તરીકે ત્રણેયને સંયમમાં રાખવા માટે એ હતા; કાલક્રમે કાયિક તથા વાચિક બે

દંડ ન રહ્યા અને હવે એક રખાય છે. એ ત્રણ વાંસની લાકડીઓનો ભારો ખભે નાંખીને સંન્યાસી ચાલતો હશે ત્યારે કેવો લાગતો હશે એનો વિચાર કરો! હવે જે એક રહ્યો તે માત્ર માનસિક જ કહેવાય છે. કાલક્રમે એ પણ વધારે પડતો લાગ્યો એટલે અમારા જેવા પરમહંસોએ એને ય છોડી દીધો; પરમહંસોની સંખ્યા વધી, દંડનો સંકેત ગયો અને માનસિક દંડના અભાવે મનોમુખી જીવન વધી પડયું છે. જેમ જપમાળા જતાં ભગવાનનું નામ ગયું, તેમ દંડ જતાં ચતુર્થાશ્રમી જાતે દંડાયા જેવા થઇને રખડે છે, જાણે ભગવાન શંકરના મુકત- વિહારી નંદીઓ!

દંડ એ તિતિક્ષાનું પ્રતીક છે. બીજું ઘણું સૂચવે છે, પણ આ યે એક અર્થ છે. પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક વૃત્તિના વ્યવહાર સમયે વિવેકભરી સાવધાનતા રહે, એવી માનસિક તિતિક્ષા થવી જોઇએ. એને માટે તપ જોઇએ. તપનું સાધન છે ઇંદ્રિયદમન અને પછી એમાંથી ઉદ્ભવે છે મનઃશમન.

એમ કહેવત છે કે જ્ઞાનીને મ્હોંયે અપંખ્ય મણનું તાળું હોય છે એ સાચી લાગે છે. કયારે ઊઘડે એ કાંઇ કહેવાય નહીં; એની સાથે એક બીજી વાત છે; બંધ હોય ત્યારે લોકસમૂહ એનો જ્ઞાન ખજાનો લૂટવા કોઇવાર અસંખ્ય સંખ્યામાં આવે; ઊઘડે ત્યારે કોઇ ભાગ્યે જ લેવા હાજર હોય.

આવું ગુરુશિષ્યના સંબંધનું છે; ગુરુનું ચિત્ત સ્વાભાવિક અકસ્માત્, દૈવયોગે પ્રસન્ન થાય ત્યારે શિષ્યદેવ અજ્ઞાનમાં ઘોરતા હોય; બીજી ગડમથલમાં પડયા હોય, અને જયારે ગુરુદેવનું મૌન હોય, ત્યારે શિષ્ય એના પગમાં માથાં ઘસી ઘસીને પ્રસન્ન કરવાના ઉધામા કરતા હોય. બન્ને ગુરુશિષ્ય ખરા, પણ સંબંધ વ્યર્થ.

વખત વીતી જાય છે; આજની ક્ષણ આવતી કાલે આવ-

વાની નથી. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે, સમયનો, પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરો. પ્રમાદ ન રાખશો. હું તો માર્ગદર્શન કરાવું; કરવું તો તમારા હાથથી વાત છે. તમારા પ્રયત્ન પર નિર્ભર છે. વિચાર વિના આત્મદર્શન નથી. મંત્ર, જપ, અનુષ્ઠાન, ધ્યાન વગેરે બહિરંગ સાધન છે. જ્ઞાનનાં સાક્ષાત્ સાધન નથી.

માતા નવજાત બાળકને સ્તનપાન કરાવે, ત્યારે દૂધ ચૂસીને પાન કરવું એ તો બાળકના હાથમાં છે. ગળે ન ઊતરતું હોય તો પીચકારીથી દૂધ આપે પણ પચાવવું આંતરડાના હાથમાં છે. રસોઇ કરીને થાળી બાળકની પાસે ધરે, કદાચ કોળીઓ મ્હોંમાં મૂકે પણ ચાવીને ગળે ઉતારવાનું કામ તો બાળકને જ કરવાનું છે. એવું ગુરુશિષ્યના સંબંધમાં છે. કોઇને 'ગુરુદેવ' કહીને ફુલાઈ જશો નહિ ! એવી શબ્દભક્તિથી કશું સિદ્ધ નહીં થાય. જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે, ત્યાં સુધી બુધ્ધિ છે; ત્યાં સુધી વાચા છે, પણ કદાચ લકવો થયો ને વાચા ગઇ તો ? આંખો ગઈ ને લખવાનું બંધ થયું તો ? પછી પશ્ચાત્તાપ થાય એવું ન થવું જોઇએ. માટે પ્રમાદ કરશો નહિ. સ્વપ્રયત્નમાં શિથિલ ન થશો. કોઇ સંત પાસેથી સમજવા શીખવા જેવું કાંઇ લાગતું હોય તો એ ક્ષણનો સદુપયોગ કરી લેશો. ગયો વખત પાછો નહિ આવે. સમજયાં બન્ને ?

ગરમી સખત પડે છે. ગરમી શરીરને લાગે છે, પણ સંસારના તાપનો વિચાર અને સરખામણી કરતાં તો આ આધિભૌતિક તાપની કશી કીમત નથી, એમ સમજીને બાહ્ય તાપ સહન કરીને મનથી આંતરિક આત્મશીતલતા અનુભવવી જોઇએ. એવી શાંતિ તમે કેળવો એવી શ્રધ્ધા રાખું છું.

પેલા મુંડક ઉપનિષદ્‌ના ત્યાર પછીના બે એક શ્લોક બહુ મઝાના છે:

हिरण्यमये परे कोशे विरजं ब्रह्म निष्कलम् ।

यत् शुभ्रं ज्योतिषां ज्योतिष् ( यत्तत् ) तद्यदात्मविदो विदु: ॥ ८

અર્થ:–એ વિરજ ( અવિદ્યાદિ રજોગુણના મલથી રહિત ) નિષ્કલ (પંચપ્રાણ, દસ ઇંદ્રિયો, અને સોળમું મન એ સોળ કળાઓ જ્યાં નથી એવું કલાવિહીન ) બ્રહ્મ; હિરણ્યમય પરમ ( જ્યોતિર્મય, બુદ્ધિના ) વિજ્ઞાનના પ્રકાશ સ્વરૂપથી પર–સર્વથી અતીત એવા કોશ ( આવરણ )માં વિદ્યમાન છે. એ શુભ્ર (શુદ્ધ ) અને બધા જ્યોતિર્મય પ્રદાર્થો ( સૂર્યમંડળ, તારામંડળ, ચંદ્ર તેમ જ પ્રકટ પાર્થિવ અગ્નિ )નો પણ જ્યોતિ ( એના પ્રકાશથી એ બધાં પ્રકાશવાન છે ) એ છે. જેને આત્મવિદો જાણે છે. જેઓ શબ્દાદિ વિષયો તથા બુધ્ધિપ્રત્યયો (પ્રત્યેક વૃત્તિમાં જે ચૈતન્ય છે, જ્ઞાનશકિત છે, તે વૃત્તિજ્ઞાન પ્રત્યય કહેવાય છે )નો સાક્ષી છે, એ આત્માનુસંધાનનું અનુસરણ કરવાવાળાને આત્મજ્ઞાનીઓ જાણે છે, અનુભવે છે.

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भाति
कुतोऽयम् अग्नि: ।
तमेव भान्तम् अनुभाति सर्वंं्
तस्य भासा सर्व इदं विभाति ॥

ત્યાં સૂર્ય પ્રકાશતો નથી; ચંદ્ર કે તારકો પ્રકાશતા નથી, ત્યાં આ વીજળી પ્રકાશતી નથી, તો પછી આ અગ્નિનો પ્રકાશ ત્યાં કયાંથી પહોંચી શકે? યજ્ઞ કરનારા કર્મકાંડીઓ અગ્નિને વાહક સમજીને કર્મો કરે છે અને મરણ પછી ઉત્તરાયનને માર્ગે સ્વર્ગમાં જશું એમ માને છે, જેનું અહીં ખંડન છે. કારણ કે એના પ્રકાશથી જ સર્વ ચેતન છે, એના પ્રકાશમાં આનો પ્રકાશ લય પામે

છે અને એના પ્રકાશથી આ બધાં પ્રકાશિત છે; દિવસે સૂર્યના પ્રકાશમાં દીવાનો પ્રકાશ વ્યર્થ છે તેમ આ સર્વ ઇદમ્ (પ્રત્યેક ઇદમ્ પદાર્થ) એના (આત્માના અહમ્‌માં રહેલા જ્ઞાનપ્રકાશ)થી પ્રકાશ પામે છે. સમજાય છે.

હવે એ મુણ્ડક ઉપનિષદ્‌ના ખંડ ૨ નો છેલ્લો શ્લોક બાકી છે. એ ઉપનિષદ્‌માં વાંચી વિચારીને એ પ્રમાણે વર્તજો.

(૯૦)

તા. ૩–૫–'૫૮

મુંડક ઉપનિષદમાં 'ગ્રન્થિભેદ' શબ્દ જ્યાં વપરાયો છે એ વિષે પહેલાં લખ્યું છે; હવે એ જ શબ્દ કઠઉપનિષદ્‌માં આવી રીતે આવે છે. પરમાર્થદર્શિની–અમૃતતૃપ્તિ વિષે લખે છે.

यदा सर्वे प्रमुच्यन्ते कामाऽस्यहृदिश्रिता:
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥

કઠ અ. ૨. વલ્લી ૩. શ્લોક ૧૪

અર્થઃ–(यदा) જ્યારે (सर्वे) સંપૂર્ણ (कामा) કામનાઓ જે (अस्य) આ (જિજ્ઞાસુ)ના હૃદયમાં આશ્રય રાખીને રહેલી છે તે છૂટી જાય છે. જીવભાવ બ્રહ્મભાવમાં આવે ત્યારે, (કામનાઓ છૂટી પડી જાય છે. સૂતાં સૂતાં પુસ્તક વાંચતાં ઊંઘ આવી જાય ત્યારે હાથમાંથી પુસ્તક આપોઆપ છૂટી જાય તેવી રીતે) ત્યારે એ મરણધર્મી અમર બને છે અને આ શરીરમાં જ બ્રહ્મભાવને પ્રાપ્ત થાય છે. સમશ્નુતે એટલે સારી રીતે ભોગવે છે; અશ્નુતે ખાય છે એવો અર્થ સમજતાં સારી રીતે–સંપૂર્ણ રીતે બ્રહ્માનંદ ભોગવે છે. (જીવન્મુક્તિમાં આ શ્લોક પ્રમાણભૂત છે.)

આત્મજ્ઞાન (બ્રહ્મબોધ) થયા પહેલાં જે કામનાઓ હતી તે કામનાઓના પદાર્થનો તત્ત્વબુદ્ધિથી અભાવ થવાથી તે છૂટી જાય છે; છિન્નભિન્ન થઇ જાય છે. કારણ કે કામનાઓનું આશ્રયસ્થાન બુદ્ધિ છે, આત્મા નથી. આત્મસાક્ષાત્કારના પહેલાં જે મરણશીલ જીવ હતો તે આત્મજ્ઞાન થયા પછી અવિદ્યા, કામના અને કર્મરૂપ મૃત્યુનો નાશ થવાથી અહીં, વર્તમાન શરીરમાં જ અમરભાવ પામે છે. એ કામનાઓનો સંપૂર્ણ નાશ ક્યારે થાય છે એ કહે છે.

यदा सर्वे प्रभिद्यन्ते हृदयस्येहग्रन्थयः ।
अथ मर्त्योऽमृतो भवति–एतावद्धि
अनुशासनम् ॥

કઠ – ૨ –૩ –૧૫

અર્થ :–જયારે (ઇહ) આ જન્મમાં જ–વર્તમાન શરીરમાં જ એના હૃદયની સંપૂર્ણ ગ્રન્થિઓનું છેદન થઇ જાય છે, ત્યારે મરણ-ધર્મી મર્ત્ય અમૃત બની જાય છે. બસ ! આટલો જ (બધા વેદાન્તનો) આદેશ છે, અનુશાસન છે.

આ છે વેદાન્તની આજ્ઞા, શાસન અને પછી અનુશાસન. બ્રહ્મસત્તાનું સામાન્ય શાસન તો બ્રહ્માંડમાં સામાન્ય સત્તા વડે છે જ, પણ વિશેષ ભાવે આવેલો જીવાત્મા અવિદ્યા, કામ, કર્મથી મૃત્યુમય છું એમ માનીને દ્વંદ્વમાં ફરે છે, ત્યારે બ્રહ્મવિદ્દો જે વેદાન્ત (અંતિમ સારભૂત) જ્ઞાન શીખવે છે, ને આ બ્રહ્મનુ વિશેષભાવનું અનુ-શાસન છે.

અહીં ગ્રન્થિઓ અનેક કહી છે. અહંની મુખ્ય ગ્રન્થિની પરંપરા-રૂપની અન્ય ગ્રન્થિઓને, એટલે હું (ત્રણે), શરીર છું આ મારું ધન છે, હું સુખી છું, દુઃખી છું એ બધા અવિદ્યાપ્રત્યય છે. ચિત્તની વૃત્તિઓમાં જે વિષયપદાર્થનું જ્ઞાન છે તે „અવિદ્યા પ્રત્યય કહેવાય

છે. વૃત્તિ વિષયાકાર હોય, પણ એમાં વિષયને જાણવાનું જે ચૈતન્ય હોય તે અવિદ્યા પ્રત્યય કહેવાય છે. પ્રત્યય એટલે વૃત્તિમાં રહેલું ચૈતન્ય. વૃત્તિ તો ચૈતન્ય વિનાની જડ છે; જેમ લોખંડનો સાદો સળીઓ કોઇને બાળી શકતો નથી, પણ અગ્નિથી તપાવેલો હોય તો સ્પર્શ થતી વસ્તુઓને બાળે છે, તેવી રીતે જડવૃત્તિમાં વિષયને જાણવાનું જે ચૈતન્ય છે, તે વૃત્તિજ્ઞાન (તે જ પ્રત્યય) છે.

આ કાંઇ પ્રલોભન કરાવનારી, જીવાત્માને અધ્યાત્મદિશામાં વાળવા માટેની મિથ્યા પ્રશંસા નથી. આ તો અનુભવીઓનું અનુભવ-પ્રમાણ છે, અને તેથી જ એને અનુશાસન કહ્યું છે. અનુશાસન આપણને માન્ય ન હોય, તો પછી યમરાજનું શાસન તો તૈયાર જ છે. યમદેવ એટલે time કાલ; હંમેશાં જે કલ-કલ સ્પંદન કરીને સતત્ ધારા પ્રવાહે ચાલુ જ રહે, ક્ષણે ક્ષણે નવાં નવાં રૂપાન્તર પામે, એમાં એ નામરૂપધારી દેહોમાં જીવભાવનો अहं સ્વરૂપે પ્રવેશ થાય, એ જીવ અવિદ્યાવશ બને; કામનાઓના ફુગ્ગા ઉરાડે, પછી એ નવા નવા ફુગ્ગાઓની રમત માટે કર્મો કરે, અને મરે અને જન્મે, જન્મે અને મરે; દ્વંદ્વસાગરમાં રચેપચે.

એનાં સાધન બતાવ્યાં છે; ઉપનિષદોનું વાંચન અભ્યાસ અને સ્વાધ્યાય. સાથે સાથે ભગવાન્ શંકરાચાર્યનાં ધીરગંભીર ભાષ્ય વંચાય અને સ્વાધ્યાય એટલે ઉપનિષદ્‌ની अहंग्रह ઉપાસના સહજ સ્વભાવે અને સરલતાથી થાય ત્યારે ઇષ્ટ સિદ્ધ થાય છે.

ॐ નું સતત્ સ્પંદન અંતરમાં થવું જોઇએ. વ્યવહારનાં કર્મ કે વિચારોમાંથી યથાપ્રાપ્ત સમય મળે, ત્યારે અંતરમાં એનું સ્પંદન-રટણ ચાલુ રહે, તો મારાં ( તમારાં જ ) ધન્ય ભાગ્ય ! એ શબ્દ બ્રહ્મ એવું પ્રબલ, પ્રખર અસ્ત્ર છે કે આપોઆપ બ્રહ્મજ્ઞાનનો અગ્નિ અંતરમાં પ્રગટાવે છ. પરિણામ સ્પષ્ટ આવે છે, એમ શ્રુતિઓ

કહે છે, એટલે આપણે તો સાધન કર્યે જવું. જાગ્રત અવસ્થા જ આપણે માટે સ્વતંત્ર વિચારનું સાધન છે, તેથી હરતાં, ફરતાં, પ્રત્યેક ક્રિયા કરતાં, અરે બીજાની સાથે વાત કરતાં જ્યાં બીજો બોલે અને આપણે સાંભળવાનો પ્રસંગ આવે ત્યારે પણ જો પ્રયત્ન કરી જોશો તો અનુભવ થશે કે એ સહજ સાધ્ય છે, સંભવિત છે; શક્ય છે, સરસ છે, સરલ છે.

વેદાન્તનું ब्रह्म सत्यं जगन् मिथ्या એટલું જ વાક્ય ગોખવા-શીખવાનું નથી. આખો શ્લોક છે. ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः-બીજું વાક્ય અત્યારે યાદ નથી, પણ બ્રહ્મનું એકલાનું જ અસ્તિત્વ કહેવાનો એમાં અર્થ છે. અને બ્રહ્મ સત્ય હોય તો એ—सत्यं ज्ञानम् अनन्तम् એવું પણ તૈત્તિરીય શ્રુતિનું વચન છે. એ સત્ય (નિત્ય) છે, જ્ઞાન (ચૈતન્ય છે) અને અનન્ત છે એટલે એક, પરિપૂર્ણ અને આનંદ છે. એ જીવ જ બ્રહ્મ છે, બીજો નથી જ. તો પછી જીવભાવ ત્યાગીને બ્રહ્મભાવ અંતરમાં તે જ ક્ષણે જાગ્રત થાય તો શુષ્કતા ક્યાં રહે? જગત તો મિથ્યા છે. મિથ્ ધાતુનો અર્થ છે બેપણું; દ્વૈતભાસ થાય તે મિથ્યા, પણ જીવ બ્રહ્મ છે; જીવ અને જગત્ જુદાં નથી. તે જીવ મિથ્યા છે, પણ એનું અધિષ્ઠાન તો બ્રહ્મ છે ને? સર્પ ગયો; રજ્જુ રહ્યું. સર્પ મિથ્યા છે, પણ રજ્જુ તો છે ને? રજ્જુનું જ્ઞાન થયા પછી સર્પ મિથ્યા કહેવો કઇ રીતે? અને આવો મુમુક્ષુ કે જિજ્ઞાસુ શુષ્ક બને જ કઇ રીતે? ઉપરાંત તૈત્તિરીય ઉપનિષદ્માં रसौ वैसः—એમ કહ્યું છે. એ ખરેખર રસ છે. એનાથી બધાં રસિક બને છે. જેમ એના આનંદથી બધું આનંદમય છે તેમ એ રસ છે. તેથી જ બધું રસમય છે. શ્રી કૃષ્ણ બ્રહ્મવિદ્ હતા. એ રસરૂપ હતા. ગોપીઓ (ઇંદ્રિયોના વિષયરસનું પાન કરીને જીવનારી અસંખ્ય વિષયવૃત્તિઓ અથવા શરીરની સમસ્ત નસનાડીઓ)ને વિષયરસમાંથી પોતાના રસસ્વરૂપ પ્રતિ

વાળીને એ બધીને (રસ) બ્રહ્મરસ પાતા હતા. એ જ અંતરસ્થ ઈંદ્રિયોને પાન કરાવવાનો બ્રહ્મરસ. એ બન્નેની શરીર હોય ત્યાં સુધી રમાતી લીલા; એવી રમત, જીવન વ્યવહાર તે અખંડ રાસ-લીલા; સમસ્ત અંતઃકરણ અને ઇંદ્રિયોનું બ્રહ્મરસપાન.

હવે મારાં બ્હેન, તમે શુષ્ક કયી રીતે બનો છે એ બુદ્ધિથી કહો. તમે બ્રહ્મરસ છો; બીજાં છોને વિષયરસિક રહ્યાં! તમે તો બધાંને બ્રહ્મરસનું પાન કરાવો; અને બ્રહ્મરસિક જ છો એમ માનો ને? બ્રહ્મરસિયાં બનો. વેદાન્ત ગોખવાનું નથી; સમજીને જીવવાનું છે. શુષ્કતા તો જડમાં હોય, ચૈતન્યમાં હોય જ નહીં. કારણ કે ચૈતન્ય અને આનંદ (રસ) એ જુદાં નથી. સાકરનો ગાંગડો અને ગળપણ એ જુદાં નથી. સાકર નામ, ગાંગડો નામ, એનો આકાર બધાં મિષ્ટ મધુરતા જ છે, બીજું કાંઈ નથી. એટલે જગતને મિથ્યા કહીને જ્યાં એકવાર ફેંકી દીધું, પછી તો અધિષ્ઠાન રસ-રૂપ આત્માનો આનંદ નિશ્ચલ અને નિત્ય રહે છે એવો અનુભવ થશે; અંતરમાં બ્રહ્મપાતાળ ફૂટશે અને બ્રહ્મઝરણાંનું અલૌકિક આસ્વાદન થશે. માટે મિથ્યા શબ્દને પણ મિથ્યા સમજીને અંતરમાંથી ફેંકી દો; હમેશાં નિષેધભાવે આપણે રહેવું નથી. વેદાન્તીઓ ઘણાખરા ત્યાંજ અટકી બેસે છે. એ વિધિમુખે સાધના ભાગ્યે જ કરે છે. વિધિમુખે સાધના કરે તો ચારેય મહાવાકયોનું જ રટણ કરવું જોઈએ. सर्वं खलु इदं બ્રહ્મની ભાવના રાખવી જોઈએ. ૐ માં બ્રહ્મનો ભાવ ભરીને, ૐ તે બ્રહ્મ અને બ્રહ્મ તેજ ૐ એવી દઢ અર્થભાવના રાખીને તન્મય બનો. જેટલી સાધનાની પરિપકવતા થશે એટલો વૈરાગ્ય આપોઆપ સિદ્ધ થશે. અંદરથી દવા પીને લોહી સુધારાય તો બહારની દવા લગાડયા વિના ગડગુમડ મટી જાય છે. તેવી રીતે આપણે અંદરની જીવાત (જીવભાવ) મારવાની છે. જેમ જેમ ૐનું

ગુંજન-સ્પંદન વધશે તેમ તેમ આપોઆપ આનન્દ વધશે અને મિથ્યા શબ્દ પણ બ્રહ્મ બની જશે. માયા છે જ નહિ, એ માત્ર મનોભ્રમ છે. ભ્રાન્તિ ક્યાં સુધી રાખવી ? જ્યાં સુધી બુદ્ધિથી તત્ત્વનિર્ણય ન થાય ત્યાં સુધી; પછી તો કટિબદ્ધ બનીને બ્રહ્મરસિયાં બનવાનું છે.

ઠીક ત્યારે; મુંબઈ જવાની તૈયારીઓ થઈ ગઈ હશે. જાઓ, સુખે જાઓ અને ત્યાં જલસમુદ્રને બ્રહ્મરસનો મહોદધિ માનીને એ બ્રહ્મરસનું પાન કરો.

शिवोऽहम् – रसोऽहम् – आनन्दोऽहम्

(૯૧)

તા. ૩૦-૫'-૫૮

ચિ. સૌ....બ્હેન,

પત્ર મળ્યા છે. જે સમયે જે પ્રસંગ બને છે, તે બ્રહ્માંડનાયકની ઈચ્છાથી જ બને છે, એવી સમતા જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી "આમ કેમ છે ? આમ કેમ બન્યું ને હવે શું થશે ને કેમ થશે ? આમ જ થવું જોઈએ" એવી ત્રિગુણાત્મક ભેદભરી આસકિત અને આગ્રહ રહેવાનાં જ.

ગ્રહણ અને અગ્રહણ; ગ્રહ, આગ્રહ, પૂર્વગ્રહ, અનુગ્રહ, સંગ્રહ, પરિગ્રહ, આવા આવા ગ્રહણના ભેદ છે. મૂલ વસ્તુ અગ્રહણ –જેમની તેમ છે. એમાં આવા ગ્રહણભાવ ઊભા કરનારી માયા છે તે અનિર્વચનીય છે, દેશકાલના ગ્રહણક્ષેત્રમાં પરિચ્છેદગ્રહ આવ્યો કે નાનાત્ત્વ આવ્યું જ સમજવું. આપણે તો જે નાનાત્ત્વની પ્રતીતિ થાય છે એ પ્રતિભાસ સમજીને ભાસ–આભાસ કે પ્રતિ-

ભાસ ત્રણેય પરિચ્છેદથી અતીત એવું માંડૂકય ઉપનિષદ્‌માં કહ્યું છે, તેમ અગ્રાહ્યમ્, અસ્થૂલમ્, અવ્યવહાર્યમ્, એવું વિજ્ઞાન રાખીને અલિંગી, અજાતિ આત્મતત્ત્વમાં નિષ્ઠા રાખવાની છે.

દેહભાવ ( સ્થૂલ, સૂક્ષ્મ, કારણ ) આવ્યો કે ભોગ મળ્યા સમજવા. આપણે આ વાકય ઘણીવાર વાપરીએ છીએ. કૈંક અકસ્માત્ વિપરીત પ્રસંગ ઊભો થયો કે ' ભોગ મળ્યા ' એવું બોલીએ છીએ. એમાં એવો જ ભાવ હોય છે કે ' અભોકતા ' બનીને સ્વરૂપસ્થ, એક–અદ્વિતીય રીતે હતા, ત્યાં આ દ્વૈતભાવ ઊભો થયો, અને ભોગમાં પડયા. ભોગ એટલે જ દ્વૈત; દ્વૈતગ્રહણ થયું એટલે ભોગ: આત્માની સાથે જીવભાવની એકતા તે યોગ; દ્વૈતગ્રહણ થાય એટલે વસ્તુત: નથી યોગ કે નથી ભોગ; જિજ્ઞાસુ કે મુમુક્ષુએ પ્રથમ એ માર્ગે જતાં વિશ્વનો (દશ્ય, અનાત્મ જગતનો) ભોગ નહીં પણ ઉપભોગ સમજવો, પછી એનો ઉપયોગ કરીને યોગ સાધવો જોઈએ. તને કે બીજાંને આ કદાચ શબ્દજાલ લાગશે.

માટે ગ્રહણ–અગ્રહણ સમજવું; પછી આગ્રહ છોડવો; પૂર્વ-ગ્રહ તો રાખવો જ નહિ; સંગ્રહ છે જ નહિ એટલે પરિગ્રહ પણ નથી. છે તે માત્ર અપરિગ્રહ જેવું એક બ્રહ્મતત્ત્વ

ઉપનિષદ્ ભણો, સમસ્ત વેદ ભણો, પૃથ્વીપરના માનવ-સમાજનાં એ પરમતત્ત્વની પ્રાપ્તિના શોધન માટેનાં અનેક મહાવાકયો વાંચો, બધાની વાણી વિચારો, સંતો, અવતારો, ઋષિઓ બધાએ એક વાત સ્પષ્ટ રીતે કહી નાંખી છે કે જો અજ્ઞાન કે અજ્ઞેય લાગતી વસ્તુને બુદ્ધિ સમજવા માગતી હોય તો બુદ્ધિના ભાર (અહમ્)ને હળવો કરી નાંખો, બ્રહ્માંડનો શિલાસમ ભાર અહમ્‌ને માથે મૂકીને બ્રહ્મમાં પહોંચાય એમ નથી. વહાણ

કે અગ્નિનૌકાઓ પર કરોડો ખાંડી ભાર ભરીને સમુદ્રને એક પારથી બીજે પાર લઈ જઈ શકાશે, પણ બુદ્ધિની એક અણુ જેટલી કાંકરી જ્યાં સુધી અહમ્‌ને વળગી હશે ત્યાં સુધી ભવસાગરમાંથી પાર ઉતરાશે નહિ. આપણે બ્રહ્મશિવને સ્વયં-ભૂ, શંભુ કહીએ છીએ. એ બધા હતા, છે કે નથી એમ નહીં પણ છે-છે ને છે એ અર્થમાં એ કેવળ ભૂ-છે. એમાં કૈંક હોવા-થવાનો ભાવ આવે ત્યારે એમાંથી ભવ બને છે. ભવ એટલે કૈંક બની બેઠું છે તે. અને એ જ સંભવ છે. સંભવ એટલે સંશયાત્મક લાગતો કોઈ દેશકાલસીમિત પ્રસંગ. અહીં સંભવ નથી તેથી ભવ જ નથી. છે તે ભૂ-માત્ર છે. એટલા જ માટે અહમ્‌ને બદલે શંભૂ ભાવ રાખીએ; શિવોઽહમ્ સમજીને અનુભવીએ એટલે ૐ શાંતિ.

બી. એ. કે. એ. એમ. થવું; સ્વભાષા કે પરભાષાની વિદ્વત્તા વધારીને વાણીવિલાસમાં પ્રવીણતા મેળવવી, દ્વૈત, અદ્વૈત કે ત્રૈતની ગણતરી કરીને એકના પક્ષપાતી થવું, પુસ્તકો લખવાં, વાંચવાં, ભણવાં-ભણાવવાં એ બધું કોઈને એક ભવમાં કે કોઈને પાંચ પચ્ચીસ ભવમાં પણ સાધ્ય થઈ શકે એવું છે, પરન્તુ પેલો અહંભવ રહે ત્યાં સુધી હજારભવે યે પરમશાંતિ, પરમતૃપ્તિ કે સ્વરૂપના અનુભવનું આસ્વાદન થતું નથી; અહંભવ અને સંભવનો અંત જ આવતો નથી.

એ સંભવ એ જ ઈશાવાસ્ય ઉપનિષદ્‌ની સંભૂતિ; સંભવમાં માનનારા એમાં રચ્યાપચ્યા રહે એટલા માટે સંભૂતિમાં પછી વિભૂતિ શોધી કહાડી; એમાંથી થયાં ઐશ્વર્ય; જીવ-ઈશ્વરની જોડી બનીને આ-જીવાભાઈ ઈશ્વરભાઈ કું. નો વ્યાપાર ચાલવા માંડયો છે. ઈશ્વરભાઈ શેઠ અને જીવાભાઈ વાણોતર.

આપણને મૂલસ્વરૂપે જો કશું યે નડતું હોય, આંખના કણાની પેઠે ખૂંચતું હોય તો તે છે-દેહભાન.

(૯૨)

તા. ૬-૫-'૫૮

ચિ. સૌ....બ્હેન,

છેલ્લા પત્રમાં તારામાં નિરુત્સાહ આવી ગયો છે, એવી મતલબનું લખાણ હતું જેના જવાબમાં મેં આત્મનિષ્ઠા માટેની Positive attitude લેવા માટે (રસો વૈ સઃના વિચાર-મનન કરવા માટે) કૈંક લખ્યું હતું, એમ યાદ છે.

ચિત્તની કોમલતા એ તારો સ્વભાવ છે; એ કોમલતા વધવી જોઈએ એ જેટલું સાચું છે, એટલું જ સત્ય એ છે કે એમાંથી આત્મરસનો પ્રવાહ વહેવા માંડવો જોઈએ, એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. હૃદય નીરસ ન થવા દેવું જોઈએ. બાહ્ય વ્યવહારમાં ગમે કે ન ગમે તેવી યદૃચ્છા પ્રારબ્ધ પ્રમાણે શુષ્કતા કે કઠોરતા લાગે, છતાં આપણે હૃદયમાં આત્માનંદ મ્હાણવાનો છે. હૃદયમાં શુષ્કતા લાવીએ તો રસસ્વરૂપ સચ્ચિદાનંદની ત્યાં પ્રતિષ્ઠા જ ન થાય.

સાચો સાધક એ કહેવાય કે, જે મનને ક્ષણમાત્રમાં પરિવર્તિત કરી શકે. આત્મસત્તાનું તો માત્ર સ્મરણમાત્રથી જ ભાન થાય છે. એમાં કોઈ અમુક જાતનાં કર્મ કે વ્યવહાર કર્મની આવશ્યકતા જ નથી. બધા પ્રકારની બાહ્ય પરિસ્થિતિમાં આત્મરસનો પ્રવાહ આસપાસનાં પાત્રો પર વહ્યા કરે એવી સાવધાનતા રાખવી જોઈએ. આત્મા શુષ્ક નથી; માનવજાતિ અને તેમાં યે સ્વભાવે સ્ત્રી શરીર મળવાથી માતા બની બેઠી હોય, એણે તો વધારે વાત્સલ્યરસનું બધાંને પાન કરાવવું જોઇએ. પ્રારબ્ધપ્રાપ્ત, સ્નેહી-સબંધી પાત્રોને વિશેષભાવે રસદાન કરવું જોઈએ. આ વાત

ભૂલવાની નથી. કેટલા મનોમન્થન પછી થઈ શકે એમ તું કદાચ કહે, પણ બધાંને પ્રારબ્ધયોગ એ સરખા નથી મળતા. ઈશ્વરદત્ત જે પ્રસંગો સાંપડયા છે એ બધામાંથી પાર ઊતરીને, દ્વૈતભાવે સર્વત્ર ઈશ્વરદર્શન કરવું. પ્રત્યેક અંતરમાં સગુણ બ્રહ્મ વિરાજમાન છે એવું ભાન આપણને થાય એ છે રસદર્શન. એ જ છે દ્વૈતવાદી-ઓનું ભગવદ્દર્શન અને અદ્વૈતવાદીઓનું બ્રહ્માનંદ અનુભવતું પ્રમાણપત્ર.

માટે બ્હેન! હૃદયમાં રસપ્રવાહ ચાલુ રાખો એમ નહીં; પણ એમાં વૃદ્ધિ થાય અને એ સતત્ ચાલુ રહે એવી સાવધાનતા રાખવી જોઈએ. એ અવસ્થા સભાન રહેવી જોઈએ કારણ કે આત્મા નિત્ય હોઈ એ પ્રવાહ બંધ થાય તો અંતરમાં આત્માનંદ નથી જ અનુભવાતો, એ પણ પ્રત્યક્ષ છે.

અંતરમાં આત્મરસનું આસ્વાદન. બાહ્ય પાત્રોમાં એ જ આત્મરસનું ભાન-જ્ઞાન-દર્શન; એ છે આપણી સાધન—સાધનાની સિદ્ધિ.

પહેલાં કહ્યું છે તેમ મનન—નિદિધ્યાસન તથા વિચારવડે અનુભવ કરવાનો છે. શ્રોત્રિયતા તો ઘણી આવી ગઈ. તેં તારું જીવન ઉત્સાહથી શરૂ કર્યું છે અને એ પાર્થિવ ઉત્સાહમાં હવે આત્મરસનો ઉમેરો થાય એટલે આત્માનંદ સતત વહ્યા જ કરશે. આ છે અનુભવનું પ્રથમ લક્ષણ. તને તો બધી અનુકૂળતા છે. કશી ન્યૂનતા નથી; પાંડિત્ય મળ્યું; તત્વદર્શનનાં શાસ્ત્રોનો અલ્પ—સ્વલ્પ અભ્યાસ થયો, ઘણા ભગવાધારીનાં દર્શન થયાં. એ બધામાંથી ખેંચતાં નીચોવતાં જો આત્મરસ ન નીકળે તો પછી એ લાકડાની કેરીના રમકડાને નીચોવવા જેવું જ કહેવાય.

આપણે તો ઉત્તમ પ્રકારની ઉપનિષદ્રૂપ કેરી આમ્રફલ મેળવ્યું

છે. એ આત્મરસ અમૃત છે એવું સમજીને તેનું ભાન રાખવું, બેભાન ન થવાય એની કાળજી રાખવી અને એનો અનુભવ આસ-પાસનાં પાત્રોને થાય તે પણ જોવાનું છે.

આ બાબત વિષે હવે વધારે ન લખવું પડે; નહીં લખવું પડે એવી શ્રદ્ધા રાખું છું. બધાંય મારાં જ સ્વરૂપો છે જ, એક જ આત્માનાં જડ--ચેતન સ્વરૂપો હોઈ, અધિષ્ઠાન આત્મા જ છે એવું સમજીએ તો આત્મરસની ખોટ પડે એમ નથી.

જે આત્મરસ આપણને મળે છે કે મળ્યો છે એ જો બધાં પરિચિત સ્વરૂપોને ન *આપીએ તો આત્મચોર બનીએ. એવી એકલપેટા થવાની ભૂલ ન કરતી.

આનંદ–આનંદ–આનંદ એ જ આપણે છીએ માટે બોલો શિવોઽહમ્–આનન્દોઽહમ્ અને આત્મરસનો અનુભવ કરીને ઘરમાં રેલમ્ છેલમ્ કરી મૂકો, બહેન !

એવી રીતે નથી થઇ શકતું એવો પામર ઉત્તર મારે નથી જોઈતો, મને નથી ગમતો.

સૌને આત્માનંદના વહાલ સાથે

**(૯૩)**

તા. ૧૮–૭–'૫૮

પૂર્ણ પુરુષોત્તમજી !

હાલમાં તો તમારો મહિનો ચાલે છે જેની કથા તમે સાંભળી

---

*આ આપવું એટલે સૂર્ય કે દીપક પોતે પ્રકાશરૂપે સર્વત્ર પ્રકાશનો વિસ્તાર કરે છે તેવો સ્વાભાવિક પ્રકાશના વિસ્તાર જેવો–આપવા શબ્દનો અર્થ સમજવાનો છે.

હશે. એ કથામાં એમનું પ્રકટીકરણ બહુ સુંદર રીતે વર્ણવેલું છે. હું નાનો હતો, ગુજરાતી પાંચ છ (જૂની) ચોપડી ભણતો હતો. નાનું એવું ગામ; ગામની બહાર મોટી ધર્મશાળામાં જ્યારે પુરુષોત્તમમાસ હોય ત્યારે એક પુરાણી એ માસના માહાત્મ્યની કથા કરે. બૈરાંની ઠઠ જામે, વ્રત ઉપવાસો સૌ કરે અને પછી સૌ કથા સાંભળે; હું પણ કોઈવાર ત્યાં જાઉં પણ હકીકત અત્યારે સ્મૃતિમાં નથી. પછી એ કથા વાંચી કે સાંભળી નથી.

તમે પણ મસૂરીમાં એવે સત્યસ્વરૂપે જ પ્રકટયા; પ્રકૃતિનું સૌંદર્ય, આત્માનાં અમૃત ઝરે, અંતઃકરણને તરબોળ કરે, ઈંદ્રિયો તૃપ્ત અને શીતલશાંત થાય એવા બાહ્ય પ્રતીકસમા ઝરણા પાસે બેસીને તમે તમારા સ્વરૂપને અંતરમાં પ્રકટાવ્યું હશે; તમારા હૃદય મંદિરમાં એ પૂર્ણતાનો સ્વાદ મ્હાણ્યો હશે; ધન્ય તમને એ મ્હાણવા માટે, અને ધન્ય અમને પત્રદ્વારા જાણવા માટે. જો કે એક પત્રનો પ્રસંગ છે અષાડ શુદિ ૧૪નો અને બીજો છે અષાડ વદ ૧૦નો; પણ એ બધાં પુરુષોત્તમ માસમાં પુરુષોત્તમ દર્શનનાં-એના આગમનનાં મંગળ ચિહ્નો છે. આટલા દિવસો સુધી એ પત્રો અનુત્તર રહ્યા છે. "લખાશે" એવી માનસિક વૃત્તિની શિથિલતામાં જ પડયા રહ્યા. એનું કારણ પણ એ જ હોય કે પુરુષોત્તમ માસની આજની શુદ્ધ બીજ, વાર શુક્ર, તિથિ, ઘડી પળ ૩૫–૫૫ લખ્યાં છે; પત્ર લખાય છે સાંજના સ્ટા. ટા. ૭ વાગ્યા પછી; નક્ષત્ર છે આશ્લેષા, રાશિ છે કર્ક, આ બધું કદાચ ગુરુદેવે ધારી જ મૂકયું હોય, તેમ તા. ૧લી પછી ત્રણેક દિવસ શરીર અસ્વસ્થ રહ્યું, થોડી અશક્તિ રહી જેનાથી જ્ઞાન વૈરાગ્યની ક્ષમતા વધી અને પછી બીજાં અગત્યનાં કામકાજ સાથે રોજના પંદર પત્રની સરેરાસ પ્રમાણે ટપાલમાં નાણાં વેર્યાં.

આજે આવા બે પત્રો પહેલાં લખ્યા; રોજની ટપાલ તો

૫ા વાગે મોકલી આપ્યા પછી આ પત્રો લખ્યા એટલે પુરુષોત્તમ માસનું સ્મરણ તાજું છે.

પણ હું શું લખું ? આપવાનું તો કશું છે જ નહિ; છે, હતું, હશે, એ તો પુરુષોત્તમનું સ્વરૂપ છે. પણ હતું, હશે, છે જ એટલે લેવડદેવડ શેની ? લેવડલેવડ કે ઋણાનુબંધ કર્મના ક્ષેત્રમાં રહે જ્યાં પુરુષ પ્રકૃતિના ખેલ છે; પુરુષોત્તમ તો બન્નેથી પર છે. ભ. ગી. ના. આઠમા અધ્યાયમાં (શ્લોક ૧લો) અર્જુન શ્રીકૃષ્ણને કેટલાક પ્રશ્ન પૂછે છે, ત્યારે શ્રીકૃષ્ણને 'પુરુષોત્તમ' કહીને સંબોધન કરે છે. વળી પાછું દસમા અધ્યાયના પંદરમા શ્લોકમાં પણ 'પુરુષોત્તમ' કહીને જ બીજાં સંબોધનો સાથે એકતા કરે છે. ત્યાં "હે પુરુષોત્તમ, તમે પોતે આત્માવડે આત્માને જાણો છો, દરેક ભૂતો ( પ્રાણીઓ કે તત્ત્વો )ને ભાવો છો ( ગમો છો કે ભાવ આપો છો ) એમ કહીને "ભૂતભાવન" કહે છે. બધાં ભૂતોના ઈશ્વર કહીને ભૂતેશ કહે છે. 'દેવદેવ' અને 'જગતપતિ' પણ કહે છે. એમનું ઐશ્વર્ય જોવાની અગીઆરમા અધ્યાયના શ્લોક ૩ માં વિનતિ કરે છે, ત્યાં પણ પુરુષોત્તમ કહીને સંબોધે છે. આગળ પંદરમા અધ્યાયના ૧૮–૧૯ શ્લોક પણ વિચારવા જેવા છે. ત્યાં કૃષ્ણ પોતે જ 'પુરુષોત્તમ' શબ્દની વ્યાખ્યા ( સ્પષ્ટીકરણ ) કરે છે. "હું ક્ષરથી અતીત છું ( ક્ષર, સંસાર, માયા, વૃક્ષ જે અશ્વત્થ નામથી ઓળખાય છે. ) તેમ અક્ષરથી પણ ઉત્તમ છું. સંસારવૃક્ષના બીજ (કારણ–અવ્યકત )-થી પણ ઉત્તમ છું તેથી મને આ લોકમાં–પુરુષોત્તમ કહે છે. ( પુરુષ–ઉત્તમ ) ક્ષર (પ્રકૃતિ) અક્ષર ( જીવાત્મા ) બન્નેથી પર, વ્યકત અવ્યકત બન્નેથી પર જે બ્રહ્મ તે પુરુષોત્તમ છે એમ કહે છે. ૧૯મા શ્લોકમાં કહે છે કે "જે અસંમૂઢ થઈને, સંમોહનમાંથી મુકત થઇને મને પુરુષોત્તમને જાણે છે મને શરીરી હોવા છતાં અશરીરી,

કાર્યકારણ બન્નેથી પર છું એમ જાણે છે, તે મને સર્વભાવથી, લોક પરલોકના કે બધા સાંસારિક ભાવોને મારા પ્રતિ વાળીને મને ભજે છે" એવા ભકતને સર્વવિદ્ પણ કહ્યો છે.

આ છે પુરુષોત્તમનું સ્વરૂપ. એનામાં પુરુષ પ્રકૃતિની બેલડી નથી જ. ભૂલથી, અજ્ઞાનથી, માયાને લીધે એવું દ્વૈત ઊભું થયું, તે થયું, પણ એ પુરુષોત્તમના સ્વરૂપને જાણવા ઓળખવાથી એ ભૂલ ગઈ; પુરુષોત્તમના સ્વરૂપજ્ઞાનથી, એ જ્ઞાનપ્રકાશથી, અજ્ઞાન આપોઆપ નષ્ટ થયું. અને મસૂરીમાં એની ઝલક આવી. અંગ્રેજીમાં મસૂરી કહેવાય છે, પણ મને યાદ છે ત્યાં સુધી તો ત્યાંના લોકો એને મનસૂરી કહે છે. ગમે તેમ કહો; બધાં પર્વતીય સ્થાનોને પુરુષવાચક નામ છે પણ આને તો સ્ત્રીવાચક શબ્દથી ઓળખાવ્યું છે અને અંગ્રેજીમાં તો Queen of the hills ગિરિસુન્દરી કહે છે. અથવા કહો કે પ્રકૃતિએ એને ઘડીને સૌંદર્ય અર્પતી એને પાર્વતીની કોઈ સખી બનાવી છે. ઈંદ્રની એ અપ્સરા છે. અપ્સરા એટલે જલતત્ત્વ, મનસ્તત્ત્વ, ચંદ્રતત્ત્વ એ બધાં એક જ વસ્તુનાં નામાન્તર છે. આવી રીતે વિચારીએ તો પુરુષનું સ્ત્રીસૌંદર્ય મુગ્ધ (મનોવૃત્તિ અપ્સરા) મન સરવા માંડયું; પણ આ માનસિક અપ્સરા નથી. શિવસ્વરૂપિણી, શિવઅર્ધાંગિની, પાર્વતીની એ અપ્રતિમ મૂર્તિ છે. શિવ એટલે આત્મસ્વરૂપનું જ્ઞાન આપે, અજ્ઞાનનો સંહાર કરે એવું પ્રતિમા કે પ્રતીક તત્ત્વ અને પાર્વતી છે એની જ્ઞાનશકિતની પ્રતિમા. વસ્તુતઃ જ્ઞાન અને જ્ઞાનશકિત અગ્નિ અને દાહકશકિતની પેઠે પૃથક્ નથી. હિમાલયની પર્વતમાળ એ સમસ્તરૂપે, સમષ્ટિરૂપે શંકર–મહાદેવની મૂર્તિ મનાય છે. એ પર્વતની શકિત તે પાર્વતી. અને જેમ પર્વતને શિવ કહ્યા છે તેમ બ્રહ્મા તરીકે સર્જક પણ કહ્યા છે. તેથી એ પ્રજાપ્રતિની પુત્રી પણ ખરી. પર્વતમાળને વિષ્ણુ પણ કહ્યા છે તેથી

ત્યાં એટલા જ માટે એક બાજુ કેદારનાથનું શિવમંદિર અને બીજી બાજુ બદરિનારાયણનું વિષ્ણુમંદિર છે. પાર્વતીની સખી જેવી એ મનસૂરી–મસૂરી, એટલે જ્ઞાનશકિતની પ્રતિમાની સખી જેવું એકાદ જ્ઞાનકિરણ.

* * * *

તમે એક બહુ મુગ્ધ દશાનો પ્રશ્ન કરો છો. વૈરાગ્યનો અર્થ ખોટો તારવો છો. વૈરાગ્ય નહીં પણ મૂઢતા જેવું લાગે છે, તે તમારામાં પેસી ગએલી પૂર્વગ્રહની કોઈ અજ્ઞેય મૂઢતા તો નથી? હા, વૈરાગ્યની પ્રાથમિક ભૂમિકા એવી દેખાય ખરી. બધા રાગના પદાર્થોમાંથી મનને ખેંચી લીધા પછી જ્યારે એ આત્માભિમુખ થાય, એકાન્ત સેવે, બાહ્ય સર્વથી અસંગી નિવાસ કરે, ત્યારે એ ચિન્તનગ્રસ્ત મનોમુખી સાધકને કોઈ શુષ્ક વૈરાગી કહે તો ભલે કહે, પણ આગળ જતાં આત્માનંદની ઝલકમાંથી એ આંતર-બાહ્ય રસસ્વરૂપ તરબોળ થાય ત્યારે એને ક્યાંયથી મન ખેંચી લેવાનું રહેતું નથી. સર્વત્ર એ પ્રેમદર્શી બને છે. રાગદ્વેષ રહેતાં નથી. રાગ નિર્મૂળ કરવા માટેની આત્માનંદના ક્ષણિક આસ્વાદ-નની પૂર્વભૂમિકા છે. તે વખતે સંસાર તરફથી વિમુખ બને છે, અને વિશેષભાવે આત્માભિમુખ થતો જાય છે. એ દશા નિત્ય ટકી શકતી નથી; સાધકની એ આરંભદશા છે; આરંભદશાને (એ ક્ષણિક અનુભવદશાને) વગોવવાથી ઉત્તર દશા (સિદ્ધ દશા) પ્રાપ્ત થઈ શકતી નથી. એવી દશાનો દ્વેષ પણ કરવાનો નથી. વિષયાનંદથી છૂટવા માગતો અજ્ઞાની સાધક એવી આરંભદશાને નીરસ ગણે એ સ્વાભાવિક છે, પણ એણે સમજવું જોઈએ કે એ તો આત્મરસને ઝીલીને સ્થાયી કરવાની ભૂમિકા છે, તેથી એને મૂઢ દશા ન કહેવી જોઈએ.

તટસ્થતા કેળવવાનો રાજમાર્ગ તમે મસૂરીના પત્રમાં પૂછયો છે. રાજમાર્ગ તો એકેય છે જ નહીં; બધા માર્ગ અધિકારી પરત્વે ક્રમપુરઃસર યોજાએલા છે. ભ. ગી. ના નવમા અધ્યાયના બીજા શ્લોકમાં બ્રહ્મવિદ્યાને રાજવિદ્યા અને રાજગુહ્ય કહી છે. એમાં આપેલા પહેલા શ્લોકમાં વિજ્ઞાન-( અનુભવ ) સહિતનું જ્ઞાન વર્ણવ્યું છે. એ બધી આઠ અધ્યાય સુધીમાં સાધકે તૈયારી કરી હોય તેના પછીની સ્થિતિ છે. એ સર્વત્ર, નિત્ય, ચિરસ્થાયી અને આત્મદર્શન ( સર્વત્ર પ્રેમ ) સહજ સાધ્ય વસ્તુ નથી. પહેલાના છ અધ્યાય કર્મસંન્યાસાત્મક છે; જે પ્રથમ સાધન છે; ચિત્તશુદ્ધિ માટેનું એ મુખ્ય સાધન છે. ત્વંપદાર્થ એટલે જીવભાવના શોધન માટેના છે. ત્યાર પછી છ અધ્યાય ઉપાસ્ય-નિષ્ઠાના ( તત્પદાર્થનિષ્ઠાના ) એટલે કે ઈશ્વરપ્રતિની નિષ્કામ અનન્ય ભકિત વડે પ્રાપ્ત થતી નિષ્ઠાના છે. એમાં ૭-૮-૯-૧૦ ૧૧-૧૨ અધ્યાયોમાં નવમા અધ્યાયનો ત્રીજો નંબર આવે છે. અ. ૭ ભગવદ્ધ્યાનયોગ, અ. ૮ બ્રહ્મસ્વરૂપના પ્રશ્નોત્તરને અ. ૯ ગુહ્ય પરબ્રહ્મતત્ત્વનો જ્ઞાનોપદેશ છે; જ્યાં રાજ શબ્દ વપરાયો છે. ભગવાન શંકરાચાર્ય ધ્યાનયોગ મિશ્ર જ્ઞાનયોગને રાજયોગ કહે છે અને આસન પ્રાણાયામાદિને હઠયોગ કહે છે. એવા જ્ઞાનયોગમાં જતાં પહેલાં તો અ. ૧ માં વિષાદ-ખેદ, ચિત્તની સંસારથી ઉપરામ દશા, મોહગ્રસ્ત બુદ્ધિનો અ વાપો ( કિંકર્તવ્ય મૂઢ દશા ) છે. (૨) વિશ્વરચના, આત્મા-અનાત્માનો વિવેક, આત્મજ્ઞાનનો મહિમા, વગેરેની સમજણવાળા વિવેકનું શિક્ષણ તથા બ્રહ્મવિદ્દશાની સમજણ છે. (૩) વિશ્વમાં ગત્યાત્મક રીતે થતાં, પણ વ્યકિતને મેં કર્યાં એવું લાગતાં કર્મનું રહસ્ય છે. (૪) પછી તો કર્મમાં (યજ્ઞની ભાવના) વિશ્વયજ્ઞની ભાવનાની સમજણ છે. (૫) એ રીતે કર્મનો સંન્યાસ ( બ્રહ્મમાં ) અને પછી

આત્મસંયમ માટેની પ્રક્રિયાઓ છે. (૭) જ્ઞાનયોગનું વર્ણન છે. (૮) પુરુષ અને પ્રકૃતિ-ક્ષર-અક્ષરની સમજણવાળું તથા નહીં પુરુષ કે નહીં પ્રકૃતિ પણ એ બન્નેથી પર ત્રીજો કે ત્રીજું તે પુરુષોત્તમ છે. (૯) એવી સમજણ માટેનાં સાધન પ્રાપ્ત થઈ ચૂકયા પછીનો રાજયોગ છે.

વૈરાગ્યની આરંભદશા તો વિષયાનંદભર્યા સંસારના મોહ –રાગમાંથી હઠી જવાની મનોદશા છે. એમાં મનુષ્ય કિંકર્તવ્યમૂઢ થઈને જડ બની બેઠો હોય એવો લાગે પણ એથી જરાયે ગભરાવાનું કારણ નથી.

(૧) વ્યવહારનું શું થશે, માણસ જડ બનીને બીજાંને આનંદ ન આપી શકે એવી બુદ્ધિનાશ જેવી દશા થવાનો ભય અસ્થાને છે. ગીતામાં અર્જુન વિમૂઢ થયો હતો. યોગવાસિષ્ઠ મહારામાયણમાં રામચંદ્રજી એવી જ દશામાં પ્રવેશતાં કશું યે કરતા–બોલતા ચાલતા નહોતા એવું વર્ણન છે; ત્યારે ગીતામાં ભ. શ્રી કૃષ્ણ ગુરુ બનીને અર્જુનને અને યોગવાસિષ્ઠમાં કુલગુરુવસિષ્ઠ રામચંદ્રજીને વ્યાપક આત્માનું જ્ઞાન આપે છે, એટલે એવી પ્રારંભદશાથી ગભરાવા જેવું કશું છે જ નહિ.

બીજો પ્રશ્ન:–પ્રશ્ન પૂછનાર આવો ભય પોતે ઊભો કરે છે કે એની આસપાસનાં સંબંધી સ્નેહી વર્ગનો છે એ વિચારવા જેવું છે. પોતાને જ પ્રશ્ન ઉદ્‌ભવે તો એનો રાગ–મોહ ઓછો થાય છે. એ વૈરાગ્યમાંથી ઉદ્‌ભવતો આત્માનંદ સાંપડે નહીં ત્યાં સુધીનો હોઈ કેવલ અલ્પ સમય માટેનો છે. એનાથી એ પોતે મૂઝાય પણ શાસ્ત્ર મૂઝાતાં નથી. બીજાને માટે જે કોઈ ચિંતા કરે તે અજ્ઞાની છે; એની શાસ્ત્રને ચિંતા નથી.

અમને તો આવી મનોદશાવાળાને માટે કશી ચિંતા થતી જ

નથી. મોટર સાજી સારી છે, હાંકનાર કુશલ છે, પછી અંદર એટેલાં અધીરાં થાય એની ચિંતા શા માટે? કોઈ વાર સડક ખરાબ હોય તો મોટર ધીમી ચાલે, કોઈ વાર ઉતાવળથી ચાલે, પણ એ ચાલવાની તો ખરી જ. તેવી રીતે પ્રત્યેક જીવાત્મા જન્મ જન્માન્તરે પણ ગન્તવ્યસ્થાને જરૂર જશે જ; એમાં ક્યારનો પ્રશ્ન વ્યર્થ છે. જ્યારે એ પોતે જ આત્મસ્વરૂપે પોતાને પકડી લેશે ત્યારે. આત્મા તો ત્યારે જ પકડે, જ્યારે જે અંતઃકરણ આત્મા જેવું જ કશી પણ વાસના વિનાનું શુધ્ધ, સાત્ત્વિક અને સ્થિર થાય ત્યારે.

ગુરુપૂર્ણિમા પર આવેલા પત્રમાં એવી ચિંતા દેખાય છે કે, તમને અને બીજાં બધાંને ભય લાગે છે. એ ભયભીતના ચિત્તમાં આત્મવંચના તો નથી ને? ભલા માણુસ, એમ જોઈએ તો વ્યવહારમાં બધા ક્યાં ઓછી કરે છે? અણઘડ પણ પોતાને પૂરો ઘડાએલો માને છે કે નહિ? શરૂઆતમાં આવું લાગે પણ છેવટ સારું જ છે એવી શ્રદ્ધા ન રાખતાં જે આવી શંકાઓ કરે એ કેવો અધીરો કહેવાય? સંશયાત્મા ખરો કે નહિ? અશ્રદ્ધાળુ ખરો કે નહિ? સાધન સંપત્તિ વગરનો ખરો કે નહિ? વ્યવહારને જ પ્રાધાન્ય આપનારો સંસારાસક્ત એ કહેવાય કે નહિ? આવા પ્રશ્નો, જાતને જ પૂછશો તો અંતર્યામી જવાબ આપી દેશે.

પૂર્ણ પુરુષોત્તમજી! પધારો! તમારી તો અમે અંતરમાં પધરામણી કરવા સદા સર્વથા તૈયાર જ છીએ. અંતરમાંથી અશ્રદ્ધા, સંશયો, આસક્તિ, મોહ, રાગ, દ્વેષ, મમત્ત્વ, અહંપદ એ બધાં વાળી વાળીને નિર્મૂળ ભસ્મીભૂત કરવાનો અમે સંકલ્પ કર્યો છે તેમાં સહાયતા કરો અને પછી નિત્યને માટે ત્યાં સ્થાન જમાવો. તમારી પ્રતિષ્ઠા તમે પોતે જ કરો. ૐ.

(૯૪)

તા. ૪–૮–'૫૮

ચિ. સૌ......બ્હેન,

પત્ર મળ્યો શ્રી...રાજકોટથી આવી ગયા હશે; પાછા મુંબઈ જશે. ફર્યા જ કરે એમાં મને હરકત નથી. અંદર બેઠેલો તો એમને એમ હર્યા ફર્યા વગરનો બધું જોયા જ કરે છે ને?

કોલેજમાં ફાવતું જાય છે જાણી ચિંતા થોડી ઘટી. અઠવાડીઆનાં આઠ વ્યાખ્યાન લેખે મહિનામાં ૩૨–૩૫ થતાં હશે, જેને માટે વાંચવું વિચારવું પડતું હશે. તત્ત્વજ્ઞાનનો પદ્ધતિપુરઃસર અભ્યાસ (અનુભવમાર્ગી હોય તેને માટે) બહુ જુદો છે. તમારાં અભ્યાસ તથા પરીક્ષાનું જ્ઞાન ઉપરચોટીઉં છે. એમાં–એ તલમાં તેલ નથી હોતું.

(૯૫)

તા. ૮–૮–'૫૮

ચિ. સૌ....બ્હેન,

કોલેજની હકીકત જાણી. ઠીક છે; વિદ્યાર્થીઓને રસ પડતો હોય, એથી આપણા ભાવવાહી તરંગોને શાંતિ મળે, પણ એ કાંઈ આપણા અભ્યાસની પરીક્ષા નથી. તારી શિક્ષણપદ્ધતિ સારી છે જ, એમાં પ્રશ્ન જ નથી. ભાવવાહી હૃદય છે એની અભ્યાસીઓને જબરી આકર્ષણશકિત છે એ નિર્વિવાદ છે. પણ સાવધાન! આપણે એનાથી મુગ્ધ બની જવાય નહિ, એની કાળજી રાખવાની છે. મર્યાદા ઓળંગીને વાત્સલ્ય દેખાડવાનું નથી. નિર્મોહી, અશરીરી પ્રેમ આપણું સાધનસાધ્ય છે તેથી એ માટે સાવધાન રહેવું.

વરસાદને લીધે ઉકળાટ બહુ રહે છે. ટપાલના જવાબ લખવામાં ઘણો વખત જાય છે; આંખે ઝાંખ વધતી જાય અને રાત્રે લખાય નહીં, તેથી કોઇવાર પત્રોના ઉત્તર કે લેખ એમના એમ અધૂરા પડયા રહે છે. "આદર્યાં અધૂરાં રહે ને હરિ કરે સો હોય" એ તો સાચી જ વાત છે ને!

(૯૬)

તા. ૧૧-૮ '૫૮

... ... થોડી ખુજલી, પગમાં કળતર, પેટમાં વાવંટોળ, જેવું ચાલે છે એટલે ખાસ જરૂરી પત્રોજ લખાય છે. બધાંનું સ્મરણ તો મનમાં છે જ. આપણે તો માયામાં પડેલા, પણ સાથે ભવતારક ગુરુદેવ છે એટલે વાંધો નથી. ડૂબવાના ભયથી, કે ડૂબતાં ગળાડૂબ બની જઈએ તો પણ તરવાનો ઢોંગ કરવાનું આપણને ગુરુદેવ ન સૂઝાડે એવી સતત્ ધારાવાહિની આંતર પ્રાર્થના છે.

(૯૭)

તા. ૫-૯-'૫૮

તમે બધાં કુશળ હશો. ભણનારાં ભણતાં હશે. ભણાવનારાં ભણાવતાં હશે ને કમાનારાં કમાતાં હશે; આમ સંસારનો અવિરત પ્રવાહ (ન રોકી શકાય એવો છે માટે જ) ચાલ્યા કરતો હશે. એ માટે હર્ષશોક શાનો? એમાં દ્વૈત છે; ભેદ છે; ગુણવિભાગ છે; કર્મભેદ છે, જાતિ (પુલિંગ પુંલિંગ) ભેદ છે અને બધે ભેદ જ છે. એક જ અભેદ આત્મતત્ત્વ એનું દષ્ટા છે જેણે પોતાની જ ભેદાભેદ –લીલા પોતાના આનંદ માટે જ ઊભી કરી છે. પોતે જ દશ્યોને ચિત્રીને એમાં રાગદ્વેષ જોયા કરે, સુખી દુઃખી થાય, અને આનન્દની

આશા રાખે એટલે નિરાશ થાય ત્યારે વિરક્ત થાય, એનો અર્થ એ કે આનન્દથી એની ઉત્પત્તિ કરવા જતાં એમાંથી પદચ્યુત થયો છે. આનન્દની વિસ્મૃતિ થઇ છે. એ આનન્દસ્વરૂપે હવે નથી રહી શકતો, એની પોતાની જ માયા કેવી આ સ્વોપાર્જિત જેની મહાન ભ્રાન્તિ છે.... ... અહીં અનેક શરીરો આવાગમન કર્યા કરે છે. જાણે આ બ્રહ્મલોક હોય, અને એ બધાં ટકી ન શકતાં હોય તેમ ક્ષીણપુણ્યે મર્ત્ય લોકમાં પાછાં જતાં હોય એવો દેખાવ મને લાગે છે.

(૯૮)

તા. ૯-૯-'૫૮

ચિ. સૌ....બ્હેન,

... ... હું તને-જે તારા મનોભાવ છે એ પ્રમાણે સંબંધ-મુક્ત જિજ્ઞાસુ જીવાત્મા તરીકે જોઉં છું, જોવા મથું છું.

ભણતર ભણ્યાં, ગૃહસ્થાશ્રમી તરીકેનાં અનેક સ્વપ્નો-કલ્પનાઓ આજ દિનસુધી ઘડયાં; કલ્પના અને સત્ય ( વાસ્તવિકતા ) પૃથક્ વસ્તુ છે; તેથી જે ભૂલ કરી, અને મોહમમત્વનાં દોરડાં વણ્યાં, કલ્પના છતાં વાસ્તવિક દેખાતું આ નવું ભણતર ફિલોસોફીને નિમિત્ત બનાવીને વંચાયું જેણે વિપરીત મનોદશા ઊભી કરી જાણે !

એ વિમાસણ જેવા મન્થનમાંથી જલ્દી છૂટવું જોઇએ. અનાત્મ-પદાર્થના મિથ્યા વિચારો આવે, તો પછી આત્મવિચાર કેમ નથી આવતા ? એ માટેનાં સાધન--સાધના તો પરીક્ષાપત્રમાં લખ્યાં હશે. જપ, ધ્યાન જેવાં સાધન તો અંતરમાં જ થઇ શકે એવાં છે. રોજનો અર્ધો કલાક શા માટે આત્મસ્મૃતિ થાય એવાં જપ, પાઠ, વાચન, ધ્યાન ન થાય ? આનન્દ નથી એમ કહેનાર જો વિદ્વાન

હોય, શાસ્ત્રપારંગત હોય તો એ મહામૂર્ખ છે. એણે વિદ્વત્તા નથી કેળવી, વિદ્યા નથી પ્રાપ્ત કરી, પણ વિદ્યાને અવિદ્યા માનીને, એનાથી ધન-માન મેળવ્યાં છે. મહાપાપ કહેવાય.

માનવજીવનની મહત્તા સમજો, માનવજીવનની પ્રત્યેક ક્ષણ એક એક માનવજન્મ જેટલી જ મૂલ્યવાન છે એ ભુલાવું ન જોઈએ. માટે જાગો, જાગો, અને જાગો જ. તમે કોણ છો એ નથી જાણતાં ? ૐ આનંદ ! આનંદ ! આનંદ !

**(૯૯)**

તા. ૧૨-૯'-૫૮




પરાપ્રકૃતિ એટલે જીવ-પ્રકૃતિનું વર્તુલ; વચ્ચેના આઠ આરા અપરા પ્રકૃતિના છે. બ્રહ્મ એનું કેન્દ્ર છે.

આ થયું સંસારચક્ર. ગીતામાં કહે છે કે भिन्नाप्रकृति अष्टधा ભ. ગી. અ. ૭ શ્લોક ૪ "પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ તથા આકાશ, એ પાંચ તત્ત્વો અને મન, બુધ્ધિ તથા અહંકાર" આ પ્રકૃતિના આઠ ભાગ છે.

આ દશ્યમાન થતી પ્રકૃતિને અપરા કહી છે, આ સ્થૂલ પ્રકૃતિને ભ. શંકરાચાર્ય કનિષ્ઠ કહીને બધાંયને જડ કહે છે. મન, બુદ્ધિ, અહંકાર પણ સૂક્ષ્મ તત્ત્વ જ છે, પણ ત્યારે હવે બીજી જે પરા કહી છે તે કઈ ?

ત્યાર પછીના પાંચમા શ્લોકમાં એનો ઉલ્લેખ છે; એ પરા પ્રકૃતિ જીવભૂત છે (ચૈતન્યમય છે). એનાથી આ જગતની ધારણા થઈ છે. વળી આગળના બે શ્લોકો વાંચો.

"આ બે પ્રકારની ચેતન-જડ પ્રકૃતિથી જ બધા પદાર્થો ઉપજેલા છે અને એનાથી જ જગતનાં ઉત્પત્તિ-પ્રલય થાય છે, જે બધાનું (મૂલ) કારણ હું છું."

અપરા, પરાપ્રકૃતિ ઉત્પન્ન કરી છે એટલે હવે એનો લય પણ થવો જોઇએ.

... હું ભૂલને ક્ષતિ નથી કહેતો, પ્રત્યેક પળે માનવ ઊંચે જ ચડે છે. ક્ષતિ જેવું કશું છે જ નહિ. ક્ષમા માગવાનો જે સંસારીઓ ઘણીવાર દંભ કરતાં હોય છે એમની દૃષ્ટિ વિચિત્ર હોય છે; વ્યવહારની રીતે ક્યાંક જેવું કરવું પડે તે કરવું. પણ અધ્યાત્મક્ષેત્રમાં તો હંમેશાં ઇશ્વરકૃપાજ હોય છે, એમ તેઓ પણ માને છે. બન્ને પ્રકારની સ્થિતિમાં ક્ષમાનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી; કારણ કે જીવાત્માનો વિષયી સ્વભાવ પામર હોય છે.

જડ અને ચેતનનાં બે સાપેક્ષ વસ્તુતત્ત્વથી જે નિરપેક્ષ પરમતત્ત્વ સમજાય છે અને જે બન્નેથી પર છે એ જ સર્વનું અધિષ્ઠાન છે. આપણે એ આત્મસ્વરૂપ-અધિષ્ઠાનભાવથી જીવતાં શીખવાનું છે. એવી તત્ત્વદૃષ્ટિ આપણા પ્રત્યેક કાર્યમાં રહે, આપણે તટસ્થ સાક્ષી રહી શકીએ એટલે પછી ક્યાંય સમ વિષમ ભાવ રહેતા નથી.

(૧૦૦)

તા. ૮-૧૦-'૫૮

... બન્નેનું ધ્યેય આત્મશાંતિ હોવા છતાં સ્વ-ભાવના ભેદને લીધે સાધનભેદ પણ હોઇ શકે. વ્યવહારની દૃષ્ટિ કરતાં અધ્યાત્મપદ્ધતિના અધિકાર ભેદની સમીક્ષા ભિન્ન પ્રકારની છે. આ સાધના આત્મલક્ષી છે, એટલે સૌ પોતપોતાના સાધન પ્રમાણે જ ઉન્નતિ કરી શકે એ સ્વાભાવિક છે. જ્યાં સિદ્ધાન્ત જ અદ્વૈતવાદનો કે ઇશ્વર-

પ્રાપ્તિનો છે, ત્યાં આત્મા તરીકે એક છે. જીવ-ઇશ્વરમાં સ્વરૂપ ભેદનો સમાવેશ થતો નથી, ત્યાં ત્રીજું જે જગત રહ્યું તેનો વિચાર કરવો એ નર્યો અહંમમત્ત્વભર્યો જીવાત્માનો અવિદ્યાભર્યો મોહ છે.

પ્રકૃતિભેદે સ્વભાવભેદ, સ્વભાવભેદે સંસ્કારભેદ અને સંસ્કાર-ભેદે પ્રવૃત્તિભેદ હોવાથી પ્રત્યેકના સાધનમાં સર્વાંશે સમાનતા હોઈ શકે જ નહિ. બે સમાનાન્તર સીધી લીટી કદી કોઇ સ્થાને મળી શકતી નથી એ વાત સાવ સાચી લાગે તેવી હોવા છતાં, ત્રિપુટીના લયમાં અન્તે બે લીટીઓ અને એનો અધ્યસ્ત આધાર અધિષ્ઠાન-સ્વરૂપ અનન્તમાં મળે ત્યાં સુધી પૃથક્ જ રહે છે. માટે પોતપોતાના સ્વભાવ પ્રમાણે સાધન કરો. બાકી રહી વ્યવહારની વાત, એમાં બન્ને પરસ્પર એવી દૃષ્ટિ કેળવો, કે "હું આ પ્રતીત થતી, ઉપરછલી જેવી મિથ્યા કલ્પનાની વ્યવસ્થામાં ચિત્તને સ્વરૂપસ્થ સાક્ષી રાખીને નિમિત્ત બનું કે જેથી સ્વ-પર દોષનો ભાગીદાર ન બનું. બીજાના દોષ જોવા તપાસવાનું છોડો, જેથી નિત્ય શાંતિના અધિકારી થઇ શકાય.

... માનવ સમાજમાં કુટુંબ એ વ્યાપારનું કે રાજયનીતિનું ક્ષેત્ર નથી, જેમાં આંતરબાહ્ય દ્વિધાદંભની નીતિ રાખવા જેવી લૌકિક દૃષ્ટિની જરૂર પડે. અહીં તો પરસ્પરનો નિરાવરણ પ્રેમ, ક્ષમા, ઉદારતા જોઈએ. દોષદૃષ્ટિ કવચિત્ થાય છતાં ગુણદૃષ્ટિ રાખવાની ટેવ, પરસ્પરની શ્રદ્ધાને લીધે વાણી વર્તનમાં સ્વતંત્રતા હોવા છતાં દ્વેષ નહીં, પણ બીજાની કીર્તિમાં પણ પોતાની જ કીર્તિ છે, એવું સમજવા જીવવા જેવું ઘણું હોય છે.

પત્ની એ મિત્ર છે, સાચો સુહૃદ્ છે, જીવનસાથી છે, પણ જીવનદાસી નથી. પતિભકિતની વ્યાખ્યા એણે પોતે સમજવાની છે પણ પતિ ઉપદેશક બનીને એને શીખવે, કે પરમેશ્વર થઇને વર્તે એ પતિનું નર્યું નિરાધાર અભિમાન છે.

ત્રિગુણાત્મક સ્વભાવને વિસારી કેવલ વિશુદ્ધ આત્મસ્વરૂપે સૌને જોવાં અને એ રીતે વર્તન રાખવાના એ સિદ્ધાન્તને માનનારો હું હોવા છતાં, ક્યાંક રાજસ-તામસનાં પાત્રો મળે, ત્યારે એમના પર ક્રોધ કે દ્વેષ નહીં, પણ વૈરાગ્ય આવે છે. એવાં પામરને માયાના અંધકારભર્યા પ્રદેશમાં રમનારાં જંતુઓ માનીને એ બધાં તરફ ઉપેક્ષા કરવાની વૃત્તિ, સાવધાનતા, રાખું છું. ઘણાંને ભૂલી ગયો છું, ભૂલતો જાઉં છું; પૂર્વજન્મનાં સંબંધીઓની જેમ એ સૌને અનાસક્તિથી વિસારી મૂકવાં જોઇએ.

માટીની કાચી કોઠીને પાણીથી ધોવા માંડીએ તો એમાંથી કાદવ જ નીકળે, અને ઠેઠ સુધી નીકળે, કે જ્યાં એનું અસ્તિત્વ જ ન રહે. એના અંત સુધી કાદવ જ આવ્યા કરે. બહારથી એને રંગીને લાકડું, લોખંડ કે ચિનાઇ ઢંગની બનાવટ જેવી દેખાડાય, પણ અંદર કાચી જ હોય તો ત્યાંથી માટી જ નીકળે ને !

માણસનું પણ આવું જ બને છે. બાહ્ય નામરૂપમાં સ્વચ્છતા કે પવિત્ર વાણીવિલાસ દેખાય ત્યારે અંદર પણ એવું જ વિશુદ્ધ ચિત્ત હશે એમ માનવા જતાં પણ છેવટે અંદરથી ક્યાંક કાદવ જ નીકળે ત્યાં શું કરવું ? માનવદેહની એવી કાચી કોઠીને નકામી સમજીને ત્યજી દેવી: બીજો ઉપાય નથી.

(૧૦૧)

તા. ૧૪-૧૦-'૫૮

બધા પત્રો પોતપોતાના આત્મનિરીક્ષણમાં, પોતાની અપૂર્ણતા જોવા-તપાસવામાં સહાયક થાય એ દૃષ્ટિથી મનમાં આવે તેવા, હું કેવી રીતે જાત-તપાસ કરું એમ વિચારીને લખ્યા

છે. પ્રશ્નો એથી વધારે વત્તા ઓછા પણ હોઇ શકે. આત્મસુધારણા જ શાંતિ, અને તે પણ ચિરસ્થાયી શાંતિ આપી શકે એવી મારી માન્યતા છે. ... ...ભાવ, અભાવ, સદ્દભાવ, દુર્ભાવના વમળમાં મન અટવાયા જ કરતું હોય એવી ચંચલતા જરાયે હિતકર નથી. ગૃહવ્યવસ્થા એ કાંઇ રાજયરમત નથી; એમાં રાજકીય પ્રપંચ નથી. અંદરબહારનો દંભ નથી. એ એક એવું દેવસ્થાન છે જયાં નાના મોટા પ્રકૃતિની ભાત પાડતા માનવ દેવોને વસવાનું અને વિશુદ્ધ હૃદયથી દિવ્ય પ્રેમનું આદાન પ્રદાન કરવાનું છે.

જીવન એ એક મહાપ્રશ્ન હોય, એક riddle હોય, તો જેને એ ઉકેલવાનું મન થાય, એણે પોતે જ પોતાના પ્રશ્નો ઉકેલવા પડશે. બીજા સલાહ આપશે, સૂચના આપશે, મમત્વભર્યું પ્રેરણાબળ આપશે, તમારા માટે થોડાં જપ તપ કરીને પ્રાયઃશ્ચિત્ત કરવામાં સહકાર આપશે, પણ અંતે તો સૌએ એ પ્રશ્ન પોતાની મેળે જ પોતાના જ પ્રયત્નથી ઉકેલવાનો છે. ભગવદ્દગીતાના અધ્યાય છ શ્લોક ૫–૬ વાંચો. ત્યાર પછીના શ્લોક ૭–૮–૯ પણ વિચારવા જેવા છે; જુઓ અહીં લખું છું; વાંચો, વિચારો, વર્તનમાં લાવો.

उद्धरेदात्मनाऽत्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥ ५ ॥
बन्धुरात्माऽत्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥ ६ ॥
जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।
शीतोष्ण सुखदुःखेषु तथा मानापमानयोः ॥ ७ ॥
ज्ञानविज्ञान तृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ।
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः । ८ ॥
सुहृन्मित्रार्दुदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥ ९ ॥

પાંચમા શ્લોકનો અર્થ લખું છું. " પોતે ( વિવેકબુદ્ધિ વડે ) પોતાનો ઉદ્ધાર કરે. (આત્મા) પોતાનો નાશ ન કરે કારણ કે (આત્મા) પોતે જ પોતાનો બંધુ છે અને પોતે જ પોતાનો શત્રુ છે."

"આત્મા" શબ્દનો અર્થ "પોતપોતાનું, પોતાને" એમ માનવું એ વધારે સુગમ છે. ઉદ્ધાર પોતાનાથી જ કરવો એમ કહેવામાં પોતાનું જ અંતઃકરણ માનવાનું છે. અંતઃકરણ એટલે મન, એ જ પોતાનું મિત્ર અને એ જ પોતાનું શત્રુ છે. અવિવેકી મન શત્રુ છે; વિવેકી મન મિત્ર બને છે. એ વિવેક તો ત્યારે સૂઝે જ્યારે પહેલાં પોતાના ઉદ્ધારનો ઉદ્દેશ હોય. પોતાના ઉદ્ધાર વિના બીજાના ઉદ્ધારનો આગ્રહ રાખવો એ તો આંધળો પોતે ખાડામાં પડીને પાછળ બીજાં આંધળાંને પણ ખાડામાં પડવાનો આગ્રહ રાખે એવો ઘાટ છે.

જેટલું અઘરું આ લાગે છે એટલું મને નથી લાગતું. મનનાં હઠ, આગ્રહ, દુરાગ્રહ જ્યાં પડતાં મૂકાશે, ત્યારે વિવેકના શ્રીગણેશાય થશે. એવા માનવદેવને મારા અનેકશઃ હાર્દિક વહાલભર્યા આશિષ.

(૧૦૨)

તા. ૧૫–૧૦–'૫૮

ચિ. અ. સૌ.... ...બ્હેન,

નવરાત્રિના દિવસોમાં, શક્તિની ઉપાસનાના ક્રમ પ્રમાણે વ્રત, તપ, જપ, પાઠ વગેરે થાય છે એ સારી વાત છે. જે થાય તે કરવું અને હેતુ કેવળ આત્મશાંતિ અને એના મુખ્ય સાધન જેવી ચિત્ત-શુદ્ધિનો જ રાખવો જોઈએ. બીજું બધું યોગક્ષેમ વગેરે તો વણમાગ્યું મળે એવું છે.

... ...રોગ કેમ થયો, કેવો હતો, ક્યારથી થયો હતો, કેટલો

ત્રાસ થયો એ બધાંનો વિચાર નીરોગી થયા પછી કરવાનો કશો અર્થ નથી. નીરોગી થવું એટલે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું; સ્વ-સ્થ એટલે સ્વમાં આવી જવું. એમાં સ્થિરતા થાય તે સ્વાસ્થ્ય.

(૧૦૩)

તા. ૨૦-૧૦-'૫૮

નવરાત્રિના બધા દિવસો સાચી સમજણ એટલે સાચી તટસ્થ વિવેકદૃષ્ટિ કેળવવામાં સહાયક ઉપકારક નીવડયા હશે.

દાકતરી અભ્યાસ કરવામાં એક શરીરની રચનાનો અભ્યાસ થાય એટલે બધાં શરીરની રચનાની વિદ્યા આવડી જાય છે. એક જલાશયમાં તરતાં શીખેલો ગમે ત્યાંના પાણીમાં તરી શકે છે; તેવી જ રીતે પોતાનાં જ ત્રણે શરીરની રચના તથા ચિત્તની વૃત્તિઓ, આસક્તિઓ, સ્વભાવનિરૂપણ, ત્રિગુણાત્મવિવરણનો જો અભ્યાસ થાય તો જ બીજાંની યોગ્ય પરીક્ષા થઇ શકે છે, નહિ તો જેને જોઈએ તે બધાંને આપણા સ્વભાવભર્યાં પ્રકૃતિનાં ચશ્માંમાંથી જ જોવાય. એ દૃષ્ટિમાં અપૂર્ણતા રહેતાં સ્વદોષનું આરોપણ અનિચ્છા છતાં પણ બીજામાં થઇ જાય છે, અને તેથી બધો ઘાણ બગડે છે. વ્યવહારમાં કલેશ થવાનું મુખ્ય કારણ જ આ છે. તેથી નિત્ય સ્વભાવનું જ નિરીક્ષણ કરો. સ્વ-ભાવમાં શુદ્ધિ તથા તટસ્થતા આવતાં વેંત જેને સ્વ-જન માન્યાં છે, એમના ઉપર પ્રેમ અને સદ્‌ભાવભર્યા સહકારનું સ્વરાજ્ય ભોગવી શકાશે. અમારા જેવા ઘરબાર, બાલબચ્ચાં, પતિપત્ની કે એવા સંસારી માનવસંબંધો વગરનાનું સૂચન-વચન તમારાં જેવાં યત્કિંચિત્ પણ માની શકો છો એની પાછળ આત્મનિરીક્ષણની વિદ્યા જ કારણભૂત હોય છે.

એમાં કવચિત્ ભૂલ થાય, તો પણ પાછળથી સ્વ-ભાવ

( મનોભાવ ) નીરખવાની આવડત હોય તો બધી ખગડેલી લાગતી બાજી આપોઆપ અને તરત જ સુધરી જાય છે.

આવું લખું છું તે સાચું લાગે છે કે નહિ? તમને, તને, તેને ગમે છે ખરું? મને તો તમારા સંબંધથી લાભ છે. વ્યવહારપક્ષે તો લાભ છે જ, પણ તમારા સ્વ-ભાવમાં જે નિરીક્ષણ કરવાનો આનંદ આવે છે એ જાણે મારા સ્વભાવને જ જોતો તપાસતો હોઉં એવું લાગે છે. ધન્ય છે તમને! તમારો આ કાંઇ થોડો ઉપકાર છે! પરમકૃપાળુ ગુરુદેવ દયાળુ છે. જ્યાં જ્યાં, જે જે સમયે, દેશકાલના વર્તુલમાં, જે જે પ્રસંગ સાંપડે, ત્યાં સ્વભાવ-નિરીક્ષણ વડે અધિષ્ઠાનમાં કલ્પિત રહેલા નામરૂપવર્જિત આત્માનું યથાર્થદર્શન કરી શકાય છે.

(૧૦૪)

તા. ૩૧-૧૦-'૫૮

મનમાં શાંતિ રાખવી. પોતાના ચિત્તના દોષો જ પહેલાં જોવા અને બીજાના દેખાય તો યે ભૂલવાનું લક્ષ્ય સહજ સિદ્ધ કરી નાંખો. સ્વપ્નમાં જોયેલાં પાત્રોના, જાગ્યા પછી ગુણદોષ જોવા જેમ વ્યર્થ છે તેવી જ રીતે મુમુક્ષુ કે જિજ્ઞાસુએ વ્યવહારમાં રાખવું જોઇએ. આત્મજાગૃતિનો અભ્યાસ વધારતાં આપણી નિર્માનમોહી અવસ્થા વધે છે. જેનો પ્રભાવ પણ આસપાસનાં સહવાસી સ્વજનો ઉપર પડે છે. છતાં એવો પ્રભાવ પાડવાની આગ્રહભરી વાસના કરવી એ નરી મૂર્ખતા છે, ભયંકર અજ્ઞાન છે; દુર્બલ-દુષ્ટ મનોદશા છે.

પુસ્તકપઠન કરતાં પણ ચિત્તદશા સુધરે એવા અનુભવમાર્ગ પર વધારે લક્ષ્ય રાખવાનું છે. વાચન જો અદ્વૈતની યુકિતઓથી જ મગજમાં ભરાવો કર્યા કરે, તો એવું તાર્કિક અજીર્ણ જરાયે ઇષ્ટ નથી. યથાર્થ આત્મનિરીક્ષણને બદલે પોતાના વર્તનને

યથાર્થ સિદ્ધ કરવામાં જ એ તર્કવિકાસનો ઉપયોગ થયા કરે તો દૂષિત મનોદશા ઊભી થાય છે.

પરદોષનું વિસ્મરણ, સ્વદોષનું દૂરીકરણ અને એ ત્રિગુણાત્મ-દશાનો બાધ કરીને આત્મભાવના દૃઢ કર્યા વિના વાસ્તવિક શાંતિની પ્રાપ્તિ સંભવિત નથી.

(૧૦૫)

તા. ૮-૧૧-'૫૮

તબીયત સારી છે. દવાઓ નામની જ ચાલે છે. તમારાં બધાંની આટલી બધી તન, મન, ધનની સેવા ભક્તિ જ આ શરીરને જીવાડે છે એમ કહેવાઇ જાય છે.

સં. ૨૦૧૫નું વર્ષ બધી રીતે મંગલમય હો !

(૧૦૬)

તા. ૧૨-૧૨-'૫૮

હવે પ્રશ્નોને પડતા મૂકીને ઉત્તરો મળ્યા હોય એ વાગોળો તો નહિ ચાલે? હવે લખવાનું જરાયે બાકી રહ્યું હોય એમ મને લાગતું નથી. આંખો વધારે નબળી પડે, ચશ્માં ફૂટે, કલમો તૂટે, તોય લખવું-લખ્યા જ કરવું ! ?

(૧૦૭)

તા. ૧૩-૧૨-'૫૮

જે થવાનું હશે તે થશે; યોગ્યપ્રયત્ન બધે ચાલુ રાખવા, ઇશ્વર બધી રીતે કલ્યાણ જ કરે છે.

नहि कल्याणकृत् कश्चित्
दुर्गतिं तात गच्छति

કલ્યાણને માર્ગે કરેલાં કર્મ કરનારની કોઇ દિવસ દુર્ગતિ તો છે જ નહિ. આપણે સન્માર્ગે છીએ એવી શ્રદ્ધા રાખવી, એવી ભાવના રાખવી, એવાં કર્મ કરવાં, પછી અંતે જે પરિણામ આવે તેને વધાવી લેવું. નિમંત્રણ તો પાછલા જન્મનાં બધાં પ્રારબ્ધપ્રાપ્ત દ્વંદ્વોને જન્મથી જ આપી મૂકેલાં છે, તે આવશે સ્તો ! આવે એવાંનો યથાશકિત સત્કાર કરવો ! અવધિ પૂરો થયે એ આપોઆપ ચાલ્યાં જશે. બધાં આગમાપાયી છે. ગીતા અ. ૨-૧૪મો શ્લોક. જે નિત્ય નથી એની ચિંતા શી ? અંતરમાં શીતલતાસમો હિમાલય રાખવો. થાય તે થવા દેવું અને દશ્ય (નાટક) જગતને જોવાની મઝા માણવી !

(૧૦૮)

તા. ૨૦-૧૨-'૫૮

જગત અને સંસાર એટલે સમવિષમ સ્થિતિ-પરિસ્થિતિ. એમાં સમત્વ સાચવવું એ જ યોગ. આત્મા સમ છે એટલે એ સમતા કે સામ્ય એ જ આત્મભાવ અને એ જ આત્મદર્શન છે. આત્માનું સ્વરૂપ સત્-ચિત્-આનંદ છે, માટે જ એ સદા સામ્યભાવે છે. આત્મભાવ એટલે સામ્યભાવ, એ જ સામ્યયોગ. પ્રકૃતિના બાહ્ય પ્રદેશમાં સર્વત્ર સર્વભાવે સામ્યત્વ લાવવા મથે એ અશક્ય અને અસંભવિત. એ તો કલિયુગી-કલહયુગી સામ્યવાદ છે. તમે બન્ને બુદ્ધિશાળી છો, હૃદય ભાવનાશીલ છે, એટલે આ સાધના સરલતાથી સિદ્ધ કરી શકશો એવી મારી તમારામાં શ્રદ્ધા છે. સાથે સાથે વણ-માગ્યા આશીર્વાદ તો છે જ. કદી તમારે માટે અભાવ કે દુર્ભાવ ન આવે એ જ મારા હૃદયની અભિલાષા છે; આનંદ કરો.

(૧૦૯)

તા. ૨૨-૧૨-'૫૮

તમે બધાં પ્રસન્ન તથા કુશળ હશો. ખબરદાર! જગતમાં નિર્મોહી રહીને જ આગળ અકસ્માત આવીને ઊભો રહેતો, આવી પડતો મોહ તથા દ્વંદ્વભર્યો વ્યવહાર કર્યા કરવાનો છે; એ શોધવા જવું પડે એમ નથી. જૂની ભાષામાં કહીએ તો નવાં સકામ કર્મ આરંભવાં નથી; જૂના પ્રારબ્ધભોગ તો આવીને આપોઆપ ઊભા રહે એવા છે. એમાં રાગદ્વેષ રાખીને મુક્ત થવાનો આગ્રહ રાખવો એ હળહળતું અજ્ઞાન છે.

(૧૧૦)

તા. ૩૦-૧-'૫૮

માંડૂક્ય ઉપનિષદ્‌માં सोऽयम् आत्मा चतुष्पाद એમ કહ્યું છે, તે ૐ નાં अ-उ-म् અને अर्धमात्रा એમ ચાર પાદ છે; ચાર પગ વડે જ ઊભો રહે તે વ્યવહારમાં ચતુષ્પાદ (પશુ) કહેવાય; પણ અહીં એવા પાદને (પગ-ચરણ) નહીં પણ એક રૂપીઆના એક સરખા ચાર આનાના ચાર ભાગ સમજાય તેમ સમજવાનું છે.

... ... આ સંસાર એટલે જ આધિ; વ્યાધિ, ઉપાધિઓનું વાતાવરણ; એમાં સ્થૂલ સાધનો કે વસ્તુસ્થિતિના પરિવર્તનથી ક્ષણિક શાંતિ લાગે પણ નિત્યને માટે તો નહિ જ. અશાંતિને નિર્મૂળ કરવા માટે તો નિર્માનમોહી ચિત્ત રાખીને અધિષ્ઠાનનું જ જ્ઞાન મેળવવું જોઈએ.

(૧૧૧)

તા. ૨૨-૧-'૫૯

જગત કે સંસારને જોવા જઇએ તો એમાં કેંક અપૂર્ણતા દેખાવાની જ; કારણ કે બ્રહ્મ पूर्णमदः पूर्णमिदम् છે ત્યારે જગત અપૂર્ણ જ કહેવાય છે, એ સામાન્ય સમજણની વાત છે. અપૂર્ણતાનું ભાન થયા વિના નિત્યપૂર્ણ બ્રહ્મનું જ્ઞાન કે સાક્ષાત્કાર ક્યાંથી થાય? અજ્ઞાનમાં બધાં પોતાને પૂર્ણ માની બીજાને અપૂર્ણ માને છે; તેને બદલે પહેલાં પોતાને આત્મભાવે પૂર્ણ અને પ્રાકૃત ત્રણ દેહને અપૂર્ણ માનવાં જોઈએ. અજ્ઞાનીઓ તો દેહભાવે જ પોતાને પૂર્ણ માન્યા કરે છે અને કરશે એમાં આશ્ચર્ય નથી.

(૧૧૨)

તા. ૨૫-૧-'૫૯

ચિ. ભાઈ ...

તમે બધાં નહીં આવી શકો, કદાચ મુલતવી રાખો એ જાણ્યું; સાચી વાત છે. છોકરાંઓને જ્યારે શાળામાંથી છૂટીનું સ્વાતંત્ર્ય મળે, એટલે ઘરમાં માતપિતાનુ સ્વાતંત્ર્ય ન રહે, એ ન્યાય ખોટો નથી. બાળકો પણ મોટાં થશે ત્યારે એવું જ શીખે એમ તમે જરૂરી માનતાં હશો, કારણ કે જૂનાં વડીલો ગૃહસ્થાશ્રમમાં રહીને એમ જ કરતાં આવ્યાં છે. ઘરડાં થાય ત્યારે શરીરે અશક્ત થઇ ગયાં હોય, મનમાં અમર્યાદમોહ વધી ગયો હોય, તો પણ છોકરાંનાં છોકરાં, અને તેમનાં છોકરાં, તેમનાં છોકરાંનું ટોળું એમની આસપાસ બેસે, એ બધાં એમને સદ્‌ભાવથી જુએ કે ન જુએ; પણ આ વાત આટલેથી બંધ કરું છું; એની જે ખરાબ બાજુ છે, તે

માટે તો સુધરેલાંઓએ છેલ્લાં પચાચ વર્ષથી ગોખી ગોખીને સંયુક્ત કુટુંબ સંસ્થાને તોડવાના અસંખ્ય પ્રયત્નો કર્યા છે. એ તૂટી જવા માંડી છે કે તૂટવી જોઈએ એમ કહેવું સાચું નથી. બન્નેમાં લાભહાનિ છે. સાચી સમજણ નિર્મોહી વ્યવહારમાંથી ઉપજે છે. રહી વાત સુધરેલાંના મોહની, જેઓએ એવા મોહને વાત્સલ્ય, કર્તવ્ય, બાળકોને સુખી જોવાની વાસના અને પોતાના જેવાં જ (પોતે સારાં છે એમ માનીને) સુખી સંસ્કારી બનાવવાની ધગશ જેવા મોહનું સ્વરૂપ સુધરેલાંને સમજાતું નથી. પરિણામે બાળકો આજ્ઞાકારક અને માતાપિતા આજ્ઞાધીન બને છે. કોઈવાર ઉત્તરાવસ્થા પેલાં જૂનવાણી કહેવાતાં ઘરડાં કરતાં પણ વિશેષ ત્રાસદાયક બને છે. સેંકડે ૯૯ ટકા એનો વિચાર સુધરેલાં કરી શકતાં નથી. પહેલાનાં લોકો જેમ પોતાના મોહને જાણતા ઓળખતા નહોતા, તેવી જ રીતે અત્યારનાં માતાપિતા પણ પોતાનાં કર્મને યોગ્ય સમજે છે, પોતાને હંમેશાં સુયોગ્ય જ માનીને મોહભર્યા લાલન-પાલકથી બાળકોને સંસ્કારીને બદલે સ્વચ્છંદી અને સ્વેચ્છાચારી બનાવવામાં નિમિત્ત બને છે, કારણ તેઓ પણ મોહને જોઇ-જાણી શકતાં નથી. મને તો આ દીવા જેવું સ્પષ્ટ દેખાય છે. વ્યવહાર-વ્યવસ્થા તથા તેમાં રહેલી નિર્મોહી પ્રેમબંધનની ઉપયોગિતાને નકારવાનો અર્થ નથી; પણ મોહ અને પ્રેમ વચ્ચેનો વાસ્તવિક ભેદ, એનું રહસ્ય, એ પ્રમાણેનો જીવનવ્યવહાર સમજવો, ગળે ઉતારવો, પછી હૃદયમાં ઊતારવો બહુ અઘરો છે. એ ન સમજાય, ત્યારે જ મિથ્યા વૈરાગ્યમાંથી ઊભા થતા જડ ત્યાગના સંભવો ગતિમાન થાય છે.

બાળકોને જે રૂચે તે જ કરવું એવું સુધારકને લાગવા માંડયું; તેમાં જવાબદાર તો મુખ્યત્વે માતાપિતા જ છે. બાળકોનો દોષ હું નથી જોતો, પણ જયારથી એ સમજણાં થાય, યથાર્થ વાતને સમ-

જતાં શીખે ત્યાં સમજાવવું અને યથાર્થ હોય છતાં એમની કાચી સમજણને લીધે ન સમજે તો એમની ઇચ્છા પ્રમાણે ન જ કરવું. સાત્વિક પ્રેમનો સહકાર કરવો, એ છે નિર્મોહી મનોદશા, બાળકો આપણને વળગ્યાં નથી, આપણે જ બાળકોને વળગ્યાં છીએ એ પહેલું નક્કર સત્ય છે; એમને પોતાની સ્વેચ્છાને અધીન રાખ્યાં જ કરવાં એ બીજું સત્ય છે. એમને માટેની જવાબદારીઓમાં માતા-પિતા વિવેક નથી રાખી શકતાં એ ત્રીજું સત્ય છે; આ અયોગ્ય અને સ્વયંમન્ય પરંપરા એટલે જ મોહગ્રસ્ત દશામાં જાણે અજાણે આચરણમાં આવી જાય એ મિથ્યા સત્ય છે કે સત્યનો આભાસ માત્ર !!

... ... ગુજરાતમાં *તત્ત્વચિંતકોની જમાતો વધશે; અખો કહે છે તેમ “ સામેસામાં બેઠાં ધૂડ ” જેવી એમાં પંગત જામશે. થવા દ્યો. આ વાત ક્યાં નવી છે ? વાગ્વેદાન્ત તો વાગોળાયું જ છે. હવે વાગતત્ત્વની બોલબાલા થશે. જોયા કરો એ બધું. વેદાન્ત શબ્દમાં વેદ જ્ઞાન છે. બધાં જ્ઞાનનો અંત જયાં આવે એવું એ જ્ઞાન કહેવાય, અને બધું સમજી લીધા પછી મન-વચન શાંત થવાનાં લક્ષણ જેવું જે શાંત જીવનમૌન રહે તે છે વેદાન્ત. એમાં વળી ચર્ચા શી ?

---

*પૂર્વ પશ્ચિમ કે ઉત્તર દક્ષિણમાં કૈંક અવનવું કરવાની માનવજાતિના સાક્ષર તત્ત્વવિદો કે તત્ત્વશોધકોની જમાતો અનેક ક્ષેત્રો કે પેટાક્ષેત્રોની સંખ્યા વધારી વધારીને બધામાં ધમાલ વધારી મૂકશે. આર્થિક ઉન્નતિનાં અસંખ્ય પ્રયોજનો, આયોજનો અને પરિવર્તનોના અખતરા ભરેલી યોજનાનાં થોકબંધ ચિત્રણો બનાવશે; સમાજકલ્યાણના અલૌકિક, અભૂતપૂર્વ ઉદ્દેશની ઓથે શોધન, સંશોધન, વિકાસકેન્દ્રો, અને પૂર્વાપરના બેહદ પરિણામની આકાશકુસુમની આશા જેવાં કલ્પિત સુધાર-કેન્દ્રોનાં ઠેર ઠેર થાણાં સ્થપાશે. અધ્યાત્મ-દિશામાં પરિવર્તનશીલ વિશ્વનાં આકાશપાતાળ ડોળી નાંખીને એમાં જડચેતનના પ્રશ્નની છણાવટ કરનારા સર્વવ્યાપી, સર્વોપરિ, સત્તાધીશ, સચ્ચિદાનંદ, સર્વ-

બૈરાંઓ બેસીને વાનીઓની કેવલ ચર્ચા કરે અને ખાલી પેટે જીભને પણ સ્વાદ ચખાડયા વિના હાથ ખંખેરીને ઊભાં થાય, એવું જ અત્યારે થવા માંડયું છે.

... ... તમે બન્ને સહગચ્છધ્વનો પાઠ શીખ્યાં એ સાવ સાચો; સપ્તપદી સાંભળતાં સાંભળતાં સાથે પગલાં માંડીને, આટલાં વર્ષ ચાલ્યાં છતાં અસંતોષ રહો હોય તેમ ભવિષ્યમાં એ શરીરનાં જ પગલાંનો વિચાર કરવાનું હજુ કેમ સૂજે છે? પગલાં તો માનસિક ભૂમિકાનાં પણ ખરાં કે નહિ? એકાદ પગલું એક આગળ જાય તો બીજાંને વાંધો શું? બે (દ્વૈત)માં સંપૂર્ણતા છે જ નહિ, મુકિત તો નથી જ. જે બ્રહ્માનંદની વાતો કરવાનું ગમે છે, એ દ્વૈતમાં નથી; અસંખ્યના ભેદનો અભેદ એ બ્રહ્માનંદ છે. અદ્વૈતમાં જ મુકત બ્રહ્માનંદ છે, એ હવે વાનપ્રસ્થ આશ્રયમાં તો સમજવું જોઇએ ને! શરીર જુદાં પણ આનંદ એક એ સૂત્રને આચરણમાં મૂકવાનો આરંભ એટલે જ વનપ્રવેશ. કેમ ભૂલી જાઓ છો આ પ્રખર સત્ય મ્હારા લાડકાભાઇ? તમે લાડમાં બગડી ગયા એ

---

શકિતમાન તત્ત્વને જે ઇશ્વર એનું નામ અપાયું છે, તેની સંપૂર્ણ અવગણના ચાલુ કરીને વાદવિવાદનાં ચોકઠાં ગોઠવીને એમાં જે અલ્પસ્વલ્પ બુદ્ધિ મળેલી હશે તેને વાપરી નાંખવાનું દેવાળું કહાડવા જેવું પ્રદર્શન કરશે; શું થશે ને શું નહિ થાય એ કલ્પવું જ અશકય છે.! માનવજાતિની શારીરિક દોડધામ અને બુદ્ધિપ્રદેશની ઊતાવળી અને સેળભેળની પ્રવૃત્તિ શરૂ થઇ છે; વિશ્વભરની માનવજાતિના પૂર્વ પુરુષોએ જે સનાતન સત્યોની શોધના પ્રયોગો અને પરિણામોને અનુભવમાં મૂકીને પરમ્પરાનો વારસો આપી રાખ્યો છે, એને જુનવાણીને નામે ઉધઇને સુપ્રત કરવા જેવો સમય ઊભો કદશે, ભૂતકાળનાં અનુભવસુધાને તરછોડીને વર્તમાનકાળના વિષઘન અને અસિદ્ધ પ્રયોગની પાછળ આંધળી, અવિવેકી, અને બુદ્ધિહીન દોટ ગૂકવામાં પોતાનો જ નહિ, પણ સમસ્ત માનવજાતિનો નાશ કરવામાં એવા સ્વયંમન્ય તત્ત્વવિદ્ કેટલું હિંસક વાતાવરણ સર્જી રહ્યા છે! પરમાત્મા એમને સદ્બુદ્ધિ આપે!

મારી મોટી ભૂલ ખરૂં ? ના; ભૂલ નહિ નિભાવી લઉં; મારી ભૂલ નથી; બાળકો લાડનો દુરુપયોગ કરે પણ વડીલો નિર્મોહી જ રહે. એ છે મારા આ લખાણનો સારગર્ભ સિદ્ધાંત.

(૧૧૩)

તા. ૨૮-૨-'૫૯

...હું ભાવપ્રધાન છું. બુદ્ધિનો, તર્કનો, યુક્તિઓનો ઉપયોગ કરૂં છું પણ અંતરના વિવેકી ભાવપ્રદેશમાં કૃત્રિમતા મને આવડતી જ નથી, અને બીજે જોવાય તે ગમતી નથી. કોઇને સારૂં લાગે એવી મીઠી શબ્દજાળ વણતાં કે પાથરતાં નથી આવડતી. ઘણી વાર વિવેકભરી ભાષા વાપરવી પડે છે. હૃદયના સંબંધમાં નિકટતા ન હોય, ત્યારે ભાષાની ગોઠવણીમાં અમુક યોજના કરવી પડે, અને શબ્દો તોળીને વાપરવા પડે એવું મને રૂચતું નથી; જયાં જયાં સંબંધ થાય ત્યાં, બધે એક જ પ્રકારનો સંબંધ થોડો હોય છે ? એમાં પણ માત્રાભેદ, પ્રમાણભેદ હોય છે; કાળજી ઘણીવાર ન છુટકે રાખવી પડે છે.

જેને જીવન કહેવાય તેને છેલ્લે પગથિએ ઊભા છીએ. એક જ પગલું આગળ ભર્યું અને ગન્તવ્ય તીરે કુશલ પહોંચી ગયા એમ ઘણી વાર લાગે છે. હૃદય અને પ્રાણના અંશ કે અંગ જેવાં જેમને માની બેઠો હોઉં એવાં ઘણાં છે. ઘણાંની સાથે પત્રવ્યવહાર પણ નથી; કેટલાંક બીજે માર્ગે રખડી આવીને પાછાં અહીં આવ્યાં છે; કેટલાંક હજુ પાસે હોવા છતાં તરફડીઆં મારે છે; એ બધામાં સહધર્મી લાગ્યાં ત્યાં મમત્ત્વ થયું. એમાં કોઇને માટે સદ્‌ભાવપ્રેર્યો આગ્રહ થાય એ સ્વાભાવિક છે પણ જયાં અશકય જેવું કથન -કર્તવ્ય લાગે ત્યાં થોડું દુ:ખ થાય છે. અવિચલ શ્રદ્ધા ભરેલી

ગુરુકૃપા પ્રદીપ્ત આત્મજયોતિ તને સ્પષ્ટ પંથે પહોંચશે જ એમાં શંકા નથી રહી. શ્રી ગુરુકૃપાદત્ત શાંતિ છે કે એવાં વર્તન-કથનમાં દોષ – દષ્ટિ-દ્વેષદષ્ટિ તો નથી જ આવતી. હમણાં જ એક પત્ર છે કે વારાણસીમાં રામતીર્થ પ્રતિષ્ઠાનના મુખ્ય કાર્યકર્તા, એ સંસ્થાના મંત્રી, શ્રી સ્વામી નારાયણતીર્થને ગુરુ માનનારા, વાનપ્રસ્થ, બ્લડપ્રેશરથી પથારીવશ છે. અંતિમ ક્ષણ માનતા હોય તેવો એમનો ખૂબ આર્દ્ર ભક્તિભર્યો પત્ર આવ્યો. આશીર્વાદ ઇચ્છે છે. આત્મભાન ટકી રહે એવું ઈચ્છાન્તે ભક્તિભાવનાવાળો અઠવાડિયા પહેલાં પત્ર હતો, ત્યાં સંસ્થામાં કોઇ નથી. એ જશે એટલે સંસ્થાનું શું? લગભગ પંચોતેર હજારનાં મકાન બાગ વગેરે છે. પુસ્તકોના ભંડાર છે. પણ શું થાય? આમ બધા જવાની ઘડીઓ ગણીએ છીએ અને નવા? હરિ ૐ શાંતિ !

પૃથ્વી પર, માનવસૃષ્ટિમાં જેમ આસુરી તથા રાક્ષસી વ્યક્તિઓને ઘડીને પકાવવાની ભઠ્ઠીઓ છે, કાર્યક્ષેત્રો છે, તેમ અધ્યાત્મમાર્ગની પણ ભઠ્ઠીઓ છે. અત્યારે પેલાં આસુરી રાક્ષસીઓનાં કારખાનાં ઘણાં ને મોટાં છે; અધ્યાત્મમાર્ગના નીંભાડા, દેશી કુંભારની હાથકારીગિરીના હોય તેવા નાના અને જૂજ દેખાય છે; નકલી માલ ઘણો સરસ, દેખાવમાં સુંદર તથા પ્રલોભન કરાવે એવો આકર્ષક છે, પણ અધિષ્ઠાનમાં શૂન્યની જ સરજત વધી જાણે.

જે સમજે તે આમાંથી બચી જવાનો પ્રયત્ન કરે તો કેવું સારું? પણ કોણ સમજે? સંયોગોને અધીન બનનાર પામર બલહીનનું ગજું કેટલું? એમાં વીરતા જોઇએ, તત્પરતા જોઈએ, ત્યાગ વૈરાગ્યની ઉત્કટ જાગ્રતિ જોઇએ.

**(૧૧૪)**

તા. ૩-૪-'૫૯

તબીયત માટે ચિંતા રહે છે. અહીં તો ચાલ્યા કરે છે. જેમની

પાછળ કલ્લોલ કરતાં આશાભર્યાં કે કોડભર્યાં બાળકો આધાર રાખીને આનન્દ કરતાં હોય, એ શરીર માટે ખાસ વધારે ચિંતા રહે એ સ્વાભાવિક છે. એ સૌને આધાર તો જો કે સર્વાધાર પરમાત્માનો જ છે, પરન્તુ વ્યવહારપક્ષે શરીર માટે નિરાદર કે ઉપેક્ષા રાખી શકાય નહિ. આપણે આત્માભિલાષીઓને માથે બેવડી જવાબદારી છે; ઋણ ત્રણ છે. અસંખ્ય શરીરો ધારણ કર્યાં, તેમાંથી ઊભું થતું પિતૃમાતૃપક્ષનું ઋણ; ઇંદ્રિયો અને મન-બુદ્ધિમાં જે ચૈતન્ય છે તે દેવદેવતાઓનું ઋણ અને જન્મેજન્મે ઋષિઓએ આપેલું અમૂલ્ય આત્મજ્ઞાનનું ઋણ, એ ત્રણેય ઋણ પૂરાં કરવાનો વિચાર આપણે રાખવો પડે. એમાંથી આત્મહત્યા કરનારો પણ છૂટકી શકતો નથી. છૂટકયો છું, છૂટયો છું એમ માનનારો પણ અહંવાદી હોવાથી ભાવિબંધનનું ઋણ વધારતો જ જાય છે.

નિરાશાવાદ, હતોત્સાહ, એ આપણું જીવનસૂત્ર નથી. એ તો અંધકારમાં રહીને હમેશનો વંટોળીઓ ઊભો કરીને જાતે જ વધારે આંધળાં બનવાનાં કર્મ છે. માટે આશાવાદ, ઉત્સાહ, અવિરત કર્મણ્યપ્રકૃતિ, એ આપણાં જીવનસૂત્ર રહેવાં જોઇએ. માનવીય જીવન એટલે જ અવિરત ગતિએ ચાલતો અનન્ત જીવનનો-દેશ-કાલમાં વિચરતો તત્ત્વગ્રાહી દૃષ્ટિભર્યો પ્રાણપ્રવાહ; બુદ્ધિમાં વિજ્ઞાન, મનમાં શુધ્ધ સંકલ્પ, અહંકારમાં પવિત્ર આત્મભાવના, અને ચિત્તમાં આત્મસ્મૃતિ–કર્તવ્યસ્મૃતિ, એ આપણને ઋષિઓએ આપેલાં શાસ્ત્ર-વિજ્ઞાનનાં અમૂલ્ય સૂત્રો છે. તમે બન્ને બુધ્ધિશાળી અને સહૃદયી પાત્રો છો. ધન્યવાદ તો એ માટે છે કે એમાં પવિત્રતા ઠાંસી ઠાંસીને ભરવાનાં તમારાં મન્તવ્યો છે, અને એ માટેની ઝંખના પણ છે.

માટે શરીર માટે કાળજી રાખશો, પણ દાહક ચિંતા વિના પ્રસન્ન પ્રફુલ્લ ચિત્તથી બધું થવું જોઈએ; એવી વીરતા ન હોય

તો જીવન વ્યર્થ છે. મેં કહ્યું છે કે કહ્યું હશે તેમ અહીં તમારા બધાંના મઝીઆરા શરીરમાં રહેલું હૃદય વિશેષ ભાવનાશીલ બનતું જાય છે. આર્દ્રતા વધતી જાય છે. ચિત્તના સ્મૃતિપટ પર, જ્યારથી સ્મરણ રહે છે ત્યારથી આવેલાં ચિત્રો અને વ્યકિતઓ સામેથી પસાર થતાં જાય છે. બધેય મનોહર આત્મપ્રિયતાનાં દર્શન થાય છે. મારે માટે એ શ્રેયસ્કર છે એમ હું માનું છું. આનંદ આવે છે. સંયોગ વિયોગ એ પ્રકૃતિનો સ્વભાવ છે. સંયોગમુકત આનંદ એ આત્માનું સ્વરૂપ છે. સ્વરૂપનો વિયોગ જ નથી તેથી સંયોગ (ઉત્પત્તિવાળો હોય તે નાશવાન હોય) પણ નથી એવો યોગ જ આપણું ધ્યેય છે (ગીતાનાં અ. ૬. શ્લોક ૨૩ જુઓ). એ યોગમાં ઈંદ્રિયોની ક્રિયા નથી, માત્ર ભાવનાનું જ પરિવર્તન છે, વિસ્મૃતિની જ સ્મૃતિ છે.

અને જો આપણે નિરુત્સાહી, નિરાશાવાદી, પ્રમાદી કે કર્તવ્યવિસ્મૃતિવાળા બની બેસીએ તો માનવજીવનની ઉપયોગિતા જ કયાં રહી? આ સાવધાનતા સતત્ જાગ્રત રાખવી જ છે. રાખશો એવી મને શ્રદ્ધા છે.

... ... મન ખૂબ જ વિરકત બનતું જાય છે. છેલ્લા દોઢેક વર્ષથી તો જાણે વેઠે પકડેલા મજુરની પેઠે બધાં કામ થાય છે. કામ થાય છે ખરાં પણ એમાં મમત્વ નથી, પ્રમાદ કે આળસ નથી. લાગણીથી થાય છે, પણ એમાં મમત્વનો આગ્રહ નથી. ભાવિ માટે ચિંતા નથી થતી વિચારો આવે છે પણ આ નશ્વર જગતની પીઠમાં એના અધિષ્ઠાન તરીકે તો આત્મસ્વરૂપ જ છે એવી જાગ્રતિ વિશેષ પ્રબલતાથી રહે છે. એ છે ધન્યભાગ્ય! પરમકૃપાળુ ગુરુદેવ અને સંતોની કૃપાનું ઇષ્ટફળ!

અને માનવજીવની કીમત કાંઇ અર્થ અને કામ નામનાં ક્ષેત્રમાં ફેંકેલા પાસાની અવળી સવળી હારજીત પરથી નથી થતી. પ્રથમ

ધર્મ અને પછી મોક્ષ એ છે અમારું ઇષ્ટ. એ બન્નેની વચ્ચે પડીને શુધ્ધ થયેલાં અર્થ અને કામ નહીં.

છ, સાત, નવ, અગીઆર, પંદર વર્ષની વયનાં પણ ઘણાં પ્રસંગચિત્રો માનસપટ પર કોઈ વાર દૃશ્ય બને છે; અને પછીનાં પણ અધ્યાત્મમાર્ગના કંટકભર્યા માર્ગમાં કાંટા, ઝાંખરા, પત્થરો, વિકટ હિંસક ભયસ્થાનો, એમાં થતી સફળતા, એ અવિરત વેગ, એમાં સહન કરેલાં તન-મનનાં જાણે-અજાણે થઇ ગયેલી તપશ્ચર્યાનાં વિધાનો-એ બધાં અત્યારે જાણે અહોભાગ્ય! ધન્ય છે જીવનને એમ ઉદ્‌ગાર નીકળે છે!

પ્રેમદાતા સંતોનાં દર્શન થયાં, અનુભવીઓના ચરણમાં બાલવત્ બેસીને એમની દૃષ્ટિનાં અમૃત પીધાં; આત્મપોષણ મળ્યું અને દેહ, તથા દેહાધ્યાસમાં મૂળભૂત વિપરીત ભાવ રાખનાર अहम् એ તો તમોગુણી રૂદ્રનું જ સ્વરૂપ-એને વિશુદ્ધ સર્વવ્યાપક अहम्‌માં ગાળી નાંખીને, એનું તાદાત્મ્ય અનુભવવાનું જે સદ્‌ભાગ્ય સાંપડયું છે તે शिवोऽहम् ॐ!

એમાં સહાયક એવું મિત્રમંડળ નાનપણથી મળ્યું. અને બધાંએ જાણે અજાણે કોઇએ સ્તુતિથી તો કોઇએ નિન્દાથી અધ્યાત્મમાર્ગે જ વેગ અપાવ્યો. એ બધાં ચિત્રો રમણીય છે, બહેન!

ત્યાર પછી પણ બધે ફરતાં ફરતાં ઘણાં સારાં પાત્રો મળ્યાં છે; સારાં ભાઇ બહેનો મળ્યાં, અને મારે તો જોઇએ સદ્‌ભાવ, ચિત્તશુદ્ધિથી ભરેલી નિર્મળ દૃષ્ટિ, તથા જીવનને મોક્ષસુખ; કં નહિ તો અંતે પણ મળે એવી અન્તર્મુખી, ઉન્નતિની સાધક, પોષક મનોદશા. બંધમોક્ષના ભાનની મોહક વાતો તો દૂર રાખો, એ તો સોંપી દો કથાકાર, ચર્ચાકાર, પૂજાશોખીન વેદાન્તીઓને, પણ જિજ્ઞાસુ-મુમુક્ષુને તો જોઇએ નિર્મળચિત્ત અને સૂક્ષ્માતિસૂક્ષ્મ વસ્તુને પકડીને આત્મ-

સાત્ કરવાની સંવેગભરી ઉત્સુકતા. એવાં પાત્રો ઘણાં મળ્યાં; કોણ અને કેટલી સંખ્યામાં અત્યારે સહવાસમાં રહ્યાં છે એવી વસ્તી-ગણત્રી કરવાની મૂર્ખતા કરવાનું ગમતું નથી; તેમ એ પ્રશ્ન પણ મહત્ત્વનો નથી, કારણ કે વસ્તુતઃ તો બધું, બધે, બધી રીતે એક જ છે ને! અને તેથી જ એ પ્રશ્ન મહત્ત્વનો નથી; મને એ દિશામાં સંતોષ છે. જેઓનો સદ્‌ભાવ સાંપડયો છે એમને હું શું આપી શકયો હોઇશ, એવું ભાન રાખવું મને ઇષ્ટ નથી લાગ્યું. તું કહીશ કે તમે સ્વાર્થી છો પણ જરા સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરી લે.

સદ્‌ભાવ પામેલું અંતઃકરણ ક્રમશઃ સદ્‌ભાવશીલ હૃદયના પરિચયમાં આવતું જાય તો એનો સદ્‌ભાવ વધે અને એવું અંતઃકરણ તો સદ્‌ભાવથી જ સુવાસિત થાય. દીપક હોય તો પ્રકાશ પડે જ. એમાં અભિમાન લેવા–રાખવા જેવુ કશુંએ નથી. ભકિતનો એ સિધ્ધાન્ત છે કે પરગુણ દર્શનવડે, ઇશ્વરની કૃપા માનીને, જીવભાવના અહંકારને નિર્મળ અને નિરભિમાન બનાવતાં બનાવતાં, પરમ વસ્તુમાં ગાળી નાંખવો. હું સદ્‌ભાવ રાખું છું, હું ઇશ્વરની ભકિત કરું છું, હું સેવા કરું છું, હું સત્સંગ કરું છું, હું ગુરુભકિત પરાયણ છું એવું અહંતાભર્યું માનવું એના કરતાં, બધાં સદ્‌ભાવ રાખે છે, ઇશ્વરની કૃપાથી એમનું સ્મરણ થાય છે, ઇશ્વરે જ સેવા કરવાની ધન્યક્ષણ આપીને ઇશ્વરાર્થે ત્યાગ કરવાનું શિક્ષણ આપ્યું, સંતોની કૃપા છે, અને એમની પાવકદૃષ્ટિથી સત્–નો સંગ થવાની તક સાંપડે છે, ગુરુદેવની દયા છે કે હૃદયને કોમલ બનાવે છે, બધાં સદ્‌ભાવશીલ છે તેથી સદ્‌ભાવ રાખે છે, આવી પવિત્ર નિરભિમાન મનોવૃત્તિ જ મોક્ષપંથે સહાયક છે. આવું બધું જ પ્રાચીન સન્તો શ્રી જ્ઞાનેશ્વર, તુકારામ, એકનાથ તેમજ કબીર, નાનક વગેરે સંતોની વાણીમાં ભારોભાર જોવા મળશે; સંસ્કૃતના પંડિત વાગ્વે-દાન્તીઓ કે શુષ્ક તાર્કિકોની તો વાત જ ન કરશો, કેવળ તામસિક

અહંકારનાં જડ ચોકઠામાં એમનું અહમ્ સજ્જડ ગોઠવાઇ ગયું હોય નહિ જાણે !

પુનઃ કહું છું કે આવો ઘણો સંતોષ છે; તૃપ્તિ છે, વર્ણનું અહંભાન અને છેવટે સંન્યાસી તરીકેનું અભિમાન બન્ને તુચ્છ છે. કાંટાથી કાંટો કહાડીને બન્ને ફેંકી દેવાના જ છે. રહ્યું અવશેષ માનવ-જીવન, એમાં માનવસહજ ધર્મનું પાલન થાય અને પ્રારબ્ધપ્રાપ્ત થતાં સત્કાર્યો થાય એ જ શેષધર્મ છે. જ્ઞાની અજ્ઞાનીની વચ્ચે વૃત્તિ-ભેદ મુખ્ય છે, વ્યવહારભેદ, ક્રિયાભેદ સ્વલ્પ અને કવચિત્ હોય છે. એટલે જ જ્ઞાની કે તત્ત્વવિદ્, ગૃહસ્થાશ્રમી પણ હોય, ગમે તે વર્ણમાં પણ હોય, ગમે તે અવસ્થામાં પણ હોય, સ્ત્રી પણ હોય અને પુરુષ પણ હોય, એવી સરલ વ્યાખ્યા છે. અને ઇતિહાસ પણ એમ જ કહે છે.

ખૂબ જ શાંતિથી લખું છું એટલું જ નહિ પણ હેતુપુરઃસર લખું છું. શરીરના વ્યાધિનો વિચાર દૃષ્ટિ સમીપ છે, અને શરીરના મૃત્યુને સમીપ રાખીએ તો કેવી અદ્ભૂત શાંતિ રહે છે એ પણ અનુ-ભવવા જેવું છે. મોહમમત્વ શેનું રાખવું ? દેહભાવ કયાં સુધી હોય? એ જો હોય તો બધી સાધના નિષ્ફળ. સહવાસમાં આવેલાં કે આવ-નારાં કેવાં છે, કેવાં થશે, એમને લક્ષ્યસ્થાનનું ભાન હશે, છે કે નહિ, એ જોવાની પણ બુદ્ધિને શા માટે તકલીફ આપવી? એમાં યે દ્રૈત ઊભું કરીને, એમને માટે શુભકામના કરવા જેટલું યે દ્વૈતભાન શા માટે ઊભું કરવું ?

બધું જેમ છે, જેમ હતું, જેમ હશે એ ઠીક જ છે. ભૂતમાંથી ભવિષ્ય બને એમ કહીએ, પણ વર્તમાનની તો સ્થિરતા જ નથી. એ ગતિશીલ જ છે, તો વર્તમાન જ કયાં રહ્યો ? અને માનવમન પર ચિત્રપટની લાંબી લાંબી, અસંખ્ય જન્મપરંપરાના સંસ્કારોની

રૂપરેખાઓ કે નામ-સંજ્ઞાઓ જેવી, એ બધું પણ ક્યાં સુધી? મનને ગતિમાં રાખીએ તો દશ્યમાં ગતિ છે, બાકી તો એક જ, અભેદ્ય આનંદ–અરે બોલવું વિચારવું, લખવું, પણ શું? ૐ મૌનમ્

(૧૧૫)

તા. ૫-૬-'૫૯

એમ જ કાગળ લખવાનું મન થઇ આવ્યું. ગઇ રાત્રે ખૂબ મોટા તોફાન સાથે વરસાદ થયો. તે પહેલાં પણ વીજળીના કડાકા ધડાકા સાથે વરસાદ થયો હતો. ઉકળાટ વધ્યો પણ હવામાં ઠંડક છે. બહારની હવામાં ઠંડક, પણ એ ઠંડકમાંથી યે ઉકળાટ શમ્યો નથી. એ હવામાં ગરમી+શરદીનું કેટલું પ્રમાણ હશે એ તો કોઇ પ્રયોગશાળામાં પૃથક્કરણ કરી જુએ ત્યારે જાણે.

અને આ શરીરપિંડ પણ એક મોટી, બ્રહ્માંડના જ નમૂના જેવી પ્રયોગશાળા છે, જેના અંતરમાં પ્રવેશીને જ્યાં ચિત્તનું પૃથક્કરણ કરવાની પદ્ધતિ ઋષિઓ અજમાવીને અનુભવ સૂત્રોનાં શાસ્ત્ર પ્રમાણો આપી ગયા છે. કપિલ તથા પતંજલિએ આ બાબતની ખૂબ ઝીણવટભરી મીમાંસા કરી છે. પણ પછી ઉપડ્યા બાદરાયણ કે એવા કોઇ વ્યાસ એણે તો પ્રયોગશાળા, પ્રયોગકર્ત્તા, પ્રયોગના પદાર્થો બધાને એક ધડાકે ઉરાડી મૂક્યાં, કારણ કે એવું કર્યા વિના એ ત્રિપુટીસિદ્ધ કલ્પનામય પ્રયોગશાળા અને એમાં પ્રવેશ કરી બેઠેલી ભૂતાવલીઓનાં ચક્રોનો અંત જ ન આવે એવું એમને ઉપનિષદ્ સમૂહમાંથી સમજાયું, જ્ઞાન લાધ્યું, અને સિદ્ધદર્શન કરાવ્યું.

ચંડીપાઠના અધ્યાય ૮ માં શ્લોક ૪૧ થી ૪૫ સુધીમાં રક્તબીજના રૂધિરના એક એક બિંદુમાંથી એટલા જ પુરુષો ઊભા થવા

માંડયા એવું વર્ણન છે. અંતઃકરણમાં પણ એમ જ થાય છે. વૃત્તિઓનો પાર નથી. રજોગુણી રકતબીજનું પ્રત્યેક બિન્દુકણ એક એક પુરુષાકાર છે, કારણ કે પ્રત્યેક વૃત્તિમાં જડ પ્રકૃતિ નારીરૂપ છે અને ચૈતન્યસ્વરૂપ જીવાત્મા પુરુષસ્વરૂપ મનાય છે. એનો સંહાર કરવા માટે ભિન્ન ભિન્ન સ્વરૂપની દિવ્ય વિદ્યા શકિતઓ લડે છે, અને જેવો પુરુષ તેવા ગુણવાળી વિશેષ શકિત એનો સંહાર કરે છે. દૈવી આસુરી સંપત્તિનું આ અંતઃકરણ યુધ્ધક્ષેત્ર છે, પણ ધર્મક્ષેત્ર છે, તેથી છેવટે તો દૈવી શકિત જ જીતે છે.

પણ ઉપનિષદ્ મઝા કરે છે કે આસુરીનો સંહાર કરીને દૈવીશકિતઓ પણ આપોઆપ અંતર્ધાન થઇ ગઇ. જુઓ ચંડી પાઠ અ. ૧૨ શ્લોક ૩૩. આસુરીનો સંહાર કરીને દૈવી પણ અલોપ ૐ ! પછી શેષ રહ્યું એક પરબ્રહ્મ-પરમતત્ત્વ !

આપણે આવાં બધાં સ્તોત્રોમાંથી સાર કાઢીએ તો એક જ ઉપદેશ-સાર મળે કે આ શરીર-આ પુરુષ ( જીવાત્મા ) એ રકતબીજના બિન્દુકણનો જ આવિર્ભાવ છે. રકત સંબંધ એટલે રજોગુણનો સંબંધ જ યુધ્ધને નિમંત્રીને દૈવી સંપદ્‌ને હાથે જ પરાજય પામે છે. આસુરીના સંહારને અંતે દૈવી શકિત સ્વભાવતઃ અધિષ્ઠાન ચૈતન્ય આત્મામાં લીન થઈ જાય છે. દુર્ગંધ મારવા માટે કપુરને સળગાવ્યા પછી દુર્ગંધનો નાશ થતાં કપુરનો અગ્નિ પણ આપોઆપ લીન થાય છે. આવા ખેલ અવિદ્યા-વિદ્યાના છે.

કયાંક વાંચ્યું હતું કે શ્રી. સહજાનંદ સ્વામી હઠયોગના અભ્યાસ વખતે કઠોર તપશ્ચર્યા કરતા હતા. શરીરને શુષ્ક કરી નાંખ્યું; હાડકાં જ રહ્યાં હોય જાણે. કોઈએ પ્રશ્ન પૂછયો ત્યારે કહ્યું કે શરીરની રચનામાં જે રકત છે તે માતાનો એટલે પ્રકૃતિનો ભાગ છે, જે સ્ત્રી તત્ત્વ છે. સમાન પદાર્થોના એ આકર્ષણના ધર્મો છે. એનાથી

હમેશાં રજોગુણની વૃદ્ધિ થતાં કર્મો પણ એવાં જ થાય છે; એ આસુરી વૃત્તિઓને જ ઉત્પન્ન કરે છે અને એ જ મોહમમત્વ છે.

રકતબીજ સ્વરૂપ થઇ ગયેલો પુરુષ (નર કે નારી શરીરી) જીવાત્મા તો એનો બિચાર જ કરી શકતો નથી. મોહમમત્વભરી જીવનકરણી અને અજ્ઞાનભરી ઉપાસના એને રકતપોષણ આપ્યા કરે છે. .સકામ કર્મો અને સકામ કલ્પનાઓનાં સૌંદર્યસ્થાનો બધાં રકતબીજ જેવાં છે. મને આ અદ્ભુત રહસ્ય લાગે છે. રકતબીજ અને દેવીઓનું યુધ્ધ અસંખ્ય રકતબિન્દુઓ અને એના વિસ્તૃત સ્વભાવકર્મ સામે દૈવી (સાત્ત્વિક સંપદ) વિવિધ સ્વરૂપ ધારણ કરે છે. રકતનું પાન કરીને તથા એનો પોતાનામાં સમાવેશ કરીને દિવ્ય રૂપાન્તર કરી નાંખે છે. ચંડીપાઠની મહત્તા, એના રહસ્યને સમજવામાં અને પછી સજ્ઞાન પાઠપૂજામાં થતી હોય, તો કાર્યસિદ્ધિ સત્વર થાય એ સ્વાભાવિક છે.

કાગળ લખવાનું મન થતાં આવું સહજ લખાઇ ગયું છે. કશો વ્યકિતગત ઉપદેશ કે ઉદ્દેશ નથી. પણ આ બધી મીમાંસા કે પૃથક્કરણ પધ્ધતિનો અંતે નાશ થતાં તો સમસ્ત દ્વૈતાભાસનો નાશ થાય છે. રહે છે કેવલ બધા દ્વૈતનું અધિષ્ઠાન, અદ્વૈત, અને એ જ છે:

तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम् ।

(શ્રી. શંકરાચાર્ય)

(૧૧૬)

તા. ૧૩-૬-’૫૯

તબિયત અને મિજાજ (mood) એ બે એવી વસ્તુઓ છે કે એના પર કાબુ રાખવો કે લાવવો અઘરો છે. યોગમાર્ગ એટલે નિરોધ

માર્ગ છે. સંયમથી દાબી દેવાનો માર્ગ એટલે આંતરિક વૃત્તિને બાહ્ય પ્રદેશમાં આકારભૂત ન થવા દેવાનો પ્રયત્ન,; ત્યાર પછી ધીરે ધીરે અયોગ્ય વૃત્તિને સુધારીને યોગ્ય સ્થાન આપવાનો પ્રયત્ન તે બીજો માર્ગ જ્ઞાનમાર્ગ એટલે વિચાર માર્ગ છે. વૃત્તિનો આકાર પૂર્વ સંસ્કારની પ્રેરણામાંથી ઉદ્ભવે છે, જેનું શુદ્ધિકરણભર્યું પરિવર્તન કરવાના પણ બે માર્ગ છે.

૧) જે થાય તે થવા દેવું. જેવી વૃત્તિઓ ઊભી થાય ત્યારે તેને તટસ્થ દૃષ્ટા બનીને જોયા કરવી. કારણ કે વૃત્તિઓ બધી ત્રિગુણાત્મક જ હોય છે. એ વૃતિપ્રદર્શનમાં કોઇ કાળે કયાંકથી પ્રેરણા અને કામ બની ગયા પછી એનો ઉચિત, અનુચિતનો પ્રશ્ન પુનઃ ઉપાડવો જ નહિ. દૃષ્ટા-સાક્ષી બનીને જોઈ લીધા પછી તો એ વૃત્તિ અદૃષ્ટમાં ગઈ; એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે અનુચિત્ત વૃત્તિ પુનઃ ન ઊઠે. તે માટે ઇશ્વરને પ્રાર્થના કરીને કે પોતાના આત્મભાવથી સમર્થ બનેલા સંકલ્પબલથી એવી વૃત્તિ પુનઃ ન ઊઠે એ માટે કાળજી રાખવી. સાધકના અધિકાર પરત્વે આ માર્ગ સરલ-સહજ કે કઠિન–કઠોર પણ છે. આવી અનુચિત્ત વૃત્તિના બાહ્ય આકારને લીધે આસપાસનો સમાજ-વ્યકિતસમૂહ સાધકને માટે નિન્દા કે ઘૃણાસ્વરૂપ અભિપ્રાય બાંધે એની જરાયે પરવા કરવી નહિ. અનુચિત વૃત્તિ ગઇ, તેની સાથે એ જેને નિમિત્ત બનાવે એવી વૃત્તિ ઊઠી હતી, એ બન્ને એક જ છે. એ બન્ને સંસર્ગ, સહવાસ તથા પૂર્વસ્મૃતિમાંથી નીકળી જવાં જોઈએ, અને એમાંથી ઉદ્ભવેલી બાહ્ય નિન્દાનો પણ એમાં જ સમાવેશ કરીને હતાં–નહોતાં સમજીને શાંતિ પકડવી જોઇએ. પછી તત્કાળ મૂળ સ્વરૂપમાં આવી જવું, ભૂતકાળને ચૂંથવો નહિ, વર્તમાન હમેશાં વિકારી જ છે, બદલ્યા જ કરે છે જેની ચિંતા નથી અને ભવિષ્ય માટે અનુચિત વૃત્તિ ન ઊઠે એનો સંકલ્પ કરી ચૂકયાં છીએ, આ થઇ એક સાધનાપદ્ધતિ.

આ વાતની સૌ......બહેનમાં અપૂર્ણતા છે, એટલે એ ખાસ આ વિષયમાં વિચાર-મનન કરે.

૨) વૃત્તિ, ભાવ, ભાષા કે ક્રિયામાં અજાણતાં પણ અનુચિતતા આવી જાય તો તરત જ જે વ્યકિત નિમિત્ત બની હોય તેની યોગ્ય લાગે તો માનસિક, વાચિક ક્ષમા માગવી. આમાં બહુ ગડબડ ઊભી થવાનો ભય પણ છે. સામેની વ્યકિત તમને સમજી શકશે નહીં, ભવિષ્યમાં તમારી ક્ષમાયાચનાને લીધે અહંકારી બની બેસશે; એટલે આ માર્ગ અત્યંત કઠિન છે. એમાં પણ નિન્દાનો ભય તો નિર્મૂળ કરવો જ જોઈએ. ઉપરાંત વ્યવહાર એથી સરલ બનવાનો નથી જ; વ્યવહારની પ્રસંગમાળા એવી લાંબી છે કે એને કયાં સુધારવા બેસીએ ? આપણાં પોતાનાં માનેલાં આંતરિક હેતુ, વૃત્તિ, ભાવ, વાણી કે કર્મ એ બધાંને આપણે જ તપાસી ન શકીએ તો પછી આ બાહ્ય જગત, જયાં તામસિક રાજસિક અંશ જ ૯૯ ટકા હોય છે, એ તો તમને સમજવાનાં જ નથી એવો નિશ્ચયાત્મક સંકલ્પ કરવો. નહિ સમજે એ માટે તો થોડું દુઃખ થાય એના કરતાં ગેરસમજણ ઊભી થશે, એવો ભય પણ અસ્થાને નથી. સામાન્ય અજ્ઞાન અને વિશેષ કે વિપરીત અજ્ઞાન, એ બન્ને જ જયાં વ્યાપક હોય, ત્યાં સાધકે તો વીરભાવ ( શૌર્ય ) રાખીને મનને નિન્દાથી પર રાખવું જોઇએ. આ દશ્ય જગતની કશી ફૂટેલી કોડીની યે કીમત નથી. બુદ્ધ ભગવાનનું શૂન્ય એ જ છે એમ માની લેવું જોઇએ. વેદાન્તનું એ શાસન છે. આપણે સ્વરૂપે એ શૂન્યના દ્રષ્ટા-અધિષ્ઠાન છીએ, પછી શૂન્યનો ભય કેવો ? શૂન્યમાંથી જ શૂન્ય એટલે માયામાં જ ત્રિગુણાત્મક વિશ્વનો ઉદ્દગમ, કે આભાસ; આપણને પૂર્વ અધ્યાસને લીધે વારંવાર એમાં સત્યની પ્રતીતિ કરાવે છે એ પણ એનું મિથ્યાત્વ સમજીને નીકળી જવું જોઈએ. એવું આત્મજ્ઞાનભર્યું મનોબલ આપણું શસ્ત્ર છે. તે વિના શાંતિ નથી.

આત્મભાવના જો વ્યવહારમાં સાચવી ન જ શકાય તો પછી એની કશી કીમત નથી. વ્યવહારને ગૌણ માનીને આત્મભાવનાને પ્રાધાન્ય આપીએ તો જ ઉન્નતિ છે, નહિ તો નથી જ. એ વિના તો સ્વશરીર, એમાં ઊઠતી મોહમમત્વની વૃત્તિઓ, એ જ વૃત્તિઓના બાહ્ય પ્રત્યક્ષ આકાર લેતાં સંતતિ, સગાંસબંધી, સ્નેહી વગેરે બધાં અંતઃકરણના ક્ષેત્રમાં સચોટ બીજારોપણ કરી બેસશે કે એના અનન્ત પરંપરા ચાલ્યા જ કરશે.

જગતને સુધારવાની મોહવૃત્તિ પણ શૂન્ય જ છે. આત્મસુધારણા થતાં થતાં, આપણા જીવનની કોઇના પર અસર થતી હોય, તો તેમાં યે અનાસકિત રાખીને નિર્મોહી ચિત્તથી વ્યવહારપરાયણ રહેવું અને સુધારણા થઈ કે જોવાઇ ગઇ છતાં, અકર્તાભાવથી એની વિસ્મૃતિ થવી જોઈએ. એમ ન કરતાં આગ્રહ રાખીને, મમત્ત્વવાળા પદાર્થોનું મિથ્યાગ્રહણ કરીને એ બધાંને માટે જીવીએ છીએ એમ માન્યા જ કરીએ, તો નરી સાંસારિકતા ( નિત્ય સરકયા જ કરે અવનવી રીતે, વહેતા ઝરણાની પેઠે ) વધ્યા જ કરવાની. એ છે શૂન્યને સત્ય માનીને એમાં વ્યવહાર કરવાથી આવી પડતી માયા; મોહ મમત્ત્વ, અને દ્વંદ્વની, અંત ન આવે એવી, અસંખ્ય વૃત્તિઓની કડીઓની, દેશકાળને પણ અનંત બનાવી મૂકે એવી લાંબી સાંકળ છે જેનાથી આપણે બંધાયાં છીએ, એ હજુ વધારે લાંબી થતી જશે તો બંધ પણ વધશે. સત્ત્વગુણની સાંકળ સોનાની છે; રજોગુણની સાંકળ ત્રાંબાપિત્તળની અને અત્યારના સ્ટેઈનલેસ સ્ટીલની સાંકળ એ તામસિક સાંકળ ( લોખંડની સાંકળ )માં બંધાયાં છીએ. કયી સાંકળથી બંધાયાં છીએ એ પહેલાં તપાસી જોવું. રજોગુણ, તમોગુણની સાંકળને બદલે સત્ત્વગુણ ( સુવર્ણ )ની સાંકળ બનાવવી અને પછી એને ય તોડી ફોડીને ફેંકી દેવી એ જ ધ્યેય છે ને ? હા તો કહેશો જ.

આશ્રમ પરત્વે એવી મનોદશા છે કે ગમે તેવું પણ ટ્રસ્ટ કે વીલ જેવું લખી નાંખવાની ઇચ્છા પ્રબળ થતી જાય છે. આવતી ગુરુપૂર્ણિમાએ એ થઈ જાય એમ ઇચ્છું છું. એમાં કોણ સહમત થશે કે સહકાર આપશે એ માટે કશો નિર્ણય નથી કર્યો, પણ જે થશે તે આખરે તો એ શૂન્ય જ છે ને! ચિંતા શી? અત્યારનાં પરિચિત જનો ભવિષ્યનો સંબંધ નહીં રાખે તો પણ શું? શૂન્યમાં વળી મારાં-પારકાંનું વર્ગીકરણ કેવું? ભવિષ્યની મમત્વભરી ચિંતા શી? જે સમયે ગુરુદેવ જે સૂઝાડશે તેવું તે સમયના વિવેક પ્રમાણે કરી લેવાશે.

વર્તમાનમાં જો આત્મભાન ન રહ્યું તો જે ભવિષ્ય વર્તમાનરૂપે અસ્તિત્વમાં રહે છે તે વ્યર્થ જ ગયું, વ્યર્થ કાલક્ષેપ અને વ્યર્થ મનોમન્થન.

નિરોધ અને બાધ એવી બે પ્રકારની સમાધિઓ છે એમાં નિરોધ એ યોગનો વિષય છે. પાતંજલ યોગસૂત્ર વાંચો તો જરા વધારે સમજશો. જેનો નિરોધ કરવો છે એ વૃત્તિઓ બે પ્રકારની છે; કિલષ્ટ અને અકિલષ્ટ, એમાંની કિલષ્ટ, કલેશ થાય એવી વૃત્તિઓને સૂક્ષ્મ કરી નાંખવી જોઈએ. યોગદર્શનના બીજા અધ્યાયના સાધન-પાદમાં આનું વિવેચન છે. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ કિલષ્ટ છે, વિસ્તાર નથી કરતો.

પત્રોના પ્રકાશનની વાત શું લખું? અવકાશ જ નથી મળતો. તિથિએ તિથિએ અતિથિઓ આવે અને આ રૂમમાં જ સામે ખડકાય, જેમની સાથે વાતો કરવી પડે. બધું લખાણ એમનું એમ અપૂર્ણ હોવા છતાં પૂર્ણ જેવું બનીને સમાધિમાં પડયું રહ્યું છે.

(૧૧૭)

તા. ૧૭-૬-'૫૯

......લેખો અધુરા ઘણા પડયા છે. ટેબલ ઉપર આંખોની

સામે જ પડયા છે. પણ રાત્રે લખી શકાતું નથી એ એક કારણ આંખનું અને બીજું શરીરને લાગતા થાકનું. હવે મુલાકાતીઓ વધી પડયા છે. આખો દહાડો નવરાશ જ નહીં અને ટપાલ ઢગલાબંધ, એના જવાબ લખવામાં જ ત્રણચાર કલાક નીકળી જાય. લખવા માટે તો જુદી રૂમ જ રાખવી પડશે. લખતા હોઈએ, જરા એકાગ્રતા થાય ત્યાં કોઈ આવ્યું જ છે અને બધાં અહીં જ ઉભરાઇ પડે.

તમને હું ઘણી વખત લખી ચૂકયો છું કે વેદાન્તનાં અમુક પુસ્તકો રીતસર વાંચો. મૂખ્ય સિદ્ધાન્ત સમજાય તો જીવન માટેની વિચારસરણી સરલ અને સ્પષ્ટ થાય. તમને વખત નથી મળતો એમ કહેવા કરતાં વખત છે એવું ભાન રાખવાનું છે એ પહેલાં સમજાવું જોઈએ. મુસાફરીમાં, ઓફીસમાં પણ પુસ્તક રાખી શકાય, રાખતા પણ હો કદાચ તો વાંચી શકાય. મુખ્ય વાત છે આત્મા અને શરીરને પૃથક્ પાડીને ઓળખી લેવાની, અને પછી આત્મભાવના જાગ્રત કરીને વારંવાર એ દૃષ્ટિથી જીવનના પ્રસંગોને તપાસવાની; એ કલા સિદ્ધ થઈ જવી જોઈએ. એવું નહિ થાય તો વાણીનો વિલાસ વધશે અને ટૂંકામાં જે વાત સમજવાની હશે એને માટે લાંબી પીંજણ કરવાની ટેવ પડશે. ત્યાર પછી દૃષ્ટા બનીને પોતાના મનને જોવાની સાચી કલા સાંપડશે.- ગમે તે પ્રસંગ આવે પણ મનને તટસ્થ રીતે જોતાં આવડે એટલે બસ.

દૃષ્ટા અને દૃશ્યમાં, દૃશ્ય પ્રતિનાં રાગ, દ્વેષ અને ઉપેક્ષા, જેવી વૃત્તિઓ બધાને સામાન્ય હોય છે. રાગ દ્વેષનાં પાત્રોમાં પદાર્થો અને વ્યકિતઓ બે હોય છે. એમાંથી કામ, ક્રોધ, મોહ વગેરે ઊભાં થાય તે તો પાછળથી ઊભી થતી વૃત્તિઓ છે. રાગદ્વેષ સમજાય તો પાછળથી ઊભી થતી વૃત્તિઓ બહુ સતાવતી નથી. આપણે બહુધા ધનનો લોભ કરીએ, તેમાં ધનને વિસારી મૂકીને વસ્તુઓના પરિ-

ગ્રહમાં પડતાં જે અવરોધ આવે ત્યારે શોકમોહ જેવી અસંખ્ય વૃત્તિઓ કે લાગણીઓ ઊભી થાય છે. ધન દશ્ય તરીકે ન રહેતાં ધનપ્રાપ્તિના માર્ગમાં વિઘ્નકર્તા પ્રાણી પદાર્થો પ્રતિના દ્વેષમાં ઘસડાઇ જઈએ છીએ ત્યારે રાગદ્વેષનાં સંતતિસ્થાનો સમાં કેન્દ્રો વધતાં જાય છે.

કૈં નહિ તો સાંખ્યદર્શન અને યોગદર્શન એ બેજ વાંચી વિચારી જાઓ તો પણ ઘણો લાભ થશે. અનુવાદો તો અંગ્રેજી–ગુજરાતીમાં ઘણા છે. જે ન સમજાય એવું હોય તેને સામાન્ય દૃષ્ટિથી અને સમજાય એવું લાગે તે મનનથી વંચાય તો પછી એમાં બીજા ત્રીજા વાચન પછી સરળતા વધતી જાય છે, એ બે વાંચ્યા પછી વેદાન્તનો ગ્રન્થ વાંચવો જોઈએ. પણ આ બધું થાય ત્યારે કે જયારે ધન-સંચય, બાળકો માટેની ભાવી ચિંતાઓ, તેમ જ બીજા પરિગ્રહના પદાર્થોની પ્રાપ્તિની ગડમથલમાંથી ચિત્ત મુકત રહે અને વસ્તુઓની પાછળ પડવાની વૃત્તિમાં વિવેક આવે. જે ભાવિમાં હશે તે જ થશે, વર્તમાનમાં સંતોષ નહીં રહે તો ભવિષ્યમાં નહીં જ રહે, એટલે એ મનમાં ગડમથલ બહુ ન થવા દેવી જોઈએ. પ્રસંગો તો સામે આવીને ઊભા રહેશે. બાળકોને પોતપોતાનું પ્રારબ્ધ છે, એવું નિશ્ચયાત્મક વલણ રાખીને ભાવિની ઝંખના ન રાખતાં સ્વધર્મકર્મ અને એની પીઠમાં રહેલી વિચારમાળા સમજવાં જોઈએ. કર્મ વિષે યોજનાઓ ઘડીને વિચારો કર્યા પછી કર્મના કરવા–ન કરવાનો નિશ્ચય થાય છે. એક વાર નિશ્ચય કરીને કર્મ કરવા માંડયા પછી પણ અંતરમાં વિચારમાળાનાં વાદળાં દોડાદોડ કરે, એમાં ચિત્તનો દાહ હોય એને આપણે ચિંતા કહીએ છીએ. તાત્પર્ય કે સ્વધર્મ કરવાં જોઈએ, પણ એની પાછળનો ચિત્તનો દાહ આપણો વ્યર્થ સમય ન બગાડે એવો સંયમ રાખવો જોઈએ.

તમને ભાવિની ચિંતાના વિચારો કેટલું રોકી રાખે છે એ જોતાં શીખો, અને એમાંથી તરતજ મનને મુક્ત કરીને ઈશ્વરસ્મરણ વડે તટસ્થ કરતાં શીખો. વર્તમાનનો અનાદર થાય એમ નથી. વર્તમાનનાં ધર્મકર્મમાં ભાવિની ચિંતાને મેળવીને તો આપણે થાળીમાં પીરસેલા મિષ્ટાન્નમાં ઝેર મેળવીએ છીએ; જેમાંથી ઉપાધિ વ્યાધિ જ ઊભાં થાય છે.

આ તો અમસ્તું જ લખી જવાયું છે. તમે આવા છો જ એવી દૃષ્ટિ નથી, પણ લખતાં લખી જવાય છે. એમ નહિ માની લેશો તો આવું કયા પ્રસંગને લીધે લખ્યું છે એના વિચાર વંટોળમાં મનને ગુંચવી દેશો, વ્યર્થ કલેશ કરશો.

(૧૧૮)

તા. ૧૯–૬–'૫૯

સૌ....બહેન હવે 'સાજા' થતાં જાય છે એમ લખવાને બદલે 'સારાં' થતાં જાય છે એમ પોસ્ટકાર્ડમાં લખ્યું છે એટલે સ્વભાવે પણ સુધરતાં હશે એમ માની લઉં છું. વ્યાધિ સહન ન થાય અને મનમાં ઉપાધિ થાય ત્યારે એ મૂલ સ્વભાવને નીચે પાડી નાખે; તમસ, રજસમાં મન ઉતરી પડે જેને સ્વભાવ બગડયો એમ કહીએ છીએ.

આપણી સ્વતંત્રતા તો કેવલ ભાવના કરવામાં છે કારણ કે એ આંતરમનનું કાર્ય છે; જ્યારે કર્મનાં સફલ નિષ્ફલ પરિણામો તો બાહ્ય પ્રદેશોના અકસ્માત અને અનિવાર્ય વાતાવરણ પર આધાર રાખતાં હોઈ, એમાં આપણી વિચારશ્રેણી પ્રમાણે સફલતા ન થાય ત્યારે ચિત્તમાં વિક્ષેપ ઊભા થાય છે અને અજ્ઞાનને લીધે

વિચાર, પ્રસંગો કે પત્રોને નિમિત્ત માનીને એના પ્રતિ (સફળતા નિષ્ફળતાનાં નિમિત્ત માનીને) રાગદ્વેષ વધારીએ છીએ. એમાં પણ સકામ ફલાકાંક્ષી પૂર્વસંસ્કાર કામ કરે છે. એ પૂર્વસંસ્કારમાં વિવેક ન હોય ત્યાં સુધી એમ જ થવાનું. વિવેકનો સર્વદેશી ઉદય થાય તો એવો જિજ્ઞાસુસાધક અંતરની ભાવનાનો, શુદ્ધ આત્મીયતાનો પ્રેમપ્રવાહ જ બધે વહેરાવે છે.

વિવેકીના સ્પષ્ટ વિવેકશિક્ષણથી બીજો અન્ય કોઈ પાવન થાય, બુદ્ધિ શુદ્ધ થાય, વિજ્ઞાનમય કોષ જ્ઞાનવડે જાગ્રત રાખીને, આસપાસ બધે આત્મદૃષ્ટિ કરતાં શીખે, કરે અને નિમિત્તને રાગદ્વેષનાં પાત્ર ન બનાવતાં પ્રારબ્ધને જ સંભારીને સંતુષ્ટ અને શાન્ત રહે.

**(૧૧૯)**

તા. ૧૩–૭–’૫૯

શ્રી......નો પત્ર નથી. સૌ......દેવી કેમ હશે એ તમે જાણો. ખરી વાત છે. આ કેસ તન-મનનો સહારો છે; અને પોતે જ એવું વ્યકિતત્વ ધરાવે છે, એટલે સોંપું છું; આપું છું; આપ્યું-એમ કહેતાં કહેતાં સિફતથી પાછું છટકી જાય છે.

એ બન્ને જબરાં દૃષ્ટિ સૃષ્ટિવાદી છે. દૃષ્ટિ સામે હોય તેમને ક્ષણ માટે પણ ન છોડે ને દૃષ્ટિદૂર હોય તેનું અસ્તિત્વ મનમાં રાખે જ નહીં એવાં એ જ્ઞાની છે. એટલે મારા અહીં આવ્યા પછી એમનો પત્ર ન હોય એ સ્વાભાવિક છે. આવાં જ્ઞાનીઓને માયા રમાડે છે એની ખબર જ હોતી નથી. મોહ મમત્વ ખરાં પણ દૃષ્ટિસૃષ્ટિ પૂરતાં; પછી ‘રામ તેરી માયા.’

(૧૨૦)

તા. ૨૯-૭-'૫૯

શ્રીમતી......બહેનનો રસરંગનો પ્રવાહ ૪૮મે વર્ષે પાછો વળ્યો અને તે પણ અધ્યાત્મ તરફ વળ્યો. એણે રામ તથા કૃષ્ણની ઉપાસના ખૂબ કરી છે. એ આધારે એને અંતરમાં સચેત રાખીને હવે જે થાય તે જોયા કરો. બુદ્ધિશાળી છે, હૃદય પણ છે, છતાં શાસ્ત્રીય પદ્ધતિનું જ્ઞાનસાધન સમજી નથી. જેવાં ભાગ્ય હશે તેવું સમજશે. આપણે જો પક્ષપાતી બનીને મમતાની દૃષ્ટિથી જોઈએ કે વર્તન રાખીએ તો બધો કેસ માર્યો જાય. તટસ્થ બનીને જ સલાહ સૂચન, પ્રેરણા આપ્યા કરવાં અને એનું આત્મહિત વાંછીને સદ્ભાવના વધાર્યા કરવી, ચાલુ જ રાખવી.

ત્રણ પ્રકારની પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વાણી જે આપે તે પરિચ્છિન્ન જ હોય, એ પરિચ્છેદવાળી હોવાથી પોતાની મર્યાદામાં જ વિચરી શકે. આત્માનો અભેદ કે બે હૃદયની નિર્મોહી અશરીરી ભાવભરી પ્રેમભક્તિની જે અદ્વિતીય એકતા છે, તથા એમાંથી પાછી વળીને જે અંતઃકરણમાં સ્ફુરણા થાય ત્યારે મૌન-(મનન)માંથી જે શબ્દ નીકળે, તેનું નામ શ્રુતિ! એવું તો તારા અંતિમ શ્વાસ સુધીમાં ઘણું બનવાનું છે. ધૈર્ય રાખ અને એ માટે તૈયારી તો થાય છે જ. થઈ ચૂકી છે ને થાય છે, ચાલુ છે.

શ્રી......ને આ વર્ષાદમાં ફરવું પડે છે. પરમાત્મા એનાં તબિયત અને મિજાજ સારાં રાખે. એનામાં ધીરે પણ નિર્ણીત પદ્ધતિએ અંતરમાં પરિવર્તન થયાં કરે છે. આ પ્રસંગને લીધે એ ઘણું શીખ્યા છે એમ મને લાગ્યું છે. વ્યવહારને વધારે પડતું મહત્ત્વ આપવાની જૂની ટેવ છે, એમાં થોડો હઠાગ્રહ પણ છે, એ

શાંત થશે, ત્યારે "સ્હેજે જે થાય તે થવા દે" નું સૂચન જીવનમાં અનાયાસ ઊતરશે.

શ્રી......ભાઈ માલસરથી વળતાં શુક્રવારે બપોરે અહીં આવ્યા. એ માલસરથી વડોદરા થઈને અહીં આવ્યા હતા. એક પ્રસંગ એવો નીકળ્યો કે, અમારાં બન્નેનાં હૃદય ખૂબ આર્દ્ર થયાં, ખૂબ રડ્યાં, શ્રી ગુરુદેવ સ્વરૂપ પરમહંસ મહારાજની મહિમાગાથા બોલતાં બોલતાં.

(૧૨૧)

તા. ૨૦-૮-'૫૯

ચિ......ના યજ્ઞોપવીતની જે પધ્ધતિ લખી તે મને ગમી. વિશેષમાં સવાલાખ ગાયત્રી જપ તમે તથા સા. ચિ....બેન કરે, એનો પ્રારંભ તમારી સામવેદી બળેવથી કરી દેવો. જપમાં માળા રૂદ્રાક્ષની રાખવી, તેમ જ જપ વહેલી સવારે જ સ્નાન કર્યા બાદ કરવો. સાથે સાથે ચિ....કુમાર ત્રણેક માળા ગાયત્રીની રોજ કરવા માંડે તો સારું; જો કે એ એની સ્વતંત્ર ઈચ્છાની વાત છે.

એને માટેનું વિશેષ સાહિત્ય કૈં હશે તો મોકલાવીશ. તે પહેલાં તમે તપાસ કરીને જપશુધ્ધિ ચાલુ કરી દો. ૐ આનન્દ!

(૧૨૨)

તા. ૨૬-૮-'૫૯

ચિ. સૌ.......બ્હેન,

મને લાગે છે કે એમ. એ. થયા પછી કામગીરી વધી છે. ઘરનું રોજનું કામકાજ તથા દેખરેખ, બાળકોની ઉંમર વધતી જાય

એની સાથે સાથે એમની માનસિક સંભાળ, કોલેજનું કામ અને એવી અનેકવિધ કામગીરી બધો વખત રોકી લે છે. પૂર્વજન્મ-કૃત પુણ્યને લીધે (!) નિદ્રાદેવીની કૃપા છે એટલે એનો સમય સચવાય ત્યારે પૂરતો આરામ તન, મન, સ્નાયુને આપે, તેથી શરીર પર જલદી અસર ન થાય; છતાં લાંબે સમયે એના પર અસર થવાનો ભય ખરો.

રાજાબહાદુર ચિ......ભાઇના યજ્ઞોપવીતની પૂર્વભૂમિકા બાંધવા માટે તમે બન્ને મળીને જાતે જ ગાયત્રી જપ આશરે સવાલાખ કરી લીધા પછી, એ ક્રિયા ભરૂચમાં કરવી એમ સૂચવ્યું અને મને યોગ્ય લાગવાથી મેં લખ્યું કે આજની તારીખથી, કૃષ્ણ જન્માષ્ટમીથી ( ક્યાંક આજે થશે, ક્યાંક કાલે થશે; એ પોતે સશરીરી હશે ત્યારે જેમ એમને સમજવાનો એક મહાપ્રશ્ન હતો, બધે વિરોધાભાસ હતો, હજુએ એના જીવન વિષે એકમત નથી, એટલે અત્યારે પણ એને માટે એક જ દિવસ ભાગ્યે જ નક્કી થાય. ) શરૂ કરવાનું છે. તમે કર્યું હશે પણ એમ માની લઉં ને ?

તમને ગમશે એમ માનું છું. બાલકની ખાતર માનીએ તો પણ એમાં બે પ્રશ્ન ઉદ્ભવે છે; એક એના સંસ્કાર સુધરે તે અને બીજો એના સંસ્કાર સુધારવામાં મુખ્ય નિમિત્ત તરીકે તમે બન્ને છો એટલે પહેલો લાભ તો તમને જ થવો જોઈએ. એ મંત્રના જપથી પ્રાણમાં ચૈતન્ય, મનમાં શુદ્ધિ, ચિત્તમાં વ્યવસ્થા, બુદ્ધિમાં પારદર્શિતા, વસ્તુનું રહસ્ય સમજવામાં તલસ્પર્શી થવા જેવી પ્રજ્ઞા, એ બધું શ્રેષ્ઠ રીતે એ જપથી પ્રાપ્ત થાય છે. તમે બન્ને હૃદયથી, ખૂબ જ સદ્ભાવભક્તિથી કરશો એવી મને ગળાબૂડ શ્રદ્ધા છે. રહી વાત એની નિયમિતતાની, એ સચવાવી જોઈએ. વચ્ચે એમાં દિવસોનો અંતરાય ન જ આવે તે ઉત્તમ. એકને

અંતરાય આવે તો બીજું પાત્ર પૂરક બને (એટલા જપ બીજું પાત્ર કરી લે) એટલે અંતરાયનો પ્રશ્ન ન ઉદ્‌ભવે. ત્રીજી વાત દેશકાલની શુદ્ધિ–પવિત્રતા; સ્થાન તથા આસનશુદ્ધિ-સમયશુદ્ધિ, અને શાંત સાત્ત્વિકતા વધે એવું વાતાવરણ જોઈએ. ચોથી વાત દેહશૌચ અને વસ્ત્રશુદ્ધિ; સ્નાનથી દેહશૌચ થાય, ધોયેલાં જ અસ્પર્શ્ય વસ્ત્ર. સૂતરનાં વસ્ત્ર અસ્પર્શ્ય ન હોય કારણ કે બધાં ધોયેલાં વસ્ત્રને અડકે, એટલે રેશમી વસ્ત્ર હોય તો એનો માર્ગ સરળ થાય. આટલું આજે આરામથી લખું છું. સૌથી મહત્ત્વની વાત છે ભાવશુદ્ધિ અને ભક્તિબલની. એ તો તમે વાપરશો જ એવી શ્રદ્ધા રાખું છું.

ગાયત્રીનો માનસિક જપ થાય, ત્યારે ઘણે ભાગે મન એના ઉચ્ચારણના ધ્વનિમાં ઓતપ્રોત રહે છે. છતાં એમાં સૂર્યનું ધ્યાન મુખ્ય છે. પ્રાતઃકાળનો ઉદય પામતો કેસરી કે નારંગી રંગનો ઉદિત થતો બાલ સૂર્ય; મધ્યાન્હનો સુવર્ણરંગી ઉષ્મા, પ્રકાશ ( ઉષ્મા–પ્રાણ–ગરમી શરીરમાં એને લીધે જ છે ) અને બુદ્ધિભર્યો (વિજ્ઞાનમય કોષ) મધ્યાહ્ન સૂર્ય, તથા સાયંકાળનો અસ્તકાલીન સૂર્ય પણ મૂળ બાલસૂર્ય જેવો જ રંગ ધારણ કરે છે.

ધ્યાન અને જપ એક સાથે થાય છે, કારણ કે વાણી જપમાં પ્રવૃત્ત રહે ત્યારે કાન સહેજે શબ્દધ્વનિમાં પ્રવૃત્ત થાય છે. એ વખતે નેત્ર વચ્ચે વચ્ચે બીજાં રૂપોમાં રખડવા માંડે છે ત્યારે સૂર્યમૂર્તિ, આદિત્યનારાયણ, હિરણ્યગર્ભ એવાં જેનાં નામ છે, જે બધા ગ્રહ ઉપગ્રહોનું પ્રાણકેન્દ્ર છે, બધા જીવનનાં પ્રકાશ અને ઉષ્મા છે, એમાં નેત્ર સ્થિર થાય તો ઉત્તમ.

મન નેત્રથી જુએ કે કાનથી સાંભળે, એ છે ધ્યાનની પદ્ધતિ.

એક રૂપ ( આકાર, મૂર્તિ ) ધ્યાન છે; અને બીજું નાદધ્યાન કે ધ્વનિધ્યાન છે. વિચારમાં ચિત્ત પરોવાય એ વિચારધ્યાન છે પણ એમાં વિચારની પરમ્પરા ચાલે તેથી પૂર્ણ ધ્યાન કહેવાતું નથી. ત્વચા વગેરે બીજી જ્ઞાનેન્દ્રિયો એટલી વિક્ષેપકારક હોતી નથી છતાં પણ એમાં કર્મકાંડ પોતાની યુકિત અજમાવે છે. ત્વચા માટે ચંદન, મહાપુરુષોનાં પ્રસાદ, વસ્ત્રનો સ્પર્શ, પવિત્ર જલથી માર્જન, પ્રસાદી પુષ્પોનો ઉપયોગ વગેરે. જલ તત્વમાં:-આચમન, સ્નાન ( સ્નાન વખતે પવિત્ર, મુખ્ય નદીઓનાં જલનો ભાવપૂર્વક સમાવેશ માનવો ) વગેરે. પૃથ્વી તત્વમાં:–પુષ્પ, અગરબત્તી, ચંદન વગેરે. આકાશ અને વાયુ તત્ત્વમાં:-ધ્વનિ કે શબ્દ આવે તેને માટે જપ, પાઠ, કીર્તન, ભજન, નાદશ્રવણ, અને પૂજામાં ધૂપ, દીપ, આચમન, આરતી વગેરે. બધું પાંચેય–તત્ત્વોનાં સૂક્ષ્મ તત્ત્વોમાં દિવ્યભાવ ભરવા માટે છે, એ તમે સમજી શકો છો, સમજો છો એમ માનું છું. એ પ્રમાણે યથાશકિત નહીં પણ પૂરી સાવધાનતા તથા શકિતથી કરશો. પરમાત્મા તમને સફળ બનાવે. ૐ.

ચિ....નો પત્ર આવ્યો છે. મંત્રજપ કરે છે. વાચન પણ ચાલુ રાખે છે, એનાથી મનને શાંતિ રહે છે. રાત્રે બાર વાગ્યા સુધી જપ કરે છે,પૂજાપાઠમાં ઠીક ઠીક વખત ગાળે છે, આવું લખ્યું છે અને મારા પત્રથી ઉત્સાહ વધે છે એમ લખે છે. જવાબ આપીશ.

એ એક બીજી વધારાની વાત લખે છે કે એમને નિદ્રા ઠીક આવતી નથી. બાર વાગ્યે સૂઈ જાય તો પણ સ્વપ્નાં જ આવે. સ્વપ્ન વિનાની નિદ્રા આવતી જ નથી એમ લખે છે. મને આમાં શરીરનું કૈંક કારણ હોય, કબજીઆત હોય, ખોરાકમાં અનિયમિતતા, શાકભાજી ઓછાં ખાવાં વગેરે હોય કદાચ! જો કે મનમાં કશા વિકલ્પો કર્યા કરે એવા લાગતા તો નથી. સંસ્કાર સારા છે પરન્તુ પહેલાં અનેક જાતના આશાભર્યા સંકલ્પો ગોઠવ્યા હોય,

સફળ ન થયા હોય, બાહ્ય દૃષ્ટિએ મન વાળ્યું છે એમ લાગ્યું હોય, પણ અંતરના કારણ શરીરમાં જઈને પડેલા સંકલ્પો જ્યારે બાહ્ય જાગ્રત અવસ્થાનો લોપ થાય ત્યારે સૂક્ષ્મ શરીરની સ્વપ્નાવસ્થામાં ઉપસી આવીને દ્રષ્ટા–દૃશ્ય બને એ સ્વાભાવિક છે. એમાં હવે ત્રિગુણાત્મક પ્રકાર સમજવો જોઈએ. સ્વપ્નાં ઘણી જાતનાં હોય છે, ઉપરાંત કેટલાંક દિવસે વ્યવહાર કર્યો હોય, વિચારો કર્યા હોય, તેવા પાંચ પંદર દિવસ કે મહિના પહેલાના વિચારનાં દૃશ્યો હોય, આ બધું બહુ વિચારવા જેવું છે. હું શાંતિ, વિવેક અને વાત્સલ્યથી પત્ર લખીશ. પરમાત્મા એમને અધ્યાત્મમાર્ગે શાંતિ પ્રાપ્ત કરાવે એવી શુભેચ્છા તો આપણાં બધાંની છે, પાત્ર પણ ઠીક છે અને પત્ર વિવેકપૂર્ણ લખે છે.

આટલું લખતાં ટપાલમાં તારા હસ્તાક્ષરનું પોસ્ટકાર્ડ મળ્યું. તે પહેલાં તને ઉદ્દેશીને જ પત્ર લખ્યો છે એ પણ ઈશ્વરીય શક્તિનો ચમત્કાર !

તેં જપ શરૂ કરી દીધા. જપ નિયમિતતાથી કરવા જોઈએ. થોડાથી શરૂ કરી પછી સંખ્યા વધારવી. પહેલાં વધારે કરાય, પછી વચ્ચે બંધ રહે, વળી વધારે ઓછા થાય, એવા જપ અનુષ્ઠાનને યોગ્ય ન કહેવાય માટે એની કાળજી રાખજે.

શ્રી...ભાઈનું સારું હૃદય, સારી બુદ્ધિ છે પણ એમાં બીજારોપણ કરવું અઘરું છે. વ્યાવહારિક ઉપાધિઓની કલ્પનામાંથી તે જલદી મુક્ત થઈ શકતા નથી. વ્યવહારને જ મુખ્ય માનીને જીવેલાં એટલે અર્થ તથા કામ જ જેમાં મુખ્ય હોય છે એવા બહિર્મુખી વિષયોમાંથી મુક્ત થવું અઘરું છે. બધાંયને આશીર્વાદ.

ઘરમાં તમને પાંચેયને વહાલ, વાત્સલ્ય. ૐ.

(૧૨૩)

તા. ૯-૯-'૫૯

ગાયત્રીજપ માટે તમને પોતાને ઉત્સાહ અને પૂર્વસંસ્કાર ભર્યો ભકિતભાવ છે એટલે એ તમે વિધિપુરઃસર અને ભકિતભાવથી કરશો એવી શ્રધ્ધા રાખું છું. ચિ. સૌ...બેન નિયમિત ન કરી શકે એ તદ્દન સ્વાભાવિક છે, છતાં જેટલું કરશે તેટલું વધારા ખાતે તો છે જ.

તમારે વધારે રખડવું પડે છે એમાં ઈશ્વરીય સંકેત પણ હશે જ એવી શ્રધ્ધા રાખવાથી ચિત્તપરનો ભાર હળવો થશે. જે સમયે, જ્યાં, દેશકાળની મર્યાદામાં જે પ્રસંગ ઉપસ્થિત થાય એ પૂર્વયોજિત છે, ઈશ્વરીય વ્યવસ્થા જ એમાં નિમિત્ત છે, જીવોનાં પૂર્વકર્મ અને ભોગ એમાં ઉપાદાન કારણ છે એમ સમજીને શાંતિ રાખવી. શુભમાર્ગ, શુભકર્મ, શુભવિચાર પ્રતિ સાવચેતી ભરી દૃષ્ટિ રાખવી, અને એમાં જ નિમિત્ત બનવું જેથી માનસિક શાંતિમાં વૃદ્ધિ થાય, કારણ કે એ જ આપણું જીવનલક્ષ્ય છે.

ખુજલી માટે હોમિયોપથીની દવાઓ લેવાય છે. હવે કૈક ઠીક છે. જુદી જુદી દવાઓ અજમાવાય છે અને ઠીક થતું જાય છે વ્યાધિ જૂનો છે, દાકતરોની ભાષામાં એ 'એલર્જિ' છે, વૈદ્યોના વૃધ્ધ શરીરનો ત્વચાવિકાર, આંતરડાં અને લિવરની નબળાઇ છે; એ બધું જે હશે તે છે. દવાઓ કરવી, લાંબો વિચાર ન કરવો એ જ ઈષ્ટ છે. આટલી ઉંમરના શરીરમાં કેટલાંયે વિષ ગયાં હશે, કેટલાયે ચેપ લાગ્યા હશે એ બધાનો સરવાળો એટલે અત્યારના વ્યાધિઓ.

ચિ....ના યજ્ઞોપવીત અંગે જે જે કર્મકાંડ કરવું પડે એમાં

[illegible]ધુ સાદું થાય તો સારું. બહુ ધમાલ ન જોઈએ. કર્મકાંડના વિધિ માટે હું કશું યે સમજું નહીં. એ બાબતમાં તમે પ્રવીણ એટલે યોગ્ય લાગે તેમ કરી લેશો. ગાયત્રીમંત્રનો ઉપદેશક વિદ્વાન કર્મકાંડી બ્રાહ્મણ હોય તો સારું.

મારી માનસિક સ્થિતિ અંતરથી ખૂબ જ વિરકત છે. અને એ ભાવ વધતો જાય છે. સંભવ છે કે શરીરની વ્યાધિગ્રસ્ત દશા અને વ્યવહારનો કર્મભાર, એ બન્ને એમાં કારણભૂત હોય.

ચિ....થોડા જપ કરશે ને ?

(૧૨૪)

તા. ૫–૧૦'૫૯

શ્રી......ની તબિયત સારી નથી એવા સમાચાર છેલ્લા ઘણા દિવસના પત્રોમાં લખાઈ આવે છે.

આ સાથે ગાયત્રી હવનના વિધિનો પ્રયોગ લખી મોકલું છું. હવન માટે તાંબાની કુંડી જોઈએ અને દિવસમાં એક વાર જ ૨૪ ગાયત્રીની આહૂતિ આપવાની છે.

આમાં હોમનાં દ્રવ્યોનો જે ધૂમાડો નીકળે તે દર્દીના સૂંઘવામાં આવે એ એનો મુખ્ય લાભ અને ગાયત્રીજપનો વિધિ એ બીજો લાભ છે. સવા મહિનાનો પ્રયોગ પહેલાં કરી લીધો હોય તો કરવા જેવું ખરું.

બાકી તો શું લખું ? વ્યાધિનિવારણ થાય એ એક અને સહન કરવામાં આત્મદૃષ્ટિભરી કે ઈશ્વરશ્રદ્ધાપૂર્ણ ભકિત, તિતિક્ષા મળે એવી પરમાત્માને પ્રાર્થના કરું છું. માનસિક આનંદ રાખવો એ સૌથી મુખ્ય સાધન છે.

* * * *

ભારતીય વાતાવરણમાં હિંસક તત્ત્વો એટલાં બધાં ફાલતાં જાય છે કે ન પૂછો વાત. ગાંધીજીના અહિંસાવ્રતપાલનનું આ reaction છે, ફલવિરોધ છે, વિપરીત ફલ છે.

......કુટુંબ માટે વધારે વિચાર કરવાની આપણને ફુરસદ નથી, કારણ કે એ તો સરવળાટવાળાં માનવકીટનો સમૂહ છે, વિકૃત અને અસ્થિર.

......ભાઈ ભલા છે પણ આર્થિક સંયોગોની સંકડામણ વર્ષોથી વેઠીને એ દુઃખગર્ભિત વૈરાગ્ય સહ્યા કરે છે. એમાં સંતોષની ભૂમિકા ન આવે ત્યાં સુધી ઉન્નતિ અસંભવિત છે એવું સમજવું. આચરવું અઘરું લાગે પણ આવશ્યક છે.

*　　*　　*　　*

મધુમેહ માટે એક વૈદ્યકીય માસિકમાં આવેલો ગાયત્રી હોમનો પ્રયોગ.

૧) તાંબાની અથવા જમીન પર પીળી માટીની હવનકુંડી બનાવવી.

૨) એનું માપઃ—પહોળાઈ ૧૨ આંગળ, લંબાઈ ૧૨ આંગળ, ઊંચાઈ ૩ આંગળ.

૩) પૂર્વાભિમુખે હોમ માટે બેસવું.

૪) સ્નાન કરીને આચમન—પ્રાણાયામ (સાધારણ) તથા ન્યાસ કરવા.

૫) હવનની સામગ્રીઃ-બેખરો, સફેદ મુસળી, મોટાં ગોખરૂ, કૌચનાં બીજ, સોપારી, શતાવરી, બાવળનાં બીજ, નાની એલાયચી, આ બધાનું સરખે ભાગે ચૂર્ણ.

૬) એમાં ચૂર્ણનો દસમો ભાગ શુદ્ધ ઘી તથા દસમો ભાગ સાકરનું ચૂર્ણ મેળવવું. એ જ પ્રમાણમાં ચોખા, જવ તથા તલ મેળવવાં.

૭) ગાયત્રીહવનનું પુસ્તક ક્યાંકથી મેળવવું.

૮) ચોવીસ આહૂતિ ગાયત્રીમંત્રથી રોજ સવારે આપવી.

૯) હવન કરતી વખતે પાસે રાખેલા જલપાત્ર (પંચપાત્ર)માં પલાળીને રાખેલાં દર્ભ, દુર્વા તથા પુષ્પને પાણીમાં બોળીને માથા પર (રોગીને) માર્જન કરવું. આહૂતિ હોમ પછી યજ્ઞદ્રવ્યની ભસ્મ મસ્તકે, હૃદય, કંઠ, ઉદર, નાભિ તથા બન્ને બાહુ ઉપર ત્રિપુંડની પેઠે લગાડવી. ઘીના પાત્રમાં ઘી બચે તે મસ્તક તથા હૃદય પર ચોપડવું.

**(૧૨૫)**

તા. ૨૦-૧૦-'૫૯

તમે મનમાં પ્રસન્નતા રાખશો અને એમાં निर्मानमोहा जित-संगदोषा-જેવી માનસિક સ્થિતિ રાખવાનો પ્રયત્ન કરશો.

तदेकोऽवशिष्टः शिवः केवलोऽहम्નો મંત્ર જપવાનો છે. એકલા જન્મ્યા, પછી જંજાળ ઊભી કરી. એ જંજાળ માનસિક અને શારીરિક બની. એ બન્નેથી ચાલતાં વિચાર તથા કર્મના ભાવિ ફલમાં ચિત્તને રોકી ન રાખતાં ઈશ્વર કરશે તે હિતકર જ હશે એવી શ્રદ્ધા રાખીને બધું એને જ સોંપીને આત્મશાંતિ રાખો. ઉત્સાહ તથા આત્મશ્રદ્ધા રાખીને તિતિક્ષા કેળવવાના પ્રસંગો પરમાત્માએ જ આપ્યા છે, એવી શ્રદ્ધામાં નિર્બળતા ન લાવશો.

બીજું શું લખું ? ખૂબ જ તમારે માટે મૂઝવણમાં છું. શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક શાંતિ ઈચ્છું છું.

(૧૨૬)

તા. ૫–૧૧–'૫૯

તમારી તબિયત પૂરેપૂરી સારી કદાચ નહિ હોય પણ સુધારા પર હશે એમ માનું છું.

એક બીજી વાત ધ્યાનમાં રાખવાની છે. શરીરનો વ્યાધિ આવે ત્યારે મનમાં કોઈ પણ જાતની ઉપાધિ ન આવવા દેવી જોઈએ. ભાવી જેવું હશે તેવું સામે આવશે, વર્તમાન જ્યારે ભૂતકાળના ગર્ભમાં હતું ત્યારે જેવું આવીને ભેટવાનું હતું તેજ ભેટયું એમ માનીને સંતોષ રાખવો. એ બધાં ભૂતકાળની સ્મૃતિનાં ચૂંથણાં છે; ભાવી કલ્પનાનાં ધૂમ્રદલ છે; એ બન્નેથી સમય પરત્વે મનને મુકત રાખતાં તો આવડવું જ જોઇએ. એમ ન થાય તો આપણી અધ્યાત્મમાર્ગની સાધનાની ગુલબાંગો ખોટી જ હતી એમ માનવું. આ બાબત પર ખાસ લક્ષ્ય રાખવું જોઈએ એમ હું આગ્રહ રાખું છું.

(૧૨૭)

તા. ૭–૧૧–'૫૯

હવે તાવ નથી પણ પત્રોનો ઢગલો ટેબલ પર પડયો છે જેના જવાબ લખવાનો વિચાર કરતાં તવ આવે એવું લાગે છે. ખ્રિસ્તી, મુસ્લીમ, પારસી, હિંદુ વગેરેના જુદાજુદા સમયે થતા વર્ષારંભના દિવસો માનીને અનંત, અસીમકાળના વિભાગ કરનારા એ દિવસે આશીર્વાદ ( વિશેષ extra-special ) માગે છે. બધાને જવાબ પત્રોથી આપી શકાય એમ નથી. મનથી માને તેમને જરૂર મળે એવી શ્રધ્ધા રાખે તો એમનું કલ્યાણ હસ્તામલકવત્ છે; પણ એવાં કેટલાંનાં અહોભાગ્ય હોય ?

(૧૨૮)

તા. ૨૧-૧૧-'૫૯

તમારા પત્રો નથી. ચિ... ..બેનને વયમાં એકાદ વર્ષ વધવાનું છે સૌને એવો પત્ર હતો; મનથી નિત્યને માટે આશીર્વાદ આપી મૂકયા છે એમાં ઉમેરો થયો હશે એમ માનીને પત્ર નથી લખ્યો.

તમને જલ્દી મારાથી પત્ર ન લખાય, વિગતે ન લખાય, જેમાં લાગણીઓનો પ્રવાહ ન હોય એવા પત્રો તમને ગમે નહિ એટલે તમેય પત્ર ન લખો એવું બને. હશે, ભાઈ! જેવી તમારી મરજી; આપણી મરજીની સામે તો ભગવાનને પણ અરજી કરી શકાતી નથી, કારણ કે આપણું ધાર્યું ન થાય ત્યારે ભગવાનની મરજી માનીને ધાર્યું થવું જ જોઈએ એવી અરજીઓ પાછી ખેંચી લેવી પડે છે. અમે તો એનાથી ટેવાયેલા એટલે મનમાં મરજી-અરજી માટે બહુ લાગતું નથી. વિશ્વમાં વિશ્વંભરની મરજી એક જ હોય, એટલે અનેકની અરજી-મરજીની વાત અમને માન્ય નથી. તમારી વાત તમે જાણો. તમને અમારી વાત ગમતી હોય તો ઈશ્વરની મરજી એ જ આપણી મરજી એવું માની શકો છો, અને આપણી મરજી પ્રમાણે અરજી અને અરજી પ્રમાણે ઈશ્વરની મરજી, હોવી જ જોઈએ, એવો હક હોય તો બધાં એ દ્વંદ્વના હીંડોળામાં ઝૂલ્યા કરો. તમે જેને મારું પોતાનું માનો છો એવું ભગવાનની મરજી પ્રમાણેનું અને તમારી અરજીને લીધે જ મળેલું શરીર હવે સારું છે, એમ તમને હવે લાગતું હશે. દાંતની જગ્યાએ ફઝ આવી ગઈ હશે. તે ઉપરાંત શરીરમાં શકિત યે આવી હશે. રહી મનની વાત, એમાં તો શું કહેવું લખવું!!

અનાદિકાળમાં ભગવાનની પાસે, દેહ ધારણ કરીને સુખ ભોગવવાની આશા–તૃષ્ણા–વાસનાની જે અરજી નાંખેલી, અને પછી પણ જન્મે જન્મે અરજીઓ વગર સમજયે ફેંકયા જ કરી, જેને લીધે ભગવાને અસંખ્ય જાતજાતનાં શરીરો આપ્યાં. એ બધાંમાં ભગવાનની મરજી પ્રમાણે અને તમારી મરજી–નામરજી પ્રમાણે સુખદુઃખ ભોગવ્યાં. આ શરીરને છેવટનું માનીને હવે આપણી મરજીમાં નહીં, પણ ભગવાનથી મરજીમાં જ આનંદ–શાંતિ છે તેમ સાચું સમજાય, તો નવી અરજીઓ કરવી બંધ કરવી જોઈએ. સમજણ વગરની અરજીઓ કરવામાં કાંઈ પણ સાર નથી. એ રાજાશાહીમાં માનનારો છે, એને ત્યાં લોકશાહી નથી. એકહથ્થુ સત્તાનો શોખીન છે. બહુમતિવાળી અજ્ઞાનીઓની અરજીઓ મંજુર કરવાની સત્તાની એને કીમત નથી.ભગવાન સમજે છે કે બધા મૂર્ખ, અજ્ઞાની છે, અને તેથી જ સૌને સુરક્ષિત રાખવા માટે એને રાજય કરવાનો શોખ થયો. સત્તા તો અજ્ઞાનીઓ પર જ ચાલી શકે, એટલે એણે જાણે બધાં મૂર્ખ જ ભેગા કર્યા એવો દેખાવ કર્યો. બધાં લડે, રડે, હસે, અને એ તટસ્થ છે તેથી હસે, આનંદમાં જ નહીં પણ આનન્દ સ્વરૂપે જ રહે.

આવી ભગવાનની લીલા છે, અજ્ઞાનીઓને સમજાય નહીં એવી. જેમાં આનંદ જ રહે, એનું નામ લીલા, રમત કે ખેલ નામ પડયું. એ લીલામાં અમને તો મજા નથી લાગતી, અને અજ્ઞાનથી ભૂલમાં અમે જે અરજીઓ કરેલી તેના ભોગરૂપે વર્તમાન શરીર મળ્યું છે. તેના સંબંધો છે, તેમાંથી મનન છુટું કરીને, એ બધાંને, મૂર્ખતા ભરેલા અજ્ઞાનની અરજીઓના ફળભોગ તરીકે માનીને, ભગવાનના જેવું અમે પણ એની જ શીખવણીથી બધું દ્દષ્ટા બનીને જોઈએ છીએ એ એના જ દ્દષ્ટાન્તથી, એની જ રીતે અમે પણ તટસ્થ રહીને મનમાં હસીએ છીએ. મોજ છે. આનન્દ છે.

કેમ લહેર છે ને? કશી ભાવીની ચિન્તા ન કરવી. સામે જેવા પ્રસંગો આવે તેમાં સમત્વ રાખીને એનો ઉકેલ ભગવાનની નકલ કરીને કહાડી લેવો, બાકી મનને તો છૂટું જ રાખવું. એ અરજીઓ કરવા માટે ટેવાઈ ગયેલું છે. એને સમજાવીને અરજીઓ કરવાનું બંધ કરાવો અને ભગવાનની મરજી સમજીને એને છૂટું રાખો.

(૧૨૯)

તા. ૩૦-૧૧-'૫૯

બન્નેએ લખેલો બન્નેની મનોદશાનો ભિન્ન ભિન્ન ચિત્રામણનો પત્ર મળ્યો. એમાં સત્ય જ હશે. આંતરાવલોકન સાચું હશે. એમ માનીને લખું છું.

તમે નિરીક્ષણ કરો છો એ તમારા ભણતરની દૃષ્ટિએ સાચું કહેવાય.

મારી એક મારા પોતાની સામે ફર્યાદ છે. હું વાતો કર્યા કરું છું, એમાંથી સાંભળનારાં પોતાને બંધ બેસે એવા કે સમજાય એવા કડકા વીણી લે છે. એ પ્રમાણે પોતાની બુદ્ધિમાં ગોઠવે છે. એમાં અધુરાપણું રહે છે, એટલે કોઇવાર ઠીક શાસ્ત્રીય પધ્ધતિની છણાવટ નથી રહેતી.

તમારે બન્નેએ વેદાન્ત પ્રક્રિયાનો એકાદ ગ્રન્થ ભણી લેવો જોઈએ. એમાં પંચદશી તમારા માટે મુખ્ય છે, પણ તમે કોઈ નથી ભણી શકતાં.

૧) તમારો વ્યવસાય તમને સમય નથી આપતો એવી તમારી સમજણ હોય કદાચ.

૨) તમે બન્ને સાથે હો તો જ એક વાંચે, બીજું સાંભળે, એવું વાચન શ્રવણ જ ચાલતું હોય, વક્તા વાંચે ને શ્રોતા સાંભળે,

એમાં શબ્દોના ધ્વનિ જ કાનમાં અથડાતા હોય, મન ક્યાંક બીજે વિહાર કરતું હોય એટલે વાચન શ્રવણ બન્ને નીરસ બને.

૩) કશું સ્મરણમાં રહે એવું આવા વાચનશ્રવણથી પ્રાપ્ત થાય એમ ન કહેવાય. બુદ્ધિની ગ્રન્થિઓની તથા હૃદયના ભાવની છિન્ન ભિન્ન દશા જે સંસારના વ્યવહારમાં અધકચરી બની બેઠી હોય, તેવીને તેવી જ એમાં રહેવાનો ભય છે. એથી કશો વાસ્તવિક લાભ નથી.

૪) તમારે કમાવું જોઇએ. એનાં કારણ કાર્ય જોતાં તમારે કુટુંબભાર ઉપાડવો જોઇએ; પત્ની, બાળકો વગેરેનું ભરણપોષણ થવું જોઇએ. બાળકોનો વિદ્યાભ્યાસ થવો જોઇએ. એ બધાં સંસ્કારી થવાં જોઇએ; સારું મકાન, સારી સજાવટ, અમુક દરજ્જો મોભો દેખાવાં જોઇએ, એવી બાબતોમાં તન-મન ગડમથલ કર્યા કરે એટલે ફુરસદ મળે નહીં.

હવે જરા તમારા મનને વિશેષરૂપે તપાસી જોશો ?

૧) આર્ત (૨) જિજ્ઞાસુ (૩) અર્થાર્થી (૪) જ્ઞાની. આ ચાર પ્રકારના ભકત ઈશ્વરપ્રતિ મનનું વલણ કરનારા હોય છે.

૧) આર્ત :-દુ:ખગર્ભિત સંસારનાં દુ:ખમાંથી મુકત થવાની ઈચ્છાવાળા, દ્રૌપદી વગેરે.

૨) જિજ્ઞાસુ :-આત્મતત્ત્વના જ્ઞાનની ઇચ્છાળા; ઉધ્ધવ વગેરે.

૩) અર્થાર્થી:-ધન વૈભવ કે રાજ્યસત્તાની વાસનાવાળા; ધ્રુવ વગેરે (રાજ્ય માટે)

૪) જ્ઞાની:-તત્ત્વવિદ્‌, તત્ત્વજ્ઞાન સાથે આત્માનુભવ કરવામાં પ્રયત્નશીલ.

આ ચાર કોટિમાં તમે કયાં છો એ સ્પષ્ટ રીતે પહેલાં, તપાસી જુઓ કે જેથી જયાં હો ત્યાંથી ઉચ્ચ વિશુદ્ધ ભૂમિકામાં ઉન્નતિ કરવાનો ઉત્સાહ ઉભો થાય.

મને તમારી આવી શિથિલ કે અનિશ્ચિત મનોદશા ગમતી નથી. વ્યવહારનો ભાર જ મન પર સદા રહ્યા કરતો કે વધતો હોય. એવા હિમાલય નીચે કચડાતાં, દબાતાં, "હા, હું છૂટવાનો પ્રયત્ન કરૂં છું, હું જાણું છું કે હું દબાયો છું" એમ એક બાજુ બોલવું – માનવું, અને એ ભારમાં પોતે જ પાછો રોજ ઉમેરો કર્યા કરવો, આવી વિચિત્ર દશા નથી ને ?

વાતાવરણ કૈંક વધારે કિલષ્ટ થયું હોય એમ મને લાગે છે. શરીર વ્યાધિગ્રસ્ત અને દુર્બલ, મન ઉપાધિગ્રસ્ત અને ચિંતાદગ્ધ એમાં પરિણામે શી ભલીવાર હોય ? માટે તપાસ કરો. મનને અધ્યાત્મસાધના માટે સમય મળે એવી યોજના ઘડો. આમ તો ન ચાલે–નજ ચલાવાય; આથી તો તન ઘસાય, મન દુર્બલ બને, અને મોહમમત્વ વધે માટે જલદી ચેતો.

(૧૩૦)

તા. ૩૦–૧૧–'૫૮

પત્ર મળ્યો "મન જડ બની ગયું છે. તન કામ કામ કર્યા કરે છે, મન કયાં છે એની સમજણ નથી પડતી."

કેવળ ભાવાવેશને અધીન રહીને જ જીવન ચલાવ્યા કરે, એની છેવટે આવી પરાધીન મનોદશા થાય એમાં જરાયે નવાઇ નથી. ભાવ ઢાળવા માટે પાત્ર જોઇએ. પાત્રોમાં હેરફેર થતાં એમાં કયાંક કુપાત્ર-તાની ગંધ આવે, એટલે ભાવ ત્યાંથી પાછો પડે, ત્યારે હૃદય દગ્ધ

બને એ છે ચિત્તની જડતા. ભાવ જો બાહ્ય ન જાય તો અંતરમાં ઊતરીને કાં તો નિર્ગુણભાવે આત્મામાં અથવા સગુણભાવે દેવદેવતા કે કોઇ અવતારમૂર્તિમાં ઢળે તો જ અધ્યાત્મસાધના કહેવાય.

તમે હવે અવતારશિરોમણિ રામ કે કૃષ્ણને ઉપાસ્ય બનાવો; વાલ્મીકિ રામાયણ કે ભાગવત વાંચો; એમાંથી એકને ઇષ્ટ બનાવીને બધા ભાવ ત્યાં ઢાળો, આનંદ થશે.

હાલમાં આટલું જ બસ છે. છોકરાં કુશળ હશે. સૌને વહાલ ભર્યા આશીર્વાદ.

(૧૩૧)

તા. ૧૧-૧૨-'૫૯

તમારી બન્નેની સાથે એકાદ સપ્તાહ રહેવું જોઇએ એમ હૃદય ધક્કા મારે છે, પણ શરીરને ત્યાં નથી લાવી શકતો. ત્યાં શ્રી......ના પુણ્ય નિમિત્તે ભાગવતસપ્તાહ છે, અને એ માટે આગ્રહભર્યા પત્રો આવે છે, પણ અહીંથી સમય મેળવીને આવવું અત્યારે તો અસંભવિત લાગે છે. બધાં ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરતાં હશે. કોઇ એમ માનતું હશે કે હું અસત્ય બોલું છું, કોઇ એમ જાણતું હશે કે હું હૃદય ગુમાવી બેઠો છું. શ્રી......ભાઈને નિમિત્તે પણ ન આવું એવો હું કઠોર બની ગયો છું એમ માને. હું શ્રી......ભાઈ તથા બીજાં બધાંને એક વાત શીખવવા માગું છું કે:

૧) કોઇ દિવસ (કોઇને તમને જે સંત લાગતા હોય એમને) કશો પણ હઠાગ્રહ કરાને આમ જ કરો એવું કશું કહેશો નહીં.

૨) એ ના કહે તો એમાં પણ સૌનું હિત છે અને એ સત્ય જ છે એમ માનજો. એ માટે તમારા મનને દુભવશો નહીં.

૩) એક સન્તને બીજા સન્ત સમીપ શરીરોથી એકઠા થવાનો આગ્રહ ન કરશો. વિનંતી કરતાં પણ તમારું ધાર્યું ન થાય તો દુઃખી થઇને સંતને અવિનયી ન માનશો.

૪) એમનાં શરીરની હાજરીને જ હાજરી ન માનશો. એમનું હૃદય-મન તમારી સાથે જ છે એવી અતૂટ શ્રદ્ધા રાખશો.

૫) સાધકને જે મેળવવાનું છે તે હૃદયમાં મેળવવું છે, એવી સમજણ કેળવશો. જેની શારીરિક ઉપસ્થિતિ કે વાણીથી જ લાભ થતો હોય, તેના કરતાં માનસિક સ્મરણથી લાભ-આત્મલાભ થાય એ અનુભવી સન્તની સાચી શિક્ષા છે, એ જ સાચો સંત છે. એમાં પરીક્ષા એ છે કે ચિતમાં નિર્વિષયી આનંદ, માનસિક શાંતિનો ઉદય અને તટસ્થ ભાવની ચિત્તદશા, જેવાં શુધ્ધિનાં લક્ષણો પ્રાપ્ત થાય છે કે નહિ એ જોયા કરવું. ન મળે તો વ્યકિતનો ત્યાગ કરો, સત્સંગનો નહીં.

*　　*　　*　　*

નિમંત્રણો મોકલનાર બધાંની કોમળતાનો સ્વીકાર કરીને દોડાય એટલું હું બધે દોડી ચૂકયો છું; રાતોના ઉજાગરા વેઠયા છે; એથી બીજાંને લાભ થયો હશે કે નહિ એ હું નથી જોતો. એનાથી મારું હૃદય કોમળ બન્યું છે એ મને મોટો લાભ છે. બીજાંનો વિચાર કરવો એ આપણી આત્મશ્રદ્ધાની ઉણપ છે. બીજાને માટે કરીએ છીએ, લોકસેવા થાય છે એ બધું અભિમાન છે. એમાં ત્રિગુણાત્મક ભેદ ખરા, પણ સત્ત્વગુણ માટે જો કાળજી ન રહે તો લોકવાસનાનું જોર બહુ વધી જાય છે. એ સોનાની બેડીનાં બંધન પણ અકારાં લાગે એ મહદ્ગુરુકૃપાનું ફળ કહેવાય.

તમારાં બન્ને માટે મને શું થતું હશે એની કલ્પના કરી શકો એવાં તમે સુજ્ઞ છો. અત્યારે જે મનોદશા છે એ ભાવી સુખ-શાંતિના

પાયાનું ચણતર છે. મને એ માટે દુઃખ નહિ પણ એ જલદી પૂરું થઇ જાય એવી ચિંતા રહે છે. પરમકૃપાળુ પરમાત્મા એ ક્ષણ સત્વર લાવે, તમે કંઇક સ્વરૂપઝાંખી કરી શકો અને જડતા, શોક, વિક્ષેપ, ખોટી મથામણ કે મૂઝવણ, એવું બધું છૂટી જાય એવી મારી તમને સૂચના સાથે આશીર્વાદ અને વહાલભરી સહાનુભૂતિ છે. તમારાં અંતરમાં શીઘ્ર પ્રકાશ વધે (છે તે વધે) એવું તમે પામો, મારાં વહાલાં બાળકો!

ચિ. સૌ......બેનનો પત્ર વાંચ્યો છે. એણે કશું નવું કે મારાથી ન સમજાય એવું નથી લખ્યું. એને મેં ટૂંકો પત્ર લખીને શ્રીકૃષ્ણનું, વગર શ્રદ્ધાએ પણ નામસ્મરણ કરવાનું લખ્યું છે, પણ એની શ્રદ્ધા છૂટી–છૂટી ગઇ છે. સમજ્યા વગર કશું યે ન કરવું એ તો મોન્ટેસોરીના શિક્ષણની કહો કે વર્તમાન નવા ફાલનાં બાળકોની વિરોધી માનસવૃત્તિનું પરિણામ કહો, પણ એ નરી અહંમન્યતાનો પરિપાક કે પરિપાક છે. સહજ સમજી શકાય એવી વાત છે કે જે કંઈ કરીએ કે જેની શરૂઆત કરીએ તેની સમજણ તે જ સમયે બુધ્ધિમાં ઊતરે એવું હમેશાં હોતું નથી. દૃષ્ટાંત તરીકે નાનો બાળક માતાની ગોદમાં રમે, હસે, રડે, મલમૂત્ર કરે, સ્તનપાન કરે, માતાના એ પ્રદેશનો છૂટથી ઉપયોગ કરે, માતા પણ હૃદયસરસો ચાંપે, દાબે, આવું બધું કર્મ ક્ષન્તવ્ય છે, કારણ કે એની પાછળ પોષણનો શુધ્ધભાવનો ઉદ્દેશ છે; એટલે એ પવિત્ર પણ છે.

બાળકને નાનપણથી જ વિવેક શીખવવો પડે છે. વિવેકમાં સૂચના કે આજ્ઞા ન માને તો જરા લાલનને બદલે તાડન પણ થાય, તે સમયે બાળકને એ કર્મની પાછળનું–પીઠમાં રહેલું જ્ઞાન હોતું નથી; આપી શકાતું નથી. કારણ કે એની સમજણ હજુ પૌઢ થઇ નથી. એને માતૃસ્તન સાથે રમત રમવા ન દેવાય; જેનો હેતુ સ્પષ્ટ છે. એ ૧૦–૧૫ વર્ષનો થતાં તો વિકારના સુષુપ્ત સંસ્કાર

જાગ્રત થવા માંડે, એ વખતે બાળપણની છૂટ ચાલુ ન રાખી શકાય.

તાત્પર્ય એ છે કે શાસ્ત્રોએ ઉપદેશેલાં કર્મકાંડ શ્રદ્ધા રાખીને કરવાં જોઇએ; ચિત્તશુદ્ધિરૂપ પરિણામ (ફલ)નો અનુભવ થતાં શ્રધ્ધામાં વૃધ્ધિ તથા દઢતા થાય છે, અને ત્યાર પછી એની સમજણ વધતાં જ્ઞાન વિવેકી અને પ્રૌઢ બને છે.

આવી છે આપણી શાસ્ત્રઆજ્ઞા. કર્મકાંડ, જપ, તપશ્ચર્યા, ઉપાસના માટે વડીલો, મુરબ્બીઓ, (વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ, કે જ્ઞાનવૃધ્ધ, અધિકારવૃધ્ધ) સંતો, અનુભવીઓ, આચાર્યો વ. નાં વચનો ઘણીવાર ગુપ્તહેતુ અને સંકેતથી ભરેલાં હોય છે. તે વખતે એનું રહસ્ય સમજી શકાય એવો બુધ્ધિવિકાસ સાધકનો હોતો નથી. વર્તમાનયુગ બુધ્ધિવિકાસના બહાના નીચે, અહંમન્યતા અને તમોગુણ ભરેલી હઠ, વડીલો પ્રતિનો અમર્યાદ અનાદર તથા સ્વચ્છંદને પોષણ આપે છે, એવી મારી નમ્ર માન્યતા છે.

પ્રાચીન કે અર્વાચીન, પૂર્વ કે પશ્ચિમ, એમ બે વિભાગ પાડીએ તો દૂષણ કયાં ઓછાં છે એ જોવું જોઇએ. એમાંથી એકની જ પ્રશંસા કર્યા કરવી, એ જેમ બુદ્ધિમાન્ધ છે તેમ બન્નેમાંથી એકની નિન્દા જ કર્યા કરવી એ બુદ્ધિભ્રમ છે. પહેલાં ઇશ્વરભય, ધર્મભય, પાપભય, પુનર્જન્મની માન્યતાને લીધે કર્મ તેવાં ફળના સિધ્ધાન્ત પ્રમાણે કર્મફલભય, એ બધાથી વત્તેઓછે અંશે માનવસમૂહમાં, ગામડાંની સામાન્ય જનતામાં નીતિનું, સંપનું, સંતોષનું, સમાજપ્રેમનું કે બંધનનું પ્રમાણ સ્વાભાવિક સચવાઇ રહેતું; અત્યારે એ મૂળભૂત સિધ્ધાન્તોના શિક્ષણનો જ અભાવ નહીં પણ એ પરત્વે ઘૃણા, તિરસ્કાર, અનાદર, ઉપહાસ દેખાય છે. એનું પરિણામ ભ્રષ્ટાચારભર્યું મને તો લાગે છે. પ્રથમ પ્રમાણ થોડું હતું, અત્યારે વધતું જ જાય છે.

પહેલાં અંતઃકરણનું ક્ષણે ક્ષણે નિરીક્ષણ કરતા રહેવાનો અભ્યાસ કરવો જોઇએ. જો કે એકલા નિરીક્ષણથી જ કામ પતી જતું નથી. વૈદ્ય કે દાકતર કેવળ રોગનું નિદાન જ શીખેલો હોય તો રોગ-પરીક્ષા કરી શકે, પણ ચિકિત્સાજ્ઞાન ન હોય તો એ માટે બીજા વૈદ્યની જરૂર પડે છે. નિદાન અને ચિકિત્સાના અભ્યાસની જેમ એક સાથે આવશ્યકતા છે, તેમ પૂર્વ કે પશ્ચિમના સંસ્કારના વિવેક સાથે અંતઃકરણના નિરીક્ષણ ( નિદાન ) પછી એને ઠીક કરવાનાં સાધન – સાધના શરૂ કરી દેવાનાં હોય છે ( ચિકિત્સાવિભાગ ).

સૌ.......બેન ! તમે નિરીક્ષણ–પરીક્ષણ ( કદાચ ! ) ઠીક કરતાં હશો પણ ચિકિત્સા નથી કરતાં એમ મને લાગે છે. નિદાન અને ચિકિત્સા, પુસ્તકજ્ઞાન અને અનુભવ, એ બન્ને એક સાથે જ થવાં જ જોઈએ એ તો ચોકખી હકીકત છે. બન્નેમાં સાવધાનતા જોઇએ. કશુંએ અઘરું નથી. સભાન સ્થિતિ તો તમારી છે જ જે માટે મને અભિમાન છે; તમારા બન્નેમાં જે છે એનો મને ગર્વભર્યો સંતોષ છે.

વહાલ કરું તો કોઇ મને માવડીઓ, ખુશામદખોર કે સ્વાર્થી માને; સત્ય કહું તો ક્રોધી માને, વિશુદ્ધ લોકવ્યવહારમાં દષ્ટ રીતે ગળાબૂડ શરીર રહે તો કહેશે કે માયામાં ફસેલો છે. અધિકાર પ્રમાણે ભેદભર્યો વ્યવહાર રાખું, (સભાન રાખું, ) તો કહે કે પક્ષપાતી છે, આવું ગેરસમજવાળું મન જેનું દેખાય, મળે કે પરિચયમાં આવે ત્યાં હું ક્યારેક મૂઝાઉં છું. મારા હૃદય જેવાં તમે બધાં જે પરિચિત વર્ગનાં છો, એવું સભાન, સજ્ઞાન, સંતોષભર્યું મન મારું રહ્યા જ કરે, એટલી જ મારી શ્રી ગુરુદેવને પ્રાર્થના છે. પણ એમાં તમને મોહમમત્વની ગંધ તો નહિ આવે ને ? મને મૂઝવશો નહીં, એમાં તમારું હિત નથી. ચોકખાં છો, તે ચોકખાં રહો અને આનંદ

કરો. આ જ જન્મમાં, આ માનવીય શરીરમાં શાંતિ ન મળી તો પછી ભવિષ્યમાં મળશે, ભાવી જન્મમાં મળશે, એવું સમજનારા અજ્ઞાનીઓ મૂર્ખ છે. ભ. ગી. નો અધ્યાય ૫ નો શ્લોક ૧૯ જુઓ; ૫--૨૩ પણ જુઓ.

એના પર મનન કરો. આ શરીરના અન્ત પહેલાં જ એ અવસ્થા આવે એવાં શ્રદ્ધા, ઉત્સાહ અને તત્પરતા રાખવી જોઇએ. આવતા જન્મની આશા રાખવાની નથી. તત્ ત્વમ્--અસિ-માં ભવિષ્યકાળની વાત નથી. એ બોધ તાત્કાલિક અને વર્તમાન કાલે જ અનુભવગમ્ય કરવાનો છે.

હું તમને વ્યવસ્થિત, પદ્ધતિસર કોઇ પણ એક પુસ્તક ભણાવી શક્યો નથી. તમે ભણી પણ શક્યાં નથી. વાતો ખૂબ કરી છે પણ એ તો માત્ર ઉપોદ્ઘાતનું કામ બહુ બહુ તો કરી શકે.

**(૧૩૨)**

તા. ૪-૧-'૬૦

ભાવી અનિશ્ચિત જ હોય એ ક્યાં અજાણ્યું છે? પ્રકૃતિના પ્રવાહને-શુદ્ધ પ્રવાહને રોકવા મથવું એ મહા ભારે અજ્ઞાન છે. આનંદકુશલ હો.

**(૧૩૩)**

તા. ૨૭-૧-'૬૦

તમને પત્ર ન લખાય ત્યારે એટલો વખત અહીં નકામો હું વાપરી નાખું છું એમ તમને લાગે એ પણ વિધિની વિચિત્રતા મારે માટે નહિ! તમારે માટે મારાથી કેમ કહેવાય?

તમને ક્ષણભર ભૂલતો નથી એવું ભાન તમને ન થતું હોય તો

પરાણે રાખો એવી વિનંતી કરું, એમ કહેવું વધારે પડતું કહેવાય કારણ કે તમે મને નથી યાદ કરી શકતાં એવા અપરાધનો મારા પર આરોપ આવે.

પહેલી વાત તમારી તબિયતની; એને માટે સૌથી શ્રેષ્ઠ ઔષધ ઉપાય–સાધન–મનની પ્રસન્નતા. વ્યવહારને અને એને અંગે ભાવી ખર્ચનો ભાર માથે છે, એવી કલ્પનાશક્તિનું અવલંબન રાખીને જે ચિંતાભાર મનમાં રહે છે. તે તદ્દન અયોગ્ય છે એમ હું માનું છું.

નિર્માણ અનિવાર્ય છે પ્રારબ્ધ કે નિયતિ–ઈશ્વરઇચ્છા કે માયા–એ બધાં નામ ગમે તે સૂચવે, પણ મનમાં ભાવીના વ્યવહારની ચિંતાનો ભાર ભર્યો હોય, એ મડાગાંઠ જે પડી હોય, તે જીવનના રસકસને બહુ જ વિકૃત બનાવે છે. ભાતભાતના ઉપાધિ અને જાત-જાતના વ્યાધિને એનાથી પોષણ મળે છે.

કામ ( અયોગ્ય વાસના ), ક્રોધ ( ઈષ્ટ વિષયની અપ્રાપ્તિની હાનિને સહન કરવાની અશકિતમાંથી ઊભી થતી મનની મૂઝવણ, અને એની લોહી પર અસર થતાં મસ્તિષ્કમાં ચડી જતા લોહીને લીધે વાણી–વર્તનમાં આવી ચડતી ગરમી ), મોહ ( ઈષ્ટવિષયની પ્રાપ્તિમાં અપ્રાપ્તિ થાય તો પણ એ જ વિષયની માનસિક ચિંતામાં, અંત-રમાં લગન રહે–ધૂન–રહે અને ધીરે ધીરે માણસ પોતે પણ ન સમજે એવા પ્રકારની રહેતી કોઇ મૂઢ અવસ્થા ), મત્સર ( મારા જેવો કોઇ પ્રવીણ, બુદ્ધિશાળી, વ્યવહારકુશળ નથી એવું પોતાનામાં મિથ્યા ગુણોનું આરોપણ કરીને અન્યને ઊતારી પાડવાની મનોવૃત્તિ), મદ વગેરે બીજાં જે છે, જેના ઝૂમખાને ષડ્‌રિપૂ કહે છે, એ ખરેખર રિપુઓ જ છે. આપણે રિપુદમન કરવું જ જોઇએ. મનમાં એનો અંકુર ફૂટયો કે તત્કાલ એને દબાવતાં આવડવું જોઇએ અને એ આવ્યો એનું ભાન તે પહેલાં થવું જોઇએ. રિપુઓ અસંખ્ય છે. પણ

ઔષધ તો એક જ છે અને તે એ કે પરમાત્માનું સ્મરણ તે જ વખતે કરવું. જે થવાનું હશે તે થશે. રિપુઓનું લાલનપાલન કરવાથી ભાવી સુધરશે એવી આશા રાખવી એ ભયંકર ઉપાધિ છે. વર્તમાનમાં આનંદ રાખો. હસો, રમો, વાંચો, મિત્રોને મળો, છેવટે ગપ્પાં મારો, પણ રિપુઓના હુમલામાંથી બચો. આ બધું બહુ જ જરૂરી છે, ત્રિતાપને વિસારે પાડવામાં.

દવાઓ તો જે વખતે જે આવી મળે કે લેવી પડે તે લેવી પણ ચિત્તથી નિશ્ચિન્ત રહેવું, શરીરથી પ્રમાદી નહીં.

માનવજન્મ મળ્યો, ઉત્તમ વર્ણ મળ્યો, સારા સંસ્કારી માતા-પિતા મળ્યાં, વિદ્યા મળી, સંસ્કારી ગૃહસ્થાશ્રમને અનુરૂપ પત્ની તથા બાળકો આવી મળ્યાં. ધનની સગવડ થઈ. એ બધાંમાં સંતોષ રહેવો જોઈએ એ ભૂલવાનું કેમ પાલવે ?

તમે ઘરને દેવમંદિર બનાવો. દેવ એટલે મૂર્તિ કે છબી હોય એ નહીં પણ મૈત્રી ભાવભર્યું વાતાવરણ રહેવું જોઈએ. સમૂહવાચન, સમૂહ ભજન એવું તો કાંઇ થાય નહીં. તમને પોતાને નિયમિત બેસીને જપ કરવાની ફુરસદ મળે નહીં. સૌ એક સાથે પોતાના વ્યવસાયમાંથી વખત ન મેળવી શકે એટલે જૂના સ્વભાવ પ્રમાણે વ્યવહાર નિભાવે જાઓ. એમાં વિક્ષેપ અવશ્ય થાય જ, અને વિક્ષેપને દૂર કરવા જેવી અને જેટલી સમાધાનની વૃત્તિ ન હોય તો સદ્બુદ્ધિ શા કામની !

હું કે મારા જેવો કોઇ બીજો, તે પણ તમને અનુકૂળ આવે તેવો જ ત્યાં દર મહિને આવીને રહી જાય એ આશા વ્યર્થ છે. ક્યાં સુધી ટ્યુશન રાખવાં ? એની પણ હદ હોય. ઠોઠ રહેવું ન પાલવે. પોતે જ પોતાના ગુરુ થવું જોઇએ. પરમાત્મા કે બ્રહ્મ ઈશાવાસ્ય ઉપનિષદ્ કહે છે તેમ, तद्दूरे तद्वन्तिके તે દૂર છે અને પાસે પણ છે. મનથી ન સ્મરે તેને દૂર, મનથી સ્મરણ કરે તેને

સમીપ છે. બાહ્ય સંયોગવિયોગનાં સુખદુઃખ તો ભ્રાન્તિની જાળમાં વૃદ્ધિ કરનારાં છે. પરમતત્ત્વનો માનસિક સંયોગ એટલે સ્મરણ; શારીરિક પ્રતિકૂલતામાં પણ માનસિક ઈશ્વરીયસંયોગ ન હોય તો વિયોગનું દુઃખ થાય કોને ? મનને. અર્થ એમ થાય કે માનસિક સંયોગ એટલે જ વિયોગ નહિ પણ વિશેષ યોગ. એવો અર્થ સિદ્ધ થવો જોઇએ અને એમાં સંતોષ તથા તૃપ્તિ ભોગવતાં આવડવું જોઈએ. ચિ....દૂર વિદેશ જાય, એનો માનસિક સંયોગ હોય અને બાહ્ય અસંયોગ હોય. એને વિયોગ કહેવો એટલે તો માનસિક સંયોગની તીવ્રતા, વિશેષતા એ જ વિશેષ યોગ એમ નહિ ? વિયોગનો આ રીતે અર્થ સમજો તો કેવું સારું ?!

વાંચો—વાંચો—વાંચો ! ન ગમે તો પણ;

૧) ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચો.

૨) યોગવાસિષ્ઠ મહારામાયણ વાંચો.

૩) "સસ્તું સાહિત્ય" વાળાનું ચાર ગ્રન્થમાં બાંધેલું આવે છે તે મુસાફરીમાં પણ રાખી શકાય તેવું છે.

૪) ન ગમે તો પણ એ જ વાંચો.

૫) કંટાળો આવે તો પણ એ જ વાંચો.

૬) મનનો વિરોધ કરીને પણ વાંચો.

૭) પહેલાં પાંચ પ્રકરણના બે ભાગ જુદા બંધાવીને અથવા એક એક પ્રકરણના મુસાફરીમાં ઉપયોગી થાય તેવા ભાગ બંધાવીને સાથે રાખો અને વાંચો–વાંચો–વાંચો.

૮) વાંચ્યા વિના આરો નથી. કારણ કે બુદ્ધિમાં વિવેકભર્યું પરિવર્તન કરવા માટે શુધ્ધ વિચાર જ ઉપયોગી છે. શુદ્ધ વિચારની ઉત્પત્તિ તથા પોષણ પણ વાચનમાંથી મળે છે. માટે વાંચો.

બહુ લખાઈ ગયું; કૈંક કરો. બધાંને વહાલ.

(134)

તા. ૩૦-૧-'૬૦

આજે પત્ર મળ્યો. હું તો હેબતાઇ ગયો. છેલ્લા વર્ષથી કૈંક મારી ગ્રહદશા વિપરીત થઇ છે કે જેને તેને બહુ જ (હું લખું તેનાથી) ખોટું લાગે છે. મને લાગે છે કે ઊંધું જ સમજાય છે!

મનમાં કશો વિપરીતભાવ નથી. હવે વખત મળવા માંડયો એટલે લખવા માંડયું. ચશ્માથી પણ હવે લખવામાં અડચણ પડે છે. જમણી આંખનો મોતીઓ ઝડપથી અંધારાં પાથરે છે.

વાંચવાનું લખેલું અને તે પણ યોગવાસિષ્ઠ મહારામાયણ એટલા માટે કે અત્યારની મનોદશાને મને એ યોગ્ય લાગેલું. એમાં ધીરજ બહુ રાખવી પડે છે. મોટો ગ્રન્થ છે પણ બધા વ્યવહાર-પરમાર્થના પ્રશ્નોના સરલ ઉત્તરો એમાં છે, એમ મને લાગે છે.

હું વારંવાર લખું છું. તારે પોતાને માટે तदेकोऽवशिष्ट: शिव: केवलोऽहम्-એ વાત મને વારંવાર અંતરથી કોઇ ધક્કો મારીને લખાવે છે.

એકલાને જ તત્ત્વદર્શી બનવું છે. બીજાં છે કોણ? બીજાં જોઇને શીખશે. બીજાં શીખે તો શીખું એ વાત ખોટી નથી લાગતી? તારી પોતાની ચિત્તશાન્તિ બીજાંને આપોઆપ શાંતિ અપાવશે. મારા ભાઇ, તારે માટે મને કશો પૂર્વગ્રહ નથી. લહેર કર, આનંદ કર, શાન્તિનો ભોકતા બન. કર્તવ્યની ચિન્તાજાલ તો આપોઆપ તૂટશે. થવાનું હશે તે થશે જ.

વિશેષ પછી. બધાંયને વહાલ. તને વિશેષ.

(૧૩૫)

તા. ૮-૩-'૬૦

ગઇ કાલની સવારથી મને અશકિત લાગે છે. તમે બધાં કારણ કલ્પો છો માનસિક ચિંતાનું જેનો મને અર્થ જ સમજાતો નથી. કામ શરીર કરે છે એની પણ ચિંતા નથી. તમે સંસારીઓ અહીં આવી આવીને શિખામણ આપો કે ચિંતા ન કરો, કામ ઓછું કરો, બીજાં જે બોલતાં હોય તેમાં એવો સૂર પૂરાવો, એ બધાથી આ ઉંમરે હું થાકયો છું. વિચાર કે ક્રિયાથી શરીર સ્ફૂર્તિ તથા સ્વસ્થતા ભોગવે છે એ આખા કર્મના મૂળભૂત સિદ્ધાન્તને તમે ઠોકરે મારો છો.

શરીરમાં વિકાર થવાનું કારણ છે યકૃત તથા આંતરડાની મૂળભૂત દુર્બળતા, અશકિત. તેની સાથે પરમપ્રિય પ્રાણસમ તત્ત્વ-વિહારિણી મનોદશા, શુષ્કહૃદયી સંન્યાસીઓએ કેળવેલી અને હું કહું તે જ બધાંયે કરવું એવી અમારા ચતુર્થાશ્રમી વર્ગની મનોદશાનો મારામાં અભાવ જેવાં કારણો છે, જે બધાં સમજી શકતાં નથી. ૐ

હવે જે લખું છું તેને ઉપરની વાત સાથે કશોયે સંબંધ નથી. તમારા સાંસારિક બુદ્ધિવાદની રીતે અને સમજુ હોવાના ડહાપણના અભિમાનની ગંધને લીધે જુદું જ માની બેસો છો એવું જાણવા છતાં પણ લખું છું, કારણ કે એ વિના બીજો કોઇ ઉપાય નથી.

યજ્ઞોપવીતનું ઉત્સવકાર્ય આશ્રમમાં કરવાનું નથી. મૂળભૂત સિદ્ધાન્ત એ છે કે આવાં શુભકાર્ય સંન્યાસીના શરીરની પ્રત્યક્ષતામાં ન જ થવાં જોઇએ. પરિણામ સારું ન આવે. અશુભ જ થાય, કારણો શાસ્ત્રીય છે. તમે સંસારીઓ એ વાતને નહીં સમજો.

જનોઇ પછી ચિ....ને લઇને અહીં આવવું હોય તો આવી શકે છો. હું ખૂબ જ પ્રસન્નતા તથા વાત્સલ્યથી એને મંત્રની દીક્ષા આપીશ. એમાં ખૂબ પ્રસન્નતા મને રહેશે.

મારું મન વૈરાગ્યથી ઉભરાતું જાય છે એટલે બીજી ધમાલ મને ગમતી નથી; મારી એ મનોવૃત્તિ સાચવવામાં હું તમોગુણ વાપરું એટલે કદાચ મને બધાં છોડી દે એનું પણ મને દુઃખ નથી. શ્રી...ના સંન્યાસની ક્રિયા પણ હું આશ્રમમાં કરાવવાનો નથી તો જ્યાં શિખાસૂત્ર ઉતારવાની ક્રિયા કરાવવાની નહિ ત્યાં શિખાસૂત્ર પહેરાવવાની ક્રિયા કઇ રીતે થાય ? ન જ થાય.

ચિ.......દ્વિજ થાય, શ્રેયસ્ અને પ્રેયસ્ ઉભયમાર્ગે એ સર્વ-શ્રેષ્ઠ બને એવા મારા હાર્દિક આશીર્વાદ જ નહીં, મનઃકામના છે. એ થશે એમાં મને જરાયે શંકા નથી.

ગાયત્રીમંત્રની દીક્ષા ગૃહસ્થાશ્રમી દ્વિજ જ આપે, ચતુર્થાશ્રમી નહીં.

(૧૩૬)

તા. ૭-૪-'૬૦

જગત વિચિત્ર છે. વિવિધતા છે, એની વિચિત્રતાનું મૂળ વિલાસપ્રિયતા છે. એમાં બહિર્મુખ વિકાસની ભ્રાંતિ છે. એ ભ્રાંતિ એટલે જ માયા, અવિદ્યા, અજ્ઞાન.

(૧૩૭)

તા. ૨૫-૪-'૬૦

દેવાસ અને ઇન્દોર બન્ને સ્થળે ખૂબ આત્માનંદ રહ્યો. શરીર પણ સ્વસ્થ રહ્યુ.

ગાયત્રીપુરશ્ચરણ સંતોષથી પૂરું થયું. ઉત્તમ કાર્ય બન્યું. વેદોક્ત કર્મકાંડ શ્રદ્ધાપૂર્ણ થયું, એ સારી ચિત્તશુદ્ધિ આપશે અને કાર્યને પણ દિવ્યશકિતથી સુરક્ષિત રાખી સફળ બનાવશે.

મારી તો શ્રદ્ધા છે કે પ્રસંગ ખૂબ જ માંગલ્યદાયક બનશે. પણ તું ત્યાં બેઠો બેઠો આ હાડમાંસના ઘરડા બનેલા લોચાને ઇંદ્રિયપ્રત્યક્ષ કરવા ઇચ્છે છે એવી તારી અશ્રદ્ધા આંખમાં કણાની પેઠે મને ખૂંચે છે. શ્રદ્ધા રાખ ભાઇ! ગુરુદેવ દયાળુ સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વશકિતમાન, ભકતોના પ્રતિપાલક પોષક છે. એ તો સર્વતોમુખી, સર્વદિગ્-દૃષ્ટિ છે. એ તો તને, તમને બધાંયને જુએ જ છે. પ્રસંગને લીધે એમની દૃષ્ટિ વિશેષ દિવ્ય હશે, એવી શ્રદ્ધા કેમ નથી રહેતી? જે શુભ થાય, મંગલકારક બને, ઉત્સાહપ્રેરક અને આનંદદાયક બને એમાં પરમાત્મા જ કૃપાવૃષ્ટિ કરે છે એમ જોયા કરને! મનથી સતત્ પ્રસંગનું ચિત્ર જોઉં છું. તમારાં બધાંના ભાવ જોઉં છું અને હું તો આનંદમગ્ન છું. તમે હો જ એમ ઇચ્છું; શ્રદ્ધા રાખું છું.

ગળાબૂડ કામમાં પડયાં છો! ગળાબૂડ પાણીમાં તરતાં શીખાય, ઘુંટણીઆં પાણીમાં તો બેસીને નવાય પણ નહીં; માટે એમાં જ આનંદ માનો. ચિંતા ન કરો. જરા પણ ભય કે આશંકા ન રહેવાં જોઇએ.

(૧૩૮)

તા. ૨-૫-'૬૦

બપોરે ૨ા વાગ્યે અહીં તાર મળ્યો છે. એનો અર્થ મેં એવો ઉપજાવ્યો છે કે પ્રસંગ બહુ સારી રીતે, એટલે કે તમને પોતાને સંતોષ થાય તેમ ઉજવાઇ ગયો. પરમાત્માની કૃપા મેળવવા અને

એમાં સંતોષ તથા આનંદ માનવા, માણવા, મ્હાલવા માટે તમને ધન્યવાદ ! પરિશ્રમ કરીને કામકાજને સફળ બનાવનારાને ધન્યવાદ ! મિત્રો, સંબંધીઓ, સ્નેહીઓ અને આમંત્રિતો, નિમંત્રિતો, અતિથિઓ બધાંયે આવીને તમને ઉત્સાહ આપ્યો તે માટે એમને ધન્યવાદ ! શોભામાં વૃદ્ધિ કરનારાઓએ હાજરી આપી એ માટે એમને ધન્યવાદ ! અને...ને ધન્યવાદ ! અમદાવાદને ધન્યવાદ ! એમ બધાંયને વાદ !

ચિ....પ્રસન્ન ચિત્તે બધું કર્યે ગયો હશે. જનોઇ વખતનાં ચિત્રો પણ ઘણાં પાડયાં હશે. હું માનું છું કે એ ગંભીર રીતે વર્ત્યો હશે; બધું જોયા કરતો હશે. તમે તો ગંભીરતાનું મૂલ્યાંકન સમજીને જ આ પ્રસંગ ઉજવવા તૈયાર થયાં હતાં, તેથી ગંભીર હશો જ. ચિ. સૌ....બેન પણ એમની કાવ્યરસિક લાગણીઓને આશ્ચર્યથી ભરી દઈને દશ્ય પ્રસંગમાં અલૌકિકતા, શાસ્ત્રીયવિધિથી થતા આવા ઉત્સવની ભવ્યતા, મહત્તા, ઉપયોગિતા જોતાં હશે. ચિ...બેન, ચિ...બેન એ ભગિનીહૃદય પોતપોતાની દૃષ્ટિથી પોતાના એક માત્ર લાડકવાયા સુકોમલ બન્ધુને દ્વિજ બનવાના પ્રસંગને જોતાં જોતાં, કામ કરતાં કરતાં હર્ષમાં ઉન્મત્ત હશે અને બહેન...તો જાણે પોતાની કાવ્યપ્રતિભાને વ્યોમવિહારણી બનાવીને આનંદ માણતાં – મંદમંદ સ્મિત વેરતાં હશે.

આનંદ થયો. બહેનને તો બહુ જ–બહુ જ ગમ્યું હશે એમ હું માનું છું. તમે પણ તમારી શાસ્ત્રવિધિની મહત્તાની શ્રદ્ધામાં અસંખ્યગણો ઉમેરો કરી દીધો હશે. પરમાત્મા આ સંસ્મરણને એટલા માટે સદા જાગ્રત રાખે કે જેથી ભાવી જીવનમાં એના પ્રભાવથી શાસ્ત્રીય જીવન વ્યતીત કરી શકાય ! ધન્યવાદ હો તમને બધાંને ! ૐ આનંદ.

(૧૩૯)

તા. ૩-૫-'૬૦

ગઇ કાલે લખેલા પત્ર મળ્યો હશે.

શ્રી.....સ્ટેશનથી ઊતરીને સીધા મીઠાઇનું પડીકું ૯ાા વાગ્યે આપવા આવ્યા. અહીં તો બધાં બહાર સૂવાની તૈયારીમાં હતાં. રાત્રે જ મીઠાઈ અહીં પહોંચતી કરવાની તમારી આજ્ઞા હતી એવું એમણે કહ્યું. મીઠાઇ પહોંચી.

સ્થૂલની લેવડ-દેવડને જ મહત્તા માનનારું મન એમાંથી ક્યારે ઊંચું આવે? વિચારવા જેવો પ્રશ્ન છે. સ્થૂલનાં દેશકાલનાં માપ અલ્પ, સૂક્ષ્મનાં અતિવ્યાપક. પરિચ્છિન્નમાંથી વ્યાપક ભાવમાં જવું જ જોઇએ અને આવા પ્રસંગો એમાં શિક્ષકરૂપ બને તો કેવું સારું?

પ્રસંગ આનંદ આપીને ગયો. સ્થૂલરૂપે તો માત્ર ચિ....ના ગળામાં સૂતરની એક દોરી નાંખતો ગયો એટલું જ ને? અને સૂક્ષ્મની પ્રભાવભરી સંસ્કારિતા જો ઝીલતાં આવડતી જ ન હોય તો? બધું શૂન્યમાં સમાઇ જાય.

મેં પત્રો, પત્રિકા આવી ત્યારથી, લખ્યા કર્યા હતા. ચિ....ને પણ પત્ર લખ્યો હતો. એ બધું મળ્યું હશે. તમારા પત્રો પણ આવતા હતા. તમે હર્ષ ને ભરતીનાં મોજાં ઉપર ઊછળતાં હતાં છતાં વધારે ને વધારે હર્ષતરંગો પર નૃત્ય કરવાની લાલસા અતૃપ્ત હોય એ સ્વાભાવિક છે. રવિવારે ૨ાા વાગ્યે તાર મળ્યો. વાંચ્યો. જવાબ આપવો જ જોઇએ એવી વૃત્તિ નહોતી. કોઇને તે જ દિવસે, વખતે, પ્રસંગે જ તાર કરવો એ વાત સાચી પણ પત્રિકા મળ્યા પછી પત્રો તરતજ લખી નાંખું છું. પ્રસંગના નિમિત્તે જ એ મળ્યા છે એવો સંતોષ

ન રહે તો એમાં સ્થૂલનું મૂલ્યાંકન સૂક્ષ્મના દિવ્ય અધિકારને ભૂંસી નાંખે છે; હશે !

તમે બધાં ...ને દ્વિજ બનાવીને સાથે સાથે દ્વિજ (શરીરનો જન્મ માતાપિતાએ આપેલો અને આત્મા છું, કર્મકાંડનો અધિકારી છું, વેદોકત ઉપાસનાનો ઉત્સુક સાધક છું, આત્મજ્ઞાનનો જિજ્ઞાસુ અને સ્થૂલ-સૂક્ષ્મ કે બીજાં દ્વંદ્વોથી છૂટવા માટેનો મુમુક્ષુ છું એ) જન્મ તમે બન્નેએ પણ સ્વીકાર્યો હશે; ભૂલી ગયાં હો તો ?

સૌને વહાલ સાથે આશીર્વાદ.

ચિ.......ને ॐ ગાયત્રી !

(૧૪૦)

તા. ૧૦-૫-'૬૦

અહીં પણ ગરમી અસહ્ય છે. શરદીમાંથી ગરમીમાં, ગરમીમાંથી શરદીમાં એમ ઠંડાણના પ્રદેશમાં નાસભાગ કર્યા જ કરીએ તો પછી એવી ટેવ જ પડી જાય છે. એ પણ એક જાતનો રઘવાટભર્યો વ્યાધિ જેવો દેહાધ્યાસ છે. કર્તવ્યપ્રદેશમાં શરીરને રાખવું જ એવી મનોવૃત્તિ દૃઢ કરીએ, તો શીતોષ્ણ પણ નથી સતાવતાં; બહુ ઓછાં સતાવે છે.

* * * *

ત્યાં સમુદ્ર પાસે જ છે. ભવને સાગરમાં ડુબાડી દઈએ એટલે ઊછળતો આનંદસાગર જ રહે. એમાં જે ચૈતન્યની ભરતી દેખાય તે આનંદસાગર છે. એમાં મનને તરબોળ રાખો. શિવોઽહમ્.

(૧૪૦)

તા. ૧-૬-'૬૦

તમે બધાં મઝામાં હશો (હો) એમ હૃદયથી ઇચ્છું છું. માનવ-જીવનનાં મહત્તા-મૂલ્ય તો જેમ જેમ અધ્યાત્મમાર્ગે આગળ વધીએ તેમ વધારે સમજાતાં જાય છે. વર્તમાન જગતની તમસ્ રજસ્-ભરી પરિસ્થિતિ, દેહપોષણ, તેમજ દેહવિલાસને જ મહત્ત્વ આપતી બહિર્મુખી વિદ્યાઓ હવે પરાકાષ્ટાએ પહોંચવા આવી હોય તેમ માઝા મૂકીને માનવસમૂહને દોડધામ કરાવી રહી છે.

આપણે અધ્યાત્મને ભોગે કશુંએ નથી જ કરવું એટલો સંકલ્પ તમારાં જેવાં-મારાં માનસિક બાલકો કરે તો એ માર્ગમાં થતી ઉન્નતિ જરાયે અશકય નથી.

સ્થૂલ અને જાગ્રત વિશ્વનો મોહ છૂટે તો જ સૂક્ષ્મ ચિત્ત-શુદ્ધિનો પ્રશ્ન હાથમાં આપોઆપ આવી જાય, કાંઇ નહિ તો ભગવદ્‌ગીતા ભણાઇ જવી જોઇએ. જીવનમાં વારંવાર એ શ્લોકો સ્મરણપટ પર, પ્રત્યેક વ્યવહારને પ્રસંગે અંતરમાંથી ઉપસી આવે એવો અભ્યાસ થઇ જવો જોઈએ.

ઉપનિષદો ભગવદ્‌ગીતાનું મૂળ છે. ગીતા સમજાય તો ઉપનિ-ષદો સમજાય. બધાં છૂટાં છૂટાં દર્શનો ઘણાં છે પણ સૌથી મોટું ઔપનિષદ્ દર્શન છે, જે ગમે તેટલું ગમે તે રીતે બુદ્ધિગત થાય તો પણ સન્માર્ગે લઇ જાય એવું છે; તે પહેલાં ગીતા કંઠ થઇ જાય એવું કરી નાંખો.

(૧૪૧)

તા. ૨૫-૮-'૬૦

ચિ. ભાઇ......

આજે સામવેદી શ્રાવણી છે એમ પંચાંગમાં લખ્યું છે. તેં ચાર

મહિના પહેરી રાખેલી જનોઇ આજે બદલી હશે. ન્હાતી વખતે તો એ રોજ ધોવાય, ઘસાય ત્યારે તૂટી જાય, અથવા કોઈવાર ખોવાઇ જાય ત્યારે નવી પહેરાય તો પણ આજે તો બદલવી જ પડે.

જનોઇ બદલવામાં એની સ્વચ્છતા નહીં, પણ પવિત્રતા જોવાની હોય છે. એક વસ્તુ સ્વચ્છ હોય પણ પવિત્ર ન હોય. બનાવટી ફૂલ અને સાચાં ફૂલ વચ્ચે જે તફાવત છે તેવો એ થોડે ઘણે અંશે છે. માણસ રૂપાળો-નમણો હોય, સ્વચ્છ કપડાં પહેરેલાં હોય, પણ અંદરથી રોગી હોય, મનનો મેલો હોય તે પવિત્ર ન ગણાય, આ વાત પૂરેપૂરી સમજવી-સમજાવવી એટલી બધી કઠિન છે કે અનુભવથી જ એને સમજી શકાય.

જનોઈને પવિત્ર રાખવાની હોય છે. ગાયત્રીમંત્રના જપથી શુદ્ધ કરેલા આચમની જલથી એની ગ્રંથિને ધોઇને એને ચંદન ચડાવીએ, અને તે પણ ભાવ તથા શ્રદ્ધાથી તો એ પવિત્ર-શુધ્ધ બને છે.

ગાયત્રી મંત્રના જપની સંખ્યા, અને તે જપ પણ ભગવાન સૂર્યનારાયણના બાલસ્વરૂપનું મનમાં ધ્યાન કરીને કર્યા હોય તો. લાંબે વખતે જીવનમાં અદમ્ય ઉત્સાહ રહે છે; આનંદ રહે છે. નિરાશા તો લાગતી જ નથી. શરીર પણ નીરોગી રહે છે. અને મન સબલ, શુધ્ધ અને પવિત્ર રહે તેવા સદ્ગુણોનો ભંડાર જીવનમાં ભરાય છે.

(૧૪૨)

તા. ૩૧-૮-'૬૦

તમે તમારી મુસાફરીમાં રહેતા હશો, બીજાં પોતપોતાના વ્યવસાયમાં મસ્ત હશે. એનું નામ જ જગત; એ જ સંસાર. જીવ-

નના કર્મનો સરવાળો એટલે વ્યવહારમાં અમુક વિદ્યા, અમુક સંસ્કાર, ધનઉપાર્જન તથા માનપ્રતિષ્ઠા મળે અને એમાં આનંદ મ્હાણવાનાં સ્વપ્નાં મનુષ્યને કર્મમાં ધક્કા માર્યા કરે એમાં મનુષ્ય આનંદ અને હોંશથી ધક્કા મુક્કી ખાતો ખાતો ધપ્યે જાય. કેવી માયાની લીલા !

(૧૪૩)

તા. ૨૮-૯-'૬૦

આજે પત્ર લખવાનો વિચાર જ કરતો હતો તેવામાં એક હસવા જેવી વાત યાદ આવી.

સૌ......બહેન એમ પહેલાં કહેતી હતી કે...હજુ મને વળગેલો છે; એ છૂટો થઈને શાળામાં ભણવા જશે ત્યારે અભ્યાસ માટે સારો સમય મળશે. એ પહેલાં...બહેન નાની હતી જે બન્ને હવે મોટાં થઈને છૂટાં થયાં. ત્યારે હવે બીજું કાંઇ કામકાજ વળગ્યું હશે. કોલેજમાં સમય વીતે તેથી કોલેજ નિમિત્ત લાગે પણ આ બધાં નિમિત્ત મનનાં માનેલાં છે, તેથી જ છૂટતાં નથી. એક રીતે હવે હું એમ કહી શકું એમ છું કે અધિકાર અંતરનો હોય છે; બહારનો નહીં. જેમ નાત, જાત, સ્ત્રી, પુરુષ, ભણતર, વય, વગેરે એમાં ઉપયોગી નથી તેમ અસ્પૃશ્યજાતિના સંતો થયા છે; સ્ત્રી સંતો પ્રસિદ્ધ છે, અભણ કે બાળક પણ સંત થઇ ગયા છે તો પછી એ બધાંનો અધિકાર બહારનો હતો કે અંતરનો ?! મજુરી ધંધો કરનારા પણ ઘણા સંતો છે.

તમે હવે અંતરમાં શોધ કરો. એ કામ મારું નથી. જાતે જ જોતાં શીખો, પોતાનો ઓરડો પોતે જ વાળીઝૂડીને કચરો કહાડવા જેવું સ્વાશ્રયનું એ કામ છે.

તમારે બન્નેને બુદ્ધિથી બધું સમજવું છે અને બુદ્ધિથી સમજાય એ જ કરવું છે જે અસંભવિત હોવાથી અશક્ય છે. તમારી બુદ્ધિની સ્લેટ કે ચોપડીમાં ભવોભવના લપરડા લીસોટા છે. આપણે એને ધોઇ નાંખીને હૃદયની એ સ્લેટને શુધ્ધ સ્ફટિક જેવી બનાવીને એમાં આત્મપ્રકાશનું પ્રતિબિમ્બ ઝીલવાનું છે એવું સમજીને જે કરો તો ઠીક; તમને કેટલું કહું ? ક્યાં સુધી માનવજીવનની બહુ મૂલ્ય પળોને વેડફી નાંખતાં રહેશો અને રડશો !

વળી પાછું મનમાં બીક લાગે છે કે હું તો મારા અંતરમાં ઊગશે તે પ્રમાણે લખી નાંખીશ, તમે બુદ્ધિથી એનો જવાબ આપશો જેનો અંત નહીં.

આવતી કાલે સૌ.......બહેન આવશે. પૂનમ પર એ નહોતાં આવી શક્યાં. ગજબ સમજણ અને સમય તારવી શકે એવી છોકરી છે. ભક્તિ સાથે વ્યવહારનો ઉકેલ સારો કહાડી શકે છે. જે વ્યવહારમાં સમાધાન કરી શકે (કોઇ પ્રસંગની મૂંઝવણ ઊભી થઈ, એને માટે મનને સમજાવી શાંત કર્યું, નીચે બેસાડી દીધું એ સમાધાન. એ જ સમાધિ ) તે જ અધ્યાત્મમાર્ગે ચિત્તને સમાધિસ્થ કરી શકે. માટે જ્યાં જ્યાં સમાધાન બાકી હોય, ન થતાં હોય ન થયાં હોય ત્યાં છેવટનાં સમાધાન કરી નાંખોને !

બાકી યાદ રાખજો કે ધ્યાનની સિદ્ધિ વિના જ્ઞાનની સિધ્ધિ નથી પુસ્તકપઠન પાઠનથી ચર્ચા થઇ શકશે જેનાથી બુદ્ધિની ફાંકેબાજી વધશે, વાસ્તવિક નિષ્ઠા નહીં થાય. માર્ગ તો ઉપર કહ્યો એ જ છે અને એ જ લેવો પડશે. વેળાસર કરશો તેટલું તમારા હિતમાં છે.

(૧૪૪)

તા. ૨૬-૪-'૬૨

તમને મારા કહેવાતા શરીર માટે જેટલી ચિંતા થાય છે, એના

કરતાં મને તમારા માનસ માટે સહસ્ત્રગણી ચિંતા રહે છે. એ દૂર કરવાનો ભરચક પ્રયત્ન નહીં કરી શકો તો મને એ માનસ, જે અત્યારે અધ્યાત્મસાધનાને માટે અધિકારી છે કે નહીં તે માટેની દ્વિધા લાગે છે, તો પછી તેનું ભાવિ કેવું ?

વ્યવહારને અમર્યાદ અગત્યતા આપવા જતાં સ્થૂલ પ્રસંગોનો મોહ વધતો જાય છે. પ્રારબ્ધ પ્રમાણે એ પ્રસંગો બદલાયા કરે છે. સમય જતાં એની વિસ્મૃતિ થાય એમ લાગે પણ એનો પ્રભાવ, એના સંસ્કાર, માનસદેશમાં વિપરીત રીતે પડે એનું શું? સમય મેળવો, જપની સંખ્યા વધારો અને કૈંક એ માર્ગે તમે બન્ને કરો. અત્યારે વ્યવહારની ભાંજગડવાળા સ્થૂલ પ્રદેશમાં જ ગળાબૂડ છો (મને દેખાઓ છો) એ મારી ચિંતા દૂર કરો.

પરમાત્મા તમને સત્વર અધ્યાત્મમાર્ગે અગ્રસર થવાના સંયોગો સુધારી આપે.

છોકરાંનાં સ્થૂલ સમાચાર મને આપો છો, મને એથી જરાયે સંતોષ નથી. છેલ્લાં ત્રણેક વર્ષથી તમે પાંચેય, અજાણતાં અધ્યાત્મથી બહિર્મુખ બનીને કેવળ આધિભૌતિકના આશાપ્રવાહમાં ખેંચાતાં જાઓ છો. પલ્લું એ બાજુ જ જમીન પર જઇ બેઠું છે. ઉત્તરદાયિત્વ તમારા બેનું જ છે. બીજાં ત્રણ તમારા માનસિક વાતાવરણ પર આધારશીલ છે.

(૧૪૫)

તા. ૧૪-૬-'૬૨

એક જ પ્રસંગને વિભિન્ન દૃષ્ટિકોણથી જોઇ શકાય છે. એવી ભેદમય દૃષ્ટિ એટલે જ સંસાર; એમાં મતભેદના વધવાની સાથે

આગળ જતાં મનભેદ ઊભા થાય એ એનું વિશેષ અજ્ઞાનમય સ્વરૂપ છે અને એ જ માયા અને અવિદ્યા કહેવાય છે. જીવાત્માનો ભવોભવનો એ જ સંસાર છે.

જ્યાં સુધી પૃથ્વીપર શરીર શ્વાસોચ્છ્વાસ લેતું હોય, ત્યાં સુધી મન તથા ઇંદ્રિયો વ. ક્રિયાશીલ રહેવાનાં, જેમાંથી પ્રારબ્ધ પ્રમાણે વ્યવહારભેદનો વિસ્તાર કે સંકોચ, જેવો એમના લમણામાં પૂર્વકર્મો ( જન્મજન્માંતરનાં )ને લીધે ચોંટયો હોય, તે રહેવાનો જ.

જ્ઞાનીનાં શરીર પણ વ્યવહાર કરી ગયાં છે, હજુ પણ કરે છે અને કરશે. એ અસંખ્ય તત્ત્વવિદ્વાને–જ્ઞાનીઓને એમાં દૃષ્ટિભેદ નથી લાગતો. એમની મુખ્ય દૃષ્ટિમાં આત્મા છે, અનાત્મા નથી તેથી એ આત્મદૃષ્ટિમાં અભેદદર્શન હોય છે. સૃષ્ટિનો સદંતર અભાવ હોય છે.

બધે જ વ્યવહારભેદ રહે છે અને હોય એ સ્વાભાવિક છે. વ્યવહારભેદે કયાંય મતભેદ-મનભેદ ન જ કરશો–વધારશો. વ્યવહાર વિકારી ( વિકૃતિ ) અને ત્રિગુણાત્મક છે, પણ મનને અભેદ આત્મદૃષ્ટિમાં સ્થિર રાખીને માયાની અવિદ્યારૂપી મેશથી ખરડશો નહીં; ત્રિગુણાત્મક મેલથી મેલું-ગંદું ન કરશો.

**(૧૪૬)**

તા. ૧૦ ૧૦–'૬૨

......" ધરાઇ જવું એટલે તૃપ્તિ થવી" કશી ય ભૂખ ન રહે તે. ભૂખ એટલે દેહવાસના મનોવાસના વગેરે. એકાન્તસેવન એટલે આંતરનિરીક્ષકે આત્મસમીક્ષા (પરીક્ષા) વડે ચિત્તમાંથી દેહબુદ્ધિવાળા મિથ્યાહંકારના મલિન સંસ્કારોને કહાડીને આત્મભાવનાના સંસ્કારોનું બીજારોપણ કરીને અંતરમાં બ્રહ્મભાવનાનું સ-ફલ કલ્પવૃક્ષ ઉગાડવું.

આ સાધનામાં સરલતા અને સંવેગ લાવવા માટે આત્મા

તથા અનાત્માનો વિવેક. આત્માભિમુખ થવા માટે અનાત્મપદાર્થોનો વૈરાગ્ય, વેદાન્તશાસ્ત્રના વિચાર વડે બુદ્ધિનું શોધન તથા આચાર્યની ઉપદેશેલી ઇષ્ટભકિતથી થતી ચિત્તની એકાગ્રતા વગેરે સાધનનાં જ્ઞાન તથા સંપત્તિ મેળવીને અધિકારી બનવું જોઇએ.

તનમનની શાસ્ત્રોકત પદ્ધતિથી થયેલી તપશ્ચર્યાભર્યાં કર્મકાંડ, શ્રો. બ્ર. તત્ત્વવિદ્‌નું ગુરુભકિતભર્યું શરણ, આચાર્ય સેવા, ઇષ્ટપ્રાપ્તિ માટે સંવેગભરી સાધના વગેરે અનિવાર્ય છે; એ આવશ્યક છે કારણ કે એ જ ઉપકારક–સહાયક છે.

સાધન, સાધના અને સાધ્યની ત્રિપુટી વિષેનું શાસ્ત્રજ્ઞાન, સાધનજ્ઞાન, સાધનામાં વેગ, સાધ્ય પ્રાપ્તિ માટેની આત્મસમર્પણ ભરી ભકિત, સાત્ત્વિક નિરભિમાન ભાવથી સત્સંગ, અને એ સર્વમાં વિશુધ્ધ શ્રદ્ધા ન હોય તો એ સાધના નહીં પણ મિથ્યાડંબર ભર્યો અવિવેકી વાણીવિલાસ, અને અમૂલ્ય માનવજન્મનો વ્યર્થ દુરુપયોગ છે. આ ત્રિપુટી એટલે જ જીવનને સાધક બનવા કહેવરાવવામાં પાયાનું ચણતર, ઉચ્ચ ભૂમિકા પરનાં આરોહણ માટેનાં સોપાનનું ઘડતર અને આત્મમંદિરમાં મંગલ પ્રવેશના શ્રીગણેશ છે.

(૧૪૭)

તા. ૧ ૪–'૬૩

ચિ. સૌ....બહેન,

પત્ર મળ્યો, હકીકત વાંચી આશ્ચર્ય નથી લાગ્યું. જે ભવિતવ્ય હતું તે ભૂતકાળમાં પરિવર્તન પામ્યું. પણ જ્ઞાનતંતુઓની અશકિત આવે એ કોઈ રીતે ઈષ્ટ નથી. એનાં કારણો તો આન્તરિક મનોવૃત્તિનાં મન્થન, એમાં ચાલતી તામસિક હઠીલી વૃત્તિઓનું પ્રચંડ તોફાન, બુદ્ધિના સાત્ત્વિક તાત્ત્વિક વિવેકની દુર્બલતા કે એવાં જ કેંક હશે કે હોવાં જોઇએ એમ હું માનું છું.

સાત્વિક તપોબળ વધારો; તામસિક હઠાગ્રહને સત્વર દૂર કરો. બાહ્ય પ્રવૃત્તિ, મોહમય મનોદશા, અને એમાંથી ઉદ્‌ભવતી મૂઢ જડતા, અયોગ્ય વસ્તુ-પદાર્થ કે વ્યકિત પરત્વેની આગ્રહભરી અહંમન્યતાના તીવ્ર વેગવાળી આસકિત જ હોય છે. જલદી માનસિક વૈરાગ્ય-વિશેષ સર્વવ્યાપી રાગ( પ્રેમ ) રાખી વધારીને શાંતિભર્યો વિવેકપ્રકાશ, એની આનન્દભરી ઉષ્મા, તારામાં પ્રગટે એવી મારી શ્રી ગુરુદેવને હાર્દિક પ્રાર્થના છે.

*　　　*　　　*　　　*

તારા પત્રે મને ખૂબ ચિંતામાં નાંખી દીધો છે. દસ બાર દિવસથી તારી સતત્ ચિંતા થતી હતી અને એવું જ બની બેઠું. પરમાત્મા તને વિશેષ વિવેકી બનાવે અને ચિત્તની જડતામાં આત્માના સાન્નિધ્યથી ચૈતન્યનો પ્રકાશ પ્રકટાવે. તારી જડતા કે મૂઢ અવસ્થા, જેને તું mood કહે છે, એ વૃત્તિની નિરંકુશ અવસ્થામાંથી ચંચલ બનીને રાચનારું મન છે; એ મનસ્વીપણું હાનિકારક છે. મનના કહ્યાગરા બનવું, mood પ્રમાણે જ મનોદશા રહે, વૃત્તિ પર જરાય અંકુશ ન રહે અને એનાથી બુદ્ધિ અને બુદ્ધિના પ્રસાદ જેવો વિવેક-દીપ બુઝાઇ જાય એ મારી વહાલી દીકરીની શોભા નથી વધારતો.

જલદી જાગ, બહેન ! આત્મા તો સચ્ચિદાનન્દ છે અને એ સચ્ચિદાનંદપૂર્ણ આત્માકાર વૃત્તિના પ્રોજ્જ્વલ દીપકથી આપણે જીવન જીવવાનું છે. આનંદ ખરો પણ એ દૃશ્ય પદાર્થો કે વ્યકિતઓના સંસર્ગને અધીન ન હોવો જોઇએ. પ્રારબ્ધદીધાં લોહીનાં સંબંધીઓ તો ઇશ્વરદત્ત છે. બીજાં જે આવે અને જાય તેમનામાં મમત્વ ન જોઇએ. હઠ તો નહીં જ. ત્યાં જ તટસ્થ દૃષ્ટાભાવ ક્ષણે ક્ષણે આવવો જોઇએ. તારાથી એ ન બને તો—એમ તું વારંવાર કહે છે, moodને જીતાતો નથી એમ હઠ કરીને કહે છે એ કોઇને ન ગમે; પરમાત્માને ન

ગમે, તારા અંતર્યામીને નથી ગમતું; માટે જ પ્રત્યાઘાતરૂપે એ તારા મનોબળ પર પ્રહાર કરે છે. તેથી "વિવેકશકિતનો વિકાસ થાઓ"–એવી પ્રાર્થના જ આપણું શરણુસ્થાન હોવું જોઇએ. એ પ્રકાશ સત્વર પ્રકટે એવી ગુરુદેવને મારી પ્રાર્થના અને મારી વહાલી દીકરી...ને હૃદયની ઉષ્માભર્યાં આશીર્વાદ ! આશીર્વાદ ! આશીર્વાદ ! આનંદ ! ૐ

(૧૪૮)

તા. ૧૩-૬-'૬૩

પરમાત્મા સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે. આપણી આસપાસ જયારે જે પ્રસંગો ઊભા થાય ત્યારે વિવેકી વિચાર માટે પોતાની દષ્ટિનું જ માર્જન કરવાનું છે. દષ્ટિમાર્જન એટલે જ પરિતૃપ્ત રીતે પ્રસંગોની યથાર્થતા સમજવાની વિવેકબુદ્ધિ.

જીવાત્મા ચિન્તનશીલ પ્રાણી છે. એ કોઇ એવી જડ વસ્તુ નથી કે જેનું ઘડતર બીજો માનવી પોતાની ઇચ્છા પ્રમાણે ઘડી શકે. કેવલ આધુનિક શિક્ષણશાસ્ત્રીનો એ પ્રશ્ન નથી. અક્ષરજ્ઞાની જેવો વિજ્ઞાનવાદી બાહ્ય પ્રદેશની જડવસ્તુમાં પરિવર્તન મિશ્રણ માટેનું શિક્ષણ આપી શકે. પશ્ચિમની સાયકોલોજી કેવલ શબ્દજાળ ગૂંથી જાણે; બાહ્ય પ્રદેશમાં જ અણુપરમાણુની સિદ્ધ અવસ્થાના સંશોધનમાં ચિત્તને વ્યસ્ત કરીને પણ વસ્તુતઃ તો માનવીય સુધારણા માટેની એક નવી ભ્રાન્તિ ઊભી કરે છે.

જયારે અન્તર્મુખી આત્મવિદ્યાનું ધ્યેય જેમાં છે એવી આર્યોની આર્ષવિદ્યા સ્વચિત્તનું શોધન. દષ્ટિનું માર્જન અને આનન્દનું ઉદ્દગમ અધિષ્ઠાન આત્મા એ પોતે જ છે એમ શીખવીને અનુભવથી આચરણમાં મૂકવાનું કહે છે. જે કોઇ એવી રીતે ન

કરતાં કેવલ બીજાને સુધારવાનાં મન્થનો, આંદોલનો અને પ્રવૃત્તિઓ ઊભી કરે છે એ બધા ભ્રાન્તિજાળના બાહ્યપ્રદેશમાં ઊંડા ઊતરતા જાય છે.

તટસ્થ આત્માભિમુખ ચિત્ત રાખીએ તો જે થાય છે તે જોયા કરો એમ જ કહેવું પડે છે. હું બાહ્ય પ્રદેશની વિદ્યાઓમાં નિષ્ણાત નથી. મારો આધાર અને વિદ્યાભ્યાસ આત્મલક્ષી હોઇ બીજાઓની પાછળ ગતાનુગતિક ન્યાયે દોડયો જાઉં એવું માનસ પણ નથી. એમાં હું અસમર્થ છું એમ કહું તો ખોટું નથી, જીવનની વાસ્તવિકતાને જે પ્રશ્ન સ્પર્શતા હોય, તેવા પ્રશ્નોનો ઉકેલ શોધવામાં સાધકે તટસ્થ રહીને, પ્રથમ દૃષ્ટિએ અણગમતાં કે અયોગ્ય લાગતાં શાસ્ત્રવાકયો કે સાધનોને શ્રદ્ધાપૂર્વક શિરોધાર્ય કરવાં જોઇએ. એમાં જીવાત્માનું મનસ્વીપણું ન ચાલે. હઠાગ્રહ એમાં મહાન વિઘ્ન છે, પહેલેથી તે છેવટ સુધી.

પણ મૂઝાઇશ નહીં. આત્માનંદ રાખ, દ્રષ્ટા બન અને સાક્ષીની પેઠે આ બ્રહ્માંડવિસ્તાર કેવલ ઇશ્વરની લીલા ( ખેલ )જ છે એમ જોયા કર. કશું બગડવાનું નથી. બધું બહુ જ સારું થશે, સમય લાગશે માત્ર.

**(૧૪૯)**

તા. ૧૨–૯–'૬૩

લખવા જેવું કાંઈ મનમાં ઊગતું નથી. બધાં પોતપોતાના વ્યવસાયક્રમમાં તન-મનથી ઘૂમતાં હશો. હૃદયમાં આશાતન્તુનો આનન્દ ભારોભાર ભર્યો હશે.

શી છે લીલા માયાની ! મૃગજલ વિના કશું ન હોય ત્યાં મનોમૃગ તૃષા છીપાવવા દોડે. માનવભ્રમર જાણે સુગંધને મૂકીને મલમૂત્રની દુર્ગંધમાં જ રસશોધન કર્યા કરે છે.

(૧૫૦)

તા. ૫-૮-'૬૪

મને શ્રી... ..માટે હાલમાં બહુ ચિંતા રહે છે. એમને લાંબા શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે વિશ્રાંતિની જરૂર છે. જ્યોતિષીઓની ગણતરી પ્રમાણે બધો વ્યવહાર ચાલે, એવી માથાકૂટ કરતા હોય તો પડતી મૂકે. એને બદલે ઇશ્વરપ્રેરિત કર્મભોગમાં સમતા રાખીને વાણી અને વર્તનમાં શાંતિ રાખવાની અત્યારે જેટલી એમનાં તન મનને જરૂર છે, તેટલી પહેલાં કદી નહોતી એવી મારી માન્યતા છે. પૂનમ પછીના આટલા દિવસના વિચારના મનોમન્થનનો અંતરનો કે મારો આ ઘેરો નાદ છે એમ મને લાગે છે. પરમાત્મા એમના પર કૃપા કરે.

......અહીંથી જે ગયા તેનું મને લેશ દુઃખ નથી. એવા તો કેટલાએ ગયા છે. આવાગમન તો સંસારધર્મ છે, ચિંતા શી ?

શરીરની ઉત્તરાવસ્થામાં તો હવે ખૂબ આધિભૌતિક તથા આધિદૈવિક ક્ષેત્રની નિવૃત્તિનો આનંદ લઉં છું. કોઇ આવે તેની સાથે તટસ્થ ભાવે આત્માનંદ મ્હાણું છું.

(૧૫૧)

તા. ૨૮-૯-'૬૪

તમે આવતા મહિનાથી રખડપટ્ટીમાંથી છૂટીને શરીરને વિશ્રાંતિ મળે એવી પટ્ટીમાં દાખલ થશો. પરમાત્મા શરીર-મનને સ્વસ્થ રાખી શકે એવા પ્રયત્નમાં સાવધાન રહેશો અને જ્યાં જ્યાં અશાંત વાતાવરણ જેવું લાગે ત્યાં આગ ચાંપીને એમાંથી મુક્ત રહેવાય એવું

જીવન હવે તો થવું જ જોઈએ. આંતરમનમાં આત્માનંદ અને બાહ્ય પ્રદેશના વિશુદ્ધ વ્યવહારકર્મમાં કંઈક મર્યાદા આવવી જોઈએ.

(૧૫૨)

તા. ૬-૧૦-'૬૪

સૌ...બહેન-મારી ખાતર પણ બીજાં કામ બંધ રાખીને પત્રજ્યોતિનું editing કરી આપે તો બહુ સારૂં. મેં એની પાસેથી ઘણી આશા બાંધીને સાધનજ્યોતિ ઝાંખી "લખાવ્યું. એનું સ્વાસ્થ્ય હવે સારું છે એમ માનું છું. બીજા પત્રો બધેથી મંગાવવાની પેરવી એ કહે તો હું કરું. એ બીજાં કામ છોડીને આ તત્ત્વવિદ્યાના સાધન-સ્વાધ્યાય જેવું કામ ઉપાડી લે તો મારાં અહોભાગ્ય ! એનાં સદ્‌ભાગ્ય ! ઇશ્વરની કૃપા ! મહિનામાં અઠવાડિયું અહીં રહી શકે એવી વ્યવસ્થા સહજે થઈ શકે એમ છે. પણ ? પણ ?-હિમાલય જેવડો.

(૧૫૩)

તા. ૧૦-૧૦ '૬૪

પો. કા. મળ્યું. જે થાય છે એ બધું સભાન રીતે થાય છે અથવા પાછળથી પણ યોગ્ય ભાન થાય છે એ કાંઇ થોડા સંતોષની વાત નથી !

ત્યાં જગદંબાની કૃપા પ્રાપ્ત કરવા માટે વ્રત વગેરે ચાલે છે. આનંદ થતો હશે. જપ વિશેષ થાય જગદંબાને અને જ્ઞાનશકિત તરીકે ઓળખીને શુદ્ધ પ્રજ્ઞાપ્રાપ્તિ થાય એ ઇચ્છવાનું છે. શ્રેય મુખ્ય અને પ્રેય ગૌણ છે એ ખુબ ધ્યાનમાં રાખવાનું છે. પ્રેય હોય તે બધું શ્રેય ન હોઇ શકે; શ્રેય હોય તેને જ પ્રેય માનીને જીવન ઘડાય તો આત્મકૃપા વગેરે કૃપાઓ સુન્દર પરિણામ લાવે છે. ચિત્તશાંતિ

એથી જ પ્રાપ્ત થાય. સંતોષવૃત્તિ એમાંથી જાગે, સ્ફૂરે, ફાલે અને જીવન ધન્ય થાય.

(૧૫૪)

તા. ૨૫-૧-'૬૫

ચિ. સૌ.......બહેન,

શરીરને સુડતાલીસ વર્ષ પૂરાં થયાં; ઉડતાલીસમું બેસશે; કલ્યાણ હો !

-આ થઈ સ્થૂલ શરીરની વાત પણ કારણ અને સૂક્ષ્મ શરીરનાં વર્ષનું ગણત્રીપત્રક-વર્ષ ( પૃથ્વીનાં વર્ષ )થી થઈ શકે એમ છે ખરું ?

આપણે એક સૂર્યમંડળમાં, પૃથ્વીગ્રહનાં નિવાસી અત્યારે છીએ, આપણાં એ બન્ને (શરીર તથા અંતઃકરણની પરિપકવતા)ની માનવતા પ્રતિની ઉન્નતિ-પ્રગતિ થઈ હશે એ જ જીવનસિધ્ધિ. પછી આવે કારણ તથા સૂક્ષ્મ શરીરની પીઠમાં રહેલ અધિષ્ઠાન આત્મતત્ત્વની વાત. એને પરિપૂર્ણ અંતિમતત્ત્વ માનવું જ જોઇએ નહિ તો તર્કનો અંત નથી, પરિપૂર્ણ એટલે તો સર્વવ્યાપક, સર્વજ્ઞ, સર્વવિદ્, સર્વસત્તાધીશ, પરમ, એક, અદ્વૈત, આનંદસ્વરૂપ અને એમાંથી જ એના આસમાત્રથી વ્યવહારના જીવનમાં જે પ્રેમ કે આનંદની ઝાંખી થાય છે એ એનું મૂળ છે. એ જ આત્મદર્શન છે. સામાન્ય શબ્દોમાં કહીએ તો એ છે અશરીરી પ્રેમ: આત્મદર્શનમાં દ્વૈત નથી, ગુણ નથી તેથી ક્રિયા નથી, કર્તૃત્વ નથી, કર્મ નથી, કર્મફલ નથી, ભોકતા નથી, ભોગ નથી, બધી દ્વૈત અને દ્વંદ્વદર્શનની માયાનો અંત આવે ત્યાં એ છે આ દ્વૈતની અપેક્ષાએ કેવલ અદ્વૈત, જેમાંથી વિવર્તભાવે આવિર્ભાવ જેવું આ જગત લાગે છે. એ તો છે સર્વથા, સદોદિત, પરિપૂર્ણ, સચ્ચિદાનંદ, અનામી અને અરૂપ ૐ.

ઠીક ત્યારે ! લહેર કરો. જે કરો છો, વિચારો છો, જીવો છો, એ બધુંયે કેવલ આનન્દ માત્ર છે. સમસ્ત દ્વૈત મનઃકલ્પના છે. પણ એ કલ્પના તો છે બરફની પૂતળી જેમ માનસરોવરમાં ન્હાયા કરે, છતાં જાણે નહીં કે હું પણ પાણી જ છું.

(૧૫૫)

તા. ૧૩–૨–'૬૫

ચિ. સૌ...બહેન,

માતાપુત્રીના તાત્ત્વિક દૃષ્ટિના જીવનવિકાસનું પ્રતિબિંબ પાડતો સુરમ્ય પત્ર મળ્યો. ખૂબ આનંદ થયો. પુત્રી માતાની revised, enlarged and reformed edition હોય અને હોય જ તો એના જેવું બીજું કશું પૂર્ણદર્શન નથી. પરમાત્મા તમારી દૃષ્ટિમાં મંગલકામના પૂરે. માનવેતર પ્રાણી કરતાં માનવ-પ્રાણીવર્ગ દિવ્ય દેહના વિકાસનો વિશેષ અધિકાર ભોગવે છે. તમોરજોગુણનાં માલિન્ય તથા વિક્ષેપનાં ડહોળાણ ખૂંદી ખૂંદીને અનેક માનવજન્મે સત્ત્વના પ્રકાશનાં સ્પંદનો એના પ્રાણમાં ગતિ પૂરવા માંડે, ત્યારે અધ્યાત્મપંથે વિહંગમમાર્ગી જીવાત્મા ઉડ્ડયન કરવા માંડે છે; ત્યારે એની કલ્પનામાં સૌંદર્યની સાથે શિવતત્ત્વની પ્રજ્ઞાનો પ્રકાશ પામરતો હોય છે; એને જ્ઞાનવિજ્ઞાનની પાંખો અને પ્રેમભક્તિનાં ચક્ષુઓ સાંપડે છે. પરમાત્મા તો ઉર્ધ્વગામી જીવાત્માઓ માટે સદાને માટે જાણે પોતાના અસંખ્ય બાહુઓનાં આલિંગન આપીને સ્વરૂપાનંદનસુધા સિંચન કરવા તત્પર જ હોય છે, એવું સાત્વિક ભક્તને ક્ષણેક્ષણે અનુભવમાં ઊતરે છે; એવાં દર્શનોમાંથી એનાં ઉર્ધ્વ આરોહણ, નિર્વિઘ્ન પ્રગતિ – ઉન્નતિશીલ જ હોય છે.

શું લખું ? હવે વધારે લખવાનું બનતું નથી. અત્યારે છે તેના

કરતાં અર્ધવર્ષે જે લેખનવેગ હતો, એ અંતરમાં તો ઉછળ્યા જ કરે છે; પણ સ્થૂલ હાથ તથા આંખો ઝાંખાં અને અશક્ત થયાં, એટલે અંતરમાં એકાકી આનંદ અનુભવું છું. ઈચ્છું છું કે તમારા જેવાનાં-જેનાં જેનાં સ્મરણ ચિત્તક્ષેત્રમાં ઉપસ્થિત હોય, એ બધાં અમૃતસ્નાન કરતાં આનંદથી કલ્લોલ કરે અને એવી સ્થિર દૃષ્ટિથી તૃપ્ત રહીને જીવે એવી શુભેચ્છાથી સંતોષ પામું છું ૐ આનંદ.

ચિ....પોતાની કલમમાં કવિતાનો કસબ ઉતારે તો ? ઉતારશે તો ખરી જ. માત્ર સમય પાકશે ત્યારે એ થશે. એનાં ઉદ્દયનો સાત્ત્વિક રહે એવા મારા એને હૃદયના વાત્સલ્યભર્યા આશીર્વાદ છે. જેને...અને...જાણે ત્રણ ગુણના વિચિત્ર મિશ્રણથી ઉદ્‌ભવ પામેલાં વિભિન્ન દેખાતાં પણ અભિન્ન જેવાં તમારાં બન્નેનાં પ્રત્યક્ષ સ્વરૂપદેહનાં ચિત્રો; પરમાત્મા તમને સુખી રાખે.

શિવાલયની યોજના પંદરેક દિવસમાં સ્થૂલ રૂપ પકડશે. જમીનનો કબજો મેળવ્યો, એમાં જે તૂટેલી ધર્મશાળા છે તેનાં ઓપરેશન ચાલે છે. તૂટેલાં હાડપાંસળાંમાં સાંધાસૂંધી ચાલે છે. મહિનામાં કામ પૂરું થશે.

શરીરમાં પેટ ગડબડ કરે છે. પણ પેટનો તો ધર્મ–સ્વભાવ જ ગડબડ કરવાનો છે. માનવપ્રાણી તો શું પણ સમસ્ત પ્રાણી-વર્ગને કેટલી ઊથલપાથલના ધક્કા મારે છે એ ? વર્તમાન યુગમાં એ દર્શન સર્વવ્યાપી છે. સૌને આશીર્વાદ.

(૧૫ )

તા. ૧૪–૪–'૬૫

ચિ. બહેન,...

પરીક્ષાદેવી આવ્યાં; તમારાં જેવાં સ્વાગત માટે ખડે પગે,

જાગ્રત હૈયે, ઉઘાડી ઉંઘણુશી આંખે, તાજી–તીખી કલમે, પૂજા કરવા તૈયાર હોય ત્યાં એ ભકિતવશ બનીને પધારે એમાં આશ્ચર્યનો અંશ પણ ન રહે.

પૂજો અને પ્રસાદ પામો, એવું જ અમારે સૌએ પૂજારી વર્ગને કહેવાનું. અમેય હજુ પૂજારી જ–એક યા બીજી રીતે ખરાને? માનવ એટલે જ આજીવન વિદ્યાર્થી જાણે અજાણે કૈંક શીખતો જ રહે, અને તે પણ પેલો સર્વજ્ઞ બ્રહ્મા–સરસ્વતીનો પિતા–સર્જનહાર, પ્રેમ અને ઉષ્મા વડે ડંડા મારીને શીખવતો જ રહે ત્યારે.

એ ચતુર્ભુજ (ચાર દિશામાં, ચાર અવસ્થામાં, ચાર વાણી રૂપે સતત ધારાવાહી પ્રજ્ઞા વેરતા) બ્રહ્માના મુખમાંથી ચાર વેદ સર્યા અને સર્યા એટલે જ સરસ્વતીના એ પિતા કહેવાયા.

પણ આવું કયાં લખવા બેસું? તને અનુભવ થતો હશે કે ભાવ પ્રદેશમાં જેટલું હોય તેનો દશાંશ પણ વૈખરી તથા કલમમાં ભાગ્યે જ આવે છે. ભાવનો આનંદ સ્વસંવેદ્ય છે અને એ પ્રદેશમાં જ એ પૂર્ણ અનુભવગમ્ય છે; પરસંવેદ્યમાં તો નરી કલ્પના જ રહે.

સુંદર ઉચ્ચ જાતની કેરીનો ટુકડો કે રસનો ઘૂંટડો કોઈ મોંમાં મૂકે, કે કરિયાતાના ઉકાળાનું પાણી પીએ, એ બન્નેના સ્વાદની પૂરેપૂરી ટકાવારી કોઈ બીજાની જીભ, વાણી, ચ્હેરાના ભાવ, આંખનાં હર્ષરૂદન કોઈ યંત્રથી માપી શકાશે ખરાં? અસંભવિત.

સરસ્વતી દેવીની સંપૂર્ણ કૃપા ઈચ્છતો સદા શુભેચ્છક તારો દાદાજી ૐ.